
બેસ્ટસેલર

ચાણક્ય નીતિ

માનવીને સર્વોચ્ચતાના શિખરે લઈ જતી મહાન કૃતિ



ચાણક્ય નીતિ

મનુષ્યજીવનને ઉન્નત અને નીતિમય બનાવવા
ચાણક્યની અદ્‌ભુત મહાન કૃતિ

અનુવાદ - સંપાદન

મનસુખલાલ સાવલિયા

મુખ્ય વિક્રેતા

ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.
૧/૧૧, ઈલોરા કોમર્શીયલ સેન્ટર, રીલીફ સિનેમા પાછળ,
જી.પી.ઓ. પાસે, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૫૫૦૬૯૭૩

પ્રવીણ પબ્લિકેશન
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
Website : www.pravinprakashan.com
E-mail : pravinprakashan@yahoo.com

CHANKYA NITI
By : MANSUKHALAL SAVALIYA
Published by : PRAVIN PUBLICATION, RAJKOT - 360 001

: પ્રકાશક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ.
ફોન : (0281) 2232460 / 2234602

પ્રથમ આવૃત્તિ : 2010
બીજી આવૃત્તિ : 2010
ત્રીજી આવૃત્તિ : 2011
ચોથી આવૃત્તિ : 2012

ISBN : 978-81-7790-209-9

કિંમત : રૂા. ૯૫

: મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.

અર્પણ

વિદ્યાના ધામ વિસ્તાર્યાં, જડતાની ઝાળ સંહરી,
જ્ઞાતિની જીર્ણ કાયામાં સુધા સંજીવની ભરી;
બુદ્ધિથી શ્રમ આરંભી, સમાજે પ્રગતિ કરી,
ઘેરા ઘેઘૂરા અંધારા હરી લીધા તમે, હરિ !

મહામતિ ચાણક્યના જેવી પ્રતિભા
અને પ્રજ્ઞાથી જેણે સમગ્ર સમાજનું
સંસ્કાર ઘડતર કર્યું
એવા જ્ઞાતિરત્ન
ડૉ. હરિભાઈ એસ. ગોધાણીને
'ચાણક્ય નીતિ'નો આ મહામૂલો ગ્રંથ
સપ્રેમ અર્પણ

– મનસુખલાલ સાવલિયા
– શ્રીમતી મુક્તા સાવલિયા

'ભોજલ સ્મૃતિ'
રવિપાર્ક શેરી નં. - ૩,
કાલાવડ રોજ, રાજકોટ.
વૈશાખી પૂર્ણિમા : સંત કવિશ્રી ભોજલરામ જન્મ જયંતિ
વિક્રમ સંવત ૨૦૬૫

નિવેદન

મહાભારતના સભાપર્વમાં નારદમુનિએ, ધર્મરાજ યુધિષ્ઠિરને, રાજ્યનું સફળ અને સબળ શાસન કરી, પ્રજાને સુખી રાખવા રાજાએ શું કરવું અને શું ન કરવું તેના પાઠ શીખવ્યા છે. કૉલેજમાં તેનું અધ્યયન અધ્યાપન કરતી વખતે રાજનીતિમાં રસ પડ્યો. એટલે મહામતિ આચાર્ય ચાણક્યના વિશ્વવિખ્યાત ગ્રન્થો 'કૌટિલ્ય અર્થશાસ્ત્ર', 'ચાણક્યનીતિ' અને 'ચાણક્યનીતિસૂત્રો' વાંચવાનો અવસર સાંપડ્યો. પછી તો આ પુસ્તકોનું વ્યસન થઈ ગયું હતું. અને વિષ્ણુશર્માનું 'પંચતંત્ર', 'ભર્તૃહરિ' ના શતકો 'હિતોપદેશ' કે 'શુક્રનીતિ'ના શ્લોકોનો અભ્યાસ કરીએ કે તરત જ આચાર્ય ચાણક્ય યાદ આવ્યા વિના રહે નહીં. ચાણક્ય અને એના ગ્રંથો વિષે લખવાની ઇચ્છા એ સમયે પણ થયા કરતી, પરંતુ એ સાકાર ન થઈ શકી. વર્ષોના વ્હાણાં વાયા અને ચાણક્યપ્રીતિનો એ અંગારો, અંતરના કોઈ એક ખૂણામાં વિસ્મરણની રાખમાં ઢંકાઈને પડ્યો રહ્યો !

તાજેતરમાં ગુજરાતની સર્વોચ્ચ પ્રકાશન સંસ્થાના માલિક શ્રી ગોપાલભાઈ પટેલ મને મળવા આવ્યા. અને કહ્યું : 'તમારે મને 'ચાણક્યનીતિ' ગ્રન્થનો સુંદર અનુવાદ, શ્લોકોમાં વિવરણ સાથે કરી આપવાનો છે. બહુ જ ટૂંકી સમયાવધિમાં એનું અનોખું પ્રકાશન, આપણે ગુજરાતના સુજ્ઞ વાચકો સમક્ષ મૂકવું છે.' ગોપાલભાઈની પ્રેમભરી હૂંફની હવાનો સ્પર્શ થયો અને મારા ભીતરમાં ભંડારાયેલો ચાણક્યપ્રેમનો અંગારો પ્રગટ થઈ ગયો. પરિણામે આરંભમાં 'ચાણક્યનીતિ' ના શ્લોકોનો સરળ અને રસાળ અનુવાદ અને પ્રત્યેક શ્લોકના વિચારને સુસ્પષ્ટ અને પરિપુષ્ટ કરતું રોચક વિવરણ તૈયાર થયું. ભવિષ્યમાં આ અંગારો ચીનગારી બની, 'ચાણક્યના નીતિસૂત્રો' તથા 'કૌટિલ્ય અર્થશાસ્ત્ર' ના અજવાળા પણ પાથરશે.

'ચાણક્યનીતિ' ગ્રન્થ, રચાયો ત્યારથી જ અત્યંત લોકપ્રિય થયો છે. ભારતની લગભગ તમામ પ્રમુખ ભાષાઓમાં તેના અનુવાદ થાય છે. વિશ્વની ભાષાઓમાં પણ શબ્દ દેહે પ્રગટ થયો છે. ગુજરાતીમાં પણ તેના એકાધિક પ્રકાશનો થયા છે. પછી મારી કલમે એના અનુવાદનું પ્રકાશન કરવાનું પ્રયોજન શું છે ? એવો પ્રશ્ન કોઈને થવાનો સંભવ છે. તો એનો જવાબ એટલો જ છે કે 'घृष्टम् घृष्टम् पुनरयि पुनः चन्दनम् चारु गन्धम् ।' ચન્દનને ઓરસિયા ઉપર જેમ જેમ ઘસીએ તેમ તેમ એની સુગંધ વધુને વધુ સંમોહક બને છે. ઉત્તમ કક્ષાની વાર્તા, વિમલ અને વિશિષ્ટ વિદ્યા, કસ્તૂરીની મહેક, અને સર્વોત્તમ સાહિત્યકૃતિને વારંવાર વાંચવામાં કે માણવામાં પુનરુકિતનો દોષ નથી લાગતો. એનો અસંખ્યવાર કરવામાં આવતો આસ્વાદ એ ભૂષણ છે, દૂષણ નહીં.

'ચાણક્યનીતિ' તો આચાર્ય ચાણક્યની મનોભૂમિરૂપી મલયવનમાં પાંગરેલુ ચંદનવૃક્ષ છે. એ ચંદનને મારા અંતરના ઓરસિયા (ચંદન ઘસવાનો પથ્થર) ઉપર ઘસવાથી એની સુવાસ વધુ વિસ્તરવાની છે. એ મને તો સુવાસથી મહેકતો કરશે, એના સંપર્કમાં આવનાર પ્રત્યેકને સુગંધથી ભરી દેશે !

અનુવાદ, મારા રસ અને રુચિનો વિષય છે. અનુવાદ, માત્ર તરજુમો ન હોવો જોઈએ. મૂળકૃતિનું શબ્દસૌંદર્ય અને અર્થમાધુર્ય, અનુવાદમાં બરાબર પ્રતિબિંબિત થાય એવો એ કલાત્મક બનવો જોઈએ. આચાર્ય ચાણક્ય, જો ગુજરાતી ભાષામાં 'ચાણક્યનીતિ' લખે તો એની શબ્દપસંદગી કેવી હોઈ એનું અનુમાન કરીને ભાષાન્તર કરવામાં આવે તો એ સુયોગ્ય અનુવાદ કહેવાય. મારા આ અનુવાદમાં આ બાબત મેં નજર સમક્ષ રાખી છે. એમાં હું કેટલો સફળ થયો છું એનો નિર્ણય હું સુજ્ઞ ગુર્જરવાચકો ઉપર છોડું છું.

પ્રત્યેક શ્લોકનો અર્થ બરાબર સ્ફુટ થાય અને તે વધુ આસ્વાદ્ય બને તે માટે મેં સંક્ષિપ્ત પણ માર્મિક વિવરણ આપ્યું છે. કોઈ શ્લોકમાં ચાણક્યના તેના સમયના રિવાજો અને વિચારો, સાંપ્રત સમયમાં આવકાર્ય ન હોય તેની સમાલોચના પણ કરી છે.

નીતિશાસ્ત્રકારોએ અને ચાણક્યે પણ કહ્યું છે કે અર્થ એટલે ધન, ક્યારેય પણ ધર્મને દબાવનારુ ન હોવું જોઈએ. ધનનો સદુપયોગ, ધર્મને સહાયક થવો ઘટે ! પ્રકાશક શ્રી ગોપાલભાઈ આ નીતિને બરાબર અનુસર્યા છે. ઉત્તમ પ્રકાશનો કરવામાં એણે ધનલોભ કે લાભની ક્યારેય ગણત્રી કરી નથી. એટલે તો તેઓ 'ભગવદ્ગોમંડલ' અને 'મહાભારત' જેવા બૃહદ્કાય ગ્રંથોનું પ્રકાશન કરી શક્યા છે. ચાણક્યના ગ્રંથોનું ઉત્તમ પ્રકાશન કરવાનો એનો નિર્ણય પણ પ્રકાશક તરીકેની એની પ્રતિભાને વધુ ઉજ્જવળ બનાવે છે. હું તેઓશ્રીનો હાર્દિક આભાર માનું છું.

ચાણક્યના જેવી પ્રતિભા અને પ્રજ્ઞાથી જેણે અનેક શિક્ષણસંસ્થાઓનું નિર્માણ અને સફળ સંચાલન કરી, સંસ્કારયુક્ત શિક્ષણ દ્વારા સમાજની યુવાપેઢીનું સર્વાંગી ઘડતર કર્યું છે અને કરી રહ્યા છે તેવા કર્મયોગી તેમ જ સાહિત્ય, સંગીત અને કલાના મર્મજ્ઞ ઉપાસક આદરણીય ડૉ. શ્રી હરિભાઈ એસ. ગોધાણીને 'ચાણક્યનીતિ'નો આ ગ્રન્થ અર્પણ કરતા હું ધન્યતા અનુભવું છું.

ચાણક્યનીતિના આ શ્લોકો, જો લોકો વાંચશે, વિચારશે, અંતરમાં ધારશે અને આચારમાં ઊતારશે તો તેઓ સુખી થશે અને એના સંપર્કમાં આવનાર અન્ય લોકોને પણ સુખી કરશે. આશા રાખું છું મારી આ અપેક્ષા સંતોષાશે અને મારો આ પરિશ્રમ સાર્થક થશે.

– મનસુખલાલ સાવલિયા

આચાર્ય ચાણક્ય - રાજનીતિના નટરાજ

ભગવાન શ્રીકૃષ્ણે, ભગવદ્‌ગીતામાં વિશ્વમાં વ્યાપેલી પોતાની વિવિધ વિભૂતિઓનું વર્ણન કર્યું છે. એટલે કે ઐશ્વર્યથી ભરેલું કોઈ અલૌકિક તત્ત્વ કે વ્યક્તિત્વ હોય તો તેમાં શ્રીકૃષ્ણ, અંશાવતાર રૂપે ઊતરી આવે છે. જ્યારે ધર્મની ગ્લાનિ થાય અને અધર્મ ફાલેફૂલે ત્યારે ધર્મની પુનર્સ્થાપના માટે શ્રીકૃષ્ણ અવતાર લે છે. આજથી પચ્ચીસ સો વર્ષ પહેલાંના મગધ સામ્રાજ્યમાં નંદવંશના મહારાજા ધનનંદે, પ્રજા ઉપર અધર્મ આચરવામાં તમામ મર્યાદાઓને નેવે મૂકી દીધી હતી. ધનની પાછળ આંધળો બનીને અત્યાચાર આચરનાર આ ક્રૂર રાજા એટલા માટે તો ધનનંદ કહેવાતો હતો ! એને મૂળસોતો ઊખેડી નાખવા માટે જે ઈશ્વરીય અંશ મગધની ધરતી ઉપર ઊતરી આવ્યો તેનું નામ આચાર્ય ચાણક્ય. ભગવાન શ્રીકૃષ્ણને ફરીવાર જો ગીતાનું ગાન કરવાનું આવે તો એના વિભૂતિયોગમાં એ જરૂર ઉમેરો કરે કે 'રાજનીતિ જાણનારાઓમાં ચાણક્ય હું છું.' (नीतिज्ञानाम् चाणक्यो अहम् ।)

આથી તો કેટલાક અભ્યાસી વિદ્વાનોએ ચાણક્યને શ્રીકૃષ્ણ સાથે સરખાવ્યા છે. હું ચાણક્યને રાજનીતિના નટરાજ કહું છું. ભગવાન શંકર, નટરાજ છે. શિવના પરમ ઉપાસક કવિ પુષ્પદંતે કહ્યું છે; 'जगद् रक्षायै त्वम् नटसि ।' (હે પ્રભુ ! તમે જે નર્તન કરો છો એમાં જગતનું રક્ષણ કરવાનો આશય છે) આચાર્ય ચાણક્ય, રાજનીતિના નટરાજ એટલા માટે છે કે એણે રાજનીતિને, રાજાનું, રાજ્યનું અને પ્રજાનું રક્ષણ કરવા માટે નચાવી છે. રાજનીતિનો ઉપયોગ શું છે એ દર્શાવતા ચાણક્યે કહ્યું છે;

प्रजासुखे सुखं राज्ञः प्रजानाम् च हिते हितम् ।।
नात्मप्रियम् हितम् राज्ञः प्रजानाम् तु प्रियम् हितम् ।।

(પ્રજાના સુખમાં જ રાજાનું સુખ છે. અને પ્રજાના હિતમાં જ રાજાનું હિત છે. રાજા, પોતાનું ભલું નથી ઇચ્છતો, પ્રજાનું ભલું કરવામાં જ એનું ભલું થાય છે.)

જે મહાઅમાત્ય આ રીતે રાજનીતિનો ઉપયોગ કરીને પ્રજાને સુખ-સમૃદ્ધિ આપે અને આનંદમાં રાખે, તેને રાજનીતિના નટરાજ કહેવામાં અતિશયોક્તિ નથી !

કોણ હતો આ ચાણક્ય ? જેનું જન્માક્ષરનું નામ વિષ્ણુગુપ્ત હતું, જે કુટિલ રાજનીતિનો પુરસ્કર્તા હતો તેથી 'કૌટિલ્ય' નામથી વિખ્યાત થયો, અથવા તો જે કોટિલ ગોત્રનો હતો તેથી કૌટિલ્ય કહેવાયો, વળી તે 'ચણક' નામના વિપ્રનો પુત્ર હતો તેથી ચાણક્ય કહેવાયો. આવા ત્રિવિધ નામધારી અને વિશ્વપ્રસિદ્ધ વિદ્યાપીઠ તક્ષશિલાનો શીલવંત આચાર્ય એટલે ચાણક્ય. નંદવંશ રૂપી ઘનઘોર અરણ્યને બાળીનાખનાર દાવાનળ એટલે ચાણક્ય ! મૌર્યવંશી સમ્રાટ

ચન્દ્રગુપ્ત રૂપી ગુપ્ત ચન્દ્રના ઉદય માટેનો ઉદયાચલ એટલે ચાણક્ય, શસ્ત્ર અને શાસ્ત્રનો સમન્વય સાધી, ચન્દ્રગુપ્તને મગધની ગાદીએ બેસાડનાર મહામુત્સદી એટલે ચાણક્ય. તે સમયના છૂટા છવાયા અને વિખરાયેલા રાજ્યો રૂપી મણકાઓને એક સૂત્રમાં પરોવી 'અખંડ ભારત'નું પ્રથમવાર નિર્માણ કરનાર પરાક્રમી કર્મવીર એટલે ચાણક્ય. વિદેશી આક્રાન્તાઓનો સામનો કરી. તેઓને સ્વદેશમાંથી ભગાડી મૂકનાર મહારથી એટલે ચાણક્ય.

ભારતીય પરંપરાના ચાર પુરુષાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષને બરાબર સમજી, ધર્મ સંમત અર્થ અને કામની ઉપાસના કરનાર અને કરાવનાર અને તે દ્વારા પરમ સુખરૂપી મોક્ષને સહજ રીતે સિદ્ધ કરનાર રાજ્યગુરુ અને પ્રજાના વિદ્યાગુરુ એટલે ચાણક્ય. તેણે કૌટિલ્ય નામથી રચેલા પોતાના લોકપ્રિય ગ્રંથ અર્થશાસ્ત્રમાં કહ્યું છે, 'આ ગ્રંથની રચના કરનાર હું એવો પુરુષ છું, જેણે ક્રોધે ભરાઈને નંદવંશનું નિકંદન કાઢી નાખ્યું અને શસ્ત્રો તથા શાસ્ત્રો વડે ભારતભૂમિનું રક્ષણ કર્યું. '

આપણા અઢાર પુરાણોમાં 'વિષ્ણુપુરાણ' મહત્ત્વનું અને માન્ય પુરાણ ગણાય છે. તેમાં ચાણક્ય વિષે આ પ્રમાણે ઉલ્લેખ છે. 'મગધ રાજ્યમાં મહાપદ્મ નંદનામનો એક રાજા હતો. એના નવ પુત્રોએ સોવર્ષ પર્યંત રાજ્ય કર્યું. એ નંદવંશ કહેવાયો. કૌટિલ્ય નામના બ્રાહ્મણે નંદરાજાનો નાશ કર્યો પછી સ્વયં આ કૌટિલ્યે, ચન્દ્રગુપ્ત મૌર્યનો રાજ્યાભિષેક કર્યો, અને મૌર્યોએ અનેક વર્ષો સુધી પૃથ્વી ઉપર રાજ્ય કર્યું. સમ્રાટ ચન્દ્રગુપ્તનો પુત્ર બિંદુસાર થયો અને બિંદુસારનો પુત્ર સમ્રાટ અશોક થયો.' આ પ્રકારનો અન્ય ઉલ્લેખ કામંદકના ગ્રંથ 'નીતિસાર'માં પણ છે. 'નીતિસાર' પણ આધારભૂત ગ્રંથ ગણાય છે. તેમાં ચાણક્યનું નામ વિષ્ણુગુપ્ત દર્શાવ્યું છે. આના ઉપરથી નિર્વિવાદ સાબિત થાય છે કે વિષ્ણુગુપ્ત, કૌટિલ્ય અને ચાણક્ય એક જ મહાપુરુષ છે, અને તેણે નંદવંશનો વિનાશ કર્યો, અને ચન્દ્રગુપ્તને વિજય અપાવ્યો.

આ વિગતો આટલી સુસ્પષ્ટ હોવા છતાં ગ્રીક ઇતિહાસકારો તથા તેના પ્રભાવથી અંજાઈને કેટલાક ભારતીય વિદ્વાનો, એમ માને છે કે ચાણક્ય ચન્દ્રગુપ્તના રાજદરબારમાં હતો જ નહીં. એના માટે જે મહત્ત્વનો આધાર તેઓ ટાંકે છે તે છે, ગ્રીક યાત્રિક 'મેગેસ્થેનીસ.' જે ચન્દ્રગુપ્તના રાજ્યમાં આવ્યો હતો અને તેના દરબારમાં થોડો સમય રહ્યો હતો. આ મેગેસ્થેનીસે પોતે એક પુસ્તક લખ્યું હતું. 'ઇન્ડિકા,' જેમાં તેણે ભારતદર્શનના અનુભવો વર્ણવ્યા હતાં. આ ગ્રન્થ, આખો તો અપ્રાપ્ય છે પરંતુ તેના થોડા ફકરાઓ પછી થયેલા ગ્રીક ઇતિહાસકારોએ ટાંક્યા છે. તેમાં કોઈ સ્થળે ચાણક્યનો ઉલ્લેખ નથી. એટલે ગ્રીક ઇતિહાસકારો એવા અનુમાન ઉપર આવ્યા કે ચાણક્ય નામના કોઈ મહાઅમાત્ય હતા જ નહીં. જો એ હોત તો 'મેગેસ્થેનીસે' પોતાના પુસ્તકમાં એનો ઉલ્લેખ અવશ્ય કર્યો હોત.

પરંતુ આ વાત સાચી એટલા માટે ન મનાય કે મેગેસ્થેનીસનું આખું પુસ્તક મળતું જ નથી. એથી શક્ય છે કે પુસ્તકના જે વિભાગો અપ્રાપ્ય છે તેમાં ચાણક્યનો ઉલ્લેખ હોઈ શકે. વળી આ પુસ્તકમાં જે વિગતો આલેખવામાં આવી છે તે પણ વિશ્વાસપાત્ર નથી. તેમાં એક

તરફ મગધની રાજધાની રાજગૃહના રાજમાર્ગોની લંબાઈ તથા પહોળાઈના તથા કિલ્લાની ફરતી ખાઈઓની ઊંડાઈના ચોક્કસ માપ દર્શાવ્યા છે, તો બીજી તરફ એવી વાતો છે જે માની ન શકાય, જેમ કે એમાં એમ કહ્યું છે કે અહીં એવા જંગલી લોકો રહેતા હતાં કે તેઓના કાન એટલા લાંબા હતા કે તેને ધાબળાની જેમ આખા શરીર ઉપર વીંટાળી શકાય. આ કારણે મેગેસ્થેનીસના પુસ્તક 'ઇન્ડિકા' ના પ્રાપ્ય ફકરાઓના ઉલ્લેખના આધારે નિર્ણય કરી શકાય નહીં. ચાણક્ય, ચન્દ્રગુપ્તને મગધ સામ્રાજ્યના સમ્રાટપદે સ્થાપનાર મહામુત્સદી મહાઅમાત્ય હતો એ વાત નિર્વિવાદ છે.

એક કિંવદન્તી પરાપૂર્વથી પ્રચલિત છે. આવી ઘટના ઘટી હોય કે ન ઘટી હોય એ મહત્ત્વનું નથી, પરંતુ એમાં રહેલું ચિંતન શત પ્રતિશત સત્ય છે. મહારાજા નન્દના એક અમાત્ય શકટાર હતો. કોઈ કારણસર નંદે એનું અપમાન કરેલું, પરિણામે એના ભીતરમાં નંદ પ્રત્યે તિરસ્કાર હતો. પરંતુ પોતે નંદનો નોકર હોવાથી લાચાર હતો. પણ અપમાનનો બદલો લેવા ઝંખતો હતો. એકવાર રાજા નંદે પિતૃશ્રાદ્ધના પ્રસંગે બ્રાહ્મણોનો ભોજન સમારંભ યોજ્યો હતો અને એમાં વિદ્વાન વિપ્રોને એકત્ર કરવાનું કાર્ય શકટારને સોંપવામાં આવ્યું. શકટાર, રાજા નંદને શાપ આપે એવા કોઈ મહાક્રોધી બ્રાહ્મણને શોધી રહ્યો હતો. ત્યાં માર્ગમાં તેને એક અતિ તેજસ્વી અને મહાક્રોધી બ્રાહ્મણના દર્શન થયા. એ બ્રાહ્મણ કાળો હતો. દેખાવમાં કદરૂપો હતો, પરંતુ આકૃતિ અને પ્રકૃતિમાં પ્રચંડ પ્રભાવવાળો જણાતો હતો. તે એક ન સમજાય તેવું કામ કરી રહ્યો હતો. માર્ગમાં જેટલા કાંટાવાળા ઝાડ હતાં તે બધાને મૂળમાંથી ઊખેડીને એના ક્યારામાં ખાટું દંહી નાખી રહ્યો હતો જેથી એ ફરીવાર ઊગે જ નહીં.

શકટારને આશ્ચર્ય થયું. એના પ્રશ્નના ઉત્તરમાં પેલા બ્રાહ્મણે કહ્યું : 'હું રસ્તે ચાલ્યો આવતો હતો ત્યારે માર પગમાં એક કાંટો ભોંકાયો. એ કાંટાને મેં કાઢીને ભાંગી નાખ્યો. પણ પછી નિર્ણય કર્યો કે માર્ગમાં વચ્ચે આવતા બધા જ કાંટાળા વૃક્ષાનો નાશ કરવો. અને એ ફરી ક્યારેય માથું ઊંચું ન કરી શકે તે માટે એના મૂળ બાળી નાખીને આખા પ્રદેશને નિષ્કંટક કરવો.' આવું ઉત્તમ કાર્ય કરનાર આ પ્રતાપી વિપ્ર, મહારાજા નંદરૂપી મહાકંટકને પણ ઊખેડી શકશે. શકટારે જાણ્યું કે આ પાણીદાર વિપ્રનું નામ વિષ્ણુગુપ્ત ચાણક્ય છે. એને સાથે લઈને તે નંદની રાજસભામાં આવ્યો. ત્યાં એને સહુથી ઊંચા આસને બેસાડ્યો. મહારાજા નંદ ત્યાં આવ્યા અને જોયું તો એક કાળો કદરૂપો માણસ, ઊંચા આસને બિરાજ્યો હતો. તેના મનમાં ક્રોધ તો સળગતો હતો. તેને આ અણગમતા પ્રસંગથી હવા મળી અને ક્રોધાગ્નિ ભડભડ બળવા લાગ્યો. તરત જ તેણે સુરક્ષાકર્મીઓને હુકમ કર્યો; 'આ ઉદ્ધત માણસને ધક્કા મારીને બહાર કાઢી મૂકો.'

બ્રાહ્મણોની સભામાં જ આવા વિદ્વાન બ્રાહ્મણનું ભયંકર અપમાન થયું એનાથી ક્રોધથી ધૂંધવાતા અને સભામાંથી બહાર જઈ રહેલા ચાણક્યે પોતાની લાંબી શિખા છોડી નાખી અને પ્રતિજ્ઞા કરી; 'જ્યાં સુધી આ દુરાચારી, અવિવેકી અને નીચ નંદરાજાને, મગધની ગાદી ઉપરથી કાંટાની જેમ ઉખેડીને ફેંકી ન દઉં ત્યાં સુધી મારી શિખા નહીં બાંધુ.' અને પછી

ચાણક્યે, નંદના નિકંદન માટે પોતાની તમામ પ્રતિભા, શક્તિઓ અને પ્રયુક્તિઓને કામે લગાડી. આ પ્રસંગમાંથી સત્તાધીશોએ, શ્રીમંતોએ અને સામંતોએ સાર એ શીખવાનો છે કે ધૂળ જેવી ધૂળને પણ જો પાટું મારવામાં આવે તો એ પણ સામે ઊડીને માથે ચડી જાય છે તો પછી સ્વમાની, તેજસ્વી અને વિદ્વાન વ્યક્તિની તો શું વાત ?

ચાણક્યના પિતા આચાર્ય ચણક, નંદરાજાના અધિકારી હતા. નંદરાજાના મહાઅમાત્ય રાક્ષસને ગુપ્તચરો દ્વારા માહિતી મળી કે આચાર્ય ચણક તથા એક અન્ય અમાત્ય શકટાર, સાથે મળીને રાજ્ય વિરુદ્ધ ષડયંત્ર રચી રહ્યા છે. પછીથી નંદે, ચણકનો વધ કરાવ્યો હતો. તેની પત્ની મુરા, અને પુત્ર ચન્દ્રગુપ્ત, પ્રાણ બચાવવા, મગધરાજ્યમાંથી ચાલ્યા ગયા. મુરાનો પુત્ર હોવાથી ચન્દ્રગુપ્ત મૌર્ય નામથી વિખ્યાત થયો અને એ રાજ્યવંશ મૌર્યવંશ કહેવાયો. સમય જતાં ચણકના વિદ્વાન પુત્ર આચાર્ય ચાણક્ય અને ચન્દ્રગુપ્તનું મિલન થયું. નંદ પ્રત્યેના વૈરની આગમાં બન્ને બરાબર તપ્યા હતાં. તેથી જેમ તપેલા લોખંડની સાથે તપેલું લોઢું સંધાઈ જાય એમ આ બન્ને મહાપુરુષોનું સંધાન દઢ થઈ ગયું. આચાર્ય ચાણક્ય તક્ષશિલા વિદ્યાપીઠમાં રાજનીતિના પ્રકાંડ વિદ્વાન આચાર્ય હતા. તેઓ ચન્દ્રગુપ્તને તક્ષશિલા લઈ આવ્યાં. અને ત્યાં એને રાજનીતિશાસ્ત્રની સાથે વિવિધ શસ્ત્રવિદ્યામાં પારંગત બનાવ્યો.

મહારાજા નંદ, ધનલોભી હતો. અને લોભી વ્યક્તિમાં બધા જ દુર્ગુણો હોય છે. તેથી નંદ, દુર્ગુણોનો ભંડાર હતો. એના દુશાસન અને દુરાચારથી એની પ્રજા, વિરુદ્ધમાં થઈ ગઈ હતી. ચાણક્યે એના એક સૂત્રમાં કહ્યું છે : 'प्रकृतिकोपः सर्वकोपेभ्यो गरीयान् ।' (પ્રકૃતિ એટલે પ્રજાનો કોપ, બધા જ કોપ કરતાં ભયાનક હોય છે) એટલે નંદની પ્રજા, નંદના વિનાશ માટે કોઈ નિમિત્ત બને એની પ્રતીક્ષા કરી રહી હતી. આખા રાજ્યમાં એક માત્ર મહાઅમાત્ય રાક્ષસ – જે અત્યંત બુદ્ધિશાળી અને પ્રખર કૂટરાજનીતિનો અઠંગ ખેલાડી હતો તે, રાજા નંદનો વિશ્વાસપાત્ર સહાયક હતો. એ જ્યાં સુધી નંદનો રક્ષક હોય ત્યાં સુધી કોઈ ધુરંધર માણસ એનો વાળ પણ વાંકો કરી શકે નહીં. પરંતુ આચાર્ય ચાણક્ય તો રાક્ષસનો પણ ગુરુ હતો, રાક્ષસની કૂટનીતિ પર્વત જેવી અચલ હતી તો આચાર્ય ચાણક્યની કૂટનીતિ વ્રજ જેવી શક્તિશાળી હતી. તેણે એવા ષડયંત્રોનું આયોજન કર્યું કે રાક્ષસના મનમાં નંદ તરફ દ્વેષ ઉત્પન્ન થયો. સમય જતાં તે પણ આચાર્ય ચાણક્યના પક્ષમાં આવી ગયો.

એક તરફ આચાર્ય ચાણક્યની ઝળહળતી પ્રતિભાની આગ હતી તેની સાથે ચન્દ્રગુપ્તની શસ્ત્રવિદ્યાની ઝંઝાવાતી શક્તિનો સમન્વય અને ક્રાન્તિની જે મહાજ્વાળા પ્રગટી તેમાં રાજા નંદનું નંદનવન જેવું રાજ્ય બળીને ભસ્મ થઈ ગયું. નંદનો વધ કરવામાં આવ્યો, અને આચાર્ય ચાણક્યે, ચન્દ્રગુપ્ત મોર્યને મગધના સામ્રાજ્યની ગાદીએ બેસાડ્યો. ઈ.સ. પૂર્વે લગભગ ૩૫૦ માં રાજ્યની ધુરા સંભાળનાર ચન્દ્રગુપ્ત મૌર્યનું શાસન ઘણા વર્ષો સુધી ચાલ્યું. ચાણક્યે પોતાની બુદ્ધિપ્રતિભા અને કૂટનીતિથી તથા ચન્દ્રગુપ્તે પોતાની ત્રણ પ્રકારની શક્તિઓ – પ્રભુશક્તિ (સત્તા) મંત્રશક્તિ (ઉત્તમ મંત્રીઓ) અને ઉત્સાહશક્તિ વડે, નજીક

અને દૂરના અનેક રાજ્યોને જીતી લીધા અને મગધ સામ્રાજ્યનો એવો વિસ્તાર કર્યો કે 'અખંડ ભારત' એક છત્ર નીચે આવ્યું. ચન્દ્રગુપ્તે, એલેકઝાંડર સિકંદરને પણ હરાવ્યો અને ભારતમાં આગળ વધતો અટકાવ્યો. તેના સૂબા સેલ્યુકસે, ચન્દ્રગુપ્ત સાથે સંધિ કરી અને પોતાની પુત્રી, ચન્દ્રગુપ્ત સાથે પરણાવી. મૌર્ય શાસનનો રાજવંશ ઘણી પેઢીઓ સુધી ચાલ્યો અને એ વંશમાં બિંદુસાર તથા પ્રિયદર્શી (देवानाम् प्रियः) સમ્રાટ અશોક જેવા પ્રતાપી રાજાઓ થયાં.

મહાભારતમાં વ્યાસનું વચન છે; 'ક્રૂરતાથી મેળવેલી લક્ષ્મી, વંશનો વિનાશ કરે છે, પરંતુ 'मृदुप्रौढा गच्छति पुत्रपौत्रान् ।' પરંતુ સદાચારથી આવેલી સંપત્તિ અને રાજ્યલક્ષ્મી સ્થિર રહે છે અને પેઢી દર પેઢી પુત્રો અને પૌત્રો સુધી ટકી રહે છે ! રાજા ધનનંદની રાજલક્ષ્મી નાશ પામી અને સમ્રાટ ચન્દ્રગુપ્તની રાજલક્ષ્મી વૃદ્ધિ પામી અને વર્ષો સુધી સ્થિર રહી ! વ્યાસે એક બીજું વિધાન પણ કર્યું છે. 'બ્રાહ્મણો જો સંતોષ ન રાખો તો એનો નાશ થાય અને રાજાઓ જો સંતોષ રાખે તો એના રાજ્યનો વિકાસ ન થાય અને છેવટે એ વિનાશ પામે.' આ જ વિચારનું પ્રતિબિંબ આચાર્ય ચાણક્યે એની રાજનીતિમાં ઝીલ્યું છે. 'અસંતોષ, એ રાજ્યલક્ષ્મીનું મૂળ છે. (असंतोषः श्रियः मूलम् ।) ચાણક્યે, વિવિધ કૂટનીતિનો ઉપદેશ આપીને, ચન્દ્રગુપ્તના અસંતોષની આગને અવિરત પ્રજ્વલિત રાખી, પરિણામે મગધ સામ્રાજ્યની સીમામર્યાદા વિસ્તરતી રહી !

આચાર્ય ચાણક્ય પવિત્ર અને પ્રજ્ઞાવાન બ્રાહ્મણ હતા. એણે પોતે તો હંમેશાં સંતોષ રાખ્યો. પણ એના શિષ્ય રાજા ચન્દ્રગુપ્તમાં અસંતોષ પ્રગટાવ્યો. એને અર્થનો કે રાજ્યનો લોભ ન હતો, પરંતુ તેણે રાજા ચન્દ્રગુપ્તને તો એવો બોધ આપ્યો કે 'अर्थस्य मूलम् राज्यम् ।' રાજ્ય, હંમેશાં સર્વપ્રકારની અર્થસંપદા ઉપર જ આધાર રાખે છે. માટે સુશાસન અને પ્રજાના પાલન-રક્ષણ માટે ધર્મમાર્ગે ધનસંગ્રહ કરવો. આચાર્ય ચાણક્ય એવા સર્વશક્તિમાન હતા કે એણે ધાર્યું હોત તો પોતે જ મગધના મહારાજા બની શકત. પણ એ રાજા બનનાર નહીં રાજા બનાવનાર હતા. એ નિર્માની, નિર્મોહી અને નિસ્પૃહી હતા. સમ્રાટ ચન્દ્રગુપ્તને ભવ્ય રાજમહેલમાં વસાવનાર આ મહામનીષી ચાણક્ય, ઘાસની બનાવેલી મામૂલી મઢૂલીમાં રહેતા હતા. કેવી હતી એની જીર્ણશીર્ણ પણ પવિત્ર પર્ણકુટિ એનું પ્રભાવક શબ્દચિત્ર નાટ્યકાર વિશાખદત્તે એના 'મુદ્રારાક્ષસ' નાટકમાં આ રીતે આપ્યું છે;

'આ રહી આચાર્ય ચાણક્યની પર્ણકુટિ, ઘાસથી છવાયેલું જેનું છાપરું ઝૂકી ગયું છે. એના આંગણામાં છાણાને ભાંગવાના પથ્થરના નાના ટુકડાં પડ્યા છે. એક તરફ શિષ્યોએ લાવી રાખેલ દર્ભનો પૂળો પડ્યો છે. અને બીજાબાજુ ઓસરીમાં સૂકાયેલ સમિધના ઢગલા પડ્યા છે.' અકિંચન આચાર્ય ચાણક્યની કેવી ભવ્ય અને દિવ્ય સંપત્તિ ! ઠીક કહ્યું છે, સંસ્કૃતના ઋષિ કવિએ; 'निःस्पृहे तृणवत् जगत् ।' (જેને કોઈપણ પ્રકારની સ્પૃહા નથી હોતી તેને આ જગત આખું તણખલાની તોલે છે.)

•

કૌટિલ્ય ચાણક્યની કૃતિઓ

ચાણક્યની ત્રણ સુપ્રસિદ્ધ ગ્રંથ રચનાઓ અતિશય લોકપ્રિય છે. (૧) કૌટિલ્ય અર્થશાસ્ત્ર, (૨) રાજનીતિ (૩) ચાણક્ય સૂત્રો. આ ઉપરાંત ચાણક્ય, કેટલાક વિવિધ નામોથી પણ ઓળખાય છે. એટલે તે તે નામવાળા લેખકોએ પછીથી લખેલ ગ્રંથો પણ ચાણક્યના નામે ચડાવવામાં આવ્યા છે. ચાણક્યના ત્રણ નામો તો વિખ્યાત છે. વિષ્ણુગુપ્ત, કૌટિલ્ય અને ચાણક્ય. એ ઉપરાંત પણ એનો વાત્સ્યાયન, મલંગ, દ્રવિમલ, અંગુલ, વારાનક, કાત્યાયન વગેરે નામોથી પણ ઉલ્લેખ મળે છે. આ જ કારણે વિષ્ણુશર્માએ રચેલું 'પંચતંત્ર' પણ વિષ્ણુગુપ્ત નામ ધારી ચાણક્યના નામે ચડ્યું છે. અને વાત્સ્યાયનનું 'કામસૂત્ર' પણ એની રચના માનવામાં આવે છે. જો કે એનો કોઈ ઐતિહાસિક નક્કર આધાર કે પુરાવો નથી.

પરંતુ 'અર્થશાસ્ત્ર' ગ્રન્થના લેખક તરીકે કૌટિલ્ય નામ જ વધુ પ્રચલિત છે. કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે આ ગ્રન્થમાં મેલી મુત્સદીગીરી, જેને કૂટનીતિ કે કુટિલનીતિ કહેવામાં આવે છે તેનું આલેખન કરેલું હોવાથી લેખકને કૌટિલ્ય કહેવામાં આવે છે. કોઈ સમાલોચકે વળી તેને અંગ્રેજ કૂટનીતિજ્ઞ 'મોકિયાવલી' સાથે સરખાવ્યા છે. જો કે મોકિયાવલી કરતા કૌટિલ્ય, ગુણવત્તા અને માનવતાની દ્રષ્ટિએ ચડિયાતો છે. કામન્દકીય નીતિશાસ્ત્ર ગ્રંથમાં એવુ વિધાન છે કે 'कौटिल्यः रुति गोत्रनिबन्ध्ना विष्णुगुप्त संज्ञा' (વિષ્ણુગુપ્ત આચાર્ય ચાણક્યની 'કૌટલ્ય' સંજ્ઞા એના 'કોટલ' ગોત્ર ઉપરથી બની છે.)

આમ કૌટલયમાંથી પછી કૌટિલ્ય બન્યું હોય એમ શા માટે ન માનવું ? અને તેને કુટિલ-કપરી રાજનીતિનો પુરસ્કર્તા ગણીને શા માટે વગોવવો ? કારણ કે તેના ગ્રંથ 'અર્થશાસ્ત્ર' માં અનેક સ્થળોએ તે, પૂર્વે થયેલા રાજનીતિ શાસ્ત્રકારોથી જુદો પડી, માનવતાના ગુણોનું દર્શન કરાવે છે.

આ માટે અર્થશાસ્ત્રમાંથી અનેક ઉદાહરણો આપી શકાય તેમ છે. પરંતુ એક જ દ્રષ્ટાંત, આ વાતને પ્રમાણિત કરશે. ચાણક્યની પૂર્વે અનેક ધુરંધર રાજનીતિના નિષ્ણાત ઋષિઓના ઉલ્લેખ, તેઓના મત સાથે ચાણક્યે ઉધૃત કર્યા છે જેવા કે નારદ, પરાશર, ભારદ્વાજ, બૃહસ્પતિ, શુક્રાચાર્ય વગેરે. રાજનીતિમાં કહ્યું છે કે રાજાએ એના રાજપુત્રો ઉપર પણ નજર રાખવી, અને જો તેઓ રાજદ્રોહ કરી, રાજાને પદભ્રષ્ટ કરવા ઈચ્છતા હોય તો તેઓને શું સજા કરવી ? એને માટે પૂર્વે થયેલા આચાર્યોમાંથી કોઈએ કારાગૃહમાં પૂરવા, કોઈએ દેશવટો દેવા, કોઈએ વધ કરવા, કોઈએ અન્ય સ્થળોએ મોકલી આપવાના મતો આપ્યા છે. ત્યારે ચાણક્યે

વધુ માનવતાવાદી મત આપ્યો છે કે પોતાના જ સંતાનો એવા રાજકુમારો સાથે આવું ક્રૂર વર્તન વ્યાજબી નથી. તેઓની સાથે પ્રેમભર્યા વ્યવહાર કરીને સમજાવવા, બોધ આપવો અને તેઓના વિદ્રોહને શાંત પાડવો. આવું વિચારનારા અને આચરનારા ચાણક્યને કુટિલ કેવી રીતે કહી શકાય.

તેનો અર્થશાસ્ત્ર ગ્રન્થ અત્યંત લોકપ્રિય છે. વિશ્વની લગભગ તમામ મુખ્ય ભાષાઓમાં તેના અનુવાદ થયા છે. અને આધુનિક સમયમાં ઉદ્યોગગૃહો અને રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય કંપનીઓમાં આ ગ્રન્થ અતિ ઉપયોગી 'મેનેજમેન્ટ'ના સિદ્ધાન્તોના ગ્રંથ તરીકે વિશ્વકક્ષાએ સ્વીકૃતિ પામ્યો છે. 'અર્થશાસ્ત્ર' એટલે Economics નું જ માત્ર આ શાસ્ત્ર નથી. જો કે અર્થ એટલે ધન, કોઈપણ રાજ્યના વિકાસ અને લોકોના સુખ, પાલન અને રક્ષણ માટે મહત્ત્વનું સાધન છે તેથી આ ગ્રંથમાં ધનની પ્રાપ્તિ, વૃદ્ધિ, વિનિયોગ અને રક્ષણના ઉપાયો બતાવ્યા છે એટલા પૂરતું એ 'અર્થશાસ્ત્ર' નામને સાર્થક કરે છે. પરંતુ 'અર્થ' શબ્દ સંસ્કૃતમાં વ્યાપક અર્થમાં વપરાય છે. રાજ્યનું સફળ શાસન કરવા, અને પ્રજાના સર્વાંગી વિકાસ માટે, રાજા જેના વડે સર્વ અર્થોને સિદ્ધ કરે એવા બધા ઉપાયો અને સિદ્ધાંતો જેમાં દર્શાવ્યા છે તેવા રાજનીતિના શાસ્ત્રને 'અર્થશાસ્ત્ર' કહેવામાં આવ્યું છે. મોટે ભાગે તો આ ગ્રન્થમાં રાજ્યતંત્રના સંચાલનની વાત છે. પરંતુ રાજ્યતંત્રની જેમ 'કુટુંબતંત્ર પણ રાજ્યનું મહત્ત્વનું એકમ છે. એટલે કુટુંબમાં પણ સુખ શાંતિ જળવાઈ રહે; ધર્મ અને નીતિનું પાલન થાય, સંતાનોનું સંસ્કાર ઘડતર થાય, ધર્મ અને વિવેકની સમજ પ્રગટે એવી અસંખ્ય વિગતો પણ આ અર્થશાસ્ત્રમાં આપવામાં આવી છે. એક અર્થમાં આ અર્થશાસ્ત્ર, 'એન્સાયક્લોપીડિયા' (સર્વદર્શનસંગ્રહ) નો ગ્રંથ છે.

આ અર્થશાસ્ત્રમાં પંદર અધિકરણો, એકસો અને એંસી પ્રકરણો, તથા એકસો અને પચાસ અધ્યાયો છે. એમાં શ્લોકો પણ છે અને ગદ્યપંક્તિઓ પણ છે. ગદ્ય અને પદ્યના મિશ્રણવાળી આવી લેખનશૈલી પ્રાચીન સમયમાં સામાન્ય હતી. અર્થશાસ્ત્રમાં અનેક પ્રકારના વિષયોનું તે સમયની પરંપરા પ્રમાણેનું સવિસ્તર આલેખન છે. જેમકે રાજ્યની સ્થાપના, કિલ્લાઓનું નિર્માણ, અધિકારીઓ અને મંત્રીઓની પસંદગી, મંત્રણાઓ, ગુપ્તચરો, સેનાઓ, યુદ્ધો અને તેના પ્રકારો શસ્ત્રો, વિજય પરાજ્યના પ્રસંગોએ રાજા અને પ્રજાના ધર્મો, દંડનીતિ, વિવિધ અપરાધોની સજાના પ્રકારો, રાજા અને પ્રજાના કર્તવ્યો, શાસન વ્યવસ્થા, વગેરે અનેક વિષયોનું સવિસ્તર આલેખન છે. અને તેના વિધિ-નિષેધ એટલે કે શું કરવું અને શું ન કરવું તેના નિયમો બતાવ્યા છે.

અર્થશાસ્ત્રના અધિકરણ પંદરના અધ્યાય પહેલાંના એકશ્લોકમાં સ્વયમ્ કૌટિલ્યે આ ગ્રંથની મહત્તા અને ઉપયોગિતા દર્શાવી છે. તેણે લખ્યું છે;

धर्ममर्थम् च कामम् च प्रवर्तयन्ति यान्ति च ।।
अधर्मान् अर्थविद्वेपान् रुदम् शास्त्रम् निहन्ति च ।।

(આ અર્થશાસ્ત્ર, માનવજીવનના ત્રણ મહત્ત્વના પુરુષાર્થો ધર્મ, અર્થ અને કામનો

પ્રસાર કરે છે અને તેનું રક્ષણ કરે છે. વળી જે લોકો અધર્મના માર્ગે ચાલે છે અને અર્થ (ધન)નો દ્વેષ કરીને એનો દુરુપયોગ કરે છે તેઓને આ શાસ્ત્ર દંડ આપે છે.)

વિષયોનું સવિસ્તર આલેખન છે. અને તેના વિધિ-નિષેધ એટલે કે શું કરવું અને શું ન કરવું તેના નિયમો બતાવ્યા છે.

•

ચાણક્યની રાજનીતિ

'રાજનીતિ' એ ચાણક્યનો બીજો મૂલ્યવાન ગ્રંથ છે. એના શાબ્દિક શીર્ષક પ્રમાણે એ માત્ર 'રાજનીતિ' એટલે 'Politics'નો ગ્રંથ નથી. પરંતુ એમાં ૧૭ અધ્યાયોમાં ત્રણસો ઉપરાંત શ્લોકોમાં રાજાના, અને પ્રજાના સાદચારના નિયમો અને વિવેક વિનય અને શાણપણની વાતો અત્યંત સુંદર શ્લોકોમાં ગૂંથી છે. ચાણક્યના મતે રાજનીતિ (પોલિટીક્સ) અને નૈતિકતા (મોરાલિટી) એકબીજાથી ભિન્ન નથી. રાજ્યશાસન અથવા તો કોઈપણ સંસ્થા કે સમાજ હંમેશાં નીતિમત્તાના મજબૂત પાયા ઉપર જ વિકસે છે અને ટકે છે. જે સમાજ અથવા રાજ્યમાં સદાચારનું પતન થાય એનો વિનિપાત નિશ્ચિત છે.

ચાણક્યની રાજનીતિમાં કુલ સત્તર અધ્યાય છે. એક વિદ્વાને આ સત્તર અધ્યાયો શા માટે લખ્યા એનું સુંદર અર્થઘટન કરતાં કહ્યું છે; 'પ્રત્યેક મનુષ્યના દેહમાં કુલ સત્તર તત્ત્વો છે. પાંચ પ્રાણ છે. (પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન) પાંચ કર્મેન્દ્રિયો છે; (હાથ, પગ, ગુદા, લિંગ અને વાણી) પાંચ જ્ઞાનેન્દ્રિયો છે; (આંખ, કાન, નાક, જીભ અને ત્વચા) તથા મન અને બુદ્ધિ મળીને (૫ + ૫ + ૫ + ૨ = ૧૭) સત્તર અવયવો થાય છે. ચાણક્યે આ સત્તર અવયવો દ્વારા માનવજીવનના જે સંકુલ વ્યવહારો ઉત્પન્ન થાય છે તેમાં ન કરવા જેવા કાર્યોથી માણસ દૂર રહે અને કરવા જેવા કાર્યો કરે અને આ રીતે જીવનને ઊર્ધ્વગામી બનાવે તેવા શાણપણના શ્લોકો રાજનીતિના આ ગ્રંથમાં આપવામાં આવ્યા છે.

ચાણક્યે રાજનીતિના આ શ્લોકો સ્વયં રચ્યા નથી. પરંતુ મહાભારત, રામાયણ, પંચતંત્ર, સુભાષિત સંગ્રહો, ભર્તૃહરિના ત્રણ શતકો વગેરેમાંથી સંકલન કરવામાં આવ્યું છે. જો કે ભર્તૃહરિનો સમય તો ઈ. સ. ની સાતમી શતાબ્દિ છે અને ચાણક્ય તો ઈ. સ. પૂર્વે થયા. તો ચાણક્યના ગ્રંથમાં આ શ્લોકો કેવી રીતે આવ્યા એવો સંદેહ અવશ્ય થાય. પરંતુ આ પ્રકારના લોકપ્રિય ગ્રંથોમાં, હસ્તપ્રતો તૈયાર કરનારા શ્લોકો દાખલ કરી દેતા હોય છે. એટલે આવા સંકલનોમાં કાલગણનાને લક્ષ્યમાં લેવાની હોતી નથી. જેવી રીતે 'પંચતંત્ર' ગ્રંથનો અભ્યાસ કરનાર મનુષ્ય જડમતિ હોય તો પણ બુદ્ધિમાન બની જાય છે એવી રીતે ચાણક્યના આ ગ્રંથનો અભ્યાસ કરનારની બુદ્ધિ એવી રીતે ખીલી જશે જેવી રીતે પ્રભાતમાં સૂર્યનાં કિરણોના સ્પર્શે શતદલ કમલની પાંખડીઓ પ્રફુલ્લિત થઈ જાય !

•

ચાણક્યના નીતિસૂત્રો

આ ગ્રંથમાં ચાણક્યે ટૂંકા છતાં સારતત્ત્વથી સભર ભરેલા સૂત્રો આપ્યા છે. એક એક સૂત્ર ઉપર પાનાઓ ભરાય એટલું વિવરણ આપી શકાય તેમ છે. પ્રાચીન સમયમાં વિવિધ વિષયોના જ્ઞાનને યાદ રાખવા માટે સૂત્રશૈલી અસ્તિત્વમાં હતી. તેથી ધર્મસૂત્રો, વ્યાકરણસૂત્રો, વેદાંતસૂત્રો અને નીતિસૂત્રો જેવા સૂત્રગ્રંથોની રચના કરવામાં આવી છે. ચાણક્યના નીતિસૂત્રોમાં, નીતિ અને ધર્મની વાતો છે એ ઉપરાંત રાજનીતિ, સમાજ, પરિવાર, સંસારના વ્યવહારો, વિદ્યા, વિનય, ધન, ચતુરાઈ, દામ્પત્યજીવન, પ્રેમ, તપ, સદ્‌ગુણો, શીલ, સૌંદર્ય, નિર્ધનતા, શત્રુ, મિત્ર વગેરે અનેક પ્રકારના વિષયો સૂત્રોમાં પરોવ્યા છે. આ સૂત્રો શીખનાર રાજા હોય તો એ સફળ શાસક બનશે, પ્રજા હશે તો એ સુખી અને સમૃદ્ધ થશે પરિવાર હશે તો એ પ્રસન્ન રહેશે, શિક્ષક હશે તો એ વિદ્યા પારંગત થશે, વિદ્યાર્થી હશે તો એ તેજસ્વી થશે. શૂરવીર હશે તો એનું પરાક્રમ વધશે. ઉદ્યોગ સ્થાપનાર હશે તો એના ઉદ્યોગનો વિકાસ થશે. ઉદ્યોગ ઉપર ધ્યાન આપનાર અધિકારીઓ વધુ નિષ્ણાત સંચાલકો થશે. કર્મચારીઓ હશે તો એ વધુ નિષ્ઠાથી કામ કરી અર્થલાભ મેળવશે. ટૂંકમાં ચાણક્યે આપેલ આ સૂત્રોમાં જે વિચાર રત્નો ગ્રંથ્યા છે તેનો મૂલ્યાન હાર જો મનુષ્ય પોતાના કંઠમાં ધારણા કરશે, તો એનું જીવન સત્ય, સૌંદર્ય અને શિવત્ત્વથી ઝળહળી ઊઠશે.

•

॥ પ્રથમ અધ્યાય ॥

રાષ્ટ્રનો, કુટુંબકબીલાનો, મંદિર અને મઠનો કોઈપણ શાસક આ રાજનીતિના શ્લોકને ધારણ કરે તો સમૃદ્ધિ મળે.

વિષ્ણુવંદન

प्रणम्य शिरसा विष्णुं त्रैलोक्याधिपतिं प्रभुम् ।
नानाशास्त्रोद्धृतं वक्ष्ये राजनीतिसमुच्चयम् ।।१।।

ત્રિલોકના અધિપતિ ભગવાન વિષ્ણુને નતમસ્તકે નમન કરીને હું વિવિધ શાસ્ત્રોમાંથી ચયન કરીને રાજનીતિના શ્લોક સમૂહનું કથન કરું છું. ॥ ૧ ॥

વિવરણ :

મહામતિ ચાણક્ય, 'ચાણક્યનીતિ'ના આ ગ્રન્થના શુભ આરંભે ભગવાન વિષ્ણુને નમસ્કાર કરે છે. ભગવાન વિષ્ણુ આદિ દેવ છે. ભગવાનના મુખ્ય દશ અવતારો પણ વિષ્ણુના જ સ્વરૂપો છે. વિષ્ણુ માટે ત્રણ વિશેષણોનો પ્રયોગ થાય છે. સર્વશક્તિમાન, સર્વવ્યાપક અને સર્વજ્ઞ. ભગવાન વિષ્ણુને નમસ્કાર કરીને ચાણક્ય એવા આશીર્વાદ પામવા ઇચ્છે છે તેનો આ ગ્રંથ પણ સર્વશક્તિમાન, વિશ્વવ્યાપક અને સર્વ વિદ્યાઓનું જ્ઞાન આપનાર બને. અને વિષ્ણુકૃપાથી બન્યું છે પણ એમ જ ! જ્યારથી આ ગ્રંથની રચના થઈ છે ત્યારથી એણે વિવિધ વિષયોનું, વ્યવહારનું, રાજતંત્રનું, કુટુંબતંત્રનું અને ધર્મનીતિનું અપૂર્વ જ્ઞાન લોકોને આપ્યું છે. આ ગ્રંથ, ભારતમાં તો લોકપ્રિય થયો છે વિશ્વના અન્ય દેશોમાં પણ એની કીર્તિપતાકા ફરકી રહી છે.

કોઈપણ શાસક, પછી તે રાષ્ટ્રનો હોય, કુટુંબકબીલાનો હોય, મંદિર કે મઠનો હોય, પણ જો 'રાજનીતિ'ના આ શ્લોકોને બરાબર અંતરમાં ધારે અને આચારમાં ઊતારે તો પોતે તો સુખી થાય, તેની આસપાસના લોકસમૂહને પણ સુખી કરે.

કેવો મનુષ્ય શ્રેષ્ઠ છે ?

अधित्येदं यथाशास्त्रं नरो जानाति सत्तम: ।
धर्मोपदेशविख्यातं कार्याकार्यं शुभाशुभम् ।।२।।

ઉત્તમ મનુષ્ય, આ શાસ્ત્રનું યથાયોગ્ય અધ્યયન કરીને ધર્મગ્રંથોમાં દર્શાવેલ સારા અને નરસા વિષયો તેમ જ કાર્ય અને અકાર્યને બરાબર જાણી શકશે. (૨)

વિવરણ :

ચાણક્યે, આ નીતિગ્રંથના શ્લોકોનું સર્જન પોતે નથી કર્યું. પરંતુ ભારતના પ્રાચીન શાસ્ત્રો, ધર્મગ્રંથો, મહાભારત, પંચતંત્ર અને ભર્તૃહરિના શતકો તથા સુભાષિત સંગ્રહોમાંથી શ્લોકોનું ચયન કરીને સંકલન કર્યું છે. પરંતુ ચયન એવું ઉત્તોમોત્તમ છે કે એમાં જ એની પ્રતિભાનું દર્શન થાય છે.

આ સંસારને સાગર કહ્યો છે. એમાં અનેક રત્નો છે. એમાં અમૃત છે તો વિષ પણ છે. એની સપાટી ઉપર શીતળ લહરો ઉછળે છે અને ભીતરમાં વડવાનલ બળે છે. આ સંસાર પણ સારા નરસા મનુષ્યો, સત્કાર્ય અને દુષ્કાર્ય તથા પાપ અને પુણ્યથી ભર્યો છે. ચાણક્ય, આ શ્લોકો દ્વારા વિવેક શીખવે છે. ગુણ-દોષને ઓળખવાની કલા શીખવે છે. ઠીક કહ્યું છે સંત તુલસીદાસે 'રામચરિતમાનસ'માં

જડ-ચેતન, ગુણ-દોષ મય વિશ્વ કિન્હ કિરતાર,
સંત હંસ ગુણ ગ્રહહી પય, પરિહરી વારિ વિહાર.

ભગવાને આ જગતને સારા-નરસાના મિશ્રણવાળું બનાવ્યું છે. જેવી રીતે હંસ, નીર-ક્ષીરનો વિવેક કરી, દૂધ અને પાણીના મિશ્રણમાંથી દૂધ ગ્રહણ કરી લે છે અને પાણીને તજે છે. તેવી રીતે સત્પુરુષો પણ શાસ્ત્રોમાંથી વિવેક શીખે છે.

ગ્રંથની રચના શા માટે ?

तदहं सम्प्रवक्ष्यामि लोकानां हितकाम्यया ।
येन विज्ञानमात्रेण सर्वज्ञत्वं प्रपद्यते ॥३॥

લોકોનું કલ્યાણ કરવાની ઇચ્છાથી હું આ શાસ્ત્રનું વર્ણન કરી રહ્યો છું. એને જાણી લેવા માત્રથી જ, મનુષ્ય સર્વજ્ઞ બની જાય છે. (૩)

આ ગ્રંથની રચનાનો આશય લોકોનું કલ્યાણ કરવાનો છે. શાસ્ત્રની રચના વિવિધ કારણોથી થતી હોય છે. કીર્તિ, ધન, વ્યવહાર જ્ઞાન, અનિષ્ટનો નાશ, પરમ આનંદ, તથા ઉપદેશ – આ બધી બાબતો માટે ગ્રંથની રચના થતી હોય છે. પરંતુ ચાણક્ય તો કેવળ લોકોના પરમ કલ્યાણ અને આનંદ માટે જ આ શાસ્ત્રની રચના કરે છે. સંસ્કૃતના કવિએ કહ્યું છે; 'परोपकाराय सताम् विभूतयः ।' (સત્પુરુષોની સમૃદ્ધિ, લોકોનું ભલું કરવા માટે જ હોય છે. ચાણક્ય એવા મહામના સત્પુરુષ હતા જેના વિચાર, વાણી અને વર્તનની ઐશ્વર્યયુક્ત સમૃદ્ધિ લોકકલ્યાણ માટે જ હતી)

હાનિકારક બાબતોથી દૂર રહેવું

मूर्खशिष्योपदेशेन दुष्टस्त्रीभरणेन च ।
दु:खितै: सम्प्रयोगेण पण्डितोऽप्यवसीदति ।।४।।

મૂર્ખ શિષ્યોને ઉપદેશ આપવાથી, કુલટા સ્ત્રીનું ભરણપોષણ કરવાથી, અને દુઃખમાં આવી પડેલા લોકો સાથે વ્યવહાર કરવાથી, વિદ્વાન મનુષ્ય પણ મુશ્કેલીમાં મૂકાય છે. (૪)

વિવરણ :

જેવી રીતે સર્પને અમૃત જેવું દૂધ પીવડાવવામાં આવે તો પણ એનું ઝેર થઈ જાય છે તેવી જ રીતે મૂર્ખ લોકોને ઉપદેશ આપવામાં આવે તો ક્રોધે ભરાય છે અને ઉપદેશ આપનારનું પણ અહિત કરવા તત્પર થાય છે. માટે મૂર્ખાને ઉપદેશ આપવો જ નહીં. એવી જ રીત કુલટા નારીનું ભરણપોષણ પણ દુઃખનું કારણ બને છે. અને દુઃખમાં આવી પડેલા લોકોનો સંપર્ક પણ વિષાદ ઉત્પન્ન કરે છે. ચાણક્ય કહે છે; શાણપણ એમાં છે કે આ ત્રણેય હાનિકારક બાબતોથી દૂર રહેવું. સંતકવિ ભોજા ભગતે કુભાર્યા વિષે કટાક્ષ કરતા કહ્યું છે;

'મૂરખે નાર કુભારજા આણી,
એનું ઘર થયું ધૂળધાણી.'

આપણે અનુભવી એ છીએ કે પ્રસન્ન જનોના સંગમાં રહીએ તો પ્રસન્નતા થાય છે અને ખિન્ન વ્યક્તિઓનાં સાંનિધ્યમાં રહીએ તો ખિન્નતા જ મળે છે.

વિષમ વિગતોથી વેગળા રહેવું

दुष्टा भार्या शठं मित्रं भृत्यश्चोत्तरदायक: ।
ससर्पे च गृहे वासो मृत्युरेव न संशय: ।।५।।

દુષ્ટ અને દુર્ગુણી પત્ની, મૂર્ખ મિત્ર, અને સામું બોલનાર નોકર, તેમ જ સર્પો રહેતા હોય તેવા ઘરમાં નિવાસ કરવાથી મૃત્યુ થાય, એમાં કોઈ સંશય નથી. (૫)

વિવરણ :

પત્ની સુશીલ અને સદ્‌ગુણી હોય તો સુખ થાય પણ કુલહીન અને દુર્ગુણી હોય તો દુઃખ થાય. એ જ રીતે મૂર્ખ મિત્ર પણ મુશ્કેલી ઊભી કરે. લોક અનુભવમાં

વ્યવહારના ડહાપણની કહેવત પણ છે; (મૂર્ખ મિત્ર કરતાં ડાહ્યો દુશ્મન સારો) અને જ્યાં દીવાલોમાં કે ભોંયતળિયામાં કે ઉપર છાપરામાં સાપ રહેતો હોય તે ઘરમાં ન રહેવું કારણ કે કોઈપણ વખતે દંશ દેવાનો પૂરતો સંભવ છે. આ બધા મોતનો મસાલો છે અથવા તો જીવતાં છતાં દોજખમાં મૂકી દેનારી ઘટનાઓ છે. ચાણક્યની ચેતવણી છે કે આવી વિષમ વિગતોથી વેગળા રહેવું.

આત્મરક્ષણ પણ જરૂરી છે

आपदर्थे धनं रक्षेद् दारान् रक्षेद्धनैरपि।
आत्मानं सततं रक्षेद् दारैरपि धनैरपि ।।६।।

મુશ્કેલીઓના પ્રસંગ માટે ધનને સાચવવું જોઈએ તો ધનવડે પત્ની અને પરિવારનું રક્ષણ કરવું જોઈએ. પરંતુ પરિવાર અને પૈસા કરતાં પણ પોતાની જાતનું રક્ષણ કરવું જોઈએ. (૬)

વિવરણ :

આદિ શંકરાચાર્યે કહ્યું છે; 'अर्थम् अनर्थम् भावय नित्यम् ।' અર્થ એટલે ધનને હંમેશાં અનર્થકારક સમજી લેવું. સન્યાસી માટે આ વાત બરાબર હશે. પરંતુ સંસારના વ્યવહારોમાં તો આ આખી દુનિયા અર્થ (ધન)ના આધારે જ ચાલે છે અને મહાલે છે. ધન, ખરાબ નથી. એનો કેવો ઉપયોગ કરવામાં આવે છે તેના ઉપર બધો આધાર છે. જીવનમાં ભવિષ્યમાં આપત્તિ આવવાનો સંભવ છે. એવા પ્રસંગોએ ઉપયોગમાં આવી શકે તે માટે ધનનો જરૂર પૂરતો સંગ્રહ કરવો જ જોઈએ. કારણ કે તેનાથી પરિવારનું પોષણ અને રક્ષણ થઈ શકે છે. પરંતુ પોતાના આત્માનું – પોતાની જાતનું રક્ષણ કરવું તે સહુથી મહત્ત્વની વાત છે. પોતાનો જીવ અને પૈસો, અથવા પોતાનો આત્મા અને પત્ની એ બેની વચ્ચે પસંદગી કરવાની હોય ત્યારે શાણા માણસે આત્મરક્ષણ કરવું એમાં જ દુન્યવી ડહાપણ છે. નહીં તો પછી 'આપ મૂઆ પછી ડૂબ ગઈ દુનિયા' જેવી દશા થાય છે !

લક્ષ્મી અને સત્કર્મની આવશ્ય   તા

आपदर्थे धनं रक्षेच्छ्रीमतां कुत आपदः ।
कदाचिच्चलिता लक्ष्मीः संचितोऽपि विनश्यति ।।७।।

સંકટના સમયમાં કામ આવે તે માટે ધનને સાચવવું જોઈએ. કારણ કે જેની પાસે લક્ષ્મી હોય એવા શ્રીમંતોને આપત્તિ ક્યાંથી આવે ? વળી લક્ષ્મી તો ચંચલ છે. અને ધનનો સંગ્રહ કરનારો પણ નાશ પામે છે. (૭)

વિવરણ :

ચાણક્યે આપત્તિના સમયે કામ આવે તે માટે ધનને સાચવવાની વાત વારે વારે કરી છે. અને જગતના વ્યવહારો જાળવવા માટે ધનસંગ્રહ આવશ્યક પણ છે. લક્ષ્મી હોય તેની પાસે આપત્તિ ન જ આવે એ કથન પૂર્ણ સત્ય નથી. લક્ષ્મીપતિઓ પણ દુઃખી થતાં હોય છે. એવું જરૂર કહી શકાય કે ધનવાન સુવિધાઓ અને સુખના સાધનો ખરીદી શકે છે. પણ ધનથી સુખ કે આનંદ ખરીદી શકાતાં નથી. વળી લક્ષ્મી ચંચલ છે. એકમાત્ર ભગવાન વિષ્ણુ સિવાય એ કોઈની પાસે કાયમ રહેતી નથી. વળી એમ પણ બને કે ધન તો ટકે પણ જેણે ધનનો સંગ્રહ કર્યો હોય તે ધનવાન જ નાશ પામે. માટે વિવેક એમાં છે ધન ભેળું પણ કરવું અને સત્કાર્યમાં છૂટા હાથે વાપરવું પણ ખરું. ઠીક કહ્યું છે કબીર સાહેબે.

પાની બાઢે નાવમેં, ઘરમેં બાઢે દામ,
દોનો હાથ ઉલેચિયે, યહી સયાનો કામ.

કેવા દેશમાં કે સ્થાનમાં વસવું

यस्मिन् देशे न सम्मानो न वृत्तिर्न च बान्धवा: ।
न च विद्याऽऽगम: कश्चित् तं देशं परिवर्जयेत् ।।८।।

જે દેશમાં સ્વમાન કે સન્માન ન હોય, આજીવિકાનું કોઈ સાધન ન હોય, સગા સંબંધીઓ ન હોય અથવા તો કોઈપણ પ્રકારની વિદ્યાપ્રાપ્તિ ન થતી હોય તેવા દેશને તજી દેવો જોઈએ. (૮)

વિવરણ :

કેવા દેશમાં કે સ્થાનમાં વસવું કે ક્યા પ્રદેશમાં ન વસવું તેની વાત ચાણક્ય, આ શ્લોકોમાં સમજાવે છે. ડાહ્યા મનુષ્ય માટે આત્મસન્માન, મહત્ત્વની બાબત છે. ત્યાર પછીની મહત્ત્વની બાબત છે આજીવિકાનું સાધન, ત્રીજી બાબત સ્વજનોનું સાંનિધ્ય, અને ચોથી વિગત છે વિદ્યાપ્રાપ્તિ. આ ચાર વસ્તુઓ જ્યાં મળતી હોય ત્યાં વસવું, અને એ જ્યાં ન મળતી હોય તે સ્થાન ગમે તેવું ભવ્ય કે રમણીય હોય તો પણ તજવું. સ્વદેશ અને પરદેશનો વિવેક આ રીતે કહી શકાય; 'જ્યાં સ્વમાન, સ્વજન, જીવનનિર્વાહ અને સદ્વિદ્યા સાંપડે તે સ્થાન સ્વદેશ, અને જ્યાં એ ન મળે તે સ્થળ પરદેશ.' લોકકવિ કહે છે;

આવ નહીં આદર નહીં, નહીં નયનમાં નેહ,
તિનકે ઘર મત જાઈએ, ભલે કંચન વરસે મેહ.

કેવા સ્થાને ન વસવું

धनिक : श्रोत्रियो राजा नदी वैद्यस्तु पञ्चम : ।
पञ्च यत्र न विद्यन्ते न तत्र दिवसं वसेत् ।।९।।

ધનવાન મનુષ્ય, જ્ઞાનવાન પંડિત, રાજા, નદી અને વૈદ્ય – આ પાંચ પ્રદેશમાં ન રહેતા હોય ત્યાં એક દિવસ પણ વસવું નહીં. (૯)

વિવરણ :

ક્યા નગર કે ગામમાં એક રાત પણ ન રહેવું તેની સરસ વાત ચાણક્ આ શ્લોકમાં કરે છે. જે શહેરમાં ધનવાન શ્રેષ્ઠી (શેઠ) રહેતા હોય ત્યાં જ રહેવું. કાર કે સંકટના સમયે એની પાસેથી ધન, વ્યાજે કે ઉછીનું મેળવી શકાય, અને મુશ્કેલ ટાળી શકાય ! બુદ્ધિમાન પંડિત હોય તો એની સલાહ પ્રમાણે વર્તી શકાય. રાજા હો તો તે એની સત્તા અને શક્તિથી રક્ષણ કરી શકે. વૈદ્ય હોય તો માંદગીના પ્રસંગે એન પાસેથી રોગનું નિદાન અને સારવાર મળી શકે. અને ગામના પાદરમાં નદી વહેત હોય તો પાણીની સર્વ પ્રકારની સુવિધાઓ સાંપડે ! આથી જ પ્રાચીન સમયન લગભગ બધા જ નગરો, ગામડાં અને નેસડાં નદી કિનારે જ વસાવવામાં આવતાં.

જીવનનિર્વાહનો ઉત્તમ સંદેશ

लोकयात्रा भयं लज्जा दाक्षिण्यं त्यागशीलता ।
पञ्च यत्र न विद्यन्ते न कुर्यात् तत्र संस्थितिम् ।।१०।।

જીવનનિર્વાહ ચલાવવાની સુવિધા, ભય, લજ્જા, વિનમ્રતા, અ ત્યાગભાવના – આ પાંચ બાબતો જ્યાં ન હોય તે સ્થાનમાં નિવાસ ન કરવો. (૧૦

વિવરણ :

આ શ્લોકમાં પણ આગળના શ્લોકના અનુસંધાને કેવા સ્થાનમાં ન વસ એની જ વાત આગળ ચલાવી છે, જ્યાં જીવનનિર્વાહ ચલાવવાની સગવડતા ન હો ત્યાં તો ન રહેવું એ વાત આગળ કરી જ છે. આ ઉપરાંત જે પ્રદેશમાં કે સ્થળમ લોકોને પાપનો કે પ્રભુનો ડર ન હોય, લજ્જા, વિનમ્રતા કે ત્યાગભાવના ન હોય ત્ય પણ ન જ વસવું જોઈએ. કારણ કે આવા વિસ્તારમાં જીવનની કોઈપણ પ્રકારન સલામતી નથી હોતી.

પરખ કરવાની કળા

जानीयात् प्रेषणे भृत्यान् बान्धवान् व्यसनाऽऽगमे ।
मित्रं चाऽऽपत्तिकालेषु भार्यां च विभवक्षये ।।११।।

કોઈ કામ માટે મોકલવામાં આવે ત્યારે નોકરને, સંકટના સમયમાં સ્વજનોને, આપત્તિનો કાળ આવે ત્યારે મિત્રને અને ધનનાશ પામે ત્યારે પત્નીને પારખી શકાય છે (૧૧)

વિવરણ :

લોકોની શક્તિ, બુદ્ધિ કે આવડતની કસોટી કેવા સંજોગોમાં થાય છે તેની વાત આ શ્લોકમાં ચાણક્ય કરે છે. કોઈ કામ માટે નોકરને મોકલવામાં આવે અને તે ઝડપથી એ કામ સફળતાપૂર્વક કરી લાવે, તેમાં એની આવડતની પરીક્ષા થઈ જાય છે. નહીં તો 'હીરો ઘોઘે જઈ આવ્યો અને ડેલે હાથ દઈ આવ્યો' જેવા ઘાટ થાય. એ જ રીતે સગા, સંબંધી અને સ્નેહીઓની કસોટી, સંકટના સમયમાં થાય છે. આપત્તિના સમયમાં જે મદદે ઊભા રહે તે સ્વજનો. સ્વજનો, ઢાલ જેવા હોવા જોઈએ. યુદ્ધમાં તલવારો વીંઝાતી હોય ત્યારે ઢાલ, યોદ્ધાનું રક્ષણ કરવા આગળ આવી પ્રહાર, પોતાના ઉપર ઝીલે છે પરંતુ શાંતિના સમયમાં પીઠ પાછળ પડી રહે છે. સાચા સ્વજનો પણ સંકટના કાંટાથી પોતે વીંધાય અને સગાનું રક્ષણ કરે. સાચો મિત્ર પણ આવો જ વ્યવહાર કરે. એ જ પ્રમાણે પત્નીના પ્રેમભાવની કસોટી ધનનાશના પ્રસંગે જ થાય છે. ધણી, ધનવિનાનો થઈ જાય તો પણ જે સંગાથ ન છોડે તે જ ખરી ધણિયાણી કહેવાય !

સાચો સ્વજન કોણ ?

आतुरे व्यसने प्राप्ते दुर्भिक्षे शत्रु-संकटे ।
राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बान्धवः ।।१२।।

રોગની પીડાના પ્રસંગે, દુઃખ આવી પડે ત્યારે, દુષ્કાળના સમયે, શત્રુઓએ સંકટ આપ્યું હોય તે વખતે, રાજકાજમાં રાજદરબારમાં જવું પડે તે સમયે અને મૃત્યુ થાય ત્યારે શ્મશાનમાં જે ઊભો રહે છે તે જ સાચો સ્વજન છે. (૧૨)

વિવરણ :

સ્વજનો, ખરેખર સ્વજનો છે કે સ્વાર્થ હોય અથવા સુખ શાંતિનો સમય હોય ત્યાં સુધી જ સ્વજનો હોવાનો ડોળ કરે છે તેની સ્પષ્ટતા, કેવા કેવા પ્રસંગોમાં થાય તેની વાત પણ આ શ્લોકમાં આગળ વધારી છે. ટૂંકમાં એમ કહી શકાય કે મુશ્કેલીના સમયમાં મદદે આવે તે મિત્ર કે સ્વજન, અને મુશ્કેલીના વખતે મોઢું ફેરવી જાય તેવા મિત્ર હોય તો પણ શત્રુ છે અને સગા હોય તો પણ દગાખોર છે.

જે નથી તેને મેળવવા ન દોડવું

यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते ।
ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च ।।१३।।

જે મનુષ્ય, નિશ્ચિત અને સ્થિર વસ્તુઓને તજીને, અનિશ્ચિત અને અસ્થિર બાબતોનું સેવન કરે છે તેની નિશ્ચિત બાબતો નાશ પામે છે. અને જે અનિશ્ચિત છે તે તો નાશ પામેલું જ છે. (૧૩)

વિવરણ :

અંગ્રેજીનાં એક કહેવત છે; 'A bird in a hand is better than two in a bush.' (પોતાના હાથમાં હોય તેવું એક પક્ષી, ઝાડીમાં રહેલા બે પક્ષી કરતાં વધારે સારું છે.) ઘણીવાર એવું બને છે કે વધુ મેળવવાના લોભમાં, જે હોય તે પણ ગુમાવવું પડે છે. શાણપણ એમાં છે કે જે નિશ્ચિત અને સ્થિર હોય અથવા આપણા અધિકાર કે કાબૂમાં હોય તેને જ પકડી રાખવું અને તેમાં જ સંતોષ રાખવો. પરંતુ જે બાબત નિશ્ચિત ન હોય કે આપણા વશમાં ન હોય તેની પાછળ દોટ ન મૂકવી. સાંપ્રત સમયમાં સસ્તા સોનાની લાલચમાં, એકના અનેક ગણા કરવાની ઝંખનામાં લોકો ધુતારાઓની જાળમાં ફસાઈને છેતરાય છે. આજે પણ કોઈ માણસ બેંકમાંથી પૈસા લઈને જતો હોય ત્યારે એને છેતરવાની તરકીબનો ઉપયોગ થતો હોય છે. કોઈ લફંગો, થોડા રૂપિયાની નોટો એની પાછળ વેરી નાખે અને પછી એને કહે કે 'ભાઈ ! તમારા રૂપિયા પડી ગયા.' પેલો માણસ પાછો ફરીને એ થોડી નોટો (જે એની હતી જ નહીં) એને વીણવામાં મશગૂલ હોય ત્યાં જ પેલો ધુતારો, એનો થેલો ઝૂંટવીને ભાગી જાય.

અસ્થિર એવા પાંચ-પચ્ચીશ રૂપિયા મેળવવા જતાં સ્થિર એવા પચ્ચીશ હજાર ગુમાવવાનો વારો આવે, માટે જે છે તેને સાચવવું, જે નથી તેને મેળવવા ન દોડવું.

વિવાહ હંમેશાં સમાન કુળમાં થાય તે જ યોગ્ય છે

वरयेत् कुलजां प्राज्ञो विरुपामपि कन्यकाम् ।
रूपवतीं न नीचस्य विवाह: सद्दशे कुले ।।१४।।

બુદ્ધિમાન મનુષ્યે, કદરૂપી હોય તો પણ કુલીન અને શીલવાન કન્યાને જ પસંદ કરવી જોઈએ પરંતુ સ્વરૂપવાન હોય પણ નીચકુળની હોય તો તેને પસંદ ન કરવી. વિવાહ હંમેશાં સમાન કુળમાં થાય તે જ યોગ્ય છે. (૧૪)

વિવરણ :

સમાન ગુણ, શીલ અને કુળ હોય ત્યાં જ મિત્રતા અને વિવાહ શોભે છે અને ટકે છે. પ્રણય અને પરિણયના પ્રસંગે યુવાન કે યુવતી મહદંશે રૂપને પસંદ કરતા હોય છે, કારણ કે રૂપ પ્રથમ જ નજરે પડે છે અને તેમાં ચુંબકીય આકર્ષણ હોય છે. પરંતુ હકીકતે રૂપ, કાંઈ ઉપયોગમાં નથી આવતું. અંગ્રેજ ચિંતક ગોલ્ડ સ્મિથ કહે છે; 'Handsome is that handsome does'. (રૂપાળા એ છે જે રૂપાળા કામ કરે છે.) સત્કર્મો અને સદ્ગુણોથી વ્યક્તિ શોભે છે, રૂપથી નહીં. એટલે સંસારમાં વર કે કન્યાની પસંદગી કરવામાં આટલી બાબતો ધ્યાનમાં રાખવી. રૂપ અને ગુણ બન્ને હોય તો તે ઉત્તમ, રૂપ ન હોય અથવા ઓછું હોય પણ ગુણો હોય તો તે પણ ઉત્તમ, પરંતુ માત્ર રૂપ જ હોય અને ગુણ એક પણ ન હોય તો તે અધમ. મનુસ્મૃતિમાં તો ત્યાં સુધી કહ્યું છે કે; 'कन्यारत्नम् दुष्कुलादपि ।' ભલે નીચકુળમાં હોય પણ કન્યારત્ન હોય તો વિવાહ માટે તેને સ્વીકારવું.

જીવનમાં ક્યાં અને કોનો વિશ્વાસ ન કરાય ?

नखीनां च नदीनां च श्रृङ्गीणां शस्त्रपाणिनाम् ।
विश्वासो नैव कर्तव्य: स्त्रीषु राजकुलेषु च ।।१५।।

તીક્ષ્ણનખવાળા હિંસક પ્રાણીઓનો, ઊંડી નદીઓનો, શિંગડાવાળા પશુઓનો અને શસ્ત્રધારી માણસોનો કદી વિશ્વાસ ન જ કરવો. તેમ જ સ્ત્રીઓનો અને રાજપરિવારનો પણ વિશ્વાસ ન કરવો. (૧૫)

વિવરણ :

લોકવ્યવહારમાં એમ કહેવાય છે કે વિશ્વાસે વહાણ હાલે. પણ વિશ્વાસે વહાણ ડૂબે એ પણ એટલું જ સાચું છે. તેથી દુનિયાદારીનું ડહાપણ એમાં છે કે 'વિશ્વાસ કરવા લાયક ન હોય તેનો તો વિશ્વાસ ન જ કરાય, પણ જે વિશ્વાસપાત્ર હોય તેનો વિશ્વાસ પણ સમજી વિચારીને જ કરવો.' કારણ કે વધુ પડતો અને ઉતાવળિયો વિશ્વાસ, શ્વાસ થંભાવી દે એવું પણ બને !

તીક્ષ્ણ નખ જેના અણિયાળા હથિયાર છે એવા હિંસક પ્રાણીઓ, ભલેને પાળેલા હોય તો પણ એનો વિશ્વાસ ન કરાય કારણ કે તક મળતાં જ એની હિંસકવૃત્તિ પ્રગટ થઈ જાય છે. સરકસના સિંહે 'રીંગમાસ્ટર'ને મારી નાખ્યા હોય એવા પ્રસંગો છે. તો પાળેલા કૂતરા, એના માલિકને કરડ્યા હોય એવા દાખલા પણ છે. એ જ રીતે શિંગડાવાળા પશુઓ અને શસ્ત્રધારી માણસો પણ, ક્રોધે ભરાઈને આક્રમણ કરી

બેસે છે. ઊંડી નદીઓનો પણ વિશ્વાસ ન કરાય. પાણી કેટલું ઊંડુ છે તે કેમ ખબર પડે ?

સ્ત્રીઓનો વિશ્વાસ ન કરવો એમ કહ્યું છે તેમાં કુલટા અને દુષ્ટ સ્ત્રીઓનો વિશ્વાસ ન કરવો. એ જ રીતે રાજપરિવારનો પણ બહુ વિશ્વાસ ન કરવો. રાજા અને અગ્નિ, એ બંનેની સાવ નજીક ન જવું, કારણ કે તેમ કરવાથી દાઝવાનો સંભવ છે.

જ્યાં મળે ત્યાંથી શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કરવું

विषादप्यमृतं ग्राह्यममेध्यादपि काञ्चनम् ।
नीचादप्युत्तमा विद्या स्त्रीरत्नं दुष्कुलादपि ।।१६।।

ઝેરમાંથી પણ અમૃત મેળવી લેવું, મલિન પદાર્થોમાંથી પણ સોનું કાઢી લેવું, અધમ વ્યક્તિ પાસેથી પણ ઉત્તમ વિદ્યા પ્રાપ્ત કરવી, અને હલકા કુળમાંથી પણ નારીરત્ન લઈ લેવું. (૧૬)

વિવરણ :

ચાણક્ય આ શ્લોકમાં વિવેકદષ્ટિની વાત કરે છે. જે બુદ્ધિશાળી પુરુષમાં 'નીરક્ષીર'નો વિવેક હોય છે તે પાણી અને દૂધના મિશ્રણમાંથી દૂધને જુદું તારવી લેવાની આવડત ધરાવે છે. જેની નજર હંમેશાં સકારાત્મક હોય છે તે કોઈપણ પદાર્થમાંથી સારી વસ્તુ શોધી લેતો હોય છે. કેટલાક મનુષ્યો જ એવા ચતુર હોય છે કે તેઓ ઝેરમાંથી પણ અમૃત પ્રાપ્ત કરી લે છે. અથવા તો ઝેર જેવા પ્રસંગો કે ઘટનાઓમાંથી પણ ઉપયોગી બાબતોનું દર્શન કરી લે છે. એ જ રીતે ધૂળધોયા લોકો, પણ ધૂળમાંથી સોનું મેળવી લે છે. વ્યક્તિ ગમે તેવી અધમ કે હીન કક્ષાની હોય, પણ જો તેની પાસે ઉત્તમ વિદ્યા કે કલા હોય તો તેની હીનતા તરફ જોવાને બદલે તેની પાસેથી વિદ્યા મેળવવાનો જ આશય રાખવો જોઈએ. અને અગાઉ જણાવ્યું છે તે પ્રમાણે કન્યારત્ન તો અધમ કુળ રૂપી ચીથરામાં વીંટાયેલું હોય તો પણ તેને સ્વીકારવું. જગતમાં એ લોકો જ બેસ્ટ (સર્વોત્તમ) છે જેઓ Waste (વેસ્ટ) એટલે કચરામાંથી Best એટલે ઉત્તમ વસ્તુ શોધી લેવાની આવડત ધરાવે છે.

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીનું મહત્વ

स्त्रीणां द्विगुण आहारो बुद्धिस्तासां चतुर्गुणा ।
साहसं षड्गुणं चैव कामोऽष्टगुण उच्यते ।।१७।।

સ્ત્રીઓમાં આહાર, પુરુષ કરતાં બમણો હોય છે, તેઓમાં બુદ્ધિ ચાર ગણી હોય છે. સાહસ, છગણું હોય છે અને કામવાસના (SEX) આઠગણી હોય છે. (૧૭)

વિવરણ :

સ્ત્રીઓ, પુરુષો કરતાં વધુ આહાર કરે છે, એ વાતમાં જો સત્ય હોય તો તે એટલા માટે છે કે સ્ત્રી, સંતાનને ઉત્પન્ન કરે છે અને તેનું પાલન-પોષણ કરવામાં શક્તિનો વ્યય કરે છે. સંતાનના જન્મની અને ઉછેરની આખી પ્રક્રિયામાં પહેલાં અને પછી સ્ત્રી, જે શક્તિનો ખર્ચ કરે છે તેની પૂર્તિ માટે સ્વાભાવિક રીતે જ પ્રકૃતિએ તેને વિશેષ આહાર લેવાની વ્યવસ્થા કરી છે. સ્ત્રીઓમાં પુરુષો કરતાં બુદ્ધિ ચાર ગણી છે એ વાત ચાણક્યે, ક્યા માપદંડથી નક્કી કરી હશે તે જાણી શકાતું નથી. પણ એક વાત નિશ્ચિત છે કે સ્ત્રીઓમાં વણશીખી હોશિયારી હોય છે. ચતુરાઈમાં એ પુરુષ કરતાં ચડિયાતી પુરવાર થાય છે. કવિ કાલિદાસે એક ચિંતન આપ્યું છે કે મનુષ્યેતર પશુ પક્ષીઓમાં પણ નર કરતાં માદા વધુ કાબેલ છે. જુઓ, કોયલ પોતાના ઈંડા કાગડાના માળામાં મૂકી આવે છે, અને કાગડા એને પોતાના ઈંડા માની ઉછેરે છે. એટલે તો સંસ્કૃતમાં કોયલનું નામ 'પરભૃતા' છે. પરભૃતા એટલે બીજા દ્વારા જેનો ઉછેર થાય છે તે. જેનામાં બુદ્ધિ નથી એવા પક્ષીઓની માદા પણ આવી ચતુર હોય તો બુદ્ધિશાળી નારીઓની તો શું વાત ? અને કામવાસના સ્ત્રીમાં આઠગણી વધુ હોય છે. આ વાત, કામશાસ્ત્રમાં પણ કહી છે કે 'कामश्च अष्ट गुणो स्मृतः ।'.

સૃષ્ટિમાં સંતતિનું સર્જન ચાલુ રાખવા માટે પ્રકૃતિએ આ વ્યવસ્થા કરી હશે.

*

॥ બીજો અધ્યાય ॥

સહકાર અને સ્નેહ જેમાં એક સાથે છલકાતો હોય તેવા દંપતી શ્રેષ્ઠ છે. આવું દાંપત્ય જ્યાં હોય ત્યાં સ્વર્ગ ઊભું થાય.

સ્ત્રીઓના સ્વાભાવિક દોષ છે

अनृतं साहसं माया मूर्खत्वमतिलुब्धता ।
अशौचत्वं निर्दयत्वं स्त्रीणां दोषा : स्वभावजा : ।।१।।

અસત્ય, સાહસ, કપટ, મૂર્ખતા, અતિલોભ, અપવિત્રતા, નિર્દયતા – આ બધા, સ્ત્રીઓના સ્વાભાવિક દોષો છે. (૧)

વિવરણ :

સ્ત્રીઓ, બુદ્ધિથી કે તર્કથી નથી ચાલતી પણ લાગણીથી કાર્ય કરે છે. અને જ્યાં લાગણી આવે ત્યાં અમુક પ્રકારના દોષો પ્રવેશવાનો પૂરતો સંભવ છે. બાળકનો જન્મ, ઉછેર, સારસંભાળ, સ્ત્રીના શિરે જ હોય છે, એટલે એ કાર્યો કરવા માટે, ઘણીવાર જે દોષ ગણાયા છે તેવા અસત્ય, સાહસ, નિર્દયતા અને લોભનો આશ્રય સ્ત્રીઓએ લેવો પડતો હોય છે અને પછી તે એનો સહજ સ્વભાવ થઈ જાય છે. બાળકના ભલા માટે ઘણીવાર એ ખોટું બોલે છે. સાહસ પણ કરે છે અને લોભથી વસ્તુનો સંગ્રહ પણ કરે છે. રજસ્વલા થવું, પ્રસૂતિનો સમય, આનુષંગિક ક્રિયાઓ, બાળકના મળમૂત્રની સફાઈ, ગૃહકાર્યો વગેરેને પરિણામે તેનામાં અશુદ્ધિ અને અપવિત્રતા સહજ રીતે જ આવે છે.

સંત તુલસીદાસે કહ્યું છે; 'साहस, अनृत, चपलता, माया, भय, अविवेक, अशौच, अदाया ।' – સાહસ, અસત્ય, ચંચલતા, કપટ, ભય, અવિવેક, અપવિત્રતા અને નિર્દયતા આ આઠ અવગુણો, સ્ત્રીમાં હંમેશાં રહે છે. સ્ત્રી, નિર્દય છે એમ કહેવું તે સમગ્ર સ્ત્રીજાતિને અન્યાય કરવા બરાબર છે. પરંતુ પોતાના સંતાનના રક્ષણ માટે એ ઘણીવાર આક્રમક અને નિર્દય બને છે. તેમ જ એને છંછેડવામાં આવે અથવા તો તેના ઉપર અમાનુષી ત્રાસ ગુજારવામાં આવે ત્યારે એ નિર્દય થઈ જાય તો એમાં એનો દોષ નથી.

તપથી પ્રાપ્ત થવું ભવ્યજીવન

भोज्यं भोजनशक्तिश्च रतिशक्तिर्वराङ्गना ।
विभवो दानशत्किश्च नाऽल्पस्य तपस : फलम् ।।२।।

ભોજન માટેના મિષ્ટ પદાર્થો, ભોજન કરવાની અને પચાવવાની શક્તિ, કામશક્તિ (સેક્સ પાવર), સુંદર સ્ત્રીઓ, વૈભવ, અને દાન કરવાની શક્તિ – આ બધું અલ્પ તપનું ફળ નથી. (પૂર્ણ તપથી જ આ બધું પ્રાપ્ત થાય છે.) (૨)

વિવરણ :

આપણા શાસ્ત્રોએ તપનો અર્થ માત્ર ધ્યાન, એકાગ્રતા અથવા કઠોર વ્રતોનું અનુષ્ઠાન, એટલા પૂરતો સીમિત રાખ્યો છે. પરંતુ નિષ્ઠાપૂર્વક કોઈ સત્કર્મમાં તલ્લીન થઈ જવું તે પણ તપ છે. અને આવા તપના ફળ મળ્યા વિના રહેતા નથી. રાજર્ષિ ભર્તૃહરિએ કહ્યું છે; 'तामाराधय सत्क्रियाम् भगवतीम्, प्राप्तुं फलं वाञ्छितम् ।' ઇચ્છિત ફળ પ્રાપ્ત કરવા માટે સત્ક્રિયા રૂપી ભગવતીની જ આરાધના કરો.

આવા તપથી ખાન-પાનના મીઠા પદાર્થો તો મળે જ છે. શરીર સુદૃઢ અને સ્વસ્થ થવાથી પાચનશક્તિ પણ ખીલે છે. અને તન અને મન બન્ને શક્તિશાળી હોય તો તેમાંથી ઉત્પન્ન થતી કામશક્તિ (Sex power) પણ વધે છે. અને પરિણામે સુંદર સ્ત્રીઓના ભોગ, વૈભવ પણ સહજ રીતે પ્રાપ્ત થાય છે. સત્કર્મોથી સંપત્તિ અને સમજ બન્ને આવે છે, અને મનુષ્ય દાનધર્મ જેવા પુણ્યકાર્યો કરવા તત્પર થાય છે.

ઉત્તમ દંપતી ઉત્તમ ગૃહસ્થાશ્રમ કોને કહેવાય ?

यस्य पुत्रो वशीभूतो भार्या छन्दाऽनुगामिनी ।
विभवे यश्च सन्तुष्टस्तस्य स्वर्ग इहैव हि ।।३।।

જે મનુષ્યને એનો પુત્ર વશમાં રહેતો હોય, પત્ની, કહ્યા પ્રમાણે કરનારી હોય, અને જેને પોતાની સંપત્તિમાં સંતોષ હોય, તેને સ્વર્ગ અહીં જ છે. (૩)

વિવરણ :

આપણી ચિંતનપરંપરાએ ગૃહસ્થાશ્રમને ઉત્તમ અને ધન્ય કહ્યો છે. સુખી અને પ્રસન્ન દામ્પત્ય અને કર્મશીલ વિવેકથી શોભતો ગૃહસ્થાશ્રમ જ સંસારનો અનુપમ આનંદ છે. પ્રસન્ન મધુર દામ્પત્ય એ છે જેમાં પતિ-પત્ની વચ્ચે એકધારો અને અનન્ય પ્રેમ હોય, આવા સંવાદમાંથી જે સંતાનો ઉત્પન્ન થાય તેઓ પણ ગુણવાન અને આજ્ઞાપાળનારા હોય. વળી આવું સમજદાર દંપતી, પોતાની પાસે જે ધન-

ધાન્ય, માલમિલકત હોય તેનાથી સંતુષ્ટ હોય. એક વિચારકે સરસ વાત કરી છે. દામ્પત્ય જીવનમાં પતિપત્ની વચ્ચે કેવી પ્રીતિ અને સમજૂતી હોય ? કવિ કહે છે બન્ને નેત્રો વચ્ચે જેવી એકરૂપતા હોય તેવા દમ્પતી હોવા જોઈએ. બન્ને નેત્રો એક સાથે સૂએ છે અને એક સાથે જ જાગે છે. એક નેત્ર ઊંઘી જાય અને બીજુ નેત્ર જાગતું રહે એવું ક્યારેય બને નહીં. બન્ને નેત્રો ખુશ પણ એક સાથે થાય, હર્ષના કે શોકના આંસુ પણ એક સાથે જ વહાવે. બે આંખોની જેવો આવો સંપ, સહકાર અને સ્નેહ જેમાં એક સાથે છલકાતો હોય તેવા દંપતી શ્રેષ્ઠ છે. આવું દાંપત્ય જ્યાં હોય ત્યાં જ સ્વર્ગ ઊભું થાય છે !

પિતા-પુત્રના સંબંધ અંગે ખાસ આવશ્યક

તે પુત્રા યે પિતુર્ભક્તા : સ પિતા યસ્તુ પોષક : ।
તન્મિત્રં યસ્ય વિશ્વાસ : સા ભાર્યા યત્ર નિર્વૃતિ : ।।૪।।

પુત્રો એ છે, જે પિતૃભક્ત હોય, અને પિતા એને કહેવાય જે ભરણપોષણ કરે. વળી મિત્ર એને માનવો જેનો વિશ્વાસ થઈ શકે. અને જેનાથી પરમ સંતોષ અને આનંદ થાય તે જ પત્ની છે. (૪)

વિવરણ :

આ શ્લોકમાં પણ ચાણક્ય, સુખી સંસાર કોને કહેવાય તેનો વસ્તુનિર્દેશ કરે છે. પિતા પ્રત્યે પ્રીતિ અને ભક્તિ, એ પુત્રનું સુલક્ષણ છે. પિતૃભક્ત શ્રવણ અને ભગવાન શ્રીરામ એના આદર્શ ઉદાહરણો છે. અને પિતાનો ધર્મ પુત્રનું રક્ષણ, પાલન અને પોષણ કરવાનો છે. કવિ કાલિદાસે કહ્યું છે; ‘જે વ્યક્તિ, એની પ્રજાને વિનય શીખવે, રક્ષણ કરે, અને ભરણપોષણ આપે તેને જ પિતા કહેવાય. કેવળ જન્મ આપે તેથી પિતા ન કહેવાય.’ મિત્રતાનું મૂળ વિશ્વાસ છે. મિત્રતાનું મહાવૃક્ષ, વિશ્વાસના મૂળ ઉપર જ વિકસે છે અને ટકે છે. અને પત્ની એને ગણવી જે સંતોષ પણ આપે અને આનંદ પણ આપે. જે કુળમાં પતિથી પત્ની અને પત્નીથી પતિ સંતુષ્ટ રહેતા હોય તે કુળનું પરમ કલ્યાણ થતું હોય છે.

આવા મિત્રોને તો દૂરથી જ તજવા

પરોક્ષે કાર્યહન્તારં પ્રત્યક્ષે પ્રિયવાદિનમ્ ।
વર્જયેત્તાદૃશં મિત્રં વિષકુમ્ભં પયોમુખમ્ ।।૫।।

મોઢે મીઠું મીઠું બોલનારા, પરંતુ પાછળથી કામ બગાડી નાખનાર હોય એવા, ઉપર ઉપર દૂધ ભરેલા ઝેરના ઘડાની જેવા મિત્રને તજી દેવો જોઈએ. (૫)

વિવરણ :

ભર્તૃહરિએ સાચા મિત્રના લક્ષણો આ પ્રમાણે બતાવ્યા છે – સન્મિત્ર એ છે જે આપણને પાપ કરતા અટકાવે, હિતકારક કામમાં જોડે, આપણી ગુપ્તવાતને ઢાંકે, આપણા ગુણોને પ્રગટ કરે, આપણે સંકટમાં ગળાડૂબ હોઈએ ત્યારે આપણને ઊગારે, અંને જરૂર ઊભી થાય ત્યારે મદદે આવે.

પરંતુ જે વ્યક્તિ મોઢે મીઠું બોલે અને પાછળથી આપણું અહિત કરે એ મિત્ર નથી પણ મિત્રનું મહોરું પહેરેલો ભયાનક શત્રુ છે. ઉપર દૂધ ભરેલા અને અંદર ઝેર રાખેલા ઘડા જેવા આવા મિત્રને તો દૂરથી જ તજવા.

કોઈ કોઈનો જન્મજાત મિત્ર કે શત્રુ નથી

न विश्वसेत् कुमित्रे च मित्रे चाऽपि न विश्वसेत् ।
कदाचित् कुपितं मित्रं सर्व गुह्यं प्रकाशयेत् ।।६।।

ખરાબ મિત્રનો વિશ્વાસ ન કરવો, તેમ જ મિત્રનો પણ વિશ્વાસ ન કરવો. કારણ કે મિત્ર હોય તે પણ ક્યારેક ગુસ્સે થાય તો આપણી ગુપ્ત વાતને પણ જાહેર કરી દે છે. (૬)

વિવરણ :

રાજનીતિના આ ગ્રન્થમાં રાજાના કલ્યાણ અને સુખાકારી માટે, ચાણક્ય અનેક શ્લોકો આપે છે. આ શ્લોકો રાજાનું તો ભલું કરે જ છે, સામાન્ય મનુષ્ય પણ જો એ પ્રમાણે આચરણ કરે તો એનું પણ ભલું થાય છે, કારણ કે પ્રત્યેક વ્યક્તિ પોતાના ગૃહરાજ્યનો તો રાજા જ છે. જીવનમાં અને વ્યવહારમાં વિશ્વાસ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. વિશ્વાસ કોનો કરવો, કેમ કરવો, કેટલો કરવો અને ક્યારે કરવો એ બધું વિચારવા જેવું છે.

ખરાબ મિત્રનો તો વિશ્વાસ ન જ થાય. સારા મિત્ર ઉપર, એકધારો અને આંધળો વિશ્વાસ પણ ન મૂકાય. કારણ કે ઘણીવાર મિત્રતાના તંતુને તૂટતા વાર નથી લાગતી. ચિંતકો તો એમ કહે છે કે કોઈ કોઈનો જન્મજાત મિત્ર કે શત્રુ નથી હોતો. સારા વ્યવહારથી મિત્રતા બંધાય, અને વ્યવહાર બગડે તો મિત્રતા, શત્રુતામાં ફેરવાઈ જાય છે. અને મિત્ર જ્યારે શત્રુ થાય ત્યારે એ ખતરનાક બને છે. અંગ્રેજીમાં કહેવત છે; Beware thy friends (તારા મિત્રોથી સાવધાન રહેજે)

વિચારેલા કાર્યો વાણીથી જાહેર ન કરવા

मनसा चिन्तितं कार्यं वाचा नैव प्रकाशयेत् ।
मन्त्रेण रक्षयेद् गूढं कार्ये चाऽपि नियोजयेत् ।।७।।

મનમાં જે કાર્ય કરવાની વિચારણા કરી હોય તેને વાણીથી પ્રગટ ન કરવું જોઈએ. મંત્ર દ્વારા ગુપ્ત કાર્યનું રક્ષણ કરવું જોઈએ અને તે (ગુપ્ત વિચાર)ને કાર્યમાં ચરિતાર્થ કરવો. (૭)

વિવરણ :

મનમાં વિચારેલું કોઈ મહત્ત્વનું કાર્ય, વાણીથી જાહેર ન કરવું જોઈએ. મંત્રનો અર્થ થાય છે 'મનમાં વિચારેલું કાર્ય.' જો મંત્ર એટલે ગુપ્તવાત, આપણે એક જ જાણતા હોઈએ તો એ ક્યારેય પ્રગટ થતી નથી. જો આ રહસ્ય બે જણ જાણતાં હોય તો પણ જાહેર થવાનો સંભવ ઓછો હોય છે. કારણ કે વાત કોણે બહાર પાડી દીધી તેની માહિતી તરત જ મળી જાય છે. પરંતુ જો આ વાત ત્રણ વ્યક્તિઓના કાનમાં પહોંચે તો એ ફૂટી જવાની શક્યતા વધુ છે, કારણ કે ત્રણમાંથી કોણે વાત બહારપાડી દીધી તેની સાબિતી થઈ શકતી નથી. એટલે તો રાજનીતિનું જાણીતું સૂત્ર છે; 'षट्कर्णो भिद्यते मन्त्रः ।' મંત્ર એટલે ગુપ્ત રહસ્ય છ કાનો સુધી પહોંચે તો એ જાહેર થઈ જાય છે.

જુવાની હોય છે ત્યારે બધું રંગીન લાગે છે

कष्टं च खलु मूर्खत्वं कष्टं च खलु यौवनम् ।
कष्टात्कष्टतरं चैव परगेहनिवासनम् ।।८।।

મૂર્ખતા, કષ્ટ આપનારી છે. યુવાની પણ કષ્ટદાયક છે. પરંતુ પારકા ઘરમાં નિવાસ કરવો એ તો બધા કરતાં વધુ કષ્ટકારક છે. (૮)

વિવરણ :

મૂર્ખતા, અસાધ્ય રોગ છે. એનું કોઈ ઔષધ નથી. તેથી એ પીડા આપનાર છે. એ જ રીતે જો યુવાનીને સમજદારીથી જાળવવામાં ન આવે તો એ પણ દુઃખ આપે છે કારણ કે કવિએ કહ્યું છે તેમ 'જુવાની હોય છે ત્યારે બધું રંગીન લાગે છે.' જુવાની નદીમાં આવતા ઘોડાપૂર જેવી છે. જો આવા ધસમસતા પૂરને બંધ બાંધીને રોકાય તો હજારો એકરમાં એ હરિયાળી લહેરાવે છે, અન્યથા ખાનાખરાબી સર્જે છે. જોબનનું પૂર પણ એવું જ છે. એને જો વિવેકના બંધથી બાંધવામાં આવે તો એમાંથી આનંદદાયક

સર્જનો થાય. એમ ન બને તો અનર્થની પરંપરા ઊભી થાય. ચાણક્ય એમ કહેવા માગે છે કે મૂર્ખતા અને યુવાની પીડાકારક છે પરંતુ પારકા ઘરમાં રહેવું એ દીનતા વધુ દુઃખદાયક છે. સંત તુલસીદાસનું વચન છે; 'पराधीन सपनेहु सुख नाहीं' પરાધીનને સ્વપ્નામાં પણ સુખ ક્યાંથી હોય ?

મોંઘામૂલી વસ્તુ કે વ્યક્તિ સહેલાઈથી પ્રાપ્ત ન થાય

शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे गजे ।
साधवो न हि सर्वत्र चन्दनं न वने वने ।।९।।

પ્રત્યેક પર્વત ઉપર રત્નો નથી મળતા અને દરેક ગજરાજમાં મોતી નથી હોતા. એ જ રીતે સાધુ પુરુષો સર્વત્ર નથી હોતા. અને દરેક વનમાં ચન્દનવૃક્ષ નથી હોતા. (૯)

વિવરણ :

ઉત્તમ વસ્તુઓની અધિકતા નથી હોતી. અથવા તો ઉત્તમ પદાર્થ જ્યાં હાથ નાખો ત્યાંથી મળે એવું નથી હોતું. જેમ કે પથ્થરો સર્વત્ર હોય છે. અને પર્વતો પણ બધા જ પ્રદેશોમાં પથરાયેલા પડ્યા છે. પરંતુ સર્વ પર્વતોમાંથી રત્નો નથી સાંપડતા. કોઈક જ ભાગ્યશાળી ગિરિવરમાંથી સાચા હીરાની કે સોનાની ખાણ નીકળે છે. એ જ રીતે બધા જ ગજરાજોના કુંભાથળમાં મોતી નથી હોતા. કોઈ મદોન્મત્ત જાતવાન ગજેન્દ્રના ગંડસ્થળમાં જ મોતી હોય છે. એ જ પ્રમાણે પ્રત્યેક વનરાજિમાં ચન્દનના વૃક્ષો નથી હોતા. માત્ર, મલયભૂમિમાં ચન્દનના ઝાડ જોવા મળે છે. એ જ ન્યાયે સાધુ પુરુષોના ટોળાં નથી હોતા. હજારો લોકોમાં કોઈ એક સાધુપુરુષના દર્શન થાય છે. ચાણક્યનું કહેવાનું તાત્પર્ય એ છે કે જે મોંઘામૂલની વસ્તુ કે વ્યક્તિ હોય તે સહેલાઈથી પ્રાપ્ત થતી નથી. એને મેળવવા કઠિન તપશ્ચર્યા કરવી પડે છે. પરંતુ મુશ્કેલી સહન કરીને પણ તેને મેળવવી એમાં જ જીવનની સાર્થકતા છે.

શીલ જ ઉત્તમ આભૂષણ છે

पुत्राश्च विविधै : शीलैर्नियोज्या : सततं वुधै : ।
नीतिज्ञा : शीलसम्पन्ना भवन्ति कुलपूजिता : ।।१०।।

શાણા મનુષ્યોએ, પોતાના સંતાનોને વિવિધ પ્રકારના શીલ અને સદ્‌ગુણોમાં સતત જોડાયેલા રાખવા જોઈએ. કારણ કે શીલથી યુક્ત એવા આ સંતાનો, નીતિને જાણીને, પરિવારમાં સન્માન પામે છે. (૧૦)

વિવરણ :

સામાન્ય રીતે શીલ અને સદ્ગુણ પર્યાય તરીકે વપરાય છે. પરંતુ શીલ, એ વધુ ઉત્તમ વસ્તુ છે. બધા જ સદ્ગુણો જેવા કે પ્રેમ, દયા, કરુણા, અહિંસા, મૈત્રી, વગેરેને એકઠા કરીને એમાંથી જે અર્ક કાઢવામાં આવે તેનું નામ શીલ ! શીલ, એ હકીકતે તો બધા જ સદ્ગુણોનો સમન્વય છે. એટલે તો ભગવાન બુદ્ધે કહ્યું છે; 'જગતની સર્વ સુગંધોમાં, શીલની સુગંધ સર્વોત્તમ છે.' ભર્તૃહરિએ પણ લખ્યું છે; 'शीलम् परम् भूषणम्' (શીલ જ અતિ ઉત્તમ આભૂષણ છે.)

પ્રત્યેક મનુષ્યે, પોતાના સંતાનોને શીલનું શિક્ષણ આપવું જોઈએ. કારણકે આવું શીલ જ એનામાં સુવિચારો, સુમધુર વાણી અને સત્કર્મોની સુગંધ ભરે છે. અને પછી એ સુગંધ પરિવારને, સમાજને અને પ્રદેશને મહેકથી તર-બ-તર કરી મૂકે છે. ભગવાન બુદ્ધ થયા એને બે હજાર અને પાંચસો વર્ષો થયા છે. છતાં એના પંચશીલની સુવાસ આજે પણ અનેક દેશોને પ્રગતિશીલ કરી રહી છે. ભારત સહિત, ચીન, જાપાન, જાવા, સુમિત્રા, શ્રીલંકા વગેરે એના ઉદાહરણો છે. સમીકરણ સ્પષ્ટ છે; શીલયુક્ત પ્રજા આબાદ બને, શીલરહિત પ્રજા બરબાદ થાય !

વિદ્યાવિહીન મનુષ્યનો પ્રભાવ નથી પડતો

माता शत्रु : पिता वैरी येन बालो न पाठित : ।
न शोभते सभामध्ये हंसमध्ये बको यथा ।।११।।

જે મનુષ્ય, પોતાના બાળકને ભણાવતા નથી એ પિતા એના વેરી છે અને માતા શત્રુ છે. કારણ કે જેમ હંસોના ટોળામાં બગલો શોભતો નથી તેમ એ બાળક સભામાં શોભતો નથી. (૧૧)

વિવરણ :

આ શ્લોકમાં ચાણક્ય, વિદ્યાની મહત્તા દર્શાવે છે. મનુષ્યરૂપમાં કે વેશભૂષામાં ગમે તેટલો શોભતો હોય પણ જો એ વિદ્યા વિનાનો હોય તો એનું આંતરિક સૌન્દર્ય પ્રગટતું નથી. હેમંત ઋતુમાં કેસૂડાનું ઝાડ, કેસરી રંગના ફૂલોથી ખીલી ઊઠે છે. કેસૂડાં, રૂપાળા તો છે, પણ એનામાં સુગંધ બિલકુલ નથી હોતી. તેથી એનો પ્રભાવ નથી પડતો. એ જ રીતો વિદ્યાવિહીન મનુષ્યોનો પ્રભાવ નથી પડતો. એટલે દરેક માતા-પિતાએ પોતાના સંતાનોને બરાબર ભણાવવા જોઈએ, જેઓ પોતાના બાળકોને ભણાવતાં નથી એવા મા-બાપ સંતાનોના શત્રુ છે. અભણ માણસની દશા, હંસોની સભામાં બેઠેલા બગલા જેવી હાસ્યસ્પદ થાય છે !

લાલન સાથે તાડન પણ જરૂરી છે

लालनाद् बहवो दोषास्ताडनाद् बहवो गुणा: ।
तस्मात्पुत्रं च शिष्यं च ताडयेन्न तु लालयेत् ।।१२।।

લાલન-પાલન કરવાથી ઘણા દોષો થાય છે, અને સમજપૂર્વક ફટકારવાથી ઘણા ગુણો થાય છે. માટે પુત્રો અને શિષ્યોનું લાલનપાલન નહીં પણ તાડન કરવું જોઈએ. (૧૨)

વિવરણ :

પુત્રો અને શિષ્યાંને તાલીમ આપવા માટે એની સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ તેની વાત આ શ્લોકમાં ચાણક્ય કરે છે. બહુ જ લાલન-પાલન કરવાથી પુત્રો અને શિષ્યો બગડે છે. ભર્તૃહરિએ પણ સરસ વાત કરી છે 'અયોગ્ય મંત્રીઓની સલાહથી રાજા નાશ પામે છે. આસક્તિથી યોગીનો વિનાશ થાય છે. અને લાલન-પાલનથી પુત્ર બગડે છે.'

પુત્રને લાડ લડાવવા, એ માતા પિતાનો સ્વભાવ છે. પરંતુ અતિશય લાડ હાનિકારક છે. કોઈવાર સંસ્કાર અને સદાચાર શીખવવા પુત્રને અને શિષ્યને લપાટ પણ મારવી જોઈએ. પરંતુ એ લપાટમાં ક્રૂરતા નથી વાત્સલ્ય હોય છે. 'શિક્ષા' શબ્દ સરસ છે. એનો અર્થ 'શિક્ષણ' પણ થાય છે અને 'સજા' પણ થાય છે. જો સાચી અને સારી 'શિક્ષા' આપવી હોય તો ખોટું કે ખરાબ વર્તન કરનાર પુત્રને અને શિષ્યને યોગ્ય પ્રમાણમાં શિક્ષા કરવામાં આવે તો તેથી લાભ થાય છે. 'શિક્ષા'નો અર્થ મારવું કે ફટકારવું એટલા પૂરતો સીમિત નથી.

પરોપકાર તે પુણ્ય, પરપીડા કરવી તે પાપ

श्लोकेन वा तदर्धेन पादेनैकाक्षरेण वा ।
अवन्ध्यं दिवसं कुर्याद् दानाध्ययन कर्मभि: ।।१३।।

મનુષ્યે એક શ્લોકથી, અથવા અર્ધાશ્લોકથી અથવા તો એક ચરણથી કે પછી એક અક્ષરથી પણ દિવસને સફળ કરવો જોઈએ. તેમ જ દાન, અધ્યયન અને સત્કર્મોથી પણ દિવસને સફળ કરવો જોઈએ. (૧૩)

વિવરણ :

મહાભારતમાં વ્યાસજીએ સરસ ચિંતન રજૂ કર્યું છે. 'કોઈ વાત ગમે તેટલી મોટેથી બોલાય તો પણ તે શમી જતી હોય છે. જ્યારે સુભાષિત સાવ ધીમેથી બોલાય

તો પણ શોભે છે. ઘણીવાર શ્લોકની અર્ધી કડી કે એક ચરણ પણ એવો ઉપદેશ આપે છે કે દિવસ તો શું આખો જન્મારો સફળ થઈ જાય. મહાભારતકારે એમ પણ કહ્યું છે કે કરોડો શાસ્ત્રગ્રન્થોમાં પણ ન કહેવાયું હોય તે હું અર્ધા શ્લોકમાં કહું છું. કે 'પરોપકાર એટલે પુણ્ય, અને પરપીડા કરવી તે પાપ.'

શ્લોકગાનથી, અર્ધાશ્લોકના ઉચ્ચારથી કે 'ૐ' જેવા એકાક્ષરી મંત્રના જાપથી, દિવસ સફળ બને છે. તે જ રીતે દાન આપવાથી અધ્યયન કરવાથી અને સત્કર્મોથી પણ દિવસ સાર્થક થતો હોય છે.

આ બધી હકીકતોથી (Facts) બચો

कान्तावियोग : स्वजनापमान : ऋणस्य शेष : कुनृपस्य सेवा ।
दरिद्रभावो विषमा सभा च विनाग्निनैते प्रदहन्ति कायम् ।।१४।।

પ્રિય પત્નીનો વિયોગ, સ્વજનો દ્વારા કરાતું અપમાન, ચૂકવવા બાકી રહેલું દેવું, દુષ્ટ રાજાની સેવા, દરિદ્રતા અને દુર્જનોની સભા – આ બધી બાબતો, અગ્નિ વિના શરીરને બાળે છે. (૧૪)

વિવરણ :

કેટલીક બાબતો એવી દુઃખદાયક હોય છે કે તે અગ્નિ વિના શરીરને બાળે છે. પ્રિય પત્નીનો વિયોગ ભારે સંતાપ આપે છે. કવિ કાગે કહ્યું છે; 'જેની ભાંગે જોડ, એને માયામાં મીઠપ નહીં.' જેમ પ્રિય વ્યક્તિનો વિયોગ બાળે તેમ સ્વજનો અપમાન કરે ત્યારે પણ અંતરમાં આગ લાગે છે. ભર્તૃહરિ પણ કહે છે; 'ज्ञातिः चेत् अनलेन किम् ।' જો કુટુંબ–કબીલો હોય તો અગ્નિનું શું કામ છે ? કારણ કે પરિવાર જ બળતરા ઊભી કરે છે. એ જ પ્રમાણે ચૂકવવું બાકી રહેલ દેવું, દુષ્ટરાજાની ચાકરી, ગરીબાઈ અને દુર્જનોનો સહવાસ પણ બાળે છે.

વિનાશના મૂળ ક્યાં છે ?

नदीतीरे च ये वृक्षाः परगेहेषु कामिनी ।
मन्त्रिहीनाश्च राजान : शीघ्रं नश्यन्त्यसंशयम् ।।१५।।

નદીના કિનારે ઊભેલાં વૃક્ષો, બીજાના ઘરમાં ગયેલી સ્ત્રી, અને મંત્રી વિનાના રાજાઓ સત્વરે નાશ પામે છે. એમાં કોઈ સંશય નથી. (૧૨)

વિવરણ :

નદીના કિનારે ઊભેલું વૃક્ષ, ગમે ત્યારે ઢળી પડે કારણ કે નદીમાં અવિરત વહેતાં જળપ્રવાહથી કિનારાની ભેખડ, ખવાતી જાય છે, અને ધીમે ધીમે વૃક્ષના મૂળિયા

પકડ ગુમાવે છે, અને એ વૃક્ષને ઉખડી પડતા વાર નથી લાગતી. એ જ રીતે બીજાના ઘેર આશ્રય લેનારી સ્ત્રીનું પણ શારીરિક-માનસિક શોષણ થાય છે અને છેવટે એનું પતન થાય છે. એ જ રીતે મંત્રી વિનાના રાજાનો વિનાશ થાય છે. કારણ કે બુદ્ધિમાન અને કાર્યકુશળ મંત્રીઓ દ્વારા જ રાજ્યમાં સુશાસન અને શાંતિ સ્થપાય છે અને પ્રજા સુખી થાય છે.

બ્રાહ્મણ, રાજા, વૈશ્ય, શુદ્રનું બળશેમાં ?

बलं विद्या च विप्राणां राज्ञां सैन्यं बलं तथा ।
बलं वित्तं च वैश्यानां शूद्राणां परिचर्यकम् ।।१६।।

બ્રાહ્મણોનું બળ વિદ્યા છે. રાજાઓનું બળ એની સેના છે, વૈશ્ય (વેપારીઓ)નું બળ ધન સંપત્તિ છે અને શૂદ્રોનું બળ સેવા છે. (૧૬)

વિવરણ :

બ્રાહ્મણ, વિદ્યાથી જ સામર્થ્ય અને શક્તિ પ્રાપ્ત કરે છે. બ્રાહ્મણ પાસે ધનનું કે સત્તાનું અથવા શારીરિક તાકાતનું બળ નથી હોતું. વિદ્યા વિનાનો વિપ્ર સાવ નકામો. તો રાજાનું બળ એની સેના છે. સેના ન હોય તો રાજા એકલો શું કરી શકે ? વેપારી (વૈશ્ય) લોકો ધનસંપત્તિ વડે જ વેપાર કરી શકે છે માટે ધન, તેઓનું બળ છે. અને સેવા કરવી એ શૂદ્રોનું બળ છે. ચાણક્યના સમયમાં અને તેની પૂર્વે આપણી પરંપરામાં ચાર વર્ણો – બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના કર્મોનું જે વિભાજન કરવામાં આવ્યું હતું તેની વાત અહીં કરી છે. આધુનિક સમયમાં તેની જુદી વિચારણા પણ કરી શકાય. જેમ કે જેની પાસે વિદ્યાનું બળ હોય તે બ્રાહ્મણ, જેની પાસે શક્તિ અને સત્તા હોય તે ક્ષત્રિય, જેની પાસે ધન-સંપત્તિ હોય તે વૈશ્ય, અને જે સેવા કરવા તત્પર હોય તે શૂદ્ર. આ રીતે શૂદ્ર પણ વિદ્યાથી બ્રાહ્મણ કહેવાય, અને બ્રાહ્મણ પણ સેવાથી શૂદ્ર ગણાય. અહીં 'શૂદ્ર'નો અર્થ જ્ઞાતિવિશેષ નથી. શૂદ્ર એટલે સેવા ભાવી મનુષ્ય.

આ દુનિયા અતિ વિચિત્ર છે

निर्धनं पुरुषं वेश्या प्रजा भग्नं नृपं त्यजेत् ।
खगा वीतफलं वृक्षं भुक्त्वा चाऽभ्यागता गृहम् ।।१७।।

વેશ્યા, નિર્ધન પુરુષને તજી દે છે. પરાજિત થયેલા રાજાનો પ્રજા ત્યાગ કરે છે. જેમાં ફળ ન હોય તેવા વૃક્ષને પક્ષીઓ છોડી દે છે. અને ભોજન કરી લીધા પછી, આગંતુક અતિથિ, ગૃહને તજીને ચાલ્યા જાય છે. (૧૭)

વિવરણ :

આ સંસાર સ્વાર્થના પાયા ઉપર મંડાયો છે. મોટા ભાગના લોકો સ્વાર્થના બળથી જ સંચાલિત થતા હોય છે. આ વિચારને અનુલક્ષીને જ આદિ શંકરાચાર્યને કહેવું પડ્યું કે 'संसारोऽयम् अतीव विचित्रः ।' (આ દુનિયા અતિ વિચિત્ર છે.) વળી ઉપનિષદ્નું પણ ચિંતન છે કે પત્નીને એનો પતિ પ્રિય લાગે છે તે કાંઈ તેના પતિ તરફના પ્રેમથી નહીં, પરંતુ પોતાના ઇચ્છા પૂર્ણ કરવા માટે તેને પ્રેમ કરે છે. જો આ સ્થિતિ હોય તો સ્વાર્થમાં ગળાબૂડ વેશ્યા, નિર્ધન પુરુષને તજી દે તેમાં શું નવાઈ ? એવી જ રીતે પરાજિત રાજાને પ્રજા છોડી દે છે અને ફળ વિનાના વૃક્ષને પંખીઓ તજી દે છે. 'સ્વાર્થ સર્યો એટલે વૈદ્ય વેરી' એ કહેવત પણ આ વિચારનો પડઘો પાડે છે.

સંબંધ અને સ્નેહનો આધાર - 'સ્વાર્થ'

गृहीत्वा दक्षिणां विप्रास्त्यजन्ति यजमानकम् ।
प्राप्तविद्या गुरुं शिष्या दग्धाऽरण्यं मृगास्तथा ।।१८।।

બ્રાહ્મણો દક્ષિણા લઈને, યજમાનને તજી દે છે. વિદ્યા પ્રાપ્ત કરી લીધા પછી વિદ્યાર્થીઓ, ગુરુને તજી દે છે. તે જ રીતે હરણાઓ, બળી ગયેલા વનને તજી દે છે. (૧૮)

વિવરણ :

આગળના શ્લોકમાં સ્વાર્થના મહત્ત્વની વાતને વિશેષ ઉદાહરણો આપીને, ચાણક્ય વધુ સ્પષ્ટ કરે છે. આમાંથી સાર એ ગ્રહણ કરવાનો છે કે આ જગતમાં, કોઈ કોઈનું સગું નથી. અને કોઈને કોઈના ઉપર સાચો પ્રેમ ઊભરાઈ જતો નથી. ગણત્રીપૂર્વક જ બધા સંબંધ અને સ્નેહ બાંધતા હોય છે, નભાવતા હોય છે, અને સ્વાર્થ પૂરો થાય ત્યારે તોડતા પણ હોય છે. સમજદાર માણસ સંસારના આ પ્રકારના વ્યવહારોને સ્વાભાવિક માની, સ્વીકારી લેતો હોય છે. ગીતાકાર કહે છે કે જે મનુષ્ય, શુભ પામીને ખુશ ન થાય અને અશુભ મેળવીને દુ:ખી ન થાય તે સ્થિતપ્રજ્ઞ જ્ઞાની છે.

આવાઓની મિત્રતાથી દૂર રહો

दुराचारी दुर्दृष्टिर्दुराऽऽवासी च दुर्जनः ।
यन्मैत्री क्रियते पुम्भिर्नरः शीघ्रं विनश्यति ।।१९।।

દુરાચારી, ખરાબ નજરવાળા, દુષ્ટ સ્થાનમાં રહેવાવાળા, દુર્જનની સાથે જે મનુષ્યો મિત્રતા બાંધે છે તો તેઓનો ઝડપથી વિનાશ થાય છે. (૧૯)

વિવરણ :

'જેવો સંગ તેવો રંગ' એ અનુભવ વાણીને આ શ્લોકમાં ચાણક્ય, ઉજાગર કરે છે. ભજનિકોએ આ શરીરને 'પવનનો ચરખો' કહ્યો છે. પવન (શ્વાસ) થી એ ચાલે છે. પવન અટકે એટલે એ બંધ થાય છે. અને જુઓ, પવન સુગંધના સંગમાં આવે તો સુગંધી બની જાય, અને દુર્ગંધના સંગમાં આવે તો દુર્ગંધયુક્ત થઈ જાય. મનુષ્ય પણ સત્સંગથી સુધરે છે, કુસંગથી બગડે છે. માટે કુસંગનો ત્યાગ કરવો એમાં ડહાપણ છે. તમે જાણ્યું હશે કે સાવ મામૂલી કાચના ટુકડાને સોનાની લગડી ઉપર મૂકવામાં આવે તો એ સોના જેવો દેખાય છે ! એ જ રીતે સારી વસ્તુ કે વ્યક્તિના સંગમાં, મનુષ્ય સારો બને છે, અને એથી ઊલટું, દુષ્ટના સંગમાં દુર્ગતિ પામે છે.

સંસાર-વ્યવહાર આદાન-પ્રદાનના કાર્યથી શોભે છે

समाने शोभते प्रीति : राज्ञि सेवा च शोभते ।
वाणिज्यं व्यवहारेषु दिव्या स्त्री शोभते गृहे ।।२०।।

સરખે સરખા હોય તો તેઓની પ્રીતિ શોભે છે. રાજાની કરવામાં આવેલી સેવા શોભે છે. સંસારના વ્યવહારોમાં વેપાર શોભે છે. અને ઘરમાં દિવ્ય સન્નારી શોભે છે. (૨૦)

વિવરણ :

એમ કહેવાય છે કે યુદ્ધ, પ્રેમ, મિત્રતા અને સાંસારિક સંબંધો સરખે સરખા સાથે કરવામાં આવે તો જ એ શોભ છે. એક જોડકણું જાણીતું છે; 'મોટા સાથે નાનું જાય, ઈ મરે નહીં તો માંદુ થાય.' દાંપત્ય જીવન તો જ શોભે અને સુખમય બને જો પતિપત્ની, બન્ને કુળ, રૂપ, ગુણ, અને ઉમરમાં સરખે સરખા હોય. જીવનનું ગાડું, પતિ-પત્નીરૂપી સરખા અને સરસ પૈડાથી જ ચાલે અને આત્મ-કલ્યાણની મંજિલે પહોંચે. સમર્થ અને ઉદાર રાજાની સેવા કરવામાં આવે તો ઘણા લાભ થાય. સંસારનો વ્યવહાર આદાન-પ્રદાનના કાર્યથી જ શોભે છે અને ટકે છે. માત્ર લઈ લેવાની વૃત્તિ રાખીએ અને આપવામાં કંજૂસાઈ કરીએ તો સંબંધ ટકતો નથી. અને ઘર તો સુશીલ અને રૂપાળી ઘરવાળીથી જ શોભે છે. તેથી તો મનુસ્મૃત્તિ કહે છે; 'ઘરને ઘર નથી કહેવાતું, ઘરવાળી જ સારું અને સાચું ઘર ગણાય છે.'

*

॥ ત્રીજો અધ્યાય ॥

વ્યક્તિના હાવભાવ, ભાષા, પહેરવેશ અને દેહાકૃતિ ઉપરથી તેના વ્યક્તિત્વનો, સ્વભાવનો અને કુળનો પરિચય મળી જતો હોય છે.

બધા જ લોકો કુલીન કે ગુણવાન નથી હોતા

कस्य दोष : कुले नास्ति व्याधिना को न पीडित : ।
व्यसनं केन न प्राप्तं कस्य सौख्यं निरन्तरम् ।।१।।

કુળરિવારમાં એવું કોણ હોય જેનામાં એકપણ દોષ ન હોય ? રોગથી પીડાયેલ ન હોય એવો કોણ હોય ? એવું કોણ હોય જેના જીવનમાં દુઃખ ન આવ્યું હોય ? અને એકધારું સુખ જ હોય એવું કોણ હોય ? (૧)

વિવરણ :

આ સંસાર, સુખ-દુઃખ, હાનિ-લાભ, યશ-અપયશ અને ગુણદોષનો શંભુમેળો છે. તેથી અહીંની કોઈપણ વસ્તુ કે વ્યક્તિ, સંપૂર્ણ નથી હોતી. કોઈનામાં દોષ, સો ટકા નથી હોતા તો કોઈનામાં ગુણ પણ સો ટકા નથી હોતા. આ વિચારનું પ્રતિબિંબ, ચાણક્ય આ શ્લોકમાં પાડે છે. ઘણીવાર ઊંચુ અને ખાનદાન કુળ હોય પણ તેમાં બધા જ લોકો કુલીન કે ગુણવાન નથી હોતા. ભગવાન શ્રીકૃષ્ણના કુળમાં જ સાંબ નામનો દુરાચારી અને દારૂડિયો પુત્ર થયો. તો મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના વંશમાં જન્મેલો અગ્નિમિત્ર નામનો રાજા, પાપી અને વ્યભિચારી હતો. આ રીતે પ્રત્યેક દેહધારી, આધિ-વ્યાધિ કે ઉપાધિના ત્રિવિધ તાપથી તપ્યો ન હોય એવું બને જ નહીં અને સુખદુઃખનું ચક્ર તો ઘૂમતું જ રહે છે એમાં ક્યારેક સુખ ઉપર આવે છે, તો કોઈવાર દુઃખ ઉપર આવે છે. ઠીક કહ્યું છે સુભાષિતમાં; 'चक्रवत् परिवर्तन्ते सुखानि च दुःखानि च ।'

વ્યક્તિની ઓળખ કેવી રીતે થાય ?

आचार : कुलमाख्याति देशमाख्याति भाषणम् ।
सम्भ्रम : स्नेहमाख्याति वपुराख्याति भोजनम् ।।२।।

માણસના વર્તનથી એના કુળનો ખ્યાલ આવી જાય. એની ભાષાથી એના દેશની ખબર મળી જાય. પ્રેમ ભર્યા વ્યવહારથી સ્નેહની માહિતી મળી જાય અને શરીરના દેખાવ ઉપરથી તેના ભોજનની ખબર પડે. (૨)

વિવરણ :

વ્યક્તિના હાવભાવ, ભાષા, પહેરવેશ અને દેહાકૃતિ ઉપરથી એના વ્યક્તિત્વનો સ્વભાવનો અને કુળનો પરિચય મળી જતો હોય છે. એક ચિંતકે કહ્યું છે; 'કોઈ વેશ્યાનો પુત્ર હોય તો કાંઈ એના માથે શિંગડા નથી હોતા, અને કુળવંતી સ્ત્રીના દીકરાના હાથમાં કમળના નિશાન નથી હોતા પરંતુ બન્નેની વાણીમાંથી એની કુલીનતા કે નીચતાનો પરિચય મળી જાય છે. એ જ રીતે એની બોલીચાલીથી એના દેશ અને ઘણીવાર જાતિનો ખ્યાલ આવી જાય છે. વ્યક્તિના વર્તનથી એના પ્રેમની પ્રતીતિ થાય છે અને શરીરના આહાર ઉપરથી એના ખોરાકના પ્રકારનો ખ્યાલ આવી જાય છે. સંસ્કૃતમાં એક કટાક્ષવચન છે; 'જાડો દેવદત્ત દિવસે ખાતો નથી' દેવદત્ત, દિવસે તો ખાતો નથી અને જાડો છે તેથી અનુમાન કરી શકાય કે તે રાતે ખાતો હોવો જોઈએ. અન્યથા એ જાડો કેવી રીતે બને ?

જીવનનો ઉત્તમ માર્ગ

सुकुले योजयेत्कन्यां पुत्रं विद्यासु योजयेत् ।
व्यसने योजयेच्छत्रुं मित्रं धर्मे नियोजयेत् ।।३।।

કન્યાને સારા કુળમાં આપવી, પુત્રને વિદ્યા અપાવવી, શત્રુ સંકટમાં આવી પડે એવું આયોજન કરવું અને મિત્રને ધર્મકાર્યમાં જોડવો. (૩)

વિવરણ :

કોઈપણ શાસકે અને મનુષ્યે પણ સુખી રહેવું હોય તો કેવું આયોજન કરવું તેની વાત ચાણક્ય, આ શ્લોકમાં કરે છે. કન્યા માટે સંસ્કૃતમાં दारिका શબ્દ છે. એનું અર્થઘટન એવું છે કે 'दारिका हृदयदारिका पितुः ।' આ દીકરીને સારા ઘરમાં ક્યાં અને કેવી રીતે ઠેકાણે પાડવી એની પિતાને સતત ચિંતા રહે છે. આમ દારિકા એટલે દીકરી, પિતાના હૃદયની વિદારિકા (ચીરી નાખનારી) બને છે પરંતુ પ્રત્યેક પિતા, હંમેશાં દીકરીને સારા કુળમાં જ પરણાવે છે. પુત્રને દેશકાળને અનુરૂપ વિદ્યા ભણાવે છે, જેથી એ સંસ્કારી પણ બને અને સારી આજીવિકા મેળવી, પરિવારનું પોષણ કરે. વળી પોતાનો શત્રુ હંમેશાં સંકટમાં રહે એવી જ રણનીતિનું આયોજન

કરવું જોઈએ. કારણ કે શત્રુ દુઃખમાં હોય તો જ વ્યક્તિ સુખમાં રહી શકે. અને મિત્રને હંમેશાં ધર્મકાર્યમાં જોડવો. કારણ કે ધાર્મિક મિત્ર જ સદાચારથી ભલું કરવા તત્પર હોય છે.

દુર્જન અને સર્પનો ભેદ

दुर्जनस्य च सर्पस्य वरं सर्पो न दुर्जनः ।
सर्पो दंशति कालेन दुर्जनस्तु पदे पदे ।।४।।

દુર્જન અને સર્પ, એ બન્નેમાંથી સર્પ સારો પણ દુર્જનને સારો ન ગણવો. કારણ કે સર્પ તો કોઈ સમયે કારણસર દંશ દે છે. જ્યારે દુર્જન તો ડગલે ને પગલે નડે છે. (૪)

વિવરણ :

આપણા શાસ્ત્રકારોએ, ચિંતકોએ અને ઉપદેશકોએ દુર્જનોને ઓળખવાની અને એનાથી દૂર રહેવાની વારેવારે વાત કરી છે. કારણ કે એક જ દુર્જન, ઘણીવાર આખા ગામને, નગરને કે પ્રદેશને દુભાવતો હોય છે. જેવી રીતે ઝેરનું એક જ ટીપું, દૂધપાકના આખા ટોપને દૂષિત કરી નાખે એમ એક જ દુર્જન, સમગ્ર સમાજના જીવનને વિષમય કરી નાખે છે. એથી તો એક લોકકવિ દુર્જનને દૂરજન કહીને એની વ્યાખ્યા કરે છે. જે જનથી દૂર રહેવામાં મજા એનું નામ દૂર જન !

સર્પ અને દુર્જન એ બેની તુલના કરવી હોય તો સર્પ કરતા દુર્જન વધારે ખતરનાક ! કારણ કે સર્પ કાં તો દબાય ત્યારે અથવા છંછેડાય ત્યારે જ દંશ દે છે, જ્યારે દુર્જન તો ડગલે ને પગલે, વગર કારણે કરડે છે !

ઉત્તમ મનુષ્યોની રાજાને પણ જરૂર છે

एतदर्थं कुलीनानां नृपाः कुर्वन्ति संग्रहम् ।
आदिमध्याऽवसानेषु न त्यजन्ति च ते नृपम् ।।५।।

રાજાઓ, કુળવાન માનવોને પોતાના રાજ્યમાં એટલા માટે એકઠા કરે છે કે તેઓ, સારા નરસા સમયે આરંભમાં મધ્યમાં કે અંતમાં કદી પણ રાજાઓનો ત્યાગ કરતાં નથી. (૫)

વિવરણ :

ઉત્તમ રાજાઓ, પોતાના રાજ્યને શ્રેષ્ઠ બનાવવા માટે નરરત્નો અને નારીરત્નોનો સંગ્રહ કરતા. કોઈપણ રાજ્યની આબાદીનો આધાર એના ખજાનાના

મૂલ્યવાન રત્નો ઉપર જેટલો હતો એના કરતાં વધુ નરરત્નો ઉપર હતો. મોગલ સામ્રાજ્યમાં અકબર, મહાસમર્થ સમ્રાટ ગણાયો તેનું કારણ તેણે તેના દરબારમાં એકઠા કરેલા એક એકથી ચડિયાતાં બિરબલ જેવા નવ નરરત્નો હતાં. આવા ગુણવાન, બુદ્ધિમાન અને જ્ઞાનવાન મનુષ્યો, રાજાને હંમેશાં ઉત્તમ સલાહ આપતા, અને રાજ્યની વૃદ્ધિ થાય તેવું જ આયોજન કરતાં અને અમલ કરાવતા. વળી રાજાના સારા અથવા ખરાબ સમયમાં ક્યારેય પણ તેઓને તજીને જતા નહીં.

સાધુપુરુષની ખરી ઓળખ

प्रलये भिन्नमर्यादा भवन्ति किल सागरा: ।
सागरा भेदमिच्छन्ति प्रलयेऽपि न साधव: ।।६।।

પ્રલયકાળ આવે ત્યારે મહાસાગરો પણ મર્યાદા મૂકી દે છે. પરંતુ સાધુપુરુષો પ્રલયકાળમાં પણ ક્યારેય મર્યાદા મૂકતાં નથી. (૬)

વિવરણ :

એવું માનવામાં આવે છે કે મહાસાગરો મર્યાદા મૂકતાં નથી. એના કિનારાનું એ ઉલ્લંઘન કરતાં નથી. વળી એના પેટાળમાં વડવાનળની આગ બળે છે તો પણ તેઓ મોજથી મોજાનું સંગીત રેલાવ્યા કરે છે. વર્ષાઋતુમાં હજારો નદીઓનું ધસમસતું પાણી એમાં ઠલવાઈ ત્યારે પણ એ છલકાઈ નહીં. એથી આવા મહાસાગરો સાથે મહાપુરુષોની તુલના કરવામાં આવે છે. પરંતુ મહાસાગરો અને મહામાનવો વચ્ચે એક તફાવત છે. એવું શાસ્ત્રવિધાન છે કે પ્રલયકાળમાં મહાસાગરો મર્યાદા મૂકીને આખી પૃથ્વીને જળથી ઢાંકી દે છે. પરંતુ ગમે તેવી વિષમ કે વિકટ પરિસ્થિતિ આવે તો પણ સાધુપુરુષો મર્યાદા મૂકતા નથી. સજ્જનો પ્રાણત્યાગ કરે મર્યાદાત્યાગ ન કરે !

મહંત કેવો હોય તેની વાત ગંગાસતી એક ભજનમાં આ રીતે કરે છે; 'મેરૂ તો ડગે, પણ જેના મનડાં ડગે નહીં પાનબાઈ ! મરની ભાંગી પડે ભરમાંડ !'

બે પગવાળો સાક્ષાત્ પશુ –

मूर्खस्तु परिहर्तव्य: प्रत्यक्षो द्विपद: पशु: ।
भिनत्ति वाक्शल्येन अदृष्ट: कण्टको यथा ।।७।।

મૂર્ખ માણસનો હંમેશાં ત્યાગ કરવો કારણ કે એ બે પગવાળો સાક્ષાત્ પશુ છે. જેવી રીતે છૂપાયેલ કાંટો શરીરને વીંધી નાખે, તેવી રીતે મૂર્ખ માણસ પણ વાણીના કાંટાથી વીંધી નાખે છે. (૭)

વિવરણ :

ચાણક્ય, આ શ્લોકમાં પણ મૂર્ખના સંગથી દૂર રહેવાની વાત કરે છે. વારંવાર મૂર્ખનો સંગ તજવાની વાત એટલા માટે કરે છે કે મૂર્ખ માણસ, વિચારથી-વાણીથી અને વર્તનથી ત્રણેય રીતે પારાવાર હાનિ પહોંચાડે છે. તુલસીદાસે કહ્યું છે; મિલત એક દારૂણ દુઃખ દેહી', દુષ્ટ એવો મૂર્ખ માણસ, મળતાની સાથે જ ભયાનક દુઃખ આપે છે. ચાણક્યે, મૂર્ખ માનવીને બે પગવાળો સાક્ષાત્ પશુ કહ્યો છે. પણ હકીકતે તો પશુમાં મન-બુદ્ધિ નથી એટલું જ બાકી હિત અને અહિત તો પશુ પણ જાણી જાય છે. જો આપણે લીલા ઘાસની પૂળી ધરીશું તો એ દોડી આવશે, અને જો લાકડી ઉગામીશું તો ભાગશે, પણ મૂર્ખને તો આવી સમજ પણ નથી. એથી એને પશુ કહેવો એમાં પશુનું અપમાન છે. ખરેખર તો એ પશુ નહીં પણ પિશાચ છે.

કેવળ બાહ્ય શોભા નકામી છે

रूपयौवनसम्पन्ना : विशालकुलसम्भवा : ।
विद्याहीना न शोभन्ते निर्गन्धा इव किंशुका : ।।८।।

જેવી રીતે કેસૂડાંના ફૂલો, રૂપાળા હોવા છતાં સુગંધ વિનાના હોવાથી શોભતાં નથી તેવી રીતે મહાન કુળમાં જન્મ્યા હોય, રૂપ અને યૌવનથી યુક્ત હોય, પણ વિદ્યા વિનાના હોય તો એવા લોકો શોભતાં નથી. (૮)

વિવરણ :

જીવનમાં રૂપ કે સુંદર આકૃતિ મહત્ત્વના નથી, પરંતુ ગુણ અને સદાચાર મહત્ત્વના છે. મહાભારત અને અઢાર પુરાણોની રચના કરનાર મહર્ષિ વેદવ્યાસ રૂપાળા ન હતા. કાળા અને કદરૂપા હતા. છતાં એની કીર્તિપતાકા, આખા વિશ્વના પટ ઉપર આજે પણ લહેરાય છે. અત્યંત બુદ્ધિશાળી સોક્રેટીસ અને ડહાપણની વાર્તાઓ લખનાર ઈસપ પણ બદસૂરત હતા, પણ ઉત્તમ વિદ્યા અને જ્ઞાનને લીધે ખીલેલું એનું આંતરિક રૂપ, આખા જગતને ગમ્યું છે.

જેવી રીતે સુગંધ વિનાના કેસૂડાંના ફૂલ, રૂપાળા છતાં લોકોને ગમતાં નથી. એ જ રીતે સુવિચારો અને સદાચારોની સુગંધ વિનાનો મનુષ્ય અત્યંત રૂપાળો હોય તો પણ લોકમાનસને આકર્ષી શકતો નથી.

સ્વભાવગત રૂપની ઓળખ

कोकिलानां स्वरो रूपं स्त्रीणां रूपं पतिव्रतम् ।
विद्या रूपं कुरूपाणां क्षमा रूपं तपस्विनाम् ।।९।।

કોયલનું રૂપ, એના મધુર સ્વર છે. સ્ત્રીઓનું રૂપ એનો પતિવ્રતધર્મ છે. કદરૂપા મનુષ્યોનું રૂપ એની વિદ્યા છે. અને તપસ્વીઓનું રૂપ ક્ષમા છે. (૯)

વિવરણ :

રૂપની સાચી વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. રૂપ કોને કહેવું ? હબસણ માતાને એનો કાળો અને કદરૂપો પુત્ર રૂપાળો લાગે છે. ગોરો રંગ રૂપાળો ગણાય કે કાળો એ પણ વિવાદસ્પદ છે. કોઈકે એમ પણ કહ્યું છે કે 'Beauty lies in symatry' સૌંદર્ય એટલે સપ્રમાણતા ! નખથી માંડીને મસ્તક સુધીના બધા અંગો સપ્રમાણ અને ઘાટીલા હોય તો તેને સુંદરતા કહેવાય. તો મહાકવિ માઘ કહે છે; 'જે વ્યક્તિ કે વસ્તુ, પ્રતિક્ષણ નવીનતા ધારણ કરે તેને રૂપ કહેવાય' આ બધી વ્યાખ્યા, રૂપમાં સ્થૂળ કે બાહ્ય શરીરનું વર્ણન કરે છે. સાચું રૂપ તો ગુણો, મધુર સ્વભાવ, પ્રિય વાણી, અને સારા આચરણને જ ગણવામાં આવે છે. જેમ કે કોયલ, દેખાવમાં કાળી છે. પણ મધુર સ્વરથી રૂપાળી છે. સ્ત્રી, રૂપાળી હોય કદરૂપી હોય પરંતુ એના સતીત્વમાં જ એનું રૂપ ખીલે છે. બદસૂરત આદમી પણ વિદ્યાથી ખૂબસૂરત બને છે. અને ક્ષમા કરવી એ તપસ્વીનું રૂપ છે. તપસ્વીએ કઠોર તપ કરીને એની કાયાને તો સાવ સૂકવી નાખી હોય છે. તેનું રૂપ વિલાઈ જાય છે, પણ તે ક્ષમાથી શોભે છે !

ત્યાગના મહિમાનું વર્ણન

त्यजेदेकं कुलस्याऽर्थे ग्रामस्याऽर्थे कुलं त्यजेत् ।
ग्रामं जनपदस्याऽर्थे आत्माऽर्थे पृथिवीं त्यजेत् ।।१०।।

કુળના ભલા માટે કોઈ એકનો ત્યાગ કરવો પડે તો કરવો. ગામના કલ્યાણ માટે કુળને તજવું પડે તો તજવું. દેશના હિત માટે ગામને છોડી દેવું પડે તો છોડવું. અને આત્મકલ્યાણ માટે આખા જગતને તજી દેવું. (૧૦)

વિવરણ :

આ શ્લોકમાં ત્યાગનો મહિમા વર્ણવે છે. ત્યાગ કરવાથી મહાન થવાય છે. સંગ્રહ કરવાથી ગૌરવ ઘટે છે. જુઓ, ઘનઘોર મેઘઘટા જળનો ત્યાગ કરે છે તો એ કેટલી ઊંચાઈ પામે છે, અને મહાસાગર જળનો સંગ્રહ કરે છે, તો એ પૃથ્વી ઉપર સહુથી નીચી સપાટીએ રહે છે. તેથી ત્યાગ, પરમ કલ્યાણકારક છે.

જો એક વ્યક્તિને તજવાથી કુટુંબનું કલ્યાણ થતું હોય તો એને તજવો. ગામના હિત માટે કુટુંબનો ત્યાગ કરવો. દેશ આખામાં ભલા માટે ગામને છોડવું પડે તો છોડવું અને આત્મકલ્યાણ તો સર્વોપરી છે. એની સાધના માટે તો સંસારને છોડવો. ત્યાગમાં હંમેશાં સ્વકલ્યાણની સાથે જ સર્વકલ્યાણ કરવાની ઉદાત્ત ભાવના છે.

ઉદ્યમ કરવાથી કાર્યસિદ્ધિ મળે છે

उद्योगे नास्ति दारिद्र्यं जपतो नास्ति पातकम् ।
मौने च कलहो नास्ति नास्ति जागरिते भयम् ।।११।।

કોઈપણ પ્રકારનો ઉદ્યોગ કરવામાં આવે તો દરિદ્રતા નથી રહેતી. જપ કરવાથી પાપ નથી રહેતું. મૌન રહેવાથી કજિયા કંકાસ નથી થતાં અને જાગતા રહેવાથી ભય નથી લાગતો. (૧૧)

વિવરણ :

એમ કહેવાય છે કે ઉદ્યમ કરવાથી બધા કાર્યો સિદ્ધ થાય છે. જે પરિશ્રમ, પરાક્રમ અને પુરુષાર્થ કરે છે એવા મહેનતુ માણસ પાસે લક્ષ્મી આવે છે. કવિ કહે છે; ‘સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.’ જપ એટલે નામ સ્મરણ કરવાથી પાપ બળી જાય છે. એટલે તો શ્રીકૃષ્ણ ભગવાને જપનો મહિમા કરતા કહ્યું છે; ‘બધા પ્રકારના યજ્ઞોમાં જપયજ્ઞ મારું સ્વરૂપ છે’ (यज्ञानाम् जपयज्ञोऽस्मि ।) અને મૂંગા રહેવાથી કજિયાકંકાસ ટાળી શકાય છે. દ્રૌપદીના કટુશબ્દોથી જ મહાભારતનું યુદ્ધ થયું. એટલે તો કહેવત છે; ‘ન બોલવામાં નવ ગુણ.’ અને જે માણસ જાગે છે તેને ચોરનો ભય નથી રહેતો. આનો આધ્યાત્મિક અર્થ પણ લઈ શકાય. કામક્રોધ રૂપી ચોર આપણા વિવેકની મૂડી ચોરી ન જાય તે માટે જાગતનું રહેવું. શંકરાચાર્ય કહે છે; ‘तस्मात् जागृहि जागृहि ।’ (હે પ્રમાદી લોકો ! જાગતા રહો જાગતા રહો)

અતિ એટલે જ ખરાબ સ્થિતિ

अतिरूपेण वै सीता अतिगर्वेण रावण: ।
अतिदानात् वलिर्वद्धो अति सर्वत्र वर्जयेत् ।।१२।।

અતિશય રૂપને કારણે સીતાનું અપહરણ થયું. અતિ ગર્વને લીધ રાવણનો નાશ થયો. અતિદાન આપવાથી બલિરાજા, બંધનમાં આવી પડ્યો, માટે હંમેશાં ‘અતિ’નો ત્યાગ કરવો. (૧૨)

વિવરણ :

કોઈપણ બાબતનો અતિરેક નુકસાન કરે છે. ખરાબ બાબતનો અતિરેક તો ખતરનાક હાનિ કરે, પણ સારી બાબતોનો અતિરેક પણ જોખમ ઊભું કરે છે. સીતા અતિરૂપવતી હતા તેથી જ એનું અપહરણ થયું. તો અતિ અભિમાનને કારણે રાવણનો નાશ થયો. દાન આપવું તે સારી વાત છે પણ અતિદાન આપવાથી બલિરાજા બંધનમાં આવી પડ્યો. મહારથી કર્ણ, પણ અતિદાન આપવાને લીધે જ જન્મ જાત કવચકુંડળ વિનાનો બની, મહાભારત યુદ્ધમાં મૃત્યુ પામ્યો હતો. ભગવાન વેદવ્યાસ કહે છે; 'સરલ બનો, પણ અતિસરલ ન બનો. વનમાં જઈને જુઓ, ત્યાં જ અતિસરલ અને અતિ સીધા વૃક્ષો હશે તે જલદી કપાઈ જશે. પરંતુ વાંકા અને વળ ખાઈ ગયેલા વૃક્ષોને કોઈ વતાવશે નહીં.'

વિદ્વાનને કોઈ પ્રદેશ પારકો નથી

को हि भार : समर्थानां किं दूरं व्यवसायिनाम् ।
को विदेश : सविद्यानां क : पर : प्रियवादिनाम् ।।१३।।

શક્તિશાળી મનુષ્યોને કોઈપણ પ્રકારનો ભાર નથી હોતો. મક્કમ મનવાળા મનુષ્યોને કોઈ બાબત દૂર નથી હોતી. વિદ્યાવાન વિદ્વાનને કોઈ પ્રદેશ પારકો નથી લાગતો. અને પ્રિય બોલનારને કોઈ શત્રુ નથી હોતો. (૧૩)

વિવરણ :

શક્તિ પછી ભલેને એ કોઈપણ પ્રકારની હોય, એવા શક્તિમાન મનુષ્યને ભાર નથી હોતો. સત્તા, સંપત્તિ, શરીરબળ, સમૂહશક્તિ, જ્ઞાન શક્તિ, કે બીજી કોઈ ભૌતિક કે આધ્યાત્મિક શક્તિવાળાને 'હવે શું થાશે ?' એવો ચિંતાભાર સતાવતો નથી. દ્રઢ મનોબળવાળાને કોઈ બાબત અશક્ય નથી. અંગ્રેજીમાં કહેવત છે; 'Where there is a will there is a way'. તો વિદ્વાન પુરુષને દેશ-વિદેશના સીમાડા નડતા નથી. विद्वान् सर्वत्र पूज्यते । અને જે મધુરવાણી બોલે છે તેન કોઈ દુશ્મન નથી હોતો. કબીર સાહેબે સરસ વાત કરી છે. 'કોયલ, કોઈને કાંઈ આપતી નથી અને કાગડો, કોઈનું કાંઈ લઈ લેતો નથી, એમ છતાં લોકો કોયલને આવકારે છે, કાગડાને ધિક્કારે છે. એનું રહસ્ય છે મધુરવાણી.'

એક સપૂતની કીર્તિ સમગ્ર દિશામાં ફેલાય છે

एकेनाऽपि सुवृक्षेण पुष्पितेन सुगन्धिना ।
वासितं तद्वनं सर्वं सुपुत्रेण कुलं तथा ।।१४।।

જેવી રીતે ફૂલોથી ખીલી ઉઠેલા અને મહેકથી મઘમઘતા માત્ર એક જ ઉત્તમ વૃક્ષથી આખું વન સુવાસિત બની જાય છે તેવી જ રીતે એક સુપુત્રથી આખું કુળ તરબતર થઈ જાય છે. (૧૪)

વિવરણ :

બગીચામાં અનેક આકાર અને પ્રકારના વૃક્ષો હોય છે. એમાં કેટલાક ફૂલવાળા, કેટલાક ફૂલ વિનાના, કેટલાકમાં મીઠા ફળ આવે, કેટલાકના ફળ કડવા હોય. આવા વિશાળ ઉપવનમાં ભલેને એક દૂરના ખૂણામાં રહ્યું હોય, પરંતુ સુગંધી ફૂલોથી ખીલી ઊઠેલા આવા એકલા અટૂલા વૃક્ષથી આખું વન મઘમઘી ઊઠે છે. એજ રીતે એક જ કુળદીપક ગુણવાન પુત્રથી આખું કુળ ઝળહળી ઊઠે છે અને આવો પુત્ર, માત્ર એના પરિવારને જ નહીં, આખા સમાજને પ્રતિષ્ઠા અપાવે છે. સૌરાષ્ટ્રના પોરબંદર જેવા એક ખૂણામાં ગાંધીકુળમાં મહાત્મા ગાંધી જન્મ્યા, અને ભારતીમાતાના આ એક સપૂતની કીર્તિ આખા વિશ્વમાં ફેલાઈ ગઈ. એક સંશોધકે કહ્યું છે કે આધુનિક યુગમાં જેટલા મહામાનવો થયા, તેમાં સહુથી વધારે જીવનચરિત્રો મહાત્મા ગાંધી ઉપર લખાયા છે અન ધરતીના પટ ઉપર સહુથી વધુ પ્રતિમાઓ એની જ સ્થાપવામાં આવી છે. સાંભળો લોકકવિના શબ્દો.

'કાંઉ ઝાઝા કાંગોલિયા, કાંઉ ઝાઝા કપૂત,
હકડી તો મહીષી ભલી, હકડો ભલો સપૂત.'

સેંકડો ઘેટા-બકરાં કરતાં એક ભગરભેંસ સારી, અને ઝાઝા કપૂતો કરતાં એક ચારિત્ર્યવાન પુત્ર સારો.

શુષ્ક વૃક્ષનું દૃષ્ટાંત શું કહે છે

एकेन शुष्कवृक्षेण दह्यमानेन वह्निना ।
दह्यते तद्वनं सर्वं कुपुत्रेण कुलं तथा ।।१५।।

જેની બખોલમાં આગ લાગી હોય એવા એક સાવ સૂકાયેલા ઝાડને લીધે આખું જંગલ સળગી જાય છે તેવી જ રીતે એક કપાતર પુત્રથી આખો પરિવાર બળી જાય છે. (૧૫)

વિવરણ :

જો પુત્ર, કુળદીપક હોય તો આખા કુળને ઉજાળે અને પુત્ર કુલાંગાર હોય તો આખા કુળને બાળે, આ વાત, ચાણક્ય જંગલના દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે. વનમાં સુવાસિત ફૂલોથી મહેકતું હરિયાળું વૃક્ષ હોય તો આખું વન, મઘમઘી ઊઠે. પરંતુ ત્યાં

એક સૂકાયેલુ ઝાડનું ઠૂંઠૂ હોય, જેની બખોલમાં અંગારા હોય તો આવું ઝાડ, ઝડપથી આગ પકડી લે છે, પોતે બળે છે અને આખા જંગલને બાળી નાખે છે.

સમજદાર પુત્રથી પરિવાર સમૃદ્ધ થાય

एकेनाऽपि सुपुत्रेण विद्यायुक्तेन साधुना ।
आह्लादितं कुलं सर्वं यथा चन्द्रेण शर्वरी ।।१६।।

જેવી રીતે ચન્દ્રમાથી રાત્રિ, આહ્લાદક બને છે તેવી જ રીતે વિદ્યાવાન અને ગુણવાન સુપાત્ર સુપુત્ર વડે આખું કુળ પ્રસન્ન પ્રસન્ન થઈ જાય છે. (૧૬)

વિવરણ :

આ શ્લોકમાં પણ સુપાત્ર પુત્રનું જ મહિમાગાન ચાણક્ય કરે છે તે એટલા માટે કે વિદ્યાવાન અને ગુણવાન પુત્રોથી પરિવાર પ્રસન્ન રહે, પ્રસન્ન પરિવારોથી સમાજ ખુશ રહે, અને સમજદાર સમાજોથી રાજ્ય, સમૃદ્ધ થાય. જેવી રીતે ચન્દ્રમાથી રાત્રિ, અધિક સુંદર અને વધુ આનંદદાયક બને છે તેવી જ રીતે સુપુત્રોથી બધી જ બાબતો પ્રસન્ન અને પરમ સંતર્પક થાય છે.

સંખ્યા કરતાં ગુણવત્તા વધુ ઉપકારક છે

किं जातैर्बहुभि : पुत्रै : शोकसन्तापकारकै : ।
वरमेक : कुलाऽऽलम्बी यत्र विश्राम्यते कुलम् ।।१७।।

જે શોક અને સંતાપ આપે એવા અસંખ્ય સંતાનોના જન્મથી શું લાભ ? પરંતુ જેમા પરિવારને પરમ વિશ્રાંતિ પ્રાપ્ત થાય અને જે કુટુંબનો આધાર બને એવો એક જ પુત્ર શ્રેષ્ઠ છે (૧૭)

વિવરણ :

શોક અને સંતાપ આપે એવા અસંખ્ય સંતાનો, મહાભારતના સો કૌરવો ભાઈઓની જેમ, પોતે તો નાશ પામે છે. મહાવિનાશ અને વ્યાપક સંહારનું કારણ બને છે. પાંડવો, માત્ર પાંચ જ હતાં પરંતુ ગુણવાન કુળવાન અને જ્ઞાનવાન હતાં, તો દુષ્ટોનો પરાજય કરી વિજય પામ્યા. સુશાસન સ્થાપ્યું અને પ્રજાને સુખ આપ્યું. પરિવારમાં, સમાજમાં કે રાજ્યમાં કોઈપણ દેશકાળમાં સંખ્યા કરતા ગુણવત્તા વધુ ઉપકારક બને છે.

શિશુ અવસ્થા અને સંસ્કાર ઘડતર

लालयेत् पञ्च वर्षाणि दश वर्षाणि ताडयेत् ।
प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रवदाचरेत् ।।१८।।

પાંચ વર્ષનો થાય ત્યાં સુધી પુત્રનું લાલનપાલન કરવું. એ દશ વર્ષનો થાય ત્યાં સુધી જરૂર પડે ત્યારે થોટથપાટ કરવી. પરંતુ સોળ વર્ષનો થાય ત્યારે પુત્રની સાથે મિત્રના જેવો વ્યવહાર કરવો. (૧૮)

વિવરણ :

ગૃહસ્થ મનુષ્યે કુટુંબ પરિવારમાં સંતાનોનો ઉછેર અને દેખભાળ કેવી રીતે કરવી એનું દિશાસૂચન આ શ્લોકમાં છે. જ્યાં સુધી બાળક નાનું હોય અને સમજ બરાબર ન પ્રગટી હોય ત્યાં સુધી એનું લાલન-પાલન કરવું જોઈએ. પાંચથી દશ વર્ષની શિશુઅવસ્થા, તેના સંસ્કાર ઘડતરની અવસ્થા છે. એમાં તે ઘણું ગ્રહણ કરે છે. સમજે છે શીખે છે. આ ઉમરમાં તેને સારા-નરસાનું ભાન કરાવવું જોઈએ અને તે માટે તેને સન્માર્ગે વાળવા, જરૂર પડે ત્યારે 'સજા' કરવી ઘટે. પરંતુ એ સજામાં દુર્ભાવ ન હોવો જોઈએ. પ્રેમભાવમાં ઝબોળેલી લપાટ, બાળકને સારા-નરસાની સમજ આપે છે. પરંતુ બાળક શિશુ અવસ્થામાંથી તરુણ અવસ્થામાં આવે ત્યારે તેની સાથે પિતાએ મિત્રના જેવો વ્યવહાર કરવો. આધુનિક સમયમાં 'જનરેશન ગેપ'ની બહુ ચર્ચા થાય છે પરંતુ વડીલો અને યુવાનો વચ્ચે સમજણ કે મૈત્રીનો સેતુ બંધાય તો, બે પેઢી વચ્ચેનું અંતર, નિરંતર ઘટતું જાય છે.

જીવતો નર ભદ્રા પામશે

उपसर्गेऽन्यचक्रे च दुर्भिक्षे च भयावहे ।
असाधुजनसम्पर्के य: पलायति स जीवति ।।१९।।

કુદરતી આફતો આવી પડે ત્યારે, અન્ય રાજાનું આક્રમણ થાય તે વખતે, ભયાનક દુષ્કાળના સમયે તેમ જ દુર્જન સાથે પનારો પડે ત્યારે જે પલાયન કરે તે બચી જાય છે. (૧૯)

વિવરણ :

સંસ્કૃતમાં એક ચિંતન છે; 'न दैन्यम् न पलायनम् ।' દીનતા ન રાખવી અને પલાયન ન કરવું. અમુક સંજોગોમાં આ વાત સાચી હોય. પરંતુ ક્યારેક દીનતા પણ ઉપયોગી થાય છે, અને પલાયનથી લાભ થાય છે. જ્યારે જીવન-મૃત્યુનો જંગ

હોય ત્યારે 'જીવતો નર ભદ્રા પામશે' એ ન્યાયે ભાગવું અને જીવ બચાવી લેવો એમાં શાણપણ છે.

કુદરતી આફતો આવે, ભયંકર દુષ્કાળ પડે, જળપ્રલય થાય કે ભૂકંપ આવે ત્યારે સ્વરક્ષા માટે ભાગીને સલામત સ્થાને જવું જ જોઈએ એ જ રીતે બળવાન રાજાનું આક્રમણ થાય અને ભાગીને સ્વબચાવ કરવો પડે ત્યારે પલાયનથી જ જીવ બચે છે, જેમ આસમાની-સુલતાની આપત્તિ હોય છે તેવી જ ભયાનક આપત્તિ, દુર્જનનો સંગ છે. એનાથી પણ બચવું. લોક કવિ કહે છે;

'વારુ મારા વીરા રે સંગ ન કરીએ નીચનો હોજી
નીચપણુ તો નિશ્ચે નરક લઈ જાય'

ચાર પુરુષાર્થ અને જીવનની સફળતા

धर्मार्थकाममोक्षाणां यस्यैकोऽपि न विद्यते ।
जन्म-जन्मनि मर्त्येषु मरणं तस्य केवलम् ।।२०।।

જે મનુષ્યમાં, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારમાંથી એક પણ પુરુષાર્થ ન હોય તેવા મનુષ્યો, પ્રત્યેક જન્મમાં માત્ર મરણને શરણ જ થાય છે. (૨૦)

વિવરણ :

ભારતીય ચિંતન ધારામાં ચાર પુરુષાર્થોની વાત કરી છે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારનું જીવનમાં યથાયોગ્ય પાલન કરવામાં આવે તો જીવન ધન્ય બને છે. જેના જીવનમાં આ ચારમાંથી એક પણ ન હોય તે તો જીવતા છતાં મરેલો છે. પહેલો પુરુષાર્થ ધર્મ છે પછીના બે પુરુષાર્થો એટલે કે અર્થ (ધનસંપત્તિ) અને કામ (વિષય વાસના) પણ જરૂરના છે. એના વિના જીવન અધૂરું રહે. પરંતુ અર્થ અને કામ-બન્ને ધર્મઆધારિત હોવા જોઈએ. ધર્મથી ધન શોભે અને ધર્મથી કામ (sex) પણ ઉપકારક બને. ગીતાકારે કહ્યું; 'હે અર્જુન ! ધર્મથી વિરુદ્ધ ન હોય એવો કામ, મારું સ્વરૂપ છે.' આમ જેનાં જીવનમાં ધર્મ આધારિત કામ હોય અને ધર્મ આધારિત ધન હોય, તેને ચોથા પુરુષાર્થ મોક્ષ સહજ રીતે પ્રાપ્ત થાય છે.

જળ અને કમળથી સરોવર શોભે છે !

मूर्खा यत्र न पूज्यन्ते धान्यं यत्र सुसञ्चितम् ।
दम्पत्यो : कलहो नाऽस्ति तत्र श्री : स्वयमागता ।।२१।।

જે સ્થાનમાં મૂર્ખાઓને માન અપાતું નથી, અને જ્યાં ધાન્યનો સારી રીતે સંગ્રહ કરવામાં આવે છે, તેમ જ જ્યાં પતિપત્ની વચ્ચે કલહકંકાસ નથી હોતો ત્યાં સાક્ષાત લક્ષ્મી સ્વયં પધારે છે. (૨૧)

વિવરણ :

જે ઘરમાં કે સ્થાનમાં મૂર્ખલોકોને આદર આપવામાં નથી આવતો, તેમ જ ધન અને ધાન્ય બંનેનો આવશ્યકતા અનુસાર સંગ્રહ કરવામાં આવે, અને પતિપત્ની વચ્ચે પ્રેમ હોય અને ક્યારેય પણ કલહ કે વાદવિવાદ ન થતો હોય તે ઘરમાં લક્ષ્મીનો વાસ હોય છે. આવા ઘરમાં હંમેશાં સુખ હોય છે. એક સુભાષિતમાં કહ્યું છે; 'જળથી કમળ શોભે છે અને કમળથી જળશોભે છે. તેમ જ જળ અને કમળથી સરોવર શોભે છે. તે જ રીતે સુશીલ પત્નીથી પતિ શોભે છે, અને ગુણવાન પતિથી પત્ની શોભે છે. અને આવા પતિ અને પત્નીથી દાંપત્ય શોભે છે.'

*

॥ ચોથો અધ્યાય ॥

આત્મકલ્યાણ માટે ભવિષ્યની રાહ જોવી તે નર્યું અજ્ઞાન છે, શરીર રોગમુક્ત અને બળવાન છે ત્યાં સુધીમાં આત્મકલ્યાણની સાધના કરી લેવી.

વિધાતાના લેખ

आयु : कर्म च वित्तं च विद्या निधनमेव च ।
पञ्चैतानि हि सृज्यन्ते गर्भस्थस्यैव देहिन: ।।१।।

મનુષ્ય જ્યારે ગર્ભમાં હોય છે ત્યારે જ, આયુષ્ય, કર્મ, ધન, વિદ્યા અને મૃત્યુ – આ પાંચ બાબતો વિધાતા દ્વારા નિશ્ચિત થઈ જતી હોય છે. (૧)

વિવરણ :

સંત તુલસીદાસનું કથન છે; 'હાનિ, લાભ, જીવન, મરણ, જશ અપજશ વિધિ હાથ વિધાતાએ આટલી બાબતો પોતાના હાથમાં રાખી છે. એની ઇચ્છાથી જ આટલી વસ્તુઓ મળે છે અથવા નથી મળતી. મનુષ્ય કેટલું જીવશે, એ કેવા કર્મો કરશે, એને ધન મળશે કે નહીં મળે એ કેવું અને કેટલું ભણશે, અને ક્યાં અને કેવી રીતે મૃત્યુ પામશે એ બાબતો, મનુષ્ય ગર્ભમાં હોય ત્યારે જ એના લલાટમાં લખાઈ જાય છે. ભર્તૃહરિ કહે છે; 'तन्मार्जितुम् को क्षम: ।' વિધાતાના આ લેખ કોણ ભૂંસવા સમર્થ છે ?

સત્સંગથી આપણું ઘડતર થાય છે

साधुभ्यस्ते निवर्तन्ते पुत्रा मित्राणि बान्धवा: ।
ये च तै: सह गन्तारस्तद्धर्मात्सुकृतं कुलम् ।।२।।

જો પુત્રો, મિત્રો અને સ્વજનો, સત્પુરુષોથી વિમુખ થઈ જાય, તો તે કુળનું દુષ્કૃત્ય છે. પરંતુ જો તેઓ સાધુઓની સાથે રહે તો એના સત્સંગથી પરિવાર, પુણ્યશાળી બને છે. (૨)

વિવરણ :

સાધુઓનો સંગ, મનુષ્યને સન્માર્ગે દોરે છે અને સત્કર્મો કરવા પ્રેરે છે અને જો આવો સત્સંગ ન સાંપડે તો એ કુળનું દુર્ભાગ્ય ગણાય. પરિવારમાં પુત્રો, મિત્રો, અને સ્વજનોનો સત્સંગ લાભકારક થાય છે. ચારિત્ર્યનું અને સંસ્કારનું ઘડતર સત્સંગથી જ થાય છે માટે સત્સંગ કરવો અને કુસંગ ટાળવો.

સજ્જનોનો સમાગમ શા માટે ?

दर्शनध्यानसंस्पर्शैर्मत्सी कूर्मी च पक्षिणी ।
शिशुं पालयते नित्यं तथा सज्जनसंगतिः ।।३।।

જેવી રીતે માછલી, બરાબર જોઈને પોતાના બચ્ચાનું પાલન કરે છે, કાચબી, ધ્યાન રાખીને એના શિશુને સંભાળે છે, અને પક્ષીની માદા, સ્પર્શથી પોતાના બચ્ચાને પંપાળે છે તેવી જ રીતે સજ્જનોનો સમાગમ, દર્શનથી, ધ્યાનથી અને સ્પર્શથી લોકોનું પાલન કરે છે. (૩)

વિવરણ :

સંતોનો સમાગમ, સજ્જનોનું કેવી રીતે સંસ્કાર ઘડતર કરે છે અને એનું સર્વ પ્રકારે રક્ષણ કરે છે તેની વાત સુયોગ્ય દ્રષ્ટાંતો આપીને ચાણક્ય, આ શ્લોકમાં કરે છે. માછલી, જળમાં એના બચ્ચાનું બરાબર જોઈને રક્ષણ કરે છે. કાચબી, એના બચ્ચાને દરિયાકિનારાની રેતીમાં રાખે છે અને પોતે તો દૂર સમુદ્રમાં તરતી હોય છે પણ એનું ધ્યાન તો એના બચ્ચા તરફ હોય છે. અને પક્ષી, માળામાં એના ઈંડા મૂકે છે, એમાંથી બચ્ચા થાય ત્યારે સ્પર્શથી હૂંફથી એનું રક્ષણ અને પાલન કરે છે.

સંતો, એના સાધકોને દર્શન આપીને, ધ્યાન કરાવીને અથવા કરીને, અને સ્પર્શ દ્વારા એનું ચૈતન્ય જાગૃત કરીને એનું કલ્યાણ કરતાં હોય છે.

આંખો મીંચાય પછી કંઈ ન થાય

यावत्स्वस्थो ह्ययं देहो यावन्मृत्युश्च दूरतः ।
तावदात्महितं कुर्यात् प्राणान्ते किं करिष्यति ।।४।।

જ્યાં સુધી આ શરીર સ્વસ્થ છે, અને જ્યાં સુધી મૃત્યુ હજી દૂર છે ત્યાં સુધીમાં આત્મકલ્યાણ સાધી લેવું જોઈએ. દેહમાંથી પ્રાણ પ્રયાણ કરે પછી તો શું કરી શકાય ? (૪)

વિવરણ :

લોકો એમ કહેતા હોય છે, હજુ તો યૌવનના દિવસો છે એને બરાબર માણી લઈએ. પછી ગઢપણમાં ગોવિંદ ગાશું. આ પ્રકારની વિચારસરણીથી કાર્ય સિદ્ધ થતું નથી. આત્મકલ્યાણ માટે ભવિષ્યની રાહ જોવી એ નર્યું અજ્ઞાન છે. ભર્તૃહરિએ પણ કહ્યું છે કે જ્યાં સુધી કાયાના ગઢને જરાના લશ્કરે ઘેરી નથી લીધું અને શરીર રોગમુક્ત અને બલવાન છે ત્યાં સુધીમાં આત્મકલ્યાણની સાધના કરી લેવી. પછી જ્યારે અંગ ગળી જાય. દાંત પડી જાય, અને માથે પળિયા આવે ત્યારે આત્મકલ્યાણ શું ખાક સાધી શકવાના ? અને એમ કરતા કરતા દેહ પડી જાય પછી શું થવાનું ? ધર્મસાધના માટે પણ શરીરમાં જીવ હોવો જોઈએ. ઠીક કહ્યું છે કવિએ 'संमीलने नयनयोः न हि किञ्चिदस्ति ।' આંખો મીંચાય પછી કાંઈ ન થાય. અને જે માણસ, જોબનમાં ન જાગ્યો એ ઘડપણમાં શું ધૂળ જાગવાનો ?

વિદ્યા એ જ ગુપ્ત ધન

कामधेनुगुणा विद्या ह्यकाले फलदायिनी ।
प्रवासे मातृसदृशी विद्या गुप्तं धनं स्मृतम् ।।५।।

વિદ્યા તો કામધેનુના જેવી ગુણવાળી હોવાથી અકાળે પણ ફૂળ આપનારી બને છે. પ્રવાસના સમયે એ માતાની જેમ કલ્યાણ કરે છે. વિદ્યા તો ખરેખર ગુપ્ત સંપત્તિ છે. (૫)

વિવરણ :

રાજર્ષિ ભર્તૃહરિએ વિદ્યાની બહુ જ પ્રશંસા કરી છે, વિદ્યા, મનુષ્યનું રૂપ છે. એ ગુપ્ત ધન છે. એ ભોગ આપનારી અને ઐશ્વર્ય તથા કીર્તિ વધારનારી છે, તે ગુરુઓની પણ ગુરુ છે. વિદેશમાં એ સ્વજનોની જેમ સહાય કરે છે. એ પરમ દેવતા છે. આવી ગુણવત્તાવાળી વિદ્યા, જેની પાસે હોય તે 'विद्वान् सर्वत्र पूज्यते । ચાણક્ય, યોગ્ય રીતે જ વિદ્યાને કામધેનુ કહે છે. જેવી રીતે કામધેનુ, ઈચ્છિત ફળ તરત જ આપે છે તેવી રીતે વિદ્યા પણ ત્વરિત ફળ આપે છે.'

ચિંતનનું મહામૂલ્યવાન મોતી

वरमेको गुणी पुत्रो निर्गुणैश्च शतैरपि ।
एकश्चन्द्रस्तमो हन्ति न च तारा : सहस्त्रश : ।।६।।

ગુણ વિનાના સેંકડો પુત્રોના કરતાં ગુણવાળો એક જ પુત્ર શ્રેષ્ઠ છે. ચન્દ્રમા એકલો હોય તો પણ અંધકારને હટાવી દે છે પરંતુ હજારો તારાઓ અંધકાર મીટાવી શકતાં નથી. (૬)

વિવરણ :

ચાણક્યે, પરિવાર અને સમાજમાં સુખ-શાંતિ પ્રવર્તે તે માટે આ વિચારને પોતાના મનની ખરલમાં વારેવારે ઘૂંટ્યો છે. સેંકડો ગુણહીન સંતાનો કરતા ભલે એક જ હોય પણ ગુણવાન સંતાન શ્રેષ્ઠ છે. એ સમજાવવા તેણે કવિ કાલિદાસની સાહિત્યમંજૂષામાંથી ચિંતનનું મહામૂલ્યવાન મોતી ગોતી કાઢ્યું છે. કાલિદાસે કહ્યું છે; 'ભલેને નક્ષત્રો, ગ્રહો અને તારાઓની ભરી ભરી હોય તો પણ રાત્રિ તો ચન્દ્રની ચાંદનીથી જ પ્રકાશિત થાય છે.' એ જ રીતે પરિવારનું નભોમંડળ પણ ચન્દ્ર સમાન ઝળહળતા એક ગુણવાન સુપુત્રથી ઉજ્જવળ બને છે. તારાઓ ટમટમે પણ એનાથી અંધારા ન હટે. એમ અસંખ્ય ગુણહીન પુત્રો હાજર હોય તો પણ કુટુંબમાં કીર્તિના કે સંપત્તિના અજવાળા ન પથરાય ! તેથી સ્પષ્ટ છે કે તેજસ્વિતા મહત્ત્વની છે.

કેટલું જીવ્યા એ નહીં, કેવું જીવ્યા એ મહત્વનું

मूर्खश्चिरायुर्जातोऽपि तस्माज्जातमृतो वरः ।
मृतः स चाऽल्पदुःखाय यावज्जीवं जडो दहेत् ।।७।।

જન્મીને દીર્ઘાયુ બને તેવા મૂર્ખ પુત્ર કરતાં તો જન્મીને તરત જ મરી જનારો પુત્ર સારો. કારણ કે આ રીતે મૃત્યુ પામનાર પુત્ર, ઘડીક જ દુઃખ આપે, જ્યારે મૂર્ખ પુત્ર તો આખી જિંદગી બાળ્યા કરે. (૭)

વિવરણ :

એક વિચારકે ઠીક કહ્યું છે; 'તમે કેવું જીવ્યા એ મહત્ત્વનું છે કે કેટલું જીવ્યા એ મહત્ત્વનું છે' જિંદગી ગુણની ફૂટપટ્ટીથી મપાય છે કાળની માપપટ્ટીથી નહીં. મહાભારતમાં પણ કહેવાયું છે; 'અગ્નિના એક જ ઉંબાડિયાની જેમ ઘડીક તો ઘડીક ભડભડ સળગી લેવું સારું, પરંતુ ફોતરાના મોટા ઢગલાની જેમ ધુમાડાથી ધૂંધાવાયા કરવું નહીં સારું આ ચિંતનનું પ્રતિબિંબ આ શ્લોકમાં ઝીલાયું છે.'

માત્ર ઉંમરમાં જ વધે, પણ બુદ્ધિ કે સત્કર્મોમાં ન વધે એવા મૂર્ખ પુત્ર કરતાં જન્મીને તરત જ મરી જાય એવો પુત્ર સારો. કારણ કે આમ જલદી મરી જનારો પુત્ર, ઘડીક જ દુઃખ આપે. મૂર્ખ પુત્રના દોષો, અપરાધો અને કુકર્મોની આગમાં તો માતા-પિતાએ જીવનભર બળ્યાં કરવાનું !

અગ્નિ વિના બાળનાર

कुग्रामवासः कुलहीनसेवा कुभोजनं क्रोधमुखी च भार्या ।
पुत्रश्च मूर्खो विधवा च कन्या विनाऽग्निना षट् प्रदहन्ति कायम् ।।८।।

ખરાબ ગામમાં નિવાસ, કુલહીન માણસની ચાકરી, ખરાબ પદાર્થોનું ભોજન, ક્રોધભર્યા મુખવાળી પત્ની, મૂર્ખ પુત્ર અને વિધવા કન્યા – આ છ બાબતો, અગ્નિ વિના શરીરને બાળે છે. (૮)

વિવરણ :

સંસારમાં કેટલીક બાબતો એવી હોય છે, જે સંતાપ અને ચિંતાથી મનુષ્યને સતત બાળ્યા કરે. જે ગામ બધી રીતે ખરાબ હોય, જ્યાં સારા માણસો ન રહેતા હોય, જ્યાંનું હવામાન ખરાબ હોય, જ્યાં કોઈ સુવિધા ન હોય તેને 'કુગ્રામ' કહેવાય. આવા ગામમાં વસવાથી કાયમ ઉપાધિમાં જ જીવવું પડે. તેથી આવા ગામમાં વસવું નહીં.

કુલહીન માલિકની ચાકરી કરવી એમાં પણ દુઃખ સિવાય કાંઈ પણ ન મળે. ખીજ તો એના સ્વભાવમાં હોય તેથી એ ખીજાયા કરે, પણ ક્યારેક રીઝે તો પણ કાંઈ આપતો નથી, 'ઠપકા' સિવાય એની પાસે કાંઈ આપવાનું નથી હોતું, એ જ રીતે ખરાબ ભોજન, ક્રોધવાળી પત્ની, મૂર્ખ પુત્ર અને વિધવા કન્યા પણ સંતાપ આપે છે. આ છ બાબતો, દુઃખની આગ છે.

પુત્રની કિંમત શેમાં ?

किं तया क्रियते धेन्वा या न दोग्ध्री न गर्भिणी ।
कोऽर्थ : पुत्रेण जातेन यो न विद्वान् न भक्तिमान् ।।९ ।।

જે ગાય ન તો દૂધ આપતી હોય કે ન તો ગાભણી હોય તેનું શું કામ ? તે જ રીતે જે પુત્ર ન તો વિદ્વાન હોય કે ન ભક્તિમાન હોય તેના જન્મથી શું લાભ ? (૯)

વિવરણ :

કોઈપણ વસ્તુ કે વ્યક્તિ, ગુણથી જ મૂલ્યવાન અને ઉપયોગી ગણાય છે. બાહ્ય દેખાવ કે આડંબરથી કોઈ છેતરાતું નથી. ગાયની કિંમત એ કેટલું અને કેવું દૂધ આપે છે તેના ઉપરથી થાય છે. દૂધ ન દેનારી અથવા વાંઝણી ગાય, ગમે તેટલી સુંદર કે તંદુરસ્ત હોય તો પણ કોઈ ખરીદતું નથી. એ જ રીતે પુત્રની કિંમત, તેની વિદ્યાથી, ગુણથી અને પ્રેમાળ સ્વભાવથી થાય છે. આવા સદ્‌ગુણો ન હોય તો પુત્ર હોય કે ન હોય બધું સરખું છે.

જીવનની ત્રણ મહત્ત્વની કડીઓ

संसार तापदग्धानां त्रयो विश्रान्तिहेतव : ।
अपत्यं च कलत्रं च सतां संगतिरेव च ।।१०।।

સંસારના સંતાપથી તપેલા લોકો માટે વિશ્રાંતિ આપે તેવા ત્રણ જ સ્થાનો છે – સુશીલ સંતાનો, કુલીન પત્ની અને સંતોની સંગતિ. (૧૦)

વિવરણ :

સંસાર, ત્રણ પ્રકારના તાપથી બળ્યા કરે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ. એમાં આધિ, માનસિક પીડા છે. વ્યાધિ એટલે શારીરિક રોગો અને ઉપાધિ એટલે બહારથી આવતી આસમાની – સુલતાની આફતો. આ ત્રણ પ્રકારના તાપથી સંસારના લોકો બળ્યા જ કરે છે. આવા સંતાપના તાપમાં લોકોને વિશ્રાંતિ મળે અને આનંદ તથા ઉલ્લાસની પ્રાપ્તિ થાય તેવા ત્રણ આશ્રય સ્થાનો છે. સુશીલ સંતાનો હોય તો વિવિધ તાપ ન નડે, કુલીન પત્ની તો શીતળ છાયા જેવી. તે તો સાંસારિક તાપને હટાવી, શીતળ છાયા આપે, એક સુભાષિતકારે કુલવંતી સ્ત્રીને, રસ્તાને કાંઠે ઊભેલા ઘટાદાર અને છટાદાર વૃક્ષ સાથે સરખાવી છે ! રસ્તાને કાંઠે આવેલું વૃક્ષ, જરૂર પડે ત્યારે છાયા આપે. સમય આવ્યે મધુર ફળ આપે અને તે 'વાતાનુકુલિત' હોય. તે ઊનાળામાં ઠંડક આપે અને શિયાળામાં ઉષ્મા આપે. સુશીલ સન્નારીની પ્રકૃતિ પણ વિશાળ તથા ઉત્તમ વૃક્ષ જેવી !

વળી સંતાપ હટાવનારું ત્રીજું મહત્ત્વનું આશ્રય સ્થાન એટલે સંતોનો સંગ. એક ગઝલકારે કહ્યું છે;

'ઓલિયા સાથે વિતાવી એક પળ,
જિંદગી આખીય એમાં ઝળહળ'

સત્તા અને શક્તિની ખરી શોભા

सकृज्जल्पन्ति राजान : सकृज्जल्पन्ति पण्डिता : ।
सकृत् कन्या : प्रदीयन्ते त्रीण्येतानि सकृत्सकृत् ।।११।।

રાજાઓ એક જ વાર આદેશ આપે છે. પંડિતો પણ એક જ વાર વાત કરે છે. કન્યાઓનું દાન પણ એક જ વાર કરાય છે. આ ત્રણ બાબતો એક એક વખત જ કરવાની હોય છે. (૧૧)

વિવરણ :

રાજા, એક જ વાર હૂકમ કરે કે તરત જ એનો અમલ થવો જોઈએ. એમાં કોઈ તર્ક કે દલીલને સ્થાન ન હોવું જોઈએ જો રાજાને બીજી વાર હુકમ કરવો પડે એવી સ્થિતિ સર્જાય તો એ તેની સત્તા કે શક્તિની ખામી ગણાય.

પંડિતોનું દર્શન, જ્ઞાન, વિચારધારા સ્પષ્ટ હોય છે, તેથી તેઓ એક જ વાર ઉપદેશ આપે છે. બીજી વાર એને એના ઉપદેશને બદલવો પડતો નથી. એકવાર એક વાત કરે અને બીજી વાર જુદી વાત કરે એવો પંડિત, વિદ્વાન ન જ હોય.

એ જ રીતે કન્યાદાન, એક જ વાર અપાય છે. આ ત્રણ બાબતો એક જ વાર કરવાની હોય છે. એમાં જ એની મહત્તા અને શોભા છે.

સંખ્યા અને આપણું જીવન

एकाकिना तपो द्वाभ्यां पठनं गायनं त्रिभि: ।
चतुर्भिर्गमनं क्षेत्रं पञ्चभिर्बहुभिर्रण: ।।१२।।

તપ, એકલાએ જ કરવાનું, પાઠ બે જણાએ કરવાનો, ગાયન, ત્રણ વ્યક્તિઓએ કરવું, પ્રવાસ વગેરેમાં ચાર જણાએ જવું અને રણમેદાનમાં પાંચ લોકોએ જવું. (૧૨)

વિવરણ :

તપ, એ તો સ્વકલ્યાણ સાધવા માટે જ હોય છે માટે તપ, વ્યક્તિએ એકલાએ જ કરવાનું હોય છે. તપમાં કાંઈ સમૂહનો સહકાર કામ આપતો નથી. જ્યારે પાઠ, બે જણાએ સાથે કરવો. સાથે પાઠ કરવાથી એકાગ્રતા આવે છે. વેદપાઠ ગુરુ શીખવે અને શિષ્ય એ પ્રમાણે બોલે. આમ ગુરુ અને શિષ્ય, બે જણાના સહકારથી વેદપાઠ ત્વરિત અને સાચી રીતે શીખાય છે. 'પાઠ બે જણાએ કરવો' એમ કહ્યું છે એનો શાબ્દિક અર્થ ન લેતા, એક કરતાં વધારે એવો અર્થ લેવાનો છે. પ્રાચીન ગુરુ-કુળોમાં વેદપાઠી બ્રાહ્મણો સમૂહમાં વેદપાઠનું ગાન કરતા હતાં.

'ગાયન ત્રણ વ્યક્તિઓએ કરવું' એનો અર્થ પણ સમૂહગાન લેવાનો છે. સમૂહગાન વધુ પ્રભાવક બને છે. પ્રવાસમાં જેમ વધુ સાથીઓ જોડાય તેમાં પ્રવાસમાં વધુ મજા પડે છે એટલે પ્રવાસ ચાર વ્યક્તિઓએ કરવો એમ કહેવામાં આવ્યું છે. અને રણમેદાનમાં તો અનેક લોકોની જરૂર પડે છે.

ઉત્તમ સન્નારીઓથી રાષ્ટ્ર ઉત્તમ બને છે

सा भार्या या शुचिर्दक्षा सा भार्या या पतिव्रता ।
सा भार्या या पतिप्रीता सा भार्या सत्यवादिनी ।।१३।।

પત્ની એ છે જે પવિત્ર અને પ્રવીણ હોય, પત્ની એ છે જે પતિવ્રતા હોય, પત્ની એ છે જે પતિ ઉપર પ્રેમ રાખનારી હોય, અને પત્ની એ છે જે સત્ય બોલનારી હોય (૧૩)

વિવરણ :

આ શ્લોકમાં પત્નીના ગુણો દર્શાવ્યા છે. આવા ગુણવાળી પત્નીથી પતિ તો ખુશ રહે જ છે, પરિવારમાં પ્રસન્નતા અને શાંતિ પ્રવર્તે છે. શાસ્ત્રોએ પત્નીના શરીરને 'ક્ષેત્ર' કહ્યું છે. જે ક્ષેત્ર કોઈપણ પ્રકારના દોષ વિનાનું, ફળદ્રુપ અને ઉત્તમ હોય તેમાં શ્રેષ્ઠ ધાન્ય પાકે છે. એ જ રીતે સ્ત્રી જો ઉત્તમ હોય તો સંતતિ ઉત્તમ થાય છે. સમ્રાટ નેપોલિયન કહેતો; 'ઉત્તમ સન્નારીઓથી જ રાષ્ટ્ર ઉત્તમ બને છે' એટલે પત્ની તરીકે સ્ત્રી પવિત્ર, પ્રવીણ, પતિવ્રતા, પ્રેમાળ અને પ્રસન્ન હોવી જોઈએ. અંગ્રેજ કવિ વિલિયમ વર્ડ્ઝવર્થે શ્રેષ્ઠ સન્નારી કેવી હોય તેનું વર્ણન કરતાં કહ્યું છે;

A perfect woman nobly-Planned
To warn to comfort and command,
And yet a spirit still and bright,
With something of angelic light.

(સન્નારી પરિપૂર્ણ હોય, તેનું ઘડતર શ્રેષ્ઠ રીતે થયું હોય. ચેતવનારી સહાનુભૂતિ આપનારી અને અંકુશમાં રાખનારી હોય. એ એવી જાજરમાન શાંત શક્તિ હોય જેમાં દેવદૂતના જેવી દિવ્ય જ્યોતિ હોય !)

અને આ જ વાત ઉત્તમ પુરુષને પણ લાગુ પડે છે. આવા ગુણ જેનામાં હોય તેને જ ઉત્તમ પુરુષ ગણવો. કોઈ પણ પુરુષ, પોતાની પત્નીમાં જે ગુણોની અપેક્ષા રાખે, એવા ગુણો એના પોતાનામાં પણ હોવા જ જોઈએ.

દરિદ્રતાથી મુક્તિ મેળવો

अपुत्रस्य गृहं शून्यं दिश : शून्यास्त्वबान्ध्वा : ।
मूर्खस्य हृदयं शून्यं सर्वशून्या दरिद्रता ।।१४।।

પુત્ર વિનાનું ઘર સૂનુ છે, સગાસંબંધીઓ વિના દિશાઓ શૂન્ય છે, મૂર્ખનું હૃદય શૂન્ય છે. અને દરિદ્રતા તો સર્વ રીતે શૂન્ય છે. (૧૪)

વિવરણ :

આ શ્લોકમાં ચાણક્ય, મુખ્ય ધ્યાન તો દરિદ્રતા ઉપર દોરવા માગે છે. દરિદ્રતા મહાભયાનક શાપ છે તેથી એમાંથી મુક્તિ મેળવવી જોઈએ. દરિદ્રતા મનુષ્યને એકલોઅટૂલો નિરાશ અને નાસીપાસ બનાવી દે છે. એને માટે સર્વ દિશાઓ આંધળી છે. એનાથી જીવન સર્વ રીતે શૂન્ય બની જાય છે. જે ઘરમાં પુત્ર ન હોય તે ઘર સૂનું છે. જે માણસને સગા અને સ્વજનો ન હોય તેને માટે દિશાઓ શૂન્ય છે. અને મૂર્ખના

હૃદયમાં પ્રેમ-ભાવ-દયા-કરુણા કશું નથી હોતું તેથી તેનું હૃદય શૂન્ય છે. પણ ગરીબાઈમાં બધું જ શૂન્ય. એક કવિએ કટાક્ષમાં સરસ વાત કરી. 'હે દરિદ્રતા ! તને નમસ્કાર. તારી કૃપાથી હું સિદ્ધ થઈ ગયો છું. અને તેથી હું બધાને જોઈ શકું છું પણ મને કોઈ જોઈ શકતું નથી.' આ રીતે જાણે દેખાતો જ ન હોય તેવો સાવ શૂન્ય બની જાય છે ગરીબ માણસ !

શાસ્ત્રોનો પણ સતત અભ્યાસ ચાલવો જોઈએ

अनभ्यासे विषं शास्त्रमजीर्णे भोजनं विषम् ।
दरिद्रस्य विषं गोष्ठी वृद्धस्य तरुणी विषम् ।।१५।।

સતત અભ્યાસ કર્યા વિના, શાસ્ત્ર ઝેર સમાન છે. પાચન ન થયું હોય તેવા અજીર્ણમાં ભોજન કરવું એ ઝેર છે, દરિદ્ર માણસ માટે મિત્રોની મહેફિલ ઝેર છે અને વૃદ્ધપુરુષ માટે યુવતી ઝેર છે. (૧૫)

વિવરણ :

'અભ્યાસ'નો અર્થ જ થાય છે અવિરત પ્રયાસ. વણથંભી તાલીમ પ્રક્રિયા એટલે અભ્યાસ. શ્રેષ્ઠ સંગીતકાર રિયાજથી અભ્યાસ ન કરે તો તેની સંગીતકલા ઘટે, ઉત્તમ ચિત્રકાર, ચિત્રાવલિનો સતત અભ્યાસ ન કરે તો તેની કુશળતામાં ખામી આવે. શાસ્ત્રોનો પણ સતત અભ્યાસ ચાલવો જોઈએ. અનુભવીઓનું કથન છે કે કોઈ પણ વિદ્યાને તમે ત્રણ પખવાડિયા સુધી યાદ ન કરો તો તે ભૂલાવા લાગે છે. અને જે શાસ્ત્ર ભુલાઈ જાય તે શું કામનું ? એ જ રીતે હજુ એક ભોજન પચ્યું ન હોય ત્યાં તરત જ બીજું ભોજન કરવું તે ઝેર છે. જેની પાસે ધન ન હોય તેવો માણસ મિત્રોની મહેફિલમાં જાય તો પણ હાંસીપાત્ર બને માટે ગરીબ માટે, મહેફિલ ઝેર છે. અને વૃદ્ધ પુરુષ, યુવાન કન્યાને ભોગવવા શરીરથી અસમર્થ હોય છે તેથી આવી યુવતી તેને માટે ઝેર છે. ભર્તૃહરિએ સરસ વાત કરી છે; 'યુવતીઓ ધોળા વાળવાળા વૃદ્ધોને એવી રીતે તજી દે છે જેવી રીતે પનીહારીઓ કાંઠે પડેલા ધોળા હાડકાંના ઢગલાવાળા કૂવાને તજી દે.'

શું શું ત્યાગને પાત્ર છે તે અંગેની સમજ

त्यजेद्धर्मं दयाहीनं विद्याहीनं गुरुं त्यजेत् ।
त्यजेत्क्रोधमुखीं भार्यां निःस्नेहान् बान्धवांस्त्यजेत् ।।१६।।

દયા વિનાના ધર્મનો ત્યાગ કરવો જોઈએ. વિદ્યા વિનાના ગુરુને તજી દેવા જોઈએ. ક્રોધભર્યા મુખ વાળી ભાર્યાનો ત્યાગ કરવો અને સ્નેહવિનાના સ્વજનોને છોડી દેવા. (૧૬)

વિવરણ :

કોઈપણ ધર્મ દયા વિનાનો ન હોઈ શકે. દયા, એ ધર્મનું મૂળ છે. ઠીક કહ્યું છે કવિએ; 'જીવદયા છે ધર્મ બધાના મૂળમાં' જગતમાં કોઈ ધર્મ એવો નથી જે દયા ન રાખવાનું કહેતો હોય. એથી જો કોઈ ધર્મ દયા વિનાનો હોય તો એ ધર્મ નથી, પરંતુ ધર્મના અંચળામાં છૂપાયેલો શેતાન છે. તેથી દયા વિનાના ધર્મને તજવો.

વિદ્યા વિનાના ગુરુને તજવો. જે ગુરુ, સાંસારિક વિદ્યા ન ભણાવી શકે તેને તજવો, અને આધ્યાત્મિક જ્ઞાન ન આપી શકે તેને પણ તજવો. અખો કહે છે; 'ધન હરે, ધોખો ન હરે, એવા ગુરુ કલ્યાણ ક્યાંથી કરે ?'

ક્રોધી મુખવાળી ઘરવાળી સાક્ષાત રાક્ષસી છે. કારણ કે ક્રોધનું વર્તુળ ઘૂમતું ઘૂમતું મૃત્યુ પાસે આવીને અટકે છે. ક્રોધી વ્યક્તિ મરે અને મારે. માટે એના ત્યાગમાં જ કલ્યાણ થાય. અને સ્નેહ વિનાના સગા શું કામના ? વ્યવહારમાં 'સગાવહાલા' શબ્દ સાથે વપરાય છે. સગા હોય તે વહાલા હોવા જ જોઈએ. અને જે વહાલા ન હોય એવા સગાને છોડી દેવા.

સમયનું બંધન સૌને નડે છે

अध्वा जरा मनुष्याणां वाजिनां बन्धनं जरा ।

अमैथुनं जरा स्त्रीणां वस्त्राणामातपो जरा ।।१७।।

લાંબો પંથ કાપવો એ મનુષ્ય માટે વૃદ્ધાવસ્થા રૂપ છે. જો અશ્વોને બાંધી રાખવામાં આવે તો એ તેને માટે ઘડપણ છે. સંભોગ ન કરવામાં આવે તો સ્ત્રી ઘરડી થાય છે. અને તડકો, વસ્ત્રો માટે જીર્ણ કરનારી સ્થિતિ છે. (૧૭)

વિવરણ :

જૂના જમાનામાં હજારો માઈલોનો પ્રવાસ પગપાળા જ થતો એટલે તો અખાને કહેવું પડ્યું; 'તીરથ કરતાં આ તન ટળે.' તીર્થોમાં અને પ્રદેશોમાં પગપાળા પ્રવાસ કરીને માણસ થાકી જતો, ઘરડો થઈ જતો. એટલે લાંબા પંથ કાપવાને મનુષ્યની જરા (વૃદ્ધાવસ્થા) કહી છે.

અશ્વવિદ્યાના જાણકાર કહે છે કે અશ્વને જો બાંધી રાખવામાં આવે, એને દોડાવવામાં ન આવે તો એ વૃદ્ધ–એટલે કે નકામો થઈ જાય છે. એની ચાલ પણ બગડી જાય છે. માટે અશ્વને માટે બંધન, વૃદ્ધાવસ્થા છે.

સંભોગ ન કરવામાં આવે તો સ્ત્રીને ઘડપણ આવે છે. કામશાસ્ત્રપંડિતો કહે છે કે સપ્રમાણ અને સમાન રતિક્રીડાથી પુરુષ અને સ્ત્રી બંને તન-મનથી પ્રસન્ન રહે છે. અને ઘડપણ જલદી આવતું નથી.

વ્યહવાર-જગત વિશે શિખામણ

कः कालः कानि मित्राणि को देशः कौ व्ययाऽऽगमौ ।
कश्चाऽहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ।।१८।।

સમય કેવો છે, મિત્રો કોણ છે, દેશ કેવો છે, આવક અને જાવક કેવા છે, આપણે કોણ છીએ, અને આપણી શક્તિ કેવી છે, આ બધી બાબતોનો વારે વારે વિચાર કરી લેવો જોઈએ. (૧૮)

વિવરણ :

કોઈપણ શાણા મનુષ્યે, દેશ, કાળ, મિત્રો, આવક-જાવક, પોતાની જાત અને આત્મશક્તિનો વારે વારે વિચાર કરીને જ નિર્ણયો લેવા જોઈએ. સમય, પણ પ્રતિકૂળ અથવા અનુકૂળ હોઈ શકે. સમય પ્રતિકૂળ હોય ત્યારે શાંત રહીને અનુકૂળ સમયની પ્રતીક્ષા કરવી. મિત્રો પણ સમજીને કરવા. સન્મિત્રો હંમેશાં સહાયરૂપ બને છે, પણ ઉપરથી મિત્રનો દેખાવ કરે એવા અને અંદરથી શત્રુ હોય એવા મિત્રો ન કરવા.

જે દેશમાં વસીને તે દેશ પણ સારા ગુણવાન લોકોનું નિવાસસ્થાન છે કે નહીં તે જાણી લેવું. એક ચિંતકે સરસ કહ્યું છે –

બે ત્રણ શાણા
બે ત્રણ દાના
નગરજનો જ્યાં વસતા ન હોય
ત્યાં ન વસવું, કારણ કે એ
નગર નથી પણ વગડો વન છે !

માણસે પોતાની આવક-જાવક પ્રમાણે જ ખર્ચ કરવો. વળી પોતાની જાત, પોતાની શક્તિ અને આત્મસમજની મર્યાદા સમજીને જ વ્યવહાર કરવો.

એ આપણા મુખ્ય પાંચ પિતૃઓ છે

जनिता चोपनेता च यस्तु विद्यां प्रयच्छति ।
अन्नदाता भयत्राता पञ्चैते पितरः स्मृताः ।।१९।।

જન્મદાત્રી માતા, ઉપનયન સંસ્કાર આપનાર ગુરુ, વિદ્યાગુરુ, અન્નદાતા અને ભયમાંથી રક્ષણ કરનાર – આ પાંચ પિતૃઓ છે. (૧૯)

વિવરણ :

આપણી ભારતીય સંસ્કૃતિ 'પિતૃદેવો ભવ !' સિદ્ધાંતમાં માને છે અને તે પ્રમાણે વર્તન કરીને પિતૃઓની પૂજા કરે છે. આપણા માતા-પિતા તો આપણા જન્મદાતા પિતૃઓ છે જ, પરંતુ જે આચાર્ય ઉપનયન સંસ્કાર કરાવીને આપણને શિક્ષણ આપે છે તે પણ પિતૃ છે. વિદ્યાગુરુ પણ પિતૃ છે. જે અન્ન આપીને આપણું પોષણ કરે, અથવા આપણી આજીવિકા બાંધી આપે તે અન્નદાતા પણ પિતૃ છે. અને ભયમાંથી જે રક્ષણ કરે એ રક્ષક પણ પિતૃ છે. આપણે માટે આ બધા પિતૃઓ સાક્ષાત્ દેવતા છે. એમ માનીને એમની પૂજા કરવી એ જ સાચો માનવધર્મ છે !

પાંચને માતાઓ માનવામાં આવે છે

राजपत्नी गुरो : पत्नी मित्रपत्नी तथैव च ।
पत्नीमाता स्वमाता च पञ्चैता मातर : स्मृता : ।।२०।।

રાજાની પત્ની, ગુરુપત્ની, મિત્રપત્ની, તેમ જ પત્નીની માતા અને પોતાની માતા – આ પાંચને માતાઓ માનવામાં આવે છે. (૨૦)

વિવરણ :

ઉપરના શ્લોકમાં જેમ પાંચ પ્રકારના પિતૃઓ કહ્યા, તેમ પાંચ પ્રકારની માતાઓ છે. જન્મદાત્રી માતાનું જેટલુ મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ અહીં ગણાવેલી ચાર અન્ય માતાઓનું પણ છે. શાસ્ત્રો, રાજાને, પ્રજાનો પિતા ગણાવે છે, તેથી રાજાની પત્ની પ્રજાની માતા ગણાય. ગુરુપત્ની પણ માતાના સ્થાને છે. મિત્રપત્ની સાથે પણ માતૃત્વનો વ્યવહાર કરવો. મિત્રપત્નીને બહેન ન ગણતા, માતા ગણવાનું એટલા માટે કહ્યું છે કે માતા તરફ હંમેશાં પૂજ્યભાવ રહે છે. એ જ રીતે પત્નીની માતા એટલે સાસુ પણ માતાના સ્થાને છે.

આત્મતત્ત્વ હૃદયની ગુહામાં રહેલું છે

अग्निर्देवो द्विजातीनां मुनीनां हृदि दैवतम् ।
प्रतिमा स्वल्पबुद्धीनां सर्वत्र समदर्शिन : ।।२१।।

દ્વિજાતિ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યના દેવતા અગ્નિ છે. મુનિઓના દેવતા એના હૃદયમાં હોય છે. અલ્પબુદ્ધિવાળા લોકોના દેવતા, મૂર્તિઓ છે. પરંતુ સમદર્શી માનવોનાં દેવતા સર્વત્ર હોય છે. (૨૧)

વિવરણ :

ચાર વર્ણોમાં દ્વિજાતિ શબ્દ, કેવળ બ્રાહ્મણ માટે જ વપરાતો ન હતો. ઉપનયન સંસ્કારની વિધિ, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણેય જાતિઓ માટે શાસ્ત્રસંમત હતી તેથી આ ત્રણેય વર્ણો 'દ્વિજાતિ'ની કક્ષામાં આવતા. અને અગ્નિ, એ દ્વિજાતિના દેવતા માનવામાં આવ્યા છે. પરિણામે આ ત્રણેય જાતિઓના દેવતા અગ્નિ છે. ઉપનિષદ કહે છે; 'આત્મતત્ત્વ, હૃદયની ગુહામાં રહેલું છે.' મુનિઓના હૃદયમાં જ્ઞાનાગ્નિ, સતત પ્રજ્જવલિત રહે છે તેથી મુનિઓના દેવતા તેના હૃદયમાં બિરાજે છે. સામાન્ય લોકો, જેમા જ્ઞાનનો પ્રકાશ પ્રગટ્યો નથી તેઓ, મૂર્તિમાં દેવતાના દર્શન કરે છે. પરંતુ સમદર્શી પ્રજ્ઞાવાન જ્ઞાનીઓને જડ ચેતન સમસ્ત સૃષ્ટિમાં દેવતાની અનુભૂતિ થાય છે. સંતકવિ ભોજા ભગત કહે છે;

'રમતા રામ પરખ લે પ્યારે !
સબ ઘટ સમતા દોરી.'

હે પ્યારા ! તું સમજી લે અને સમ્યક્ દર્શન કરી લે કે બધા જ ઘટમાં એક જ રામ રમી રહ્યા છે.

*

॥ પાંચમો અધ્યાય ॥

સાચા અને સારા મનુષ્યની પરીક્ષા ચાર રીતે થાય છે. તેનામાં ત્યાગ ભાવના, શીલ, ગુણ અને સત્કર્મો હોય તો તે ઉત્તમ મનુષ્ય છે.

આપણી ભારતીય પરંપરાના સંસ્કાર

गुरुरग्निर्द्विजातीनां वर्णानां ब्राह्मणो गुरु : ।
पतिरेव गुरु : स्त्रीणां सर्वस्याऽभ्यागतो गुरु : ।।१।।

દ્વિજાતિ એટલે બ્રાહ્મણ. ક્ષત્રિય અને વૈશ્યના ગુરુ અગ્નિદેવતા છે. તમામ જાતિઓના ગુરુ બ્રાહ્મણ છે. પતિ, સ્ત્રીઓનો ગુરુ છે. અને આંગણે આવેલો અતિથિ, બધાનો ગુરુ છે. (૧)

વિવરણ :

આગળના શ્લોકોમાં જણાવેલ વિચારનો જ અહીં પુનરુચ્ચાર અને વિસ્તાર કરે છે. જેવી રીતે દ્વિજાતિઓના ગુરુ અગ્નિદેવતા છે તે રીતે તમામ જાતિઓના ગુરુ બ્રાહ્મણ છે. મનુસ્મૃતિનું જાણીતું વિધાન છે; 'वर्णानाम् ब्राह्मणो गुरुः ।' (બ્રાહ્મણ બધા વર્ણોનો ગુરુ છે) પ્રાચીન સમયમાં વેદ જાણનાર બ્રાહ્મણ જ સર્વ જાતિઓને બોધ આપતો તેથી એ ગુરુના સ્થાને સ્વીકારાયો. બ્રાહ્મણનો અર્થ 'બ્રહ્મને જાણનાર જ્ઞાની માણસ' કરીએ તો બ્રાહ્મણ શબ્દ ચારે ય વર્ણો માટે પ્રયોજી શકાય.

પતિને સ્ત્રીઓનો ગુરુ કહ્યો છે. કારણ કે પતિ, સ્ત્રીને અનેક પ્રકારની તાલીમ આપે છે. અને અતિથિ, જે આંગણે આવે તે તો બધાનો ગુરુ છે. અતિથિને ગુરુની જેમ જ આવકારવો અને પૂજવો. અતિથિને દેવ ગણવાની ભાવના, આપણી ભારતીય પરંપરાના સંસ્કાર છે.

કનકની કસોટી, મનુષ્યની પરીક્ષા

यथा चतुर्भि : कनकं परीक्ष्यते निघर्षणच्छेदनतापताडनै : ।
तथा चतुर्भि : पुरुषं परीक्ष्यते त्यागेन शीलेन गुणेन कर्मणा ।।२।।

જેવી રીતે ઘસવાથી, કાપવાથી, તપાવવાથી અને ટીપવાથી સોનાની પરીક્ષા થાય છે તેવી જ રીતે મનુષ્યની પરીક્ષા, ત્યાગથી, શીલથી, ગુણથી અને કર્મથી થાય છે (૨)

વિવરણ :

સોની ગમે તેવો નિષ્ણાત હોય તો પણ માત્ર જોવાથી જ સોનાની પરખ કરી શકે નહીં. કારણ કે જોવામાં તો સોનાથી પણ વધારે ચળકતી હોય એવી બીજી ધાતુઓ પણ હોય છે. પરંતુ સોનાની પરીક્ષા ચાર રીતે થાય તેને કસોટીના પથ્થર ઉપર ઘસવામાં આવે, કાપવામાં આવે, ટીપવામાં આવે કે આગમાં તપાવવામાં આવે તો તરત જ એની કસોટી થઈ જાય છે. તેવી જ રીતે મનુષ્યો પણ હાથ, પગ આંખ નાક કાન જેવા અંગોમાં તથા આહાર, નિદ્રા વગેરે બાબતોમાં એક સરખા લાગે છે. પણ સાચા અને સારા મનુષ્યની પરીક્ષા ચાર રીતે થાય છે. તેનામાં ત્યાગ ભાવના, શીલ, ગુણ અને સત્કર્મો હોય તો તે ઉત્તમ મનુષ્ય છે. અન્યથા એ મનુષ્યના રૂપમાં પશુ છે.

મૃત્યુના ભય ઉપર વિજય

तावद् भयेषु भेतव्यं यावद्भयमनागतम् ।
आगतं तु भयं दृष्ट्वा प्रहर्तव्यमशङ्कया ।।३।।

જ્યાં સુધી, ભય ન આવ્યો હોય ત્યાં સુધી ભયથી બીવું જોઈએ. પરંતુ ભયને સામે આવેલો ભાળીને, નિર્ભય બની તેના ઉપર પ્રહાર કરવો જોઈએ. (૩)

વિવરણ :

આ શ્લોકમાં ચાણક્ય 'ભય' વિષે વાત કરે છે. માત્ર મનુષ્યમાં જ નહીં, પ્રાણીમાત્રમાં 'ભય' જન્મજાત હોય છે. પ્રાણની રક્ષા માટે પ્રકૃતિએ જ પ્રાણધારીઓને 'ભય' આપ્યો છે. ભયના અનેક પ્રકાર છે અને માણસને તેના સ્વભાવ પ્રમાણે વધુ કે ઓછો લાગ્યા જ કરે છે. માણસમાત્રને માટે સહુથી મોટો ભય, મૃત્યુનો હોય છે, અને જે મૃત્યુના ભય ઉપર વિજય મેળવે છે, તેને પછી કોઈપણ પ્રકારનો ભય લાગતો નથી.

ચાણક્યે, રાજાને નજર સમક્ષ રાખીને, ભયની ફિલસૂફી દર્શાવી છે. જે રાજા, ભય ઉપર વિજય મેળવીને નિર્ભય બને તે વિશ્વવિજેતા બને છે. ચાણક્ય કહે છે, જ્યાં સુધી ભય આવ્યો ન હોય ત્યાં સુધી એનો ડર રાખવો. પરંતુ ભય જ્યારે સામે આવે ત્યારે મરણિયા બની, ભયનો સામનો કરવો જોઈએ. જે નિર્ભય બને છે તેને ભૌતિક વિજય તો મળે જ છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ નિર્ભય સાધક જ પ્રવેશ કરી શકે છે. એટલે તો આપણા શાસ્ત્રોએ 'અભય' ને જ બ્રહ્મ કહ્યો છે; 'अभयम् वै ब्रह्म ।'

સંસાર વિષમતાઓથી ભરેલો છે

एकोदरसमुद्भूता एकनक्षत्रजातका: ।
न भवन्ति समा : शीले यथा वदरिकण्टका : ।।४।।

જેવી રીતે એક જ બોરડીના કાંટા, એક સરખા નથી હોતા તેવી રીતે એક જ ઉદરમાંથી ઉત્પન્ન થયેલા, અને એક જ નક્ષત્રમાં જન્મેલા લોકો સ્વભાવ અને શીલમાં એકસમાન નથી હોતા. (૪)

વિવરણ :

સંસારમાં ભિન્નતા અને વિષમતા ઈશ્વરસર્જિત છે. ચાણક્ય કહે છે કે જેવી રીતે એક જ બોરડીમાં ઊગેલા કાંટાઓ એક સરખા નથી હોતા, તેમ જ એક જ માતાના ઉદરમાંથી ઉત્પન્ન થયેલા અને એક સમાન નક્ષત્રમાં જન્મેલા સંતાનો પણ સમાન ગુણ કે શીલવાળા નથી હોતા. બે સહોદર ભાઈઓમાંથી એક બહાદુર હોય તો બીજો બીકણ, એક ઉદાર હોય તો બીજો લોભી, એક પંડિત હોય તો બીજો મૂર્ખ, એક કુલદીપક થાય તો બીજો કુલાંગાર. એના ઘણા કારણો હોઈ શકે. ઋગ્વેદમાં એક મંત્ર છે; 'ગાયો, એક જ કુળની અને એક સરખી હોય તો પણ એક સરખું દૂધ નથી આપતી, જમીન એક સમાન હોય તો પણ એક સરખું અનાજ ઉત્પન્ન નથી કરતી. એ જ રીતે એક જ માતાના સંતાનો એક સમાન નથી હોતા.' ઋષિનું કહેવાનું તાત્પર્ય એ છે કે સંસાર વિષમતાઓથી ભરેલો છે. આ ઈશ્વરસર્જિત બાબત છે તેથી એનો સ્વીકાર કરી વિષમતામાં પણ સમતા રાખવી, એ ધર્મ છે.

મૂર્ખતા અને મધુરતાને મેળ નથી હોતો

नि :स्पृहो नाऽधिकारी स्यान्नाकामी मण्डनप्रिय : ।
नाऽविदग्ध : प्रियं व्रूयात् स्फुटवक्ता न वञ्चक : ।।५।।

જેની પાસે અધિકાર અને સત્તા હોય એવો અધિકારી, નિઃસ્પૃહ નથી હોતો. અને જેને શૃંગાર પ્રિય હોય છે તેવી વ્યક્તિ, કામના રહિત નથી હોતી. જે માણસ મૂર્ખ હોય છે તે મધુર નથી બોલતો અને સ્પષ્ટવકતા પુરુષ, છેતરનારો નથી હોતો. (૫)

વિવરણ :

આ શ્લોકમાં ચાણક્યે સામાન્ય નીતિની વાત કરી છે. આ વ્યવહાર જ્ઞાન છે. એ સર્વસામાન્ય ઘટના છે કે જેની પાસે સત્તા હોય તો સત્તાના બળે અનેક બાબતો ઉપર અધિકાર જમાવે છે. સત્તાધીશ, સ્પૃહા વિનાનો હોય એવું ભાગ્યે જ બને છે.

અંગ્રેજીની કહેવત સાવ સાચી છે All power corrupts and absolute power corrupts absolutely. (સત્તા માત્ર દૂષિત થાય છે અને સંપૂર્ણ સત્તા સંપૂર્ણ રીતે દૂષિત થાય છે.) જેને શણગાર પ્રિય હોય તે વ્યક્તિ કામવાસના વાળી હોય જ. કામ (sex) અને શૃંગાર એક સિક્કાની બે બાજુઓ જેવા છે. એક હોય ત્યાં બીજું હોય જ. મૂર્ખ માણસને વિચાર ઉપર કાબૂ નથી હોતો પરિણામે તે અવિચારી બનીને કડવી ભાષા બોલતો હોય છે. મૂર્ખતા અને મધુરતાને મેળ નથી હોતો. તો બીજી તરફ જે સ્પષ્ટવક્તા હોય તેના મનમાં પાપ નથી હોતું પરિણામે તે કોઈને છેતરતો નથી. એ તો જાણીતી વાત છે કે દુષ્ટ અને મૂર્ખના હૃદયમાં હળાહળ ઝેર ભર્યું હોય છે એટલે કોઈવાર જ્યારે એ મીઠું બોલે તો સમજી લેવાનું કે એ કોઈને દંશ દેવાનો છે.

આકાશમાં ઉડતા પતંગનો મહિમા છે

मूर्खाणां पण्डिता द्वेष्या अधनानां महाधना : ।
वाराऽऽङ्गना : कुलस्त्रीणां सुभगानां च दुर्भगा : ।।६।।

મૂર્ખ લોકો પંડિતોનો દ્વેષ કરે છે. નિર્ધન મનુષ્યો, મહાન ધનવાનોનો દ્વેષ કરે છે. વેશ્યાઓ, કુલવધૂઓનો દ્વેષ કરે છે. અને વિધવા સ્ત્રીઓ, સૌભાગ્યવતીઓનો દ્વેષ કરે છે. (૬)

વિવરણ :

કોઈ વ્યક્તિમાં જે ગુણ ન હોય, એવા ગુણ જો અન્ય વ્યક્તિના હોય તો તે દ્વેષ અને ઈર્ષ્યાનું કારણ બને છે. દ્વેષ અને ઈર્ષ્યા, નગુણા માણસમાં ભરપૂર ભર્યા હોય છે. મૂર્ખ માનવીઓ વિદ્યાથી વિમુખ હોય છે, પરિણામે તેઓ વિદ્યાવાન પંડિતોનો દ્વેષ કરે છે. નિર્ધન માનવો પાસે ધન નથી હોતું તેથી તેઓ ધનવાનોની ઈર્ષ્યા કરે છે. વેશ્યાઓ પાસે સતીત્વ નથી હોતું તેથી તેઓ સતીત્વથી શોભતી કુલવધૂઓનો દ્વેષ કરે છે, અને વિધવા સ્ત્રીઓ, કારણ ન હોય તો પણ સૌભાગ્યવતી સન્નારીઓને નિંદે છે. જે વસ્તુ કે ગુણ, માણસ પાસે ન હોય તે બીજા પાસે હોય તો ઈર્ષ્યા ઊભી થયા વિના રહે જ નહીં.

પતંગનું દૃષ્ટાંત આપીને એક કવિએ લખ્યું છે;

પગમાં પડ્યો હોય તો કોઈ પૂછતું નથી
લોકો હંમેશ કાપે છે ઊડતા પતંગને.

કોઈ પતંગ હેઠે પડ્યો હોય તો એની નોંધ નથી લેવાતી, પણ જો તે આકાશમાં ઊંચો ચડે, તો લોકોની ઈર્ષ્યા એને નડે, અને એ કપાયને નીચે પડ્યા વગર રહે જ નહીં

આળસ વિદ્યાની શત્રુ છે

आलस्योपहता विद्या परहस्तगता: स्त्रिय: ।
अल्पबीजं हतं क्षेत्रं हतं सैन्यमनायकम् ।।૭।।

આળસથી વિદ્યાનો નાશ થાય છે. બીજાના હાથમાં ગયેલી સ્ત્રીઓનો નાશ થાય છે. ઓછા બીજ વાવવાથી ખેતરનો નાશ થાય છે. અને સેનાપતિ વિનાની સેનાનો નાશ થાય છે. (૭)

વિવરણ :

આ શ્લોકમાં આવેલી વિગત અન્યત્ર પણ ચાણક્યે આલેખી છે. આવા ઉત્તમ વિચારની પુનરુક્તિથી એનું દઢીકરણ થાય છે, અને વિચાર, આચારમાં રૂપાંતરિત થાય છે. સતત જાગતા રહીને અભ્યાસ કરવામાં આવે તો જ વિદ્યા પ્રાપ્ત થાય. પ્રમાદ અને આળસ વિદ્યાના શત્રુ છે. બીજાના આશ્રયે અથવા અધિકારમાં ગયેલી સ્ત્રીનું પતન થાય છે.

ઓછાં બીજ વાવવાથી ખેતરનો નાશ થાય છે. ત્યાં ખેતર એટલે ખેતરમાં તૈયાર થતો પાક સમજવો. ઓછા બીજથી ઉત્પાદન થતું નથી. અને સેનાનાયક વિનાની સેનાનો કોઈ દોરનાર નથી હોતો તેથી વ્યૂહરચનાના અભાવમાં તેનો વિનાશ જ થાય.

નેત્રો એ મનુષ્યજીવનના ભાવોનું દર્પણ

अभ्यासाद्धार्यते विद्या कुलं शीलेन धार्यते ।
गुणेन ज्ञायते त्वार्य: कोपो नेत्रेण गम्यते ।।૮।।

અભ્યાસ કરવાથી વિદ્યાને ધારણ કરી શકાય છે, શીલથી કુળને ધારણ કરી શકાય છે. ગુણો વડે, શ્રેષ્ઠ પુરુષને જાણી શકાય છે. અને નેત્રથી ક્રોધને જાણી શકાય છે. (૮)

વિવરણ :

વિદ્યા અથવા કોઈપણ પ્રકારના જ્ઞાનને જાગૃત રહી સતત અભ્યાસ કરવાથી ધારણ કરી શકાય. અધ્યાત્મનુ જ્ઞાન પણ અભ્યાસથી જ મળે છે. શ્રીકૃષ્ણે કહ્યું છે; 'अभ्यासयोगेन तु कौन्तेय ।' (હે અર્જુન ! એ પરમ જ્ઞાન, અભ્યાસથી પામી શકાય છે) શીલ એટલે સમસ્ત ગુણોનો સમૂહ. આવા શીલથી વ્યક્તિ, મહાન બને અને વ્યક્તિઓથી કુળ મહાન બને અને આવા ગુણવાન કુળ અને કુટુંબકબીલા, સંપથી એકત્ર રહે છે અને મનુષ્ય, સારો છે કે ખરાબ, એની એક માત્ર કસોટી, એના

ગુણથી જ થાય છે. નેત્રો, એ મનુષ્યના ભાવને પ્રગટ કરનાર દર્પણ છે. કદાચ મનુષ્ય પોતાના મુખ ઉપર ક્રોધના હાવભાવ છૂપાવે. પણ નેત્રમાં ક્રોધનું પ્રતિબિંબ પડ્યા વિના રહેતું નથી.

આપણું રક્ષણ કરતા સદ્‌ગુણો

वित्तेन रक्ष्यते धर्मो विद्या योगेन रक्ष्यते ।
मृदुना रक्ष्यते भूपः सत्स्त्रिया रक्ष्यते गृहम् ।।९।।

ધન દ્વારા ધર્મની રક્ષા થાય છે. યોગ વડે વિદ્યાનું રક્ષણ થાય છે. મધુરતા અને વિનમ્રતાથી રાજાની રક્ષા થાય છે અને સત્‌ચરિત્રવાળી ઘરવાળીથી ઘરની રક્ષા થાય છે. (૯)

વિવરણ :

ધનનો બે ધારો ઉપયોગ થઈ શકે. ધનથી ધર્મનો કે ધાર્મિક વિધિવિધાનનો નાશ પણ થાય. અને ધનને સન્માર્ગે વાળવામાં આવે તો ધાર્મિક ક્રિયાઓ, ધર્મોપદેશ, અને ધર્મના શિક્ષણ દ્વારા ધર્મની રક્ષા પણ થાય છે. રાજા જો પોતાની પ્રજા પ્રત્યે મધુર અને વિનમ્ર બને તો 'યથા રાજા તથા પ્રજા' એ ન્યાયે પ્રજા પણ મધુર અને વિનમ્ર બને છે અને ક્યારેય પ્રજા, રાજાનો વિરોધ નથી કરતી, પરિણામે રાજાની રક્ષા થાય છે. મહાભારતમાં કહ્યું છે; 'જો રાજા વિનમ્ર હોય તો એની રાજલક્ષ્મી, પેઢી દર પેઢી ટકે છે. અને ચરિત્ર્યશીલ સન્નારી હોય તો એના સ્વભાવ અને સત્કર્મોથી ગૃહની રક્ષા થાય છે. ખરાબ આચરણવાળી ઘરવાળી હોય તો કિલ્લોલ કરતું ઘર પણ નાશ પામે છે. અને સુશીલ સ્ત્રી હોય તો ઘરમાં પ્રસન્નતા રહે છે. ઘરનો વિકાસ અથવા વિનાશ, ઘરવાળી ઉપર આધારિત છે.'

વિનમ્રતા કે શાંત સ્વભાવ કાયરતા નથી

अन्यथा वेदपाण्डित्यं शास्त्रमाचारमन्यथा ।
अन्यथा कुवचः शान्तं लोकाः क्लिश्यन्ति चान्यथा ।।१०।।

વેદપાંડિત્યને અન્યથા (નિરર્થક) સમજનારા, એ જ રીતે શાસ્ત્રોને અને સદાચારને અન્યથા (નકામા) માનનારા, વળી શાંત રહેનાર લોકોને જુદી રીતે નિંદનારા લોકો જ ખરેખર દુઃખી થતા હોય છે. (૧૦)

વિવરણ :

વેદવિરોધીઓ વેદની નિંદા કરે છે. ચાર્વાકનું દર્શન એમ કહે છે; કે વેદની નિંદા કરનારા ત્રણ પ્રકારના લોકો છે, લુચ્ચા, ભાંડ જેવા હલકા અને રાક્ષસો, પણ

આવી નિંદા કરવાથી વેદ ખરાબ નથી થઈ જતાં. કોઈ ઝવેરી, રત્નને પારખી ન શકે અને એને નકામું કહે તો તેથી રત્નની કિંમત નથી ઘટતી, ઝવેરીની કિંમત ઘટે છે.

એ જ રીતે ધર્મશાસ્ત્રો, કે સંસ્કાર ઘડતર કરનારા ગ્રન્થોને કોઈ માને નહીં અથવા સદાચારને દુરાચાર સમજે તો તેથી તેનું મૂલ્ય ઘટતું નથી. એ જ પ્રમાણે મનુષ્યની વિનમ્રતા કે શાંત સ્વભાવને કોઈ કાયરતા સમજે તો એમ સમજનારનો દોષ છે. અને આવું જેઓ માને છે તેઓ દુઃખી થાય છે. કારણ કે તેઓની વિચાર સરણી જ દુઃખને આમંત્રણ આપનારી છે.

સંસાર વિષમતાઓનો શંભુમેળો છે

दारिद्र्यनाशनं दानं शीलं दुर्गतिनाशनम् ।
अज्ञाननाशिनी प्रज्ञा भावना भयनाशिनी ।।११।।

દાન આપવાથી દરિદ્રતાનો નાશ થાય છે. શીલ વડે દુર્ગતિનો વિનાશ થાય છે. પ્રજ્ઞા (ઉત્તમ પ્રકારની બુદ્ધિ) થી અજ્ઞાનનો નાશ થાય છે અને સારી ભાવનાથી ભયનો નાશ થાય છે. (૧૧)

વિવરણ :

સંસાર, વિષમતાનો શંભુમેળો છે. અહીં એવા ધનવાનો છે જેને ધન ક્યાં વાપરવું એ સવાલ છે, અને એવા નિર્ધનો પણ છે જેઓને ધન ક્યાંથી વાપરવું એ સવાલ છે. આ જ કારણે દાનનો મહિમા કરવામાં આવ્યો છે. જેની પાસે ખૂબ વધુ ધન છે તેઓ ગરીબોને આપે તો ગરીબાઈ હટે.

ફરી પાછો ચાણક્ય, અહીં શીલનો ઉલ્લેખ કરે છે. જો શીલ હોય તો દુર્ગતિ નથી થતી. ભર્તૃહરિ કહે છે; 'शीलम् परम् भूषणम् ।' શીલ જ પરમ આભૂષણ છે. પ્રજ્ઞા એટલે સારા-નરસાનો વિવેક કરનારી બુદ્ધિ એ જ્યારે પ્રગટ થાય છે ત્યારે અજ્ઞાન ટકતું નથી. ભયનો અર્થ થાય છે કે જે આપણી પાસે હોય તે છીનવાઈ ન જાય. પરંતુ જો આપણી ભાવના ઉદાર હોય, અને વસ્તુઓ કે પદાર્થો ઉપર આપણી મમતા ઓછી થાય તો પછી વસ્તુ નાશ પામવાનો ભય નહીં રહે.

આધ્યાત્મિક જ્ઞાનથી અખંડ સુખ મળે છે

नाऽस्ति कामसमो व्याधिर्नाऽस्ति मोहसमो रिपु: ।
नाऽस्ति कोपसमो वाह्निर्नाऽस्ति ज्ञानात् परं सुखम् ।।१२।।

કામવાસના જેવો બીજો કોઈ વ્યાધિ નથી. મોહના જેવો બીજો કોઈ શત્રુ નથી. ક્રોધના જેવો બીજો કોઈ અગ્નિ નથી અને જ્ઞાનના જેવું બીજું કોઈ પરમ સુખ નથી.

વિવરણ :

કામવાસના મનુષ્યને અત્યંત વિવશ બનાવી દે છે. એ સહુથી વધુ ખતરનાક મહાવ્યાધિ છે અને એની મુશ્કેલી એ છે કામવાસના (sex) નું ઔષધ પણ કામ (sex)નો ઉપભોગ છે. આથી તો વિચારકોએ કહ્યું છે; 'कामातुराणाम् न भयम् न लज्जा ।' એ જ રીતે મોહ, વિનાશક શત્રુ છે. મોહ, મૃત્યુનું કારણ બને છે. તમે જોયું, વૃક્ષની ટગલી ડાળે મધ બેઠું હોય, નીચે ઊંડી ખીણ હોય, પણ મધ ઉઝેરનાર માણસ, મધના મોહમાં એવો મશગૂલ થાય છે કે એને મધ જ દેખાય છે. ખાઈમાં નીચે પડીને મરી જવાય એ તેને દેખાતું જ નથી.

ક્રોધ શબ્દને અગ્નિ શબ્દ સાથે સુમેળ છે એટલે શબ્દ થાય છે 'ક્રોધાગ્નિ.' આવો ક્રોધાગ્નિ, એ જુદા પ્રકારનો અગ્નિ છે, એ અગ્નિ, ક્રોધ કરનારને તો બાળે જ છે. એની અસરમાં જે આવે તે બધાને પણ એ બાળે છે. અને જ્ઞાનના જેવું બીજું કોઈ પરમ સુખ નથી. જેને આપણે સાંસરિક સમજણ કહીએ એવા જ્ઞાનથી પણ માણસને સુખ મળે છે. અને આધ્યાત્મિક જ્ઞાનથી અખંડ સુખ મળે છે. એથી તો ગીતાકારે કહ્યું; 'न हि ज्ञानेन सद्रशम् पवित्रमीह विद्यते ।' (આ સંસારમાં જ્ઞાનના જેવું બીજું કાંઈ પવિત્ર નથી)

પાપ-પુણ્યનું કર્મ પણ ભાગીદાર કોઈ નહીં

जन्ममृत्यु हि यात्येको भूनक्त्येक : शुभाऽशुभम् ।
नरकेषु पतत्येक एको याति परां गतिम् ।।१२।।

મનુષ્ય એકલો જ જન્મ અને મૃત્યુ પામતો હોય છે અને તે એકલો જ શુભ અને અશુભ ફળ ભોગવે છે. તે એકલો જ નરકમાં પડે છે. અને તે એકલો જ પરમ ગતિને પામે છે. (૧૨)

વિવરણ :

મનુષ્યનો જન્મ થાય ત્યારે પણ તે એકલો જ હોય છે, અને અંતે મૃત્યુ વખતે અંતિમ વિદાયમાં પણ તે એકલો જ હોય છે. વળી તે જે પુણ્ય અને પાપ કરે તેનું સારું નરસું ફળ પણ તેણે એકલાએ જ ભોગવવાનું હોય છે. પરિવારમાંથી કોઈ તેના પાપમાં કે પુણ્યમાં ભાગીદાર થતું નથી. અનુભવી સંતનુ વચન યાદ રાખવા જેવું છે;

'કોના છોરૂ કોના વાછરૂ, કોના મા અને બાપ,
અંતકાળે જાવું જીવને એકલું, સાથે પુણ્ય ને પાપ.'

પાપ કરીને, નરકમાં પણ તેને, એકલાને જ જાવું પડે છે. અને પુણ્ય કરીને, સ્વર્ગમાં પણ તે એકલો જ જાય છે.

જિનકો કછુ ન ચાહિયે વો શાહનકા શાહ

तृणं ब्रह्मविद: स्वर्गस्तृणं शूरस्य जीवितम् ।
जिताऽशस्य तृणं नारी नि:स्पृहस्य तृणं जगत् ।।१३।।

બ્રહ્મજ્ઞાનીને માટે સ્વર્ગ તણખલા સમાન છે. શૂરવીરને જીવન તણખલા તુલ્ય છે. જેણે ઇચ્છાઓને જીતી લીધી છે તેને માટે સ્ત્રી, તણખલા બરાબર છે. અને નિઃસ્પૃહ વ્યક્તિને આખું જગત તણખલાની તોલે છે. (૧૩)

વિવરણ :

જેણે બ્રહ્મનો સાક્ષાત્કાર કરી લીધો તે સ્વયં બ્રહ્મ સ્વરૂપ બની જાય છે. પછી એને આ અખિલ બ્રહ્માંડમાં કશું મેળવવા જેવું નથી. પછી એને સ્વર્ગ પણ તણખલા જેવું. એ જ રીતે શૂરવીરને જીવન તણખલા જેવું. જ્ઞાની મનુષ્યની જેમ શૂરવીર પણ દેહભાવથી મુક્ત થઈ જાય છે. એને દેહ ઉપર આસક્તિ નથી હોતી. તેથી જીવન એને તણખલા જેવું શુષ્ક લાગે છે. અને જેણે કામવાસના જીતી એને માટે સુંદર સ્ત્રી પણ તણખલાની તોલે હોય છે. અને જેને કોઈપણ પ્રકારની સ્પૃહા જ ન હોય તેને માટે આ આખું જગત પણ તુચ્છ છે.

જાણીતો પ્રસંગ છે. સિકંદરના સમર્થ ગુરુ ડાયાજીનસનો, તેઓ પ્રભાતમાં નદીના રેતીપટમાં સૂતા સૂતા સૂર્યસ્નાન કરી રહ્યા હતા. સિકંદર ત્યાં આવ્યો. પ્રણાય કરીને કહ્યું; 'ગુરુદેવ ! માગો હું આપનો શિષ્ય સિકંદર, આપ જે માગો તે આપવા તૈયાર છું. મેં જીતેલી આ દુનિયાનું સામ્રાજ્ય આપના ચરણે ધરી દઉં. ડાયાજીનસે, સિકંદરને કેહ્યું ;' તું મારા ઉપર પડતા સૂર્યકિરણોને અટકાવી રહ્યો છે. તું આઘો ઊભો રહે. સૂર્યપ્રકાશને મારા ઉપર પડવા દે. બીજું કાંઈ નથી જોઈતું.' કબીર સાહેબ કહે છે;

ચાહ ગઈ, ચિંતા ગઈ, મનવા બેપરવાહ,
જિનકો કછું ન ચાહિયે, વો શાહનકા શાહ.

જે ધર્મની રક્ષા કરે છે, ધર્મ તેની રક્ષા કરે છે

विद्या मित्रं प्रवासेषु भार्या मित्रं गृहेषु च ।
व्याधितस्यौषधं मित्रं धर्मो मित्रं मृतस्य च ।।१४।।

પ્રવાસોમાં, વિદ્યા મિત્ર છે. ઘરમાં પત્ની મિત્ર છે. જેને રોગ થયો હોય તેને ઔષધ મિત્ર છે અને મરણ પામેલ મનુષ્યને ધર્મ મિત્ર છે. (૧૪)

વિવરણ :

પ્રવાસોમાં વિદ્યા મિત્ર છે. વિદ્યાનો અર્થ અહીં જ્ઞાન અને માહિતી તો ખરી

જ, એ ઉપરાંત કોઈપણ કુશળતા અને આવડતને પણ વિદ્યા ગણાય, અને પ્રવાસમાં એ ઉપકારક અને ઉપયોગી સાબિત થાય છે. ઘરમાં અને ગૃહતંત્ર ચલાવવામાં પત્ની, મિત્રની જેમ સલાહ પણ આપે છે, સહાય પણ કરે છે. રોગ થયો હોય ત્યારે ઔષધ મિત્ર છે. આ બધા મિત્રોની યાદી કરીને, ચાણક્ય, જે વિચાર ઉપર ભાર મૂકવા માગે છે તે છે ધર્મ. મનુષ્ય જીવતો હોય ત્યારે ધર્માચરણ એને સાથ આપે છે, અને મૃત્યુ પામે ત્યારે ધર્મ, મિત્ર તરીકે પરલોકમાં પણ સાથ છોડતો નથી. માણસ, મૃત્યુ પામે ધનસંપત્તિ, માલખજાના કે પુત્ર પરિવારની સાથે લઈ જઈ શકતો નથી એની સાથે ચાલે છે તેણે કરેલા સત્કર્મો રૂપી ધર્મ. શાસ્ત્ર કહે છે; 'धर्मो रक्षति रक्षितः ।' જે ધર્મની રક્ષા કરે છે. ધર્મ તેની રક્ષા કરે છે. આમ સન્મિત્રની જેમ ધર્મ પણ સાથ છોડતો નથી.

એમાં વ્યવહારિક શાણપણ છે

वृथा वृष्टि : समुद्रेषु वृथा तृप्तेषु भोजनम् ।
वृथा दानं घनाढ्येषु वृथा दीपो दिवाऽपि च ।।१५।।

સાગરોમાં વૃષ્ટિ વરસે તે નકામી છે. પૂરેપૂરા ધરાયેલ હોય એવા માણસોને ભોજન નકામું છે. ધનવાનોને દાન આપવું તે નકામું છે. અને દિવસ દરમિયાન દીવો પ્રગટાવવો નકામો છે. (૧૫)

વિવરણ :

આ શ્લોકમાં ચાણક્ય, વિવેક અને સમજણપૂર્વક કેમ વ્યવહાર કરવો તેનો બોધ આપે છે. જે કાર્યથી કશો લાભ, ન તો આપનારને કે ન તો લેનારને થતો હોય એવું કાર્ય ન જ કરવું એમાં વ્યાહવારિક શાણપણ છે. જેમ કે મહાસાગરમાં અમાપ જળરાશિ ભરી છે. એને વધારે પાણીની બિલકુલ જરૂર નથી. છતાં મેઘ, એમાં જ વરસ્યા કરે તો એમાં પાણીનો વ્યય છે. જે ભૂમિને પાણીની જરૂર છે ત્યાં જ એ વરસે તો એના જળનો સદ્ઉપયોગ છે.

એ જ રીતે, માણસ, ભોજન કરીને સંપૂર્ણ તૃપ્ત થયો હોય તેને અન્નદાન આપવું સાવ નકામું છે. એમ કરવાથી ભોજન બગડે, ધરાયેલ માણસનું પાચનતંત્ર બગડે, અને અન્નદાતાની પરોપકાર વૃત્તિ પણ બગડે, સાચી વાત તો એ છે કે ભૂખ્યાને ભોજન આપવું.

જેની પાસે પુષ્કળ ધન હોય એવા ધનવાનને ધનદાન આપવાથી શું લાભ ? અને જ્યારે સૂરજનો પ્રકાશ આખા જગતને ઉજાળતો હોય ત્યારે દીવો પેટાવવો મૂર્ખતા છે. ગાઢ અંધકાર છવાયો હોય ત્યારે દીપ જ્યોતિનો જે મહિમા થાય તે દિવસના અજવાળામાં ન જ થાય. માટે પ્રત્યેક કાર્યમાં વિવેક રાખવો.

પારકાનું બળ કામ નથી આવતું

नाऽस्ति मेघसमं तोयं नाऽस्ति चात्मसमं वलम् ।

नाऽस्ति चक्षु :समं तेजो नाऽस्ति धान्यसमं प्रियम् ।।१६।।

મેઘના જેવું જળ નથી. પોતાની જાત જેવું બીજું કોઈ બળ નથી. આંખના જેવું અન્ય કોઈ તેજ નથી અને અન્ન જેવું અન્ય કોઈ પ્રિય નથી. (૧૬)

વિવરણ :

ચાણક્ય કહે છે 'મેઘના જેવું જળ નથી' આકાશમાંથી ઘણીવાર એક નાનું વાદળ એટલું બધું જળ વરસાવે કે ધરતી જળબંબાકાર થઈ જાય ! એટલા માટે કહેવાયું છે કે મેઘના જેવું જળ નથી. જથ્થામાં અને ગુણવત્તામાં બન્ને રીતે મેઘનું જળ અનુપમ છે. એ જ રીતે 'આપ સમાન બળ નહીં' એ વિચારમાં પણ અનુભવજન્ય સત્ય છે. માણસ, બીજાના જોરે કૂદે કે બીજાના બળ ઉપર મદાર રાખે એમાં પરાધીનતા છે. અને એમાં એનું ભલું પણ થતું નથી. કોઈના ટેકા ઉપર આપણું જીવન ટક્યું હોય અને એ ટેકો ખેંચાય જાય તો આપણું પતન થયા વિના રહેતું નથી. રામકૃષ્ણ પરમહંસ એક દ્રષ્ટાંત આપે છે. ચૂલા ઉપર તપેલામાં બટાટા બફાતા હોય અને નીચે લાકડા સળગતા હોય તો બટાટા કૂદાકૂદ કર્યા કરે. એની એ ઉછળકૂદ પોતાના બળ ઉપર નથી. પણ સળગતા લાકડાના બળ ઉપર છે. સળગતા લાકડાને ચૂલામાંથી હટાવી લેવામાં આવે કે તરત જ બટાટાની ઉછળકૂદ બંધ થઈ જાય છે. માટે એ સમજી લેવું જોઈએ કે પારકાનું બળ કામ નથી આવતું.

આંખના જેવું કોઈ તેજ નથી. આંખના તેજથી જ મનુષ્ય જોઈ શકે છે. બહાર ગમે તેટલી ઝળહળતી રોશની હોય પણ આંખનું નૂર ઊડી જાય તો કાંઈ દેખાતું નથી. માટે સ્પષ્ટ છે કે આંખના જેવું કોઈ તેજ નથી. અને અન્ન જેવું કોઈ પ્રિય નથી. અન્નથી જ શરીર અને જીવન ટકે છે. તેથી તો શાસ્ત્રકારોએ 'अन्नम् वै ब्रह्म ।' (અન્ન એ જ બ્રહ્મ છે એમ કહ્યું છે.)

સંતોષમાં જ પરમસુખ છે

अधना धनमिच्छन्ति वाचं चैव चतुष्पदा: ।

मानवा : स्वर्गमिच्छन्ति मोक्षमिच्छन्ति देवता : ।।१७।।

નિર્ધનો ધનની ઇચ્છા કરે છે. ચોપગા પ્રાણીઓને વાણી બોલવાની ઇચ્છા હોય છે. મનુષ્યોને સ્વર્ગની ઇચ્છા હોય છે. અને દેવતાઓ, મોક્ષની ઇચ્છા રાખે છે. (૧૭)

વિવરણ :

માણસનો સ્વભાવ એવો છે કે એની પાસે જે વસ્તુનો અભાવ હોય તેનો ભાવ થતો હોય છે. અંગ્રેજીમાં કહેવત છે; We find for what is not (જે ચીજ આપણી પાસે ન હોય તેની આપણે ઝંખના કરતા હોઈએ છીએ.) આ વિચારને અનુલક્ષીને ચાણક્યે આ શ્લોક કહે છે, જેની પાસે ધન નથી હોતું એવા લોકો ધનવાન થવાની ઇચ્છા રાખે છે. ચોપગા પ્રાણીઓ પાસે અવાજ હોય છે, પણ ભાષા નથી હોતી તેથી પ્રાણીઓને, માણસની જેમ બોલવાની ઇચ્છા થતી હશે ! મનુષ્યો પૃથ્વીલોકના મરણાધીન માનવીઓ છે. એટલે જ્યાં મૃત્યુ નથી અને અમર થઈ જવાય છે એવા સ્વર્ગની એમને કામના હોય છે. અને દેવતાઓ તો નિત્ય સ્વર્ગમાં નિવાસ કરે છે એટલે તેઓને સ્વર્ગથી સંતોષ નથી. કારણ કે સ્વર્ગમાં તો ત્યાં સુધી જ રહેવાય છે, જ્યાં સુધી પુણ્ય હોય. પુણ્ય ખૂટે એટલે ફરી પૃથ્વી ઉપર આવવું પડે. અને દેવમાંથી માનવ થવું પડે. આ કારણે દેવતાઓ મોક્ષની ઇચ્છા રાખતા હોય છે એટલે પશુઓ હોય, માનવ હોય કે દેવ હોય – કોઈને પણ પોતાની પાસે જે હોય છે, તેનાથી સંતોષ નથી થતો. ચાણક્ય, એ બાબત ઉપર ધ્યાન દોરવા ઇચ્છે છે કે ‘આપણી પાસે જે હોય તેનાથી સંતુષ્ટ રહેવું.’ કારણ કે સંતોષમાં જ પરમ સુખ છે.

સત્ય એજ ઈશ્વર છે

सत्येन धार्यते पृथिवी सत्येन तपते रविः ।
सत्येन वाति वायुश्च सर्वं सत्ये प्रतिष्ठितम् ।।१८।।

સત્ય વડે જ આ પૃથ્વી ટકે છે. સત્યથી જ સૂરજ તપે છે. સત્યથી જ વાયુ વાય છે. તમામ પદાર્થો સત્યમાં જ બરાબર સ્થિર છે. (૧૮)

વિવરણ :

મહર્ષિ વ્યાસે, મહાભારત, ભાગવત અને પુરાણોમાં સત્યનો ખૂબ મહિમા કર્યો છે. તેણે કહ્યું છે; ‘सत्यात् परम् धर्ममहं न जाने’ (સત્યથી મોટો બીજો કોઈ ધર્મ હોય એમ હું માનતો નથી) એટલે આવા પરમ સત્યની જ આપણે ઉપાસના કરવી જોઈએ. આ વિચારને અનુલક્ષીને મહાત્મા ગાંધીએ કહ્યું છે; ‘ઈશ્વર સત્ય છે’ એના સ્થાને ‘સત્ય એ જ ઈશ્વર છે’ એમ હું સમજ્યો છું.

અને એટલે જ આ ધરતી, સત્યથી ટકી છે. સત્યથી સૂરજ પ્રકાશે છે, વાયુ વાય છે અને પંચભૂતના તમામ જડ-ચેતન પદાર્થો સત્યમાં જ પ્રતિષ્ઠિત છે.

પણ સત્ય એટલે શું ? સાંસારિક નીતિ-નિયમો, જેનાથી આ પૃથ્વીનું સંચાલન થાય છે તે પણ સત્ય કહેવાય. અને બ્રહ્માંડના બધા જ પદાર્થો પણ જે

પ્રકૃતિના કાયદા પ્રમાણે નિયમમાં રહે તે પણ સત્ય છે. પરંતુ પરમ 'સત્ય' જૂદું છે. એક ભજનમાં આ વિચારનું પ્રતિબિંબ ઝીલાયું છે;

'ચાંદો પણ ન હતો અને સૂરજ પણ ન હતો
ન્હોતા ન્હોતા ધરણી ને આકાશ;
તે દી ધણી મારો આપો આપ !'

જ્યારે બ્રહ્માંડમાં આ સકલ પદાર્થો ન હતા, ત્યારે જે અલખ ધણી હતો, અને એ બધાનો જ્યારે પ્રલય થાય ત્યારે પણ જે હોય તે અલખધણી (પરમ બ્રહ્મ) જ પરમ સત્ય છે.

જીવન છે વીજળીના ચમકારા જેવું

चला लक्ष्मीश्चला: प्राणाश्चलं जीवित-यौवनम् ।
चलाचले च संसारे धर्म एको हि निश्चल: ।।१९।।

લક્ષ્મી ચંચળ છે. પ્રાણો પણ ચંચલ છે. જીવન અને જોબન પણ ચંચલ છે. જડ અને ચેતનથી ભરેલા આ ચંચલ સંસારમાં એક માત્ર ધર્મ જ નિશ્ચલ છે. (૧૯)

વિવરણ :

આ સંસાર. 'ચલાચલીનો ખેલ' છે. અહીં બધું જ ચંચલ છે. સંસારનો અર્થ જ થાય છે, 'જે ફર્યા કરે છે, જે અસ્થિર છે તે.' લક્ષ્મી તો ચંચલ છે જ કારણ કે ભગવાન વિષ્ણુના સાંનિધ્ય સિવાય એ કોઈની પાસે સ્થિર રહેતી નથી. અને પ્રાણીમાત્રના પ્રાણ પણ એટલા જ ચંચલ છે. જે શ્વાસ બહાર આવે તેને પાછો અંદર લઈ શકશે કે નહીં, એ પણ નક્કી નથી. નરસિંહ મહેતાએ ઠીક કહ્યું છે; 'શ્વાસનો શો વિશ્વાસ ?'

એ જ રીતે આ અનંતકાળની સરખામણીમાં આ પૃથ્વી પણ કેટલી ટકશે કહી શકાતું નથી. તો પછી પૃથ્વી ઉપર વસતાં મનુષ્યનું જીવન અને જોબન પણ સાવ ક્ષણભંગુર છે. કવિનું ચિંતન છે; 'लक्ष्मीः तोयतरङ्ग भङ्गचपला ।' (લક્ષ્મી, તો પાણીના મોજા જેવી ચંચલ છે. એ ઉપડે અને પડે ! અને જીવન, તો વીજળીના ચમકારા જેવું ! એક ઘડીમાં થાય અને અદ્રશ્ય થાય !)

આવા ચંચલ સંસારમાં સ્થિર શું છે ? એકમાત્ર ધર્મ જ નિશ્ચલ છે. ધર્મથી બધું ટકે છે. આ ધરતી અને એના ઉપરનું જીવન, ધર્મથી ધારણ કરી શકાય છે. ધર્મનો અર્થ જ છે 'જે ધરતીને અને ધરતી ઉપરના સમસ્ત જીવોને ધારણ કરે છે તે ધર્મ.'

नराणां नापितो धूर्त: पक्षिणां चैव वायस: ।
चतुष्पदां श्रृगालस्तु स्त्रीणां धूर्ता च मालिनी ।।२०।।

મનુષ્યજાતિમાં વાણંદ લુચ્ચો છે. પક્ષીઓમાં કાગડો લુચ્ચો છે. ચોપગા પ્રાણીઓમાં શિયાળ લુચ્ચું છે. અને સ્ત્રીઓમાં માલણ લુચ્ચી છે. (૨૦)

વિવરણ :

આધુનિક સમયમાં આ શ્લોકનો વિચાર વિવાદસ્પદ છે. મનુષ્ય જાતિમાં વાણંદને લુચ્ચો કહેવો તે એની જાતિને વગર કારણે અન્યાય કરવા બરાબર છે. જૂના જમાનામાં વાણંદને ઉચ્ચવર્ણના શૂરવીરોની અને શ્રીમંતોની સેવા કરવી પડતી. અને એમ કરવા જતાં એ એનો સ્વાર્થ સાધી લે એટલા માટે, વાણીમાં અને વર્તનમાં લુચ્ચાઈ રાખતો એટલે આ પ્રકારની વાત ફેલાઈ હશે. હવે આધુનિક જમાનામાં આવી વાતને સાચી પણ ન માની શકાય. અને એને સર્વવ્યાપક નિયમ પણ ન ગણી શકાય.

પક્ષી જાતિમાં કાગડો ચતુર છે, એમાં તથ્યાંશ છે. પક્ષીવિશારદ લોકોનું એવું તારણ છે કે કાગડો એવો ચાલાક છે કે એને મારવા માટે પથ્થરનો કોઈ પ્રહાર કરે તે પહેલાં તે ઊડી જાય છે ! એટલે એને મારવો હોય તો રાત્રિના વખતે એ માળામાં સૂતો હોય તો જ એને મારી શકાય. જાગૃત અવસ્થામાં એને મારી જ ન શકાય એવી એની સાવધાની છે !

પશુસૃષ્ટિમાં શિયાળ લુચ્ચું ગણાય છે. શિયાળની લુચ્ચાઈની અનેક વાર્તાઓ, પંચતંત્રમાં અને હિતોપદેશ ગ્રન્થોમાં આપી છે. અને સ્ત્રીજાતિમાં માલણને વધુ લુચ્ચી માનવામાં આવે છે, તે વિધાન પણ ચિંત્ય છે. પરંતુ જે વ્યક્તિ, સારા-નરસા, નાના મોટા, ધનવાન-નિર્ધન – બધાના સંપર્કમાં આવતી હોય તે વ્યક્તિ, સ્વાભાવિક રીતે જ ચતુર બની જતી હોય છે. મહાભારતમાં કહ્યું છે; 'જે વ્યક્તિ દેશ-વિદેશમાં વિચરણ કરે અને પંડિતોનો સંગ કરે તેની બુદ્ધિ એવી રીતે વિસ્તાર પામે છે જેવી રીતે પાણીની સપાટી ઉપર પડેલ તેલનું બિંદુ વિસ્તાર પામે છે.' લોકસંપર્ક અને વિચરણને કારણે માલણમાં આવી ચતુરાઈ આવે તે સ્વાભાવિક છે.

*

॥ છઠો અધ્યાય ॥

બુદ્ધિમાન માણસ પાસેથી કાર્યની સિદ્ધિ માટે ધીરજયુક્ત એકાગ્રતાનો ગુણ કેળવવો જોઈએ અને એમ કરવા જતા દેશ-કાળ અને પોતાની શક્તિનો પણ વિચાર કરી લેવો જોઈએ.

યજ્ઞ, જ્ઞાન, તપ મનુષ્યને પાવન કરે છે

श्रुत्वा धर्मं विजानाति श्रुत्वा त्यजति दुर्मतिम् ।
श्रुत्वा ज्ञानमवाप्नोति श्रुत्वा मोक्षमवाप्नुयात् ।।१।।

મનુષ્ય, શાસ્ત્રોનો ઉપદેશ સાંભળીને ધર્મનું રહસ્ય જાણી લે છે. શાસ્ત્રશ્રવણ કરીને જ દુર્મતિ દૂર કરે છે, અને જ્ઞાન પ્રાપ્ત કરે છે. અને ઉપદેશ કે ગુરુવચન સાંભળીને જ મોક્ષ પામે છે. (૧)

વિવરણ :

શાસ્ત્રોની રચના, મનુષ્યને સન્માર્ગે વાળીને, ધર્મનુ તત્ત્વ જાણવા અને તે દ્વારા પરમ લક્ષ્યની પ્રાપ્તિ માટે થયેલું છે. શાસ્ત્રોમાં વિધિ એટલે કરવા લાયક ક્રિયાઓ, અને નિષેધ એટલે ન કરવા જેવા કર્મોનું આલેખન હોય છે. અને આવા ઉપદેશથી તેનામાં શું કરવા લાયક છે અને શું તજવા જેવું છે તેનો વિવેક પ્રગટે છે. ગીતામાં કહ્યું છે, 'યજ્ઞ, દાન અને તપ મનુષ્યોને પાવન કરનારા છે, માટે તે કરવા.' પરંતુ જે કાર્યોથી પ્રાણીમાત્રને પીડા થાય તેવા કર્મો ન જ કરવા. શાસ્ત્રના ઉપદેશથી મનુષ્યના મનમાં સન્મતિ પ્રગટે છે. ધર્મની સાવ સાચી, સર્વકાલીન અને સર્વવ્યાપક તથા સરલ વ્યાખ્યા મનુ સ્મૃતિમાં આપી છે; 'सदाचारः स्मृतः धर्मः ।' ધર્મ એટલે સદાચાર. પાંચ હજાર વર્ષ પહેલાં કોઈએ સદાચાર પાળ્યો હોય તો ધર્મ પાળ્યો કહેવાય. અને આજે પણ સદાચાર કહેવાય. એ જ રીતે દેશમાં અને વિદેશમાં સર્વત્ર સદાચાર એ જ ધર્મ છે. શાસ્ત્રો, આવા સદાચારરૂપી ધર્મની જ વાત કરે છે. અને આવું જ્ઞાન, શાસ્ત્રોના અભ્યાસથી થાય કે સદગુરુના ઉપદેશ વચનોથી થાય, તે મુક્તિ અપાવે છે.

નિંદા કર્યા કરવી એ મહાપાપ છે

पक्षिणां काकश्चाण्डाल : पशूनां चैव कुक्कुर : ।
मुनीनां कोपी चाण्डाल : सर्वेषां चैव निन्दक : ।।२।।

પક્ષીઓમાં કાગડો અતિ દુષ્ટ છે. પશુઓમાં કૂતરો ખરાબ છે. મુનિઓમાં ક્રોધ કરનારો ચાંડાલ છે. પરંતુ બધા જ લોકોમાં નિંદક, નાલાયક છે. (૨)

વિવરણ :

આ શ્લોકમાં ચાણક્ય, નિંદા અને નિંદા કરનાર નિંદકની આલોચના કરે છે. એના અનુસંધાને જે અન્ય દ્રષ્ટાંતો આપ્યા છે તે તો કેવળ, એ વિચારને દ્રઢ કરવા માટે છે. પક્ષીઓમાં કાગડો ખરાબ એટલા માટે કહ્યો છે, કે એ પારકાના છિદ્રોને ઠોલનારો, અને ચાંચ મારીને બીજાને પરેશાન કરનારો છે. શાસ્ત્રમાં બે પ્રકારની દ્રષ્ટિની વાત છે. 'કાકદષ્ટિ' અને 'હંસદષ્ટિ'. અન્યના દોષ જેવા તે કાકદષ્ટિ. બીજાના ગુણ જોવા તે હંસદષ્ટિ.

પશુઓમાં કૂતરો એટલા માટે ખરાબ કહેવાયો છે, કે તે અતિ સ્વાર્થી છે અને રોટલાના ટુકડા માટે, ભારે ઝઘડો કરે છે. વળી પોતાની શ્વાનજાતિની સાથે લડ્યા કરે છે. એટલે જ કવીશ્વર દલપતરામે કહ્યું; 'શ્વાન જાય જો કાશીએ નડશે વચમાં નાત. શ્વાનને કાશીની જાત્રાએ જવું હોય તે એની નાત જ એને ત્યાં સુધી ન પહોંચવા દે. રસ્તામાં જ લોહીલુહાણ કરી નાખે.

'પરંતુ આ બધાના કરતાં માનવજાતિમાં નિંદક અતિ ખરાબ છે. બીજાના ગુણો ન જોવા, અને તેની નિંદા કર્યા કરવી એ મહાપાપ છે. અને બીજાની નિંદા કરનારો, આડકતરી રીતે પોતાની પ્રશંસા કરવા માગતો હોય છે.'

ભર્તૃહરિએ કહ્યું છે; 'જો તમારામાં નિંદા કરવાનો દુર્ગુણ હોય તો બીજા પાપની શું જરૂર છે ? નિંદક વ્યક્તિ, નિર્દય, હિંસક, સ્વાર્થી અને દ્વેષી હોય છે.'

શુદ્ધ થવું પણ જરૂરી છે

भस्मना शुध्यते कांस्यं ताम्रमम्लेन शुध्यति ।
रजसा शुध्यते नारी नदी वेगेन शुध्यति ।।३।।

કાંસાનુ પાત્ર, રાખથી શુદ્ધ થાય છે. તાંબાનુ વાસણ ખટાશથી શુદ્ધ થાય છે. રજસ્વલા બન્યા પછી સ્ત્રી, શુદ્ધ થાય છે. અને નદી, પ્રવાહના વેગથી શુદ્ધ થાય છે. (૩)

વિવરણ :

આ શ્લોકમાં સ્ત્રીની શારીરિક શુદ્ધિની વાત કરતા ચાણક્ય, બીજા કેટલાક અપ્રસ્તુત ઉદાહરણો આપે છે. તુલસીદાસે જુદા અર્થમાં કહ્યું છે; 'સહજ અપાવની નારી' સ્ત્રી, એની કુદરતસર્જિત પ્રકૃતિને કારણે સહેજે અપવિત્ર હોય છે. પ્રતિમાસ રજસ્વલા થવું, ગર્ભધાન, બાળઉછેરની દીર્ઘકાલીન સેવાને પરિણામે મળ-મૂત્રથી મલિન થવું, ઘરકામની સ્વચ્છતા કરવા જતાં, પોતાની થઈ જતી અસ્વચ્છતા – આ બધાને લીધે સ્ત્રીમાં સહજ અશુદ્ધિ હોય છે. પરંતુ રજસ્વલા થયા પછી સ્ત્રી, તન-મનથી શુદ્ધ થઈ જાય છે.

કાંસાનું વાસણ રાખથી સાફ કરવાથી શુદ્ધ બને છે. તાંબાનું પાત્ર, ખટાશથી શુદ્ધ થઈને ચમકી ઊઠે છે. અને આખા વરસ દરમિયાન નદીના પટમાં એકઠો થયેલો કચરો, પાણીના પ્રવાહના જોરદાર વેગમાં તણાઈને વહી જતાં નદી, સ્વચ્છ થઈ જાય છે.

યોગ્ય જગ્યાએ અવશ્ય પરિભ્રમણ કરવું

भ्रमन् सम्पूज्यते राजा भ्रमन् सम्पूज्यते द्विज : ।
भ्रमन् सम्पूज्यते योगी स्त्री भ्रमन्ती विनश्यति ।।४।।

પ્રજાની વચ્ચે ઘૂમનારો રાજા, પૂજાય છે. પરિભ્રમણ કરનારો બ્રાહ્મણ પૂજાય છે. ભ્રમણ કરનારો યોગી પૂજાય છે પરંતુ ભટકનારી નારી નાશ પામે છે. (૪)

વિવરણ :

ઘૂમવાથી કોણ વધુ સન્માનપાત્ર બની પૂજાય, અને ઘૂમવાથી કોણ દૂષિત અને કલુષિત થાય એની વાત આ શ્લોકમાં ચાણક્ય આલેખે છે. પરિભ્રમણ કોઈને માટે ઉપકારક, તો બીજા કોઈને માટે અપકારક સાબિત થતું હોય છે.

પ્રજાના સુખદુઃખ જાણવા, રાજા પ્રજાની વચ્ચે ઘૂમ્યા કરે અને જાતે જ માહિતી મેળવી, એનો ત્વરિત નિર્ણય કરે એવો રાજા પ્રજામાં પૂજાય છે, ઘણીવાર પ્રજાનું રક્ષણ કરવા નિમેલા અધિકારીઓ પ્રજાનું રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરી, રાજા પાસે જુદું ચિત્ર રજૂ કરતા હોય છે. રાજાએ હંમેશાં સાવધાન અને જાગૃત રહેવું જોઈએ, અને એ તો જ બને જો એ પ્રજાની વચ્ચે ફર્યા કરતો હોય. પ્રાચીન સમયના કેટલાક ઉત્તમ રાજાઓ, પ્રજા ઓળખી ન જાય તે માટે 'અંધાર પછેડો' ઓઢી, નગરચર્યા કરવા નીકળી પડતાં.

બ્રાહ્મણ પણ પરિવ્રાજક બનીને ઘૂમે તો એ પૂજાય છે અને અને પ્રજા પાસેથી દાનદક્ષિણા મળવાથી પ્રસન્ન થાય છે. એ જ રીતે 'સાધુ તો ચલતા ભલા, ચલતા ભલા નવાણ' એ ન્યાયે સાધુ કે યોગી, સતત ભ્રમણ કરે તો એ પૂજાય છે. એક સ્થળે રહેનારો પરિવ્રાજક ઘણી વાર વ્યક્તિ કે કોઈ સ્થાન વિશેષના મોહમાં ફસાય છે. તેથી એણે ભ્રમણ કરવું. ભર્તૃહરિ કહે છે; 'यतिः संगात् ।' આસક્તિને લીધે યતિનો સંયમ તૂટે છે, અને એનું પતન થાય છે.

આ બધાને માટે ભ્રમણ લાભદાયી, પરંતુ સન્નારી જો ભટક્યા કરે તો એ પૂજાય નહીં પણ વગોવાય. ચોપાટના ઘરોમાં ઘૂમતી કુકરીની જેમ ઘેર ઘેર ભટકનારી નારી કોઈવાર અંટાય જાય છે !

સંચિત કાર્યોથી પ્રારબ્ધ બંધાય છે

तादृशी जायते बुद्धिर्व्यवसायोऽपि तादृश: ।
सहायास्तादृशा एव यादृशी भवितव्यता ।।५।।

મનુષ્યનું જેવું ભાગ્ય હોય તેવી એની બુદ્ધિ થાય છે, વ્યવસાય પણ એ પ્રકારનો જ થાય છે અને એને સહાય પણ એવી જ મળી રહે છે. (૫)

વિવરણ :

એમ કહેવાય છે કે અનેક જન્મોના એકઠાં થયેલા પુણ્યકાર્યો સંચિત (એકઠા) થાય છે. અને આવા સંચિત કાર્યોથી પ્રારબ્ધ બંધાય છે. આવા પ્રારબ્ધથી સદ્‌બુદ્ધિ ઉત્પન્ન થાય છે. અને આવી સદ્‌બુદ્ધિવાળો પુરુષ સત્કાર્યોમાં જ પ્રવૃત્ત થાય છે. અને પછી કાર્યની સફળતા અને સિદ્ધિ માટે એને ઉત્તમ પ્રકારની સહાય પણ અનાયાસ મળી જાય છે. પરંતુ નિર્ણાયક પરિબળ તો પ્રારબ્ધ જ છે. ભર્તૃહરિ કહે છે; 'હે ભાઈઓ ! તમે નિરાંત રાખો, માણસની વૃદ્ધિ અને વિનાશ માટે પ્રારબ્ધ જ કારણ છે.'

પ્રબુદ્ધ મનુષ્ય કાળને અતિક્રમી જાય છે

काल : पचति भूतानि काल : संहरते प्रजा : ।
काल : सुप्तेषु जागर्ति कालो हि दुरतिक्रम : ।।६।।

મહાકાળ (સમય) જ, સર્વ પ્રાણીઓને પચાવી જાય છે. સમય જ પ્રજાઓનો સંહાર કરે છે. બધા સૂતા હોય ત્યારે કાળ જાગતો હોય છે. કાળને કોઈ અતિક્રમી શકતું નથી. (કાળનું ઉલ્લંઘન અસંભવ છે.) (૬)

વિવરણ :

આ અખિલ બ્રહ્માંડમાં મહાકાળ જ જડ-ચેતન સમગ્ર સૃષ્ટિનું નિર્ણાયક પરિબળ છે. એટલે 'મહાકાળ' ઈશ્વરનો વાચક શબ્દ છે. સમય જ સમગ્ર સૃષ્ટિનું સર્જન અને વિસર્જન કરે છે. ગીતાકાર કહે છે; 'कालोस्मिलोकक्षयकृत् ।' લોકોનો વિનાશ કરનારો મહાકાળ હું છું. પ્રાણીમાત્ર એના ઉદરમાં ધારાવાહી રીતે ઓરાઈ જાય છે અને પચી જાય છે. તુલસીદાસે પણ કહ્યું છે; 'केहि जग काल न खाय ।' જગતમાં એવો કોણ છે જેને કાળ નથી ખાતો ? કાળની ચક્કી, બધાને પિસ્યા કરે છે.

જ્યારે પ્રાણીમાત્ર ઊંઘતા હોય છે ત્યારે કાળ જાગે છે. કાળ ન તો અટકે છે, ન તો આરામ કરે છે. કદી ન અટકનારો જો કોઈ પ્રવાહ હોય તો તે છે 'કાળનો પ્રવાહ.' એમાં સ્થાવર-જંગમ બધી જ સૃષ્ટિ તણાયા કરે છે. બધા કાળને વશ થાય, કાળ કોઈને વશ થતો નથી સંસારના કોઈ પણ મનુષ્ય, કાળને પાર (કાલાતીત) Beyond Time થઈ શકતો નથી. પરંતુ પ્રબુદ્ધ મનુષ્ય, કાલને પણ અતિક્રમી જવાની ક્ષમતા ધરાવે છે.

યાચકને કશો વિવેક નથી હોતો

न पश्यति च जन्मान्ध : कामान्धो नैव पश्यति ।
न पश्यति मदोन्मत्तो ह्यर्थी दोषान् न पश्यति ।।७।।

જે જન્માંધ માણસ હોય તે જોઈ શકતો નથી. કામાંધ પુરુષ પણ કાંઈ જોઈ શકતો નથી. મદોન્મત્ત બનેલો મનુષ્ય પણ જોઈ શકતો નથી. અને માગનારાને દોષ દેખાતા નથી. (૭)

વિવરણ :

આંધળા માણસો ચાર પ્રકારના છે. (૧) જન્માંધ, (૨) કામાંધ (૩) મદાંધ (૪) તૃષ્ણાંધ (તૃષ્ણાને લીધે સતત યાચના કરનાર) આ ચાર પ્રકારોમાં જન્માંધ મનુષ્યને તો શારીરિક અંધતા છે. તેથી એ ન જોઈ શકે તે સ્વાભાવિક છે, અને તેમાં એનો કોઈ દોષ પણ નથી.

કામાંધ માણસ, વિષય વાસનાના પરિણામે આંધળો થઈ જાય છે. તેથી એને કોઈ શરમ પણ નથી. અને કોઈ જોઈ જશે એવો ડર પણ નથી. ઠીક કહ્યું છે સુભાષિતકારે; 'कामातुराणाम् न भयम् न लज्जा ।'. એ જ રીતે જે માણસ અભિમાનમાં આંધળો થાય એને પણ કાંઈ દેખાતું નથી. તૃષ્ણાંધ માણસની તૃષ્ણા જ એને યાચક બનાવે છે, અને યાચકને કશો વિવેક નથી હોતો. કોની પાસે માગવું, કોની પાસે ન

માગવું તેનો વિવેક પણ એને રહેતો નથી. વામન અવતારમાં સાક્ષાત્ વિષ્ણુ ભગવાન, બલિરાજા નામના રાક્ષસ પાસે યાચના કરવા ગયા.

જ્ઞાનાગ્નિ સર્વ કર્મોના દોષનો નાશ કરે છે

स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्नुते ।
स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विमुच्यते ।।८।।

જીવાત્મા પોતે જ કર્મ કરે છે. અને પોતે જ એનું ફળ ભોગવે છે. સંસારમાં એ પોતે જ ભમે છે. અને સંસારમાંથી મુક્ત પણ એ જ થાય છે. (૮)

વિવરણ :

આપણા શાસ્ત્રોએ કર્મના સિદ્ધાંતની મીમાંસા કરી છે. આ સંસારમાં આવીને જીવાત્મા કર્મો કરે છે. ત્યારે અગાઉના જન્મોનાં સંચિત કર્મોને સાથે લઈને એ આવે છે. આ તમામ સત્કર્મો, કે દુષ્કર્મોનાં ફળ એને પોતાને એકલાને જ ભોગવવાના હોય છે.

આ સંસારમાં એ પોતે જે ભ્રમણ કરે છે, એટલે કે ભમતાં ભમતાં જે કર્મોના પોટલાં બાંધે છે તેના ફળ કાં તો એ આ જન્મમાં ભોગવે છે અને કાં તો એને આવતા જન્મમાં ભોગવવા પડે છે.

પરંતુ જ્યાં સુધી જ્ઞાનરૂપી અગ્નિથી આ કર્મો, બળી ન જાય ત્યાં સુધી સંસારના આવાગમનમાંથી એની મુક્તિ નથી થતી. અને આ સંચિત થયેલા, તથા આ જન્મમાં આચરવામાં આવેલ બધા જ કર્મોનો ક્ષય થઈ જાય છે ત્યારે જીવાત્માને મુક્તિ મળે છે. ગીતાકાર ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે; 'ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेअर्जुन ।' (હે અર્જુન ! જ્ઞાનાગ્નિ, સર્વકર્મોને ભસ્મસાત્ કરી નાખે છે.)

આ રીતે જીવાત્મા, એની સ્થિતિ અને જ્ઞાનદશા પ્રમાણે કર્મો કરે છે. એનું ફળ ભોગવે છે અને મુક્તિ પણ પામે છે.

કોઈકે તો ફળ ભોગવવું જ પડે છે

राजा राष्ट्रकृतं भुंक्ते राज्ञः पापं पुरोहितः ।
भर्ता च स्त्रीकृतं पापं शिष्यपापं गुरुस्तथा ।।९।।

રાજ્યના પાપનું ફળ, રાજા ભોગવે છે. તો રાજપુરોહિત રાજાના પાપનું ફળ ભોગવે છે. સ્ત્રીએ કરેલું પાપ એનો પતિ ભોગવે છે અને શિષ્યનું પાપ, ગુરુને ભોગવવું પડે છે. (૯)

વિવરણ :

આ શ્લોકમાં ચાણક્ય, પ્રજા દ્વારા કરાતા પાપ, રાજા વડે આચરવામાં આવતા અપરાધ, સ્ત્રીના દોષો, અને શિષ્યની ભૂલો વગેરેના પરિણામો કોને ભોગવવા પડે તેની માર્મિક અને સાવ સાચી ચર્ચા કરે છે.

રાજા, એ પ્રજાનો પાલક પિતા છે. પ્રજાનું પાલન, પોષણ, રક્ષણ અને વિનયના સંસ્કાર, એણે પ્રજાને શિખવવા જોઈએ. રાજ્યની પ્રજા, જો અપરાધ કે પાપ કરે તો એનો અર્થ એ થયો કે રાજાએ, તેઓનું સંસ્કાર ઘડતર કર્યું નથી. જવાબદારી રાજાની હતી. પરંતુ રાજા, એ જવાબદારીનું વહન કરી શક્યો નથી, માટે તે દોષિત છે, અને તેથી પ્રજાના પાપનું ફળ, રાજા ભોગવે છે. આથી જ કહેવાયુ છે; 'यथा राजा तथा प्रजाः ।'

રાજપુરોહિત, રાજાનો ગુરુ છે. તેણે રાજામાં સદ્‌ગુણો અને સંસ્કારોનું સિંચન કરવું જોઈએ. પરંતુ જો રાજપુરોહિત, રાજાને સંસ્કારી ન બનાવી શકે, અને રાજા, અનીતિ આચરે તો એનું પાપ, રાજપુરોહિતને લાગે છે. એ જ રીતે, પતિ એ પત્નીનો શિક્ષક છે, તેથી જો એ પત્નીને સુશીલ ન બનાવી શકે, તો પત્નીના દોષોની સજા એના પતિને ભોગવવી પડે છે.

અને શિષ્યની ભૂલોની સજા, સ્વાભાવિક રીતે જ એના ગુરુના શિરે આવે છે. કહ્યું છે સંસ્કૃતના ચિંતકે; 'आचार्यमागच्छति शिष्यदोषः ।' શિષ્યના દોષ, એના આચાર્યના શિરે આવે છે.

કુંભાર, માટીના ઘડા ઘડે, ત્યારે એના વાંકઘોંક કાઢીને એને સુંદર આકાર આપે છે. જો કુંભાર, ઘડાને ઘડી ન શકે તો વાંક કુંભારનો છે, ઘડાનો નહીં. આ જ નિયમ ગુરુ અને શિષ્યને લાગુ પડે છે.

બહારના શત્રુ કરતાં અંદરનો શત્રુ વધુ ખતરનાક !

ऋणकर्ता पिता शत्रुः माता च व्यभिचारिणी ।
भार्या रूपवती शत्रुः पुत्रः शत्रुरपण्डितः ।।१०।।

દેવું કરનારો પિતા, શત્રુ છે. વ્યભિચાર કરનારી માતા શત્રુ છે. રૂપાળી પત્ની શત્રુ છે. અને મૂર્ખ પુત્ર પણ શત્રુ છે. (૧૦)

વિવરણ :

પિતા, આયોજન કે આવક-જાવકની ગણત્રી કર્યા વિના બેફામ ખર્ચાઓ કરી દેવું કરે તો એ દેવું એના પુત્રના શિરે આવી પડે છે અને તેને એ ભરવું પડે છે. માટે આવું દેવું કરનારો પિતા, પુત્રનો શત્રુ છે.

માતા જો વ્યભિચારીણી હોય તો એના આવા નિંદિત કર્મોથી પુત્રને અપકીર્તિ મળે છે. માતાના વ્યભિચારથી પુત્રને ઘણી હાનિ પણ થતી હોય છે. તેથી વ્યભિચારી માતા, પુત્રની શત્રુ છે.

શત્રુ જે નુકશાન કરી શકે, એવું જ અથવા એનાથી વધુ નુકસાન, મૂર્ખ પુત્ર કરે છે. એટલે મૂર્ખ પુત્ર આંતરિક શત્રુ છે. અને બહારના શત્રુ કરતાં, અંદરનો શત્રુ અતિ ખતરનાક છે. માટે મૂર્ખ પુત્ર પિતાનો શત્રુ છે.

વશ કરવાની કળા જાણવી જરૂરી છે

लुब्धमर्थेन गृह्णीयात् स्तब्धमञ्जलिकर्मणा ।
मूर्ख छन्दोऽनुवृत्तेन यथार्थत्वेन पण्डितम् ।।११।।

લોભી માણસને ધનથી વશ કરી લેવો, જડ મનુષ્યને હાથ જોડીને વશ કરી લેવો, મૂર્ખાને એની ઇચ્છા પ્રમાણે વર્તીને વશ કરી લેવો અને વિદ્વાનને યથાયોગ્ય આચરણથી વશ કરી લેવો. (૧૧)

વિવરણ :

સંસારમાં મનુષ્યને ભાત ભાતના અને જાતજાતના લોકોનો પનારો પડે છે. આવા સમયે કેવો વ્યવહાર કરીએ તો માણસને વશ કરી શકાય એની વાત આ શ્લોકમાં ચાણક્ય કરે છે.

લોભીને, ધન સહુથી વહાલું હોય છે. ધન મેળવવા, અને ધન મળ્યા પછી એને પકડી રાખવા, એ ઝઝૂમ્યા કરે છે. એટલે આવા લોભીને ધન આપીને વશ કરી શકાય છે. ધનનો સંગ્રહ એ જ લોભીનું લક્ષ્ય હોય છે. ઠીક કહ્યું છે. સંતકવિ ભોજા ભગતે;

આજ લોભિયા બેઠાં છે ધન ભેળું કરવા,
ભેળું કરવા ને હાથે કરીને મરવા,
આજે લોભિયા બેઠાં છે ધન ભેળું કરવા.

જો કોઈ માણસ જડ હોય, સાવ અવિચારી હોય તો હાથ જોડીને એને વશ કરી શકાય છે. મૂર્ખ માણસને વશ કરવો હોય તો એની વાત, માની લેવાથી એ વશ થાય છે. દલીલો અથવા તર્કોથી મૂર્ખાઓ વશ થતાં નથી

અને વિદ્વાન અને સંસ્કારી સજ્જનો સદાચરણથી વશ થાય છે.

શ્લોકનો ભાવાર્થ એ છે કે, મનુષ્યનો જેવો સ્વભાવ હોય તે પ્રમાણે તેની સાથે વર્તન કરવાથી, બિનજરૂરી વાદવિવાદ અને અને કલહકંકાસથી મુક્તિ મળે છે.

મૂરખ મિત્ર કિયો ન કિયો

वरं न राज्य न कुराजराज्यं वरं न मित्रं न कुमित्रमित्रम् ।
वरं न शिष्यो न कुशिष्यशिष्यो वरं न दारा न कुदारदारा : ।।१२।।

ખરાબ રાજ્ય હોય એના કરતાં રાજ્ય ન હોય તે વધુ સારું. દુષ્ટ મિત્ર કરતાં, મિત્ર ન હોય તે ઉત્તમ. ખરાબ શિષ્ય કરતાં, શિષ્ય જ ન હોય તે શ્રેષ્ઠ. અને દુષ્ટા ભાર્યા કરતા, ભાર્યા ન હોય તે વધુ સારું (૧૨)

વિવરણ :

જે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાનું શાસન ન હોય તે રાજ્યમાં પ્રજા પારાવાર પરેશાની ભોગવે છે. એના કરતા રાજ્ય ન હોય અને પ્રજા ભગવાનને ભરોસે અને પોતાની તાકાતના મદાર ઉપર જીવન વ્યવહાર ચલાવે એ વધુ સારું ગણાય. એ જ રીતે મિત્ર જો દુષ્ટ હોય તો એવા દુષ્ટ મિત્ર કરતાં મિત્ર ન હોય એમાં જ વધુ લાભ થાય.

કવિ ગંગે, સમ્રાટ અકબરને સલાહ આપતાં કહ્યું હતું;

'કવિ ગંગ કહે સુનો શાહ અકબર !'
એક મૂરખ મિત્ર, કિયો ન કિયો.'

જો શિષ્ય ખરાબ હોય તો ગુરુનું જ્ઞાન અને માન – બન્ને ઘટાડે છે. આવા કુશિષ્ય કરતાં શિષ્ય જ ન હોય તો ગુરુને વધુ લાભ થાય છે. અને પત્ની, કુલટા, કુલહીન અને કુકર્મ કરનારી હોય, તો એ પતિનો વિનાશ પણ કરાવી શકે. અને કદાચ એટલી હદે ન જાય તો પણ પતિનું જીવન, ઝેર તો કરી જ નાખે. આવી કુભાર્યા કરતાં ભાર્યા ન હોય તો વધુ સુખ મળે. સંતકવિ ભોજા ભગતનું કટાક્ષકવન જાણવા જેવું છે.

'મૂરખે નાર કુભારજા આણી,
એનું ઘર થયું ધૂળધાણી !'

ચાર બાબતોને તજવાથી સુખ મળે

कुराजराज्येन कुत : प्रजासुखं कुमित्रमित्रेण कुतोऽस्ति निर्वृति : ।
कुदारदारैश्च कुतो गृहे रति : कुशिष्यमध्यापयत : कुतो यश : ।।१३।।

દુષ્ટ રાજાના રાજ્યમાં પ્રજાને સુખ ક્યાંથી હોય ? ખરાબ મિત્રની મિત્રતા રાખનારને આનંદ ક્યાંથી થાય ? ખરાબ પત્ની હોય તેવા ગૃહસ્થને ઘરમાં પ્રીતિ કેમ થાય ? અને મૂર્ખ શિષ્યને ભણાવનાર ગુરુને યશ ક્યાંથી મળે ? (૧૩)

વિવરણ :

અગાઉના શ્લોકમાં જે વિચાર રજુ કરવામાં આવ્યો છે તેની જ અહીં પુનરુક્તિ છે, એટલે એના ઉપર વિવરણ કરવું આવશ્યક નથી. વિચારનો સાર એટલો જ છે કે દુષ્ટ રાજા, ખરાબ મિત્ર કુલટા પત્ની અને મૂર્ખ શિષ્ય – આ ચાર બાબતોને તજવાથી જ સુખ મળે. એનો સંગ, સુખમાં ભંગ પાડે.

કોની પાસેથી શું શીખવું ?

सिंहादेकं बकादेकं शिक्षेच्चत्वारि कुक्कुटात् ।
वायसात्पञ्च शिक्षेच्च षट् शुनस्त्रीणि गर्दभात् ।।१४।।

સિંહ પાસેથી એક ગુણ શીખવો, બગલા પાસેથી પણ એક ગુણ લેવો. કૂકડા પાસેથી ચાર ગુણો શીખવા, કાગડા પાસેથી પાંચ, કૂતરા પાસેથી છ અને ગધેડા પાસેથી ત્રણ ગુણો શીખવા. (૧૪)

વિવરણ :

પ્રાણીઓ અને પશુપક્ષીઓ પાસેથી પણ ઘણું જાણવા અને શીખવા જેવું છે. ગુણ જ્યાંથી મળે ત્યાંથી ગ્રહણ કરી ગુણગ્રાહક થવું. નગુણા ન થવું. ગુરુ દત્તાત્રેયે આ રીતે ચોવીસ ગુરુઓ કર્યા હતાં.

સિંહ પાસેથી એક ગુણ શીખવા જેવો છે. સિંહ જ્યારે શિકાર કરવા નીકળે ત્યારે એનું સંપૂર્ણ લક્ષ્ય અને એકાગ્રતા શિકાર ઉપર જ હોય. આમ લક્ષ્ય ઉપરની એકાગ્રતાનો એક ગુણ સિંહ પાસેથી ગ્રહણ કરવો. બગલા પાસેથી એકાગ્રતા અને ધીરજનો ગુણ લેવા જેવો છે. બગલો એક ધ્યાનથી, ધીરજપૂર્વક ઊભો રહે છે જ્યાં સુધી માછલી, તેના પગ પાસે ન આવે ત્યાં સુધી શાંત અને સ્થિર ઊભો રહે છે. સફળતા કે સિદ્ધિને પકડવા માટે, માણસે બગલાની જેમ એક ધ્યાન થઈ ધીરજ રાખવી.

કૂકડા પાસેથી ચાર ગુણો શીખવા. કાગડા પાસેથી પાંચ ગુણો પામવા કૂતરા પાસેથી છ ગુણો શીખી લેવા, અને ગધેડા પાસેથી ત્રણ ગુણો જાણી લેવા. આ ગુણો ક્યા ક્યા છે તેની વાત ચાણક્યે હવે પછી આવતાં શ્લોકોમાં દર્શાવી છે.

હું શત-પ્રતિશત ધ્યાન કેન્દ્રિત કરું છું

प्रभूतं कार्यमल्पं वा यन्नरः कर्तुमिच्छति ।
सर्वारम्भेण तत्कार्यं सिंहादेकं प्रचक्षते ।।१५।।

મનુષ્ય, જે નાનું કે મોટું કાર્ય કરવા ઇચ્છતો હોય, તે સર્વ પ્રકારનું જોર લગાવીને પૂરું કરવું – આ એક ગુણ, સિંહ પાસેથી શીખવાનું કહેવામાં આવ્યું છે. (૧૫)

વિવરણ :

સિંહ પાસેથી ક્યો એક ગુણ શીખવા જેવો છે તેની વાત, ચાણક્ય આ શ્લોકમાં કરે છે. સિંહ જ્યારે શિકાર કરે છે ત્યારે એનું બધું જ જોર એ શિકાર ઉપર લગાવે છે. આવી એકાગ્રતા અને સંપૂર્ણ શક્તિને લીધે જ એ શિકારને મારી શકે છે. માણસ, કોઈપણ નાનું અથવા મોટું કામ કરવા માગે ત્યારે એનું સંપૂર્ણ લક્ષ્ય એના ઉપર હોવું જોઈએ, અને એની તમામ શક્તિઓ એ એક જ લક્ષ્ય સિદ્ધ કરવા ઉપર કેન્દ્રિત થવી જોઈએ. સિંહ પાસેથી એકાગ્રતા અને બધી જ તાકાતનો ઉપયોગ કરવાનો ગુણ શીખવા જેવો છે.

અમેરિકાના મોટર ઉદ્યોગના પિતા, અને વિશ્વ વિખ્યાત ધનાઢ્ય હેન્રી ફોર્ડને એક પત્રકારે પૂછ્યું; 'આપની સફળતાનું રહસ્ય શું છે ?' હેન્રી ફોર્ડે કહ્યું; 'હું જે કામ હાથ ઉપર લઉં છું. એમાં શત પ્રતિશત ધ્યાન કેન્દ્રિત કરું છું, અને એમાં હું સફળ બનું છું.'

બગલા પાસેથી શીખવા જેવી સાધના

इन्द्रियाणि च संयम्य वकवत् पण्डितो नरः ।
देशकालवलं ज्ञात्वा सर्वकार्याणि साधयेत् ।।१६।।

બુદ્ધિમાન મનુષ્યે, બગલાની જેમ બધી ઈન્દ્રિયોને એકાગ્ર કરીને, દેશ, કાળ અને બળનો વિચાર કરીને, સર્વકાર્યો સાધી લેવા (આ એક ગુણ બગલા પાસેથી શીખવો) (૧૬)

વિવરણ :

બગલા પાસેથી પણ ઈન્દ્રિયોની એકાગ્રતાનો ગુણ શીખવાનો છે. બગલો નદીના ધીમા પ્રવાહમાં ઊભો હોય કે તળાવના છીછરા પાણીમાં હોય, સમય સવાર-બપોર કે સાંજ ગમે તે હોય, પરંતુ એ એકપગ ઊંચો રાખી, જાણે ધ્યાન ધરતો હોય એમ સંપૂર્ણ સ્થિર ઊભો રહે છે. ખૂબ જ ધીરજ રાખે છે. ઉતાવળ નથી કરતો. જ્યાં

સુધી માછલી એના પગ પાસે ન આવે ત્યાં સુધી એ પ્રતીક્ષા કરે છે. અને માછલી નજીક આવે કે તરત જ ઝડપી લે છે.

બુદ્ધિમાન માનવે પણ કાર્યની સિદ્ધિ માટે ધીરજયુક્ત એકાગ્રતાનો ગુણ કેળવવો જોઈએ. અને એમ કરવા જતા દેશ-કાળ અને પોતાની શક્તિનો પણ વિચાર કરી લેવો જોઈએ. આમ કરવાથી ગમે તેટલા મહાન કામ પણ કરી શકાય છે. સંસ્કૃત સુભાષિત કહે છે;

'एकाग्रो हि बहिवृत्तिः संयम्य तत्त्वमीक्षते ।' જે વ્યક્તિ, બીજા બધા વિચાર તજી દે અને કોઈપણ એક બાબત ઉપર એકાગ્ર થાય તો એ જરૂર તત્ત્વસિદ્ધિ પ્રાપ્ત કરે છે.

મહાભારતનો પ્રસંગ જાણીતો છે. અર્જુને 'મસ્ત્યવેધ' કર્યો ત્યારે એને માત્ર માછલાની આંખ જ દેખાતી હતી. બીજા મહારથીઓને આખી માછલી, માછલી ઉપરનો સ્થંભ, આકાશનો ભાગ વગેરે ઘણુ બધું દેખાતું હતું.

કૂકડો ને તેના ચાર ગુણો

प्रत्युत्थानं च युद्धं च संविभागं च बन्धुषु ।
स्वयमाक्रम्य भुक्तं च शिक्षेच्चत्वारि कुक्कुटात् ।।१७।।

યોગ્ય સમયે જાગી જવું, યુદ્ધ માટે સજ્જ રહેવું, અને ભાઈભાંડુઓમાં સમભાગે વહેંચીને ખાવું તથા પોતે પરાક્રમ કરીને ભોગવવું – આ ચાર ગુણો કૂકડા પાસેથી શીખવા. (૧૭)

વિવરણ :

કૂકડા પાસેથી ચાર ગુણો શીખવાના છે. આ ચાર ગુણો, શાસન કરનાર રાજા માટે, અને કુટુંબ શાસન કરનાર પરિવારના વડા માટે તેમ જ એકલા રહેનાર સામાન્ય માનવ માટે પણ ઉપયોગી છે.

યોગ્ય સમયે જાગી જવું એ પ્રથમ ગુણ છે. જો રાજા પ્રમાદી આળસુ અને ઊંઘણશી હોય તો બીજો રાજા એની ઉપર આક્રમણ કરી એને જીતી લે છે. 'જાગૃતિ' – જાગરણ એટલે સાવધાન રહેવું એ ગુણ તો, મનુષ્યો માટે તો મહત્ત્વનો છે જ, પ્રાણી માત્ર માટે ઉપયોગી છે.

બીજો ગુણ છે 'યુદ્ધ માટે સજ્જ રહેવું.' શાંતિનો સમય હોય તો પણ યુદ્ધની સર્વપ્રકારની સજ્જતા અને યુદ્ધ સામગ્રી તૈયાર રાખવી ઘટે. સંસારના વ્યવહારોમાં પણ સામાન્ય માણસે અનેક મોરચે લડવાનું થયા જ કરે છે. એ માટે પણ તૈયારી રાખવી જોઈએ.

સફળ રાજાનો ત્રીજો ગુણ છે 'ભાયાતોને પણ સાથે રાખવા અને તેઓને પણ રાજ્યમાંથી યથાયોગ્ય ભાગ આપવો.' જો આમ ન કરવામાં આવે તો એ વિરુદ્ધમાં થઈ જાય અને શત્રુ સાથે મળી જઈ, આક્રમણ કરે.

ચોથો ગુણ જે કૂકડા પાસેથી શીખવાનો છે તે એ છે કે કૂકડો આક્રમક છે, યુદ્ધખોર છે. તે પરાક્રમ કરીને અન્ય પક્ષીને ભગાડી મૂકે છે અને ભોગ ભોગવી લે છે. પરાક્રમ કરવું એ રાજાનો મહત્ત્વનો ગુણ છે. ઉત્સાહથી ઉભરાતું શૌર્ય, રાજાને વિજય અપાવે છે. કવિ કહે છે, 'प्रायेणैव नरेन्द्रश्रीः सोत्साहैरेव भुज्यते ।' રાજ્યલક્ષ્મી એ રાજેન્દ્ર ભોગવી શકે છે, જેનામાં ઉત્સાહ અને પરાક્રમ ઉભરાતાં હોય !

કાગડાના પાંચ ગુણોથી શીખવા જેવું

गूढमैथुनचरित्वं च काले काले च संग्रहम् ।
अप्रमत्तमविश्वासं पञ्च शिक्षेच्च वायसात् ।।१८।।

ગુપ્ત રીતે મૈથુન કરવું, ચતુર થવું, સમય પ્રમાણે વસ્તુઓનો સંગ્રહ કરવો, સાવધાન રહેવું, અને અવિશ્વાસ કરવો – આ પાંચ ગુણો, કાગડા પાસેથી શીખવા. (૧૮)

વિવરણ :

કાગડામાં પાંચ ગુણો છે. એ ગુપ્ત મૈથુન કરે છે. સમય પ્રમાણે વસ્તુઓનો સંગ્રહ, સાવધાની ચતુરાઈ અને અવિશ્વાસ આ પાંચ ગુણો – રાજાઓએ કાગડા પાસેથી શીખવા.

બીજા બધા પક્ષીઓ મૈથુન કરતાં નજરે પડે છે. પણ કાગડાનું મૈથુન કોઈએ નહીં જોયું હોય. મૈથુન ગુપ્ત રીતે કરવું એ સુલક્ષણ છે. સમય પ્રમાણે વસ્તુઓનો સંગ્રહ પણ કરવો. આપત્તિ કે સંકટના સમયે ઉપયોગમાં લઈ શકાય તે માટે ધન અને ધાન્યનો આવશ્યક સંગ્રહ રાખવો જ જોઈએ. રાજા, પ્રમાદી ન રહી શકે. એણે સતત જાગૃત અને સાવધાન રહેવું. અને પ્રથમ તો અવિશ્વાસ જ કરવો. પછી જ્યારે ખાત્રી થાય ત્યારે જ વિશ્વાસ કરવો. વિશ્વાસે વહાણ હાલે એમ કહેવાય છે પણ વગર વિચાર્યે વિશ્વાસ કરવાથી વહાણ ડૂબે, એ એટલું જ સાચું છે 'પંચતંત્ર' ગ્રંથમાં કહ્યું છે; 'જે વિશ્વાસપાત્ર ન હોય તેનો તો વિશ્વાસ ન જ કરવો. પરંતુ જે વિશ્વાસપાત્ર હોય તેનો પણ વિશ્વાસ ન કરવો.'

કાગડા માટે એક જાણીતી કથા છે. એક કાગડો, એના નાના બચ્ચાને સમજાવતો હતો; 'બેટા ! આપણે ડાળ ઉપર બેઠા હોઈએ ત્યારે સામે ઊભેલા માણસનો

વિશ્વાસ ન કરવો. જો એ નીચો નમે તો એ કાંકરો ઉપાડીને મારશે એમ માનીને ઊડી જવું. એ તો બરાબર. પરંતુ જો એ શાંત ઊભો હોય તો પણ એનો વિશ્વાસ ન કરવો. કારણ કે એણે એના ખિસ્સામાં કાંકરો રાખ્યો હોય. ટૂંકામાં કોઈપણ સંજોગોમાં આપણે માનવજાતનો વિશ્વાસ ન કરવો.'

કૂતરાના છ ગુણોનો બોધ શું છે ?

वह्वाशी स्वल्पसन्तुष्ट : सुनिद्रो लघुचेतन : ।
स्वामिभक्तश्च शूरश्च षडेते श्वानतो गुणा : ।।१९।।

વધારે ભોજન, થોડામાં સંતોષ, સારી નિદ્રા, ઝડપથી જાગી જવું, સ્વામીભક્તિ, અને શૂરાતન – આ છ ગુણો, કૂતરા પાસેથી શીખવાના છે. (૧૯)

વિવરણ :

શ્વાનમાં છ ગુણો હોય છે. તેની પાસેથી આ છ ગુણો શીખી લેવા જોઈએ. શ્વાન વધારે ભોજન કરે છે. મનુષ્યે પણ વધારે ભોજન કરવું એનું અર્થઘટન એવું છે કે ઓછા ભોજનથી શરીરને સૂકવી ન નાખવું કારણ કે શરીર મજબૂત અને દ્રઢ હશે તો જ અન્ય શક્તિઓનો ઉપયોગ થઈ શકે. અને વધુ ભોજનથી શરીર મજબૂત બને છે. ઠીક કહ્યું છે કવિએ -

શરીરે સુખી તે સુખી સર્વ વાતે,
શરીરે દુઃખી તે દુઃખી સર્વ રીતે.

શ્વાનનો બીજો ગુણ છેઃ થોડામાં સંતોષ. લુખ્ખા-સુખ્ખા રોટલાનો નાનો ટુકડો મળે તો પણ એને સંતોષ થાય. એમ મનુષ્યે પણ થોડામાં સંતોષ માનવો. શ્વાનનો ત્રીજો ગુણ છેઃ સારી નિદ્રા. એ નિરાંતે ઊંઘતો હોય છે. મનુષ્યે પણ સારી નિદ્રા કરવી. નિદ્રા, ઉત્તમ રસાયણ છે. એનાથી તન-મન બન્ને પ્રફુલ્લિત થાય છે.

શ્વાનનો ચોથો ગુણ છે; ઝડપથી જાગી જવું. એ સૂતો હોય અને પગલાનો સહેજ અવાજ થાય કે તરત જ જાગી જાય છે. મનુષ્યમાં આવી ઝડપથી જાગી જવાની વૃત્તિ હોવી જોઈએ. એનો પાંચમો ગુણ છે 'સ્વામી ભક્તિ.' એ તેના માલિકને સંપૂર્ણ વફાદાર રહે છે. મનુષ્યે પણ પોતાના સ્વામી તરફ વફાદારી રાખવી જોઈએ.

અને શ્વાનનો છઠ્ઠો ગુણ છે; 'શૂરાતન.' અજાણ્યા શ્વાન એના શત્રુ છે, એની સામે એ બહુ જ બહાદુરીપૂર્વક લડે છે અને લોહીલુહાણ થાય તો પણ યુદ્ધક્ષેત્ર છોડતો નથી. મનુષ્યે પણ આવી શૂરવીરતા બતાવવી જોઈએ.

ગધેડાની પાસેથી ત્રણ ગુણો લેવા જેવા છે

सुश्रान्तोऽपि वहेद् भारं शीतोष्णं न च पश्यति ।
सन्तुष्टश्चरते नित्यं त्रीणि शिक्षेच्च गर्दभात् ।।२०।।

ખૂબ થાક્યો હોય તો પણ ભાર વેંઢારે, ટાઢું ઊનું કાંઈ પણ ન ગણકારે, અને હંમેશાં સંતોષથી ફર્યા કરે – આ ત્રણ ગુણો, ગધેડા પાસેથી શીખવા. (૨૦)

વિવરણ :

ગધેડાના ત્રણ ગુણો છે. એ ગમે તેવો થાક્યો હોય તો પણ ગમે તેવો ભારે ભાર ઉપાડે છે. ગધેડા જેવું ભારવાહી પ્રાણી, બીજું એક પણ નથી. તેની પાસેથી આ ગુણ જીવનમાં ઊતારવા જેવો છે. મનુષ્યે પણ થાક્યા વિના, કામનો બોજ ઉપાડવો જોઈએ. વેદમાં કહ્યું છે; 'નાનાશ્રાન્તાય શ્રીરસ્તિ ।' જે કામ કરીને થાકતો નથી, તેને જ લક્ષ્મી મળે છે.

ગધેડો ભોજન કે આહારની ગુણવત્તા ઉપર ધ્યાન નથી આપતો. એને ગરમ કે ઠંડુ જે કાંઈ આપવામાં આવે તે ખાઈ લે છે. કાર્યસિદ્ધિ કરનાર મનુષ્યે, ગધેડા પાસેથી આ ગુણ ગ્રહણ કરી મનુષ્યે ભોજન ઉપર બધું જ ધ્યાન કેન્દ્રિત ન કરવું. અનુભવનું કથન છે. 'જીવવા માટે ખાવું છે, ખાવા માટે નથી જીવવું.'

ગધેડાનો ત્રીજો ગુણ છે; 'મસ્તીથી મહાલવું મનુષ્યે પણ આ ગુણ શીખવા જેવો છે. જીવનમાં સારા-નરસા ગમે તેવા પ્રસંગો આવે, પરંતુ મોજથી રહેવું, હરવું ફરવું અને જરૂર પ્રમાણે કામ કરવું.'

જો મનુષ્ય, જીવનમાં ગધેડાના આ ત્રણ ગુણો જાણી લે અને આચરણમાં ઊતારે તો 'તું તો માણસ છો કે ગધેડો, એવી ગાળમાંથી એ ઊગરી જાય.'

પ્રાણીઓ અને પક્ષીઓનો સંદેશ

य एतान् विंशतिगुणानाचरिष्यति मानवः ।
कार्याऽवस्थासु सर्वासु अजेयः स भविष्यति ।।२१।।

જે મનુષ્ય, આ વીસ ગુણોને આચરણમાં ઊતારે તે મનુષ્ય, બધા કાર્યોમાં અને બધી પરિસ્થિતિઓમાં અજેય બની જાય છે. (૨૧)

વિવરણ :

પ્રાણીઓ અને પક્ષીઓમાં પ્રકૃતિએ મૂકેલા, અને આગળના શ્લોકોમાં દર્શાવેલ, વીસ ગુણોને, મનુષ્ય બરાબર સમજી લે અને જીવનમાં એને આત્મસાત

કરી લે, તો આવો મનુષ્ય મહામાનવ કહેવાય અને એ સર્વક્ષેત્રોમાં સિદ્ધિ મેળવે. અને સંઘર્ષો સાથેની લડાઈમાં વિજય પ્રાપ્ત કરે, એમાં કોઈ શંકા નથી. ગુણોની ફરી યાદી જાણી લઈએ.

- સિંહ પાસેથી 'લક્ષ્ય પર સંપૂર્ણ જોર', ગુણ (૧)
- બગલા પાસેથી 'એકાગ્રતા' ગુણ (૧)
- કૂકડા પાસેથી જાગૃતિ, સજ્જતા, વહેંચણી, પરાક્રમ – ગુણ (૪)
- કાગડા પાસેથી ગુપ્ત મૈથુન, વસ્તુ સંગ્રહ, સાવધાની, ચતુરાઈ, અવિશ્વાસ – ગુણ (૫)
- કૂતરા પાસેથી – વધુ આહાર, સંતોષ, નિદ્રા, જાગરણ, સ્વામી ભક્તિ અને શૂરાતન ગુણ (૬)
- ગધેડા પાસેથી ભારવહન, આહાર ઉપર બહુ ધ્યાન ન આપવું અને સંતોષથી ફરવું – ગુણ (૩)

કુલ ગુણ (૨૦)

*

॥ સાતમો અધ્યાય ॥

મનુષ્યને પરમસુખ બે જ રીતે પ્રાપ્ત થાય છે. એક રીત એ છે કે તે સંતોષરૂપી અમૃતનું પાન કરે. અને બીજી રીત એ કે તે શાંતચિત્ત બને.

કઈ બાબતો ગુપ્ત રાખવી

अर्थनाशं मनस्तापं गृहे दुश्चरितानि च ।
वञ्चनं चाऽपमानं च मतिमान्न प्रकाशयेत् ।।१।।

ધનનો નાશ, મનનો સંતાપ, ઘરમાં ઘટેલી ચારિત્ર્યની ખરાબ ઘટનાઓ, છેતરાયા હોય તે વિગત તથા કોઈના દ્વારા થયેલું અપમાન – આટલી બાબતો બુદ્ધિમાન મનુષ્યે જાહેર ન કરવી. (૧)

વિવરણ :

જીવનમાં અને વ્યવહારમાં કેવી બાબતો જાહેર કરવી અને કેવી વાતો છૂપાવવી તેની વિગતે ચર્ચા, ચાણક્ય આ શ્લોકમાં કરે છે. જેનાથી આપણી તથા આપણા સ્વજનોની માનહાનિ થાય અને આપણું ગૌરવ ઘટે તેવી વાતો કે ઘટનાઓ જાહેર ન કરવી.

એ જ રીતે ધન પ્રાપ્ત થયું હોય અને તેની વાત કરીએ તો તેનાથી ઉત્સાહ વધે છે પરંતુ ધન નાશ પામ્યું હોય એની વિગત કહીએ તો તેનાથી નિરાશા ઉત્પન્ન થાય છે, એટલે ધનહાનિની વાત કરવી ન જોઈએ.

સંસારમાં મનુષ્ય, આધિ-વ્યાધિ-ઉપાધિના વિવિધ તાપથી ઘણીવાર સંતાપ અનુભવે છે. મનનો આવો ઉદ્વેગ થયો હોય તે પણ ન જ કહેવો. ગૃહમાં ચારિત્ર્યની કોઈ ખરાબ ઘટના ઘટી હોય તો તે પણ ન જ જણાવવી, કારણ કે તેમ કરવાથી ઘરસંસાર વગોવાય છે. વળી આપણું સન્માન થયું હોય તે કહેવાથી આપણો મહિમા વધે પણ આપણું કોઈ દ્વારા અપમાન થયું હોય તે કહીએ તો આપણો મહિમા ઘટે છે. એટલે એવી વાત જાહેર ન કરવી એમાં જ શાણપણ છે.

શરમ અને સંકોચથી નુકસાન છે

धन-धान्यप्रयोगेषु विद्यासंग्रहणेषु च ।
आहारे व्यवहारे च त्यक्तलज्ज : सुखी भवेत् ।।२।।

ધનના વ્યવહારોમાં તથા ધાન્યના આહારોની બાબતમાં અને વિદ્યા ગ્રહણ કરવાના પ્રસંગોમાં, શરમ કે સંકોચ ન રાખનાર મનુષ્ય સુખી થાય છે. (૨)

વિવરણ :

જીવનના વ્યવહારોમાં સુખી થવાનું એક જાણીતું સૂત્ર છે; 'आहारेषु व्यवहारेषु स्पष्टवक्ता सुखी भवेत् ।' આહારની બાબતમાં અને લોકો સાથેના વિવિધ પ્રકારના વ્યવહારોની બાબતમાં જે વ્યક્તિ સ્પષ્ટ કહી દે છે તે સુખી બને છે. આ ચિંતનનું સરસ પ્રતિબિંબ આ શ્લોકમાં ઝીલાયું છે.

ભોજનના પ્રસંગે, ઘણી વાનગી, આપણને અપ્રિય હોય અથવા આપણી પ્રકૃતિને અનુકૂળ ન હોય તો શરમ કે સંકોચથી એ ખાઈ લેવાથી મુશ્કેલી વધે છે. આવા વખતે ભોજન, આનંદ આપવાને બદલે પીડા આપે છે. માટે આ બાબતમાં સ્પષ્ટવક્તા થવું.

ધાન્યના વ્યવહારો એટલે, ધન અને ધાન્યની લેવડ-દેવડના વ્યવહારો, પ્રાચીન સમયમાં જ્યારે 'કરન્સી' એટલે નાણું ન હતું ત્યારે અનાજની વિનિમય પદ્ધતિ હતી. ત્યારે 'ધાન' એ જ ધન હતું. એટલે લોકો સાથે આવશ્યક્તા પ્રમાણે ધન-ધાન્યનો વ્યવહાર કરવો. પરંતુ એમાં બહુ જ સ્પષ્ટ રહેવું. કોઈનું કાંઈ ઉછીનું લીધું હતું, સમય નક્કી કર્યા મુજબ પાછું આપવું.

વિદ્યા ગ્રહણ કરવાની બાબતમાં પણ આ જ રીતે સ્પષ્ટ રહેવું. જે વિદ્યામાં આપણને રસરુચિ કે શક્તિ ન હોય, તે કોઈ આપણને પરાણે શીખવે તો ઈન્કાર કરવો. અને જેમાં આપણને રસ હોય તે શીખવવાનો કોઈ ઈન્કાર કરે તો પણ સંકોચ રાખ્યા વિના એ ગ્રહણ કરવી, આ જ કારણે લોકવ્યવહારમાં એક કહેવત પડી છે 'એક નનૈયો સો દુઃખ હણે' (ના પાડવાની હિંમત હોય તો સો દુઃખ દૂર થાય છે)

મનમાં કલ્પનાના તરંગો ઉછળ્યા કરે છે

सन्तोषाऽमृत-तुप्तानां यत्सुखं शान्तचेतसाम् ।
न च तद् धनलुब्धानामितश्चेतश्च धावताम् ।।३।।

સંતોષ રૂપી અમૃતનું પાન કરીને તૃપ્ત થયેલા અને શાંતચિત્તવાળા બનેલા મનુષ્યને જે સુખ મળે છે તેવું સુખ ધનના લોભથી અહીંતહીં દોડતાં માણસોને નથી મળતું. (૩)

વિવરણ :

સંસ્કૃત સુભાષિતકારનું કથન છે; 'सन्तोष एव पुरुषस्य परम् निधानम् ।' (સંતોષ એ જ મનુષ્યનો પરમ ભંડાર છે) તો કબીરસાહેબ કહે છે કે માણસ પાસે હાથીઓની મોટી સેના હોય, મોટું અશ્વદળ હોય, ધન ભંડાર ભર્યા હોય, તો પણ એને તૃપ્તિ નથી થતી, પરંતુ 'જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂલિ સમાન' જ્યારે સંતોષ રૂપી ધન આવે છે તો તેની સામે દુનિયાનું બધું ધન ધૂળ સમાન છે.

મનુષ્યને પરમસુખ, બે જ રીતે પ્રાપ્ત થાય છે. એક રીત એ છે કે તે સંતોષરૂપી અમૃતનું પાન કરે. અને બીજી રીત એ છે કે તે શાંતિચિત્ત બને. માનવમન મહાસાગર જેવું છે. જેમ મહાસાગરમાં ઉંચા ઉંચા અનેક તરંગો ઉછળ્યા કરે છે, તેમ મનુષ્યના મનમાં કલ્પનાના તરંગો ઉછળ્યા કરે છે, અને એમાંથી જ એના ઉધામા થાય છે. પરંતુ જો મન શાંત થઈ જાય, તો તરંગો પણ શાંત થઈ જાય છે. અને મનુષ્યને અપૂર્વ આનંદનો અનુભવ થાય છે.

સંતોષ રાખવાથી તન મન પ્રસન્ન રહે છે

सन्तोषस्त्रिषु कर्तव्य: स्वदारे भोजने धने ।
त्रिषु चैव न कर्तव्योऽध्ययने तपदानयो: ।।४।।

પોતાની પત્નીમાં, ભોજનમાં અને ધનમાં આ ત્રણ બાબતોમાં મનુષ્યે સંતોષ રાખવો. પરંતુ અધ્યયન, તપ અને દાનમાં આ ત્રણ બાબતોમાં ક્યારેય સંતોષ ન જ રાખવો. (૪)

વિવરણ :

માણસે, કઈ કઈ બાબતમાં સંતોષ રાખવો, અને કઈ કઈ બાબતોમાં અસંતોષ રાખવો તેનો વિવેક, ચાણક્ય આ શ્લોકમાં શીખવે છે. કોઈ ઘટનામાં સંતોષ રાખવાથી સુખ મળે, તો કોઈ બાબતમાં અસંતોષ રાખવાથી સુખ મળે.

મનુષ્યે એની પત્નીની બાબતમાં સંતોષ રાખવો. એનો અર્થ એ થાય કે માણસને એકથી એક ચડિયાતી અને રૂપાળી અનેક પત્નીઓ હોય તો પણ એને સંતોષ નથી થતો. રામાયણમાં કથા છે કે રાજા દથરથને ત્રણસો સાંઠ રાણીઓ હતી. પરંતુ એના જ પુત્ર શ્રી-રામને એક જ પત્ની હતી. આવા સંતોષના પરિણામે શ્રીરામ ભગવાન તરીકે પૂજાય છે. દશરથના મંદિર ક્યાંય જોયા ?

બીજો અર્થ એ થાય કે પત્નીને ભોગવવામાં સંતોષ રાખવો. અન્યથા કામવાસના એવી છે કે તે વધ્યા જ કરે. મનુસ્મૃતિએ તો એવો નિયમ કર્યો છે કે 'પતિએ એની પત્ની પાસે ઋતુકાળના વખતે જ જવું.'

ભોજનમાં અને ધનમાં પણ એવો જ સંતોષ રાખવો. જેમ કામની (sex)ની ભૂખ હોય છે તેમ ધનની અને ભોજનની પણ ભૂખ હોય છે. આ ત્રણેય બાબતો, વધારી વધે છે અને ઘટાડી ઘટે છે. માટે એમાં સંતોષ રાખવાથી તન-મન પ્રસન્ન રહે છે.

પરંતુ અભ્યાસમાં, તપ કરવામાં અને દાન આપવામાં સંતોષ નહીં. અસંતોષ સારો. આ ત્રણ બાબતોમાં જેમ અસંતોષ રાખીએ તેમ તેમ એની વૃદ્ધિ થાય. અને પરિણામે એ વધુ કલ્યાણ કરે !

જીવન વ્યવહારમાં જાગૃત બનો

विप्रयोर्विप्रवह्नयोश्च दम्पत्यो : स्वामिभृत्ययो : ।
अन्तरेण न गन्तव्यं हलस्य वृषभस्य च ।।५।।

બે બ્રાહ્મણોની વચ્ચે, બ્રાહ્મણ અને અગ્નિની વચ્ચે પતિ પત્નીની વચ્ચે, શેઠ અને નોકરની વચ્ચે તેમ જ હળ અને બળદની વચ્ચે ક્યારેય ન જવું. (૫)

વિવરણ :

બે બ્રાહ્મણો શાસ્ત્રચર્ચા કરતાં હોય અથવા તો કોઈ સ્વાર્થના લીધે કજિયો કરતાં હોય ત્યારે તેઓની ઉગ્રતા ચરમ સીમાએ હોય છે. એક સુભાષિતકારે તો એમ પણ કહ્યું છે; 'ब्राह्मणो ब्राह्मणं दृष्टवा श्वानवत् घुर्धूरायते ।' (એક બ્રાહ્મણ, બીજા બ્રાહ્મણને જોઈને, કૂતરાની જેમ ઘૂરકિયા કરે છે.) આવા વખતે તે બન્નેની વચ્ચે આવવાથી કાં તો શારીરિક હાનિ અથવા માનહાનિ થાય.

એ જ રીતે બ્રાહ્મણ જ્યારે યજ્ઞમાં આહુતિ આપતો હોય અને યજ્ઞાગ્નિની જવાળાઓ નીકળતી હોય ત્યારે પણ તે બેની વચ્ચે આવવાથી યજ્ઞક્રિયા અપવિત્ર બને છે. એટલેં એમ ન કરવું.

વળી જ્યારે પતિપત્ની વચ્ચે કલહકંકાસ ચાલતો હોય ત્યારે એ અંગત ઘટના છે, અને એના કારણોની ખબર નથી હોતી. તેથી એમાં મધ્યસ્થી કરવી અવિવેક છે.

તો શેઠ અને નોકરના ઝઘડામાં પણ વચ્ચે ન પડવું તેમાં શાણપણ છે. ખેતીકામમાં જ્યારે ખેડૂત બળદોને હળમાં જોડીને ખેતર ખેડતો હોય ત્યારે એની વચ્ચે આવવાથી, કાં તો બળદના શિંગડાથી અથવા હળની કોશથી ઈજા થવા સંભવ છે તેથી એનાથી દૂર રહેવું.

ગાય દૂધ આપનારી માતાના સ્થાને છે

पादाभ्यां न स्पृशेदग्निं गुरं ब्राह्मणमेव च ।
नैव गां न कुमारीं च न वृद्धं न शिशुं तथा ।।६।।

અગ્નિ, ગુરુ, બ્રાહ્મણ, ગાય, કુંવારી કન્યા, વૃદ્ધ મનુષ્ય અને બાળકને કદી પણ પગથી ઠોકર ન મારવી. (૬)

વિવરણ :

પગથી કોઈને પાટું મારવું એ હલકા પ્રકારનું અપમાન છે. તેથી આવું અપમાન સામાન્ય રીતે કોઈનું ન કરાય. એમાં પણ કેટલાક પદાર્થો અને વ્યક્તિઓને શાસ્ત્રોએ અને સામાજિક નીતિનિયમોએ પવિત્ર માન્યા છે. જેમકે અગ્નિ, અતિપવિત્ર છે. તેને દેવોનું મુખ કહેવામાં આવ્યો છે. મનુષ્ય, જે કાંઈ દ્રવ્ય, દેવને અર્પણ કરવા ઇચ્છતો હોય, તેને અગ્નિ જ દેવ પાસે લઈ જાય છે. અગ્નિનું એક નામ 'પાવક' છે. જે પોતે પવિત્ર હોય, અને અન્યને પણ પવિત્ર કરે તેનું નામ પાવક. આવા પવિત્ર અગ્નિને પ્રણામ કરાય. પાટું ન મરાય. વળી અગ્નિને પાટું મારવાથી દાઝી જવાય તેથી પણ પાટું ન મારવું.

ગુરુ, વિદ્યા અને સંસ્કાર આપનાર આચાર્ય છે, બ્રાહ્મણ, ચારેય વર્ણોનો ગુરુ છે. (वर्णानाम् ब्राह्मणो गुरुः ।), ગાય, દૂધ પાનારી માતાના સ્થાને છે, કુંવારી કન્યા, અતિપવિત્ર છે, વૃદ્ધ મનુષ્ય પૂજનીય છે અને બાળક, ઈશ્વરનું જ લઘુ રૂપ છે તેથી તેઓને કદી પણ પગથી ઠોકર ન મારવી. એટલું જ નહીં પગથી તેઓને સ્પર્શ કરવો એ પણ પાપ છે.

દુર્જનોથી દૂર રહેવામાં મજા છે

शकटं पञ्चहस्तेन दशहस्तेन वाजिनम् ।
हस्ती शतहस्तेन देशत्यागेन दुर्जनम् ।।७।।

બળદગાડાથી પાંચ હાથ છેટા રહેવું, અશ્વથી દશ હાથ દૂર રહેવું, હાથીથી સો હાથના અંતરે રહેવું, પરંતુ દુર્જનથી દૂર રહેવા માટે દેશત્યાગ કરવો. (૭)

વિવરણ :

દુર્જન સાથે સંગ તો ન જ કરવો, એનાથી હંમેશાં દૂર રહેવું એ વાતનો ઉલ્લેખ કરીને હાનિ કરી શકે એવી કેટલીક બાબતોથી કેટલું દૂર રહેવું તેના ઉદાહરણો આપ્યાં છે. પરંતુ મૂળ ભાર જેના ઉપર મૂકવામાં આવ્યો છે તે છે દુર્જનોનો ત્યાગ.

બળદગાડાથી પાંચ હાથ છેટા રહેવું, એટલા માટે કહ્યું છે કે બળદો ભડકે અને ગાડાને તાણીને રસ્તો ઓળંગીને ભાગવા માંડે તો નજીક ઊભેલા માણસને હડફેટે ચડાવી ઈજા પહોંચાડે. તેથી સાવધાની રાખી, બળદગાડાથી દૂર રહેવું.

અશ્વનો વેગ, બળદગાડાના વેગ કરતાં ઘણો વધુ હોય છે તેથી અશ્વ તોફાને ચડીને લાત ન મારે તેથી એનાથી દશ હાથ દૂર રહેવું. હાથી, અત્યંત બળવાન છે અને એ મદાન્ધ બની પાગલ થાય તો માર્ગમાં જે મળે એને પગ નીચે મસળી નાખે, અથવા તો સૂંઢમાં પકડીને દૂર ફેંકી દે તેથી તેનાથી સો હાથ છેટું રહેવું. પણ સહુથી વધુ નુકસાન દુર્જન કરી શકે. એ જે દેશમાં રહેતો હોય તે દેશમાં આપણે વસીએ તો પણ દુઃખ દેવા પહોંચી જાય. એટલે સલામતી તો એમાં છે કે જે પ્રદેશમાં દુર્જન રહેતો હોય તે દેશ જ તજી દેવો.

વશ કરવા જેવી યુક્તિઓ

हस्ती अंकुशमात्रेण वाजी हस्तेन ताड्यते ।
श्रृङ्गी लगुडहस्तेन खड्गहस्तेन दुर्जनः ।।८।।

હાથીને નાના અંકુશથી વશ કરી શકાય. અશ્વને હાથ વડે થપથપાવીને કાબૂમાં કરી શકાય, હાથમાં લાકડી લઈને પશુને વશ કરી શકાય. અને દુર્જનને હાથમાં રાખેલી તલવાર વીંઝીને દબાવી શકાય. (૮)

વિવરણ :

હાથી, વિશાળ દેહ અને અમાપ તાકાત ધરાવે છે. એમ છતાં નાના એવા અંકુશથી એને કાબૂમાં રાખી શકાય છે. પરંતુ અશ્વને વશ કરવામાં અંકુશ ઉપયોગી નથી. એને હાથ વડે થપથપાવીને, લાડથી આધીન કરી શકાય છે. ગાય, ભેંસ, બળદ વગેરે પશુઓને લાકડીથી વશ કરી શકાય છે.

પરંતુ દુર્જન તો અતિ ખરાબ અને ખતરનાક છે. પશુબળ કરતાં પણ એનું બળ વધુ છે. અન પશુના જેવી સમજ પણ એનામાં નથી. પરિણામે નાના હથિયારથી, હાથ ફેરવવાના આશ્વાસનથી કે લાકડી ઉગામવાથી એ માનતો નથી. તલવાર જેવા ધારદાર હથિયાર એની સામે વીંઝવામાં આવે અને એને મોતનો ડર લાગે તો જ એ વશ થાય છે.

બીજાના દુઃખે દુઃખી, બીજાના સુખે સુખી તે સાધુ

तुष्यन्ति भोजने विप्रा मयूरा धनगर्जिते ।
साधवः परसम्पत्तौ खलः परविपत्तिषु ।।९।।

ભોજનથી, બ્રાહ્મણો તૃપ્ત થાય છે. મેઘગર્જનાથી મયૂરો પ્રસન્ન થાય છે. બીજાની સંપત્તિ જોઈને સાધુપુરષોને આનંદ થાય છે. પરંતુ દુર્જન તો અન્યને આપત્તિમાં આવી પડેલા જોઈને ખુશી થાય છે. (૯)

વિવરણ :

આ શ્લોકમાં પણ દુર્જનના ઈર્ષ્યાગ્રસ્ત દુષ્ટ સ્વભાવનું વર્ણન કરવામાં આવ્યું છે. દુર્જનમાં હંમેશાં પરપીડનવૃત્તિ – બીજાને દુઃખ દેવાની વૃત્તિ, ઉછળતી હોય છે. એને ગમે તેટલી સંપત્તિ કે સુખ સુવિધાના સાધનો મળે તો એનાથી એને આનંદ નથી થતો. પોતે સુખમાં હોય તેથી એને સંતોષ ન થાય. પણ બીજો દુઃખી થાય એમાં એને મજા પડે છે. પોતે શ્રીમંત થાય એમાં એને આનંદ ન થાય, પણ બીજો નિર્ધન થાય એમાં એને ખુશી થાય.

સમીકરણ સ્પષ્ટ છે; 'બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી થાય તે સાધુ પુરુષ. એનાથી વિપરીત બીજાના દુઃખે સુખી થાય એ દુર્જન ! અને બીજાને સુખમાં મહાલતા જોઈને જે ઇર્ષ્યાથી બળી જાય એ પણ દુર્જન !'

દુર્જનો, ઢોલ અને ગાદલા

अनुलोमेन वलिनं प्रतिलोमेन दुर्जनम् ।
आत्मतुल्यवलं शत्रुं विनयेन बलेन वा ।।१०।।

સાનુકૂળ વર્તન કરીને, બળવાનને જીતી શકાય. પ્રતિકૂળ આચરણ કરીને દુર્જનને દબાવી શકાય. પરંતુ સમાન બળવાળા શત્રુને કાં તો શક્તિથી અથવા તો વિનમ્રતાથી જીતી શકાય. (૧૦)

વિવરણ :

પંચતંત્રમાં એક સરસ શ્લોક છે; 'उत्तमम् प्रणिपातेन ।' ઉત્તમ મનુષ્યને વિનમ્રતાપૂર્વક વંદન કરવાથી જીતી શકાય. અધમ પુરુષને છળકપટ કરીને જીતી શકાય. પરંતુ સમાન શક્તિવાળાને પરાક્રમથી જ જીતી શકાય છે.

આ પ્રકારના ચિંતનનું પ્રતિબિંબ, ચાણક્યના ઉપર્યુક્ત શ્લોકમાં ઝીલાયું છે. બળવાન વ્યક્તિને વશ કરવી હોય તો એને જે મનગમતું હોય એવું આચરણ કરવામાં આવે તો એ અનુકૂળ થઈ જાય છે. સામ, દામ, દંડ અને ભેદ, આ ચાર ઉપાયોમાંથી દુર્જનને જીતવાનો એક જ ઉપાય છે. દંડ, એને બળપૂર્વક દબાવવામાં આવે તો એ કૂણો પડે. ઠીક કહ્યું છે લોકકવિએ.

'ગોલા, ઢોલા અને ગાદલા ઈ ટીપ્યે કૂણા થાય;
વણ ટીપ્યા, વણ વાવર્યા, ફોગટ ફાટી જાય.'

દુર્જનો, ઢોલ અને ગાદલા એને જેમ જેમ ટીપીએ તેમ તેમ કૂણા થાય, નરમ રહે. પણ જો એને ટીપીએ નહીં, કે ઉપયોગમાં ન લઈએ તો ફાટી જાય !

યુવાની સૌથી વધુ ઉપકારક છે

बाहुवीर्यं बलं राज्ञो विप्रेषु ब्रह्मविद् बली ।
रुपयौवनमाधुर्यं स्त्रीणां बलमुत्तमम् ।।११।।

હાથનું પરાક્રમ એ રાજાનું બળ છે. બ્રાહ્મણોમાં બ્રહ્મજ્ઞાની, બળવાન છે. અને સુંદરતા, યુવાની અને મધુરતા એ સ્ત્રીઓનું ઉત્તમ બળ છે. (૧૧)

વિવરણ :

રાજા, હાથના પરાક્રમથી શોભે છે. પરાક્રમ વિનાનો રાજા, બૂઝાયેલા અગ્નિ જેવો છે. ન તો કોઈને એનો તાપ લાગે, ન તો કોઈને એનો સંતાપ લાગે !

બ્રાહ્મણનો અર્થ જ છે. જે વ્યક્તિ બ્રહ્મમાં રમમાણ છે તે. બ્રહ્મજ્ઞાનથી જ બ્રાહ્મણતત્ત્વ સાર્થક થાય છે. અને બ્રહ્મજ્ઞાન જ બ્રાહ્મણોનું પરમ બળ છે.

તો સુંદરતા, મુગ્ધતા અને યુવાની, એ સન્નારીઓનું બળ છે. જેનામાં આ ત્રણમાંથી એક પણ ન હોય તેને "સુંદરી" કેમ કહી શકાય ?

ઉર્દૂકવિ કહે છે; 'યુવાની સહુથી વધુ ઉપકારક છે. એ સ્વયં શણગાર છે. યૌવનને બીજા શણગારની જરૂર નથી. યુવાનીમાં સાદગી પણ અલંકાર બની જાય છે; 'है जवानी खुद जवानीका शिंगार ।' યુવાની, રૂપને પણ વધારે છે. થોડું ઓછું રૂપ હોય તો પણ યૌવનથી એ વધુ નિખરે છે. સંસ્કૃતનો કવિ કહે છે; 'प्राप्ते तु षोडशे वर्षे गर्दभी अप्सरायते ।' સોળ વરસની ઉંમર થતાની સાથે જ ગધેડી જેવી યુવતી પણ અપ્સરા બની જાય છે.

અતિ સરલ અને અતિ સીધા ન થવું

नाऽत्यन्तं सरलैर्भाव्यं गत्वा पश्य वनस्थलीम् ।
छिद्यन्ते सरलास्तत्र कुब्जास्तिष्ठन्ति पादपा: ।।१२।।

અત્યંત સીધા અને સરળ ન થવું. જરા વનમાં જઈને જુઓ તો ખરા. ત્યાં જે સીધા વૃક્ષો હશે તે કપાઈ જશે, પરંતુ વાંકા અને વળ ખાઈ ગયેલા વૃક્ષોને કોઈ વતાવશે નહીં. (૧૨)

વિવરણ :

ચાણક્યે આ શ્લોક, મહાભારતમાંથી લીધો છે. આ પ્રકારનું ચિંતન અગાઉ પણ આવી ગયું છે. સરળ અને સીધુ થવું એ સારી બાબત છે. પણ અતિ સરલ અને અતિસીધા ન થવું. જે અતિ સરલ થાય છે તેનો જલદી નાશ થાય છે. જંગલમાં જઈને જોઈએ તો ત્યાં સીધા સોટા જેવા વૃક્ષો જલદી કપાઈ જાય છે, પણ વાંકા ઝાડને કોઈ વતાવતું નથી.

આ વાત જંગલમાં જેટલી સાચી છે. એનાથી વધુ સાચી સમાજજીવનમાં છે. પરિવારમાં કે સમાજમાં જે સારા હશે તેનો બધા લાભ લેશે. પરંતુ જે ક્રૂર, અભિમાની અને કજિયાખોર હશે, તેને કોઈ હેરાન નહીં કરે. તે નિરાંતે હરશે ફરશે અને મજા કરશે.

ખેતીકામમાં ખેડૂતો, ગરવા નરવા અને સારા બળદને ધૂંસરીમાં જોડે છે. પરંતુ જે નબળા હોય, એને ધૂંસરીમાં કોઈ જોડતું નથી. પરિવારમાં પણ આપણે જોયું છે કે કોઈ તોફાની છોકરો, સારા છોકરાને હેરાન પરેશાન કરતો હોય તો ઘરના વડીલો સારા છોકરાને સમજાવશે 'ઈ તો નથી સમજતો, તું તો સમજ.' ખરેખર તો તોફાની છોકરાને સીધો કરવો જોઈએ. પણ એને કોઈ નહી કહે.

દલપતરામની કવિતા છે;

ન્યાયનીતિ સહુ ગરીબને, મોટાને સહુ માફ,
વાઘે માર્યું માનવી, એનો શો ઈન્સાફ ?

સજ્જન મનુષ્યે હંસ જેવું સ્વાર્થી આચરણ ન કરવું

यत्रोदकं तत्र वसन्ति हंसा : तथैव शुष्कं परिवर्जयन्ति ।
न हंसतुल्येन नरेण भाव्यं पुनस्त्यजन्ते पुनराश्रयन्ते ।।१३।।

જ્યાં જળ ભર્યું હોય ત્યાં હંસો વસે છે. પરંતુ જો એ સ્થાન સૂકાઈ જાય તો હંસો એને તજીને ચાલ્યા જાય છે. મનુષ્યોએ હંસના જેવું વર્તન ન કરવું, કારણ કે જેને તજવું પડે એનો જ પછી આશ્રય કરવો પડે. (૧૩)

વિવરણ :

માણસે, સ્વાર્થને જ મહત્ત્વનો ગણીને વર્તન ન કરવું જોઈએ. કોઈએ આપણા ઉપર ઉપકાર કર્યો હોય તો તેનો અહેસાન ન ભૂલવો જોઈએ. સાધુતાનો નિયમ તો એવો છે કે જે ઉપકાર કરે તેનો ગુણ તો ન જ ભૂલાય, જે અપકાર કરે તેનું પણ ભલું ઇચ્છવું જોઈએ અને કરવું જોઈએ.

તળાવમાં જળ ભર્યું હોય ત્યારે હંસો અને પક્ષીઓ એના કિનારે વસે છે, કિલ્લોલ કરે છે, અને જલપાન કરે છે. પણ જેવું પાણી સૂકાય અને સરોવર સૂકાય કે હંસો ત્યાંથી ઊડી જાય છે. અને ફરી પાછી વૃષ્ટિ થાય અને સરોવરમાં જળ ભરાય કે તરત જ હંસોને સરોવરનો આશરો લેવો પડે છે. સજ્જન મનુષ્યોએ હંસોના જેવું સ્વાર્થી આચરણ ન કરવું જોઈએ.

સુખ અને સંપત્તિ હોય ત્યારે સાથમાં રહે, સંકટમાં સાથ તજી દે એવા હંસ જેવા મતલબી મનુષ્યોથી સાવધાન રહીને તેને ઓળખી લેવા અને તેનાથી દૂર રહેવું.

ધનનો સદ્ઉપયોગ કરવો રહ્યો

उपार्जितानां वित्तानां त्याग एव हि रक्षणम् ।
तडागोदरसंस्थानां परीवाह इवाऽम्भसाम् ।।१४।।

એકઠાં થયેલા ધનનો ત્યાગ, એ જ એનું રક્ષણ છે. તળાવની અંદર એકઠા થયેલા જળનો પ્રવાહ વહી જાય એ જ એના રક્ષણનો ઉપાય છે. (૧૪)

વિવરણ :

ધર્મકાર્યોમાં, દાનમાં સત્કર્મોમાં અને પરોપકાર માટે ધનનો ત્યાગ કરવો એમાં જ ધનની સાર્થકતા છે. ધનને માટે સંસ્કૃતમાં બહુ જ મજાનો શબ્દ છે 'અર્થ'. જેનાથી બીજાનો અર્થ સરે અને પોતાનો અર્થ પણ સિદ્ધ થાય એવું ધન જ અર્થ શબ્દને લાયક છે. બાકી તો અનર્થ છે.

જેવી રીતે કોઈ તળાવ, જળથી છલોછલ ભરાઈ જાય, તો એમાંથી જળ વહાવી દેવું, એમાં જ તળાવની સલામતી છે. અન્યથા તળાવ તૂટી જાય છે. એ જ રીતે ધન જ્યારે ખૂબ એકઠું થાય ત્યારે એને લોક કલ્યાણ માટે છુટ્ટા હાથે વાપરવું એમાં જ ધનનું તથા ધનવાનનું રક્ષણ છે.

ભર્તૃહરિ કહે છે; 'ધનની ત્રણ જ ગતિ થાય છે. દાન, ભોગ અને નાશ. જે વ્યક્તિ, ધનનો ઉપયોગ દાનમાં નથી કરતો, એને ભોગવતો પણ નથી, એ ધનનો નાશ નિશ્ચિત છે.' ઘણીવાર એમ પણ બને કે, ધન ઘરમાં પડ્યું રહે અને ધનનો માલિક અનંતની યાત્રાએ ઉપડી જાય !

આ તકે સંત ભોજા ભગતની પદપંક્તિ પણ સ્મરણમાં રાખવી ઘટે

રાજા દંડે, કાં ચોર લઈ જાશે, વળતું બાળી દેશે વહ્નિ,
કાંક ધર્યું ધરતીમાં રહેશે. સાંત્યમાં તારું કાંઈ છેની.

રાજા દંડ કરીને ધન લઈ લેશે. અથવા ચોર લૂંટી જાશે, કે આગમાં બળી

જશે, કે પછી ધરતીમાં દટાયેલું પડ્યું રહેશે. માટે તું ધનને સંતાડ ના. એ તારું છે જ નહીં.

ધનહીન માણસ જીવતો મરેલા જેવો છે

यस्याऽर्थास्तस्य मित्राणि यस्याऽर्थास्तस्य बान्धवा: ।
यस्याऽर्था: स पुमांल्लोके यस्याऽर्था: स च जीवति ।।१५।।

જેની પાસે ધન હોય તેના જ મિત્રો બને છે. સગા સંબંધીઓ પણ તેના જ થાય છે. જેની પાસે ધન હોય તે જ આ સંસારમાં મનુષ્ય ગણાય છે. અને જેની પાસે ધન છે એ જ જીવંત ગણાય છે. (૧૫)

વિવરણ :

આ શ્લોકમાં ચાણક્ય, ધનની મહત્તા, ગુણવત્તા અને ઉપયોગિતાની વાત કરે છે. સંસ્કૃત સુભાષિત તો કહે છે; 'सर्वे गुणाः काञ्चनम् आश्रयन्ते ।' સોનામાં એટલે કે ધનમાં બધા જ ગુણોને સમાવેશ થઈ જાય છે. અંગ્રેજીમાં કહેવત છે; Gold is the masterkey that can open any gate.

જે માણસ ધનવાન હોય તેના મિત્રો બનવા લોકો તત્પર હોય છે. સગા કે સંબંધીઓ ન હોય તેઓ પણ પૈસાદારને પ્યારા થવા દોટ મૂકે છે. ધનહીન માણસ જીવતા છતાં મરેલા જેવો છે. અને ધનવાનો જ જીવનને મોજથી માણે છે.

ભર્તૃહરિ કહે છે;

'यस्यास्ति वित्तं स नरः कुलीनः ।' જે વ્યક્તિ પાસે વિત્ત એટલે ધન હોય તે વ્યક્તિ જ કુલીન, જ્ઞાની, ચતુર અને સુંદર ગણાય છે. અને ધનહીન, માણસ કુલીન હોય તો પણ કુલહીન, જ્ઞાની હોય તો પણ અજ્ઞાની

'मृच्छकटिक' નામનું સંસ્કૃતનું ઉત્તમ નાટક છે. તેનો નાયક ચારુદત્ત ગરીબ થઈ જાય છે ત્યારે જે વિધાન કરે છે તે હૃદયદ્રાવક છે. તેણે કહ્યું; મને ધનનાશની ચિંતા નથી. સમયના પ્રભાવે ધન આવે અને જાય. પણ હું ગરીબ થઈ ગયો એટલે મારા મિત્રો પણ મારી મિત્રતા તજી દે છે એનું મને દુ:ખ છે.

સંતોનું મિલન એ જ સ્વર્ગ

स्वर्गस्थितानामीह जीवलोके चत्वारि चिह्नानि वसन्ति देहे ।
दानप्रसङ्गो मधुरा च वाणी देवाऽर्चनं ब्राह्मणतर्पणं च ।।१६।।

જાણે કે સ્વર્ગમાં રહેતા દેવોના જેવા હોય એવા મનુષ્યોને આ સંસારમાં ઓળખવાના ચિહ્નો એના જીવનમાં હોય છે. દાન દેવાના પ્રસંગો, મધુરવાણી, દેવપૂજા અને બ્રાહ્મણતર્પણ. (૧૬)

વિવરણ :

આપણે દેવ, માનવ અને દાનવ એવા ત્રણ પ્રકારો પાડીએ છીએ અને માનીએ છીએ કે દેવો સ્વર્ગમાં રહે છે, માનવો ધરતી ઉપર અને દાનવો પાતાળમાં ! પરંતુ હકીકતે માનવો જ સત્કર્મોથી દેવો બને છે અને કુકર્મોથી દાનવો બને છે.

તો દેવ જેવા માનવોને અને દાનવ જેવા લોકોને ઓળખવા શી રીતે ? આકારમાં તો બધા સરખા હોય છે. નીચ માણસોના માથે શિંગડા નથી હોતા અને કુલવાનના હાથમાં પદ્મના નિશાન નથી હોતા.

ચાણક્ય કહે છે. સજ્જનોને ઓળખવાના ચાર નિશાનો છે. તેઓ યથાશક્તિ પ્રસંગાનુસાર દાન આપે છે, મધુર વાણી બોલે છે, દેવપૂજા કરે છે અને વિદ્વાન અને પવિત્ર બ્રાહ્મણોનું સુયોગ્ય તર્પણ કરે છે.

આવું આચરણ કરનારા દેવ જેવા સાધુપુરષો, જ્યાં વસે તે ભૂમિ સ્વર્ગ બની જાય છે !

ઉર્દૂ શાયરના શબ્દો સાંભળો

तेरा मिलना तेरा नहीं मिलना
ओर जन्नत है क्या जहन्नम क्या ?

સંતોનું મિલન એ જ સ્વર્ગ, અને સંતો જ્યાં ન હોય તે જહન્નમ !

એ ચાર નિંદનીય બાબતો છે

**अत्यन्तकोप : कटुका च वाणी दरिद्रता च स्वजनेषु वैरम् ।
नीचप्रसङ्ग : कुलहीनसेवा चिह्नानि देहे नरकस्थितानाम् ।।१७।।**

નરકમાં રહેલા મનુષ્યોના જીવનમાં પણ ચાર ચિહ્નો હોય છે. અત્યંત ક્રોધ, કડવી વાણી, નીચ લોકોનો સંગ, અને કુલહીનની સેવા. (૧૭)

વિવરણ :

જેમ સ્વર્ગમાં રહેતા દેવો જેવા મહામાનવોને ઓળખવાના ચાર નિશાન બતાવ્યા છે, તેમ નરકમાં વસતા દાનવો જેવા માનવોનો પરિચય પણ ચાર ચિહ્નોથી પામી શકાય છે.

અત્યંત ક્રોધ, કડવી ભાષા, નીચ લોકોનો સંપર્ક અને કુલહીન મનુષ્યોની સેવા. આ ચાર નિંદનીય બાબતો જેનામાં હોય તેઓ દુર્જનો છે અને તેઓ જ્યાં રહેતા હોય એ ભૂમિને નરક બનાવી દે છે.

સ્વાતિ નક્ષત્રની અમૃતવૃષ્ટિ

गम्यते यदि मृगेन्द्र-मन्दिरं लभ्यते करिकपोलमौक्तिकम् ।
जम्बुकाऽऽलयगते च प्राप्यते वत्स-पुच्छ-खर-चर्म-खण्डनम् ।।१८।।

જો સિંહના નિવાસસ્થાન ગુફામાં જઈએ તો હાથીના ગંડસ્થળમાંથી નીકળેલા મોતીઓ મળે. પરંતુ શિયાળના વસવાટમાં જઈએ તો તો વાછડાના પૂછડાં અને ગધેડાના ચામડાના ટુકડાં જ મળે. (૧૮)

વિવરણ :

મહામાનવોનો સંગ, એ જ્યાં વસતા હોય તે પ્રદેશ, અને તેની કૃપાથી પ્રાપ્ત થતા લાભ, અનોખા હોય છે. જેમ કે વનરાજ સિંહ, જે ગુફામાં વસતા હોય ત્યાં જઈએ, તો ગજરાજના ગંડસ્થળમાં ઉત્પન્ન થતાં મોંઘામૂલના મોતી મળે છે. કારણ કે સિંહ પરાક્રમ કરીને હાથીને હણી નાખવાનું સામર્થ્ય ધરાવે છે. મહાપુરુષ હંમેશાં મહાન કાર્યો કરતા હોય છે અને એવા ભગીરથ કાર્યોનો લાભ એના આશ્રિતોને મળ્યા કરે છે. એક જ ભગીરથે, સ્વર્ગમાંથી ગંગા ઊતારવાનું અલૌકિક કાર્ય કર્યું તો એનો લાભ આજદિન સુધી માનવજાતિને મળ્યા કરે છે. ઠીક કહ્યું છે સંતકવિ ભોજા ભગતે

'સાધુના ચરણે વરસેલ સ્વાત્યુ'

સાધુપુરુષના સંગમાં સ્વાતિનક્ષત્રની અમૃતવૃષ્ટિ થાય છે, અને તેના જલબિંદુ ઝીલવાથી સાધકના અંતરની છીપમાં જ્ઞાનનું મોતી પાકે છે !

પરંતુ દુર્જનનો સહવાસ કરીએ કે તેના નિવાસસ્થાને જઈએ તો કૂડ, કપટ, કાવાદાવાના કચરા સિવાય બીજું શું મળવાનું ? જેમ શિયાળની બોડમાં જઈએ તો વાછડાના પૂછડાં અને ગધેડાનાં ચામડાનાં ટુકડાં જ મળવાના !

સર્વ ધનમાં વિદ્યાધન શ્રેષ્ઠ

शुन : पुच्छमिव व्यर्थं जीवितं विद्यया विना ।
न गुह्यगोपने शक्तं न च दंशनिवारणे ।।१९।।

વિદ્યા વિનાનું જીવન, કૂતરાની પૂંછડી જેવું સાવ નકામું છે. કૂતરાની પૂંછડી, ન તો એનો ગુહ્ય ભાગ ઢાંકી શકે છે ન તો જંતુઓના દંશને રોકી શકે છે. (૧૯)

વિવરણ :

વિદ્યાની ખૂબ પ્રશંસા અનેક કવિઓએ કરી છે. ભર્તૃહરિ જેવા સુભાષિતકારોએ તો વિદ્યાને સર્વોત્તમ દેવતા (विद्या परा देवता ।) કહી છે. વળી એમ પણ કહ્યું છે કે કોઈ ઉત્તમ રાજા હોય તો તે માત્ર તેના રાજ્યમાં જ પૂજાય. પણ વિદ્વાન તો સર્વત્ર પૂજાય છે.

જેની પાસે વિદ્યા નથી એવા વિદ્યા વિનાના માણસના જીવનમાં ભલેને દોમ દોમ સાહેબી હોય તો પણ આવું જીવન નિરર્થક છે. કવિ કહે છે વિદ્યાહીનનું જીવન કૂતરાની પૂંછડી જેવું ! કૂતરાની ટૂંકી અને વાંકી પૂંછડીથી ન તો એના ગુહ્યભાગને ઢાંકી શકાય છે, ન તો એનાથી દંશ દેતા જંતુઓને ઊડાડી શકાય છે. એ જ રીતે વિદ્યા વિનાનો માણસ ન તો એના ગુપ્ત રહસ્યોને ઢાંકી શકે છે કે ન તો આવનારી આપત્તિઓને નિવારી શકાય તેવું આયોજન કરી શકે છે.

વિદ્યારૂપી વસુ (ધન) જેની પાસે ન હોય તે નર પશુ ! જગતના સર્વ પ્રકારના ધન (હીરા, માણેક, મોતી, સોનું, રૂપું) કરતાં વિદ્યાધન શ્રેષ્ઠ છે.

સદ્ગુણો આવીને આશ્રય કરે છે

वाच : शौचं च मनस : शौचमिन्द्रियनिग्रह : ।
सर्वभूते दया शौचं एतच्छौसं पराऽर्थिनाम् ।।२०।।

વાણીની પવિત્રતા, મનની વિશુદ્ધિ, ઇન્દ્રિયોનો સંયમ, પ્રાણીમાત્ર પ્રત્યે દયા એ પવિત્રતા છે. જેઓ પરોપકાર કરનારા છે તેઓની આ બધી પવિત્રતા ગણાય છે. (૨૦)

વિવરણ :

ઘણીવાર મનુષ્યોમાં પાપ, પુણ્ય અને પવિત્રતાના ખોટા અને દંભ મઢ્યા ખ્યાલો હોય છે. નહાવું ધોવું, અમુક પ્રકારના અને આકારના વસ્ત્રો, ટીલાં ટપકા, કથાશ્રવણ, વ્રતો ઉપવાસો અને બાહ્ય ક્રિયાકાંડોને વિશુદ્ધિ કે પવિત્રતા માનવામાં આવે છે. પરંતુ ખરી પવિત્રતા એ વાણીની પવિત્રતામાં સમાયેલી છે. જે વ્યક્તિ સત્ય અને પ્રિય બોલે તે પવિત્ર છે. શાસ્ત્ર કહે છે; 'सत्यम् ब्रूयात् प्रियम् ब्रूयात् ।'

બીજી પવિત્રતા છે મનની શુદ્ધિ. મન પવિત્ર હોય તો આખું જગત પવિત્ર છે. પછી એને ગંગાસ્નાનની જરૂર નથી. 'મન ચંગા તો કથરોટમેં ગંગા' જેનું મન નિર્મળ તેને માટે બધું જળ ગંગાજળ !

વળી જેનું મન, વાણી અને વર્તન પવિત્ર હોય એનામાં દુનિયાના બધા જ સદ્‌ગુણો આવીને આશ્રય કરે છે.

પુષ્પની સુવાસ દેખાતી નથી

पुष्पे गन्धं तिले तैलं कोष्ठेऽग्निं पयसि घृतम् ।
इक्षौ गुडं तथा देहे पश्याऽऽत्मानं विवेकतः ।।२१।।

જેવી રીતે ફૂલમાં સુગંધ હોય છે, તલમાં તેલ હોય છે. દૂધમાં ઘી હોય છે. શેરડીમાં ગોળ હોય છે તેવી જ રીતે વિવેકપૂર્વક દેહમાં આત્માના દર્શન કરવા. (૨૧)

વિવરણ :

સાચું દર્શન કોણ કરી શકે છે ? મોટા ભાગના લોકોમાં બાહ્યદ્રષ્ટિ હોય છે. ભીતરમાં જોવાની કુશળતા નથી હોતી. માત્ર જોવું અને દર્શનમાં પાયાનો ભેદ છે. શાસ્ત્ર કહે છે; 'आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति ।' જે વ્યક્તિ, સર્વત્ર આત્મદર્શન કરે તે જ ખરું દર્શન કરે છે. સંતકવિ ભોજા ભગતનું વચન છે.

ઊંટમાં વાંક ને ઘોંક બહુ ભાતનો
એનો આતમા પાસરો એમ જોવું.

કોઈ માણસ, ઊંટનું બાહ્ય નિરીક્ષણ કરે તો એના અઢારેય અંગ વાંકા દેખાય. પણ જે આત્મદર્શન કરે એને તો એમાં નિર્વિકારી અને નિરાકારી આત્મા જ દેખાય !

પુષ્પમાં સુવાસ હોય છે પણ એ બહાર દેખાતી નથી. એ જ રીતે તલમાં તેલ અને દૂધમાં ઘી તથા શેરડીમાં ગોળ છૂપાયેલ છે. જેની અંતરદષ્ટિ ખુલ્લે અને ખીલે એને બહારના આકારની અંદર વિલસતું તત્ત્વ દેખાય છે. વિવેક પ્રગટ થતા દેહમાં દેવના દર્શન થાય છે.

દૂધમાં ઘી તો હોય જ છે. પણ એ સહેલાઈથી દેખાતું નથી અને તેથી ઝડપથી મળતું નથી. એને મેળવવા, દૂધને મેળવવું પડે, એ દહીંના રૂપમાં જામે ત્યાં સુધી પ્રતીક્ષા કરવી પડે, પછી એનું મંથન કરવું પડે ત્યારે માખણ થાય, અને એ માખણને તપાવવાથી અને તાવવાથી ઘી બને છે. એ જ રીતે આત્મદર્શન સહેલાઈથી નથી મળતું. અનેક જન્મોની તપશ્ચર્યાથી એની પ્રાપ્તિ થાય છે !

*

॥ આઠમો અધ્યાય ॥

વિદ્યા કામધેનુ છે. વિદ્યા પરમસુખ આપે છે. સમજણ અને વિવેક આપે છે. વાણી, વિચાર અને વર્તનમાં એકરૂપતા શીખવે છે.

માન એ જ ધન છે

अधमा धनमिच्छन्ति धनं मानं च मध्यमा : ।
उत्तमा मानमिच्छन्ति मानो हि महतां धनम् ।।१।।

અધમ લોકો ધનની ઇચ્છા કરે છે. મધ્યમ મનુષ્યો ધન અને માન બન્ને મેળવવા ઝંખે છે. જ્યારે ઉત્તમ મનુષ્ય તો માન જ ઇચ્છે છે. માન એ જ મહામાનવોની મૂડી છે. (૧)

વિવરણ :

મનુષ્યના ત્રણ પ્રકારો છે તે તેના જુદા જુદા ગુણો કે અવગુણોને ધ્યાનમાં રાખીને પાડવામાં આવે છે. ઉત્તમ, મધ્યમ અને અધમ. ધન તથા માન આ બે માપદંડોથી માપીને આ ત્રણ પ્રકારોનું વિભાજન, ચાણક્ય આ શ્લોકમાં દર્શાવે છે.

અધમ લોકો એ છે જેઓ માત્ર ધનની પાછળ આંધળી દોટ મૂકે. અને એમ કરવા જતાં પોતાનું માન હણાય કે શારીરિક નુકસાન થાય એની પણ દરકાર રાખતાં નથી. એને તો 'પૈસો મારો પરમેશ્વર અને હું પૈસાનો દાસ' એવી દશા હોય છે.

મધ્યમ મનુષ્યો, ધન મેળવવા તો માગે છે, પણ પોતાના માનના ભોગે નહીં. તેઓ માનસહિત મળતાં ધનને ઝંખે છે.

અને ઉત્તમ મનુષ્યો એ છે, જેઓને મન ધનની કિંમત કોડીની છે, માન જ તેઓનું ધન છે. સુભાષિતકાર કહે છે; 'मानधना हि महात्मानः ।' (મહામાનવોને માન જ એનું ધન છે)

જે બીજાના કાર્યો કરે તે સાધુ

इक्षुराप : पयो मूलं ताम्बूलं फलमौषधम् ।
भक्षयित्वाऽपि कर्तव्या : स्नानदानाऽऽदिका : क्रिया : ।।२।।

શેરડી, પાણી, દૂધ, કંદમૂળ, પાન, ફળફૂલ, અને ઔષધ – આવું બધું ખાઈને પણ સ્નાન, દાન વગેરે સત્કર્મો કરી શકાય છે. (૨)

વિવરણ :

ઘણા લોકો એવી ખોટી દલીલ કરતાં હોય છે કે અમારી આર્થિક સ્થિતિ સારી નથી. અમારી પાસે ધન દોલત માલ ખજાના નથી. શરીરનું સારી રીતે પોષણ કરે એવા ખાદ્ય પદાર્થો નથી, અમે કેવી રીતે દાન-દયા જેવા સત્કર્મો કરીએ ? આવા ખોટા ખ્યાલનો જવાબ ચાણક્ય આ શ્લોકમાં આપે છે.

ઋષિમુનિઓ વનમાં વસે છે. એની પાસે ધન નથી હોતું. નિવાસ માટે ઘાસની પર્ણકુટિ હોય છે. ભોજનમાં તેઓ અરણ્યમાં સહેજે મળતાં ફળફૂલ અને કંદમૂળ ખાય છે. ઝરણામાંથી જલપાન કરે છે. અને તેમ છતાં તેઓ દાન, દયા, ઉપકાર જેવા સત્કર્મો કરે છે.

સત્કર્મો કરવા માટે દ્રવ્યની જરૂર નથી. શરીર જ ધર્માનુષ્ઠાનનું સાધન છે. જેને ધર્માચરણ કે સત્કાર્ય નથી કરવું તેઓ જ બહાના બતાવે છે. સાધુ પાસે સંપત્તિ કે સાધનો નથી હોતા છતાં તેઓ હંમેશાં બીજાના કલ્યાણ માટે પ્રવૃત્ત રહે છે. સાધુ શબ્દનો અર્થ જ એવો છે; 'साधयति परकार्यान् इति साधुः ।' (જે બીજાના કાર્યો કરે તે સાધુ)

આહારશુદ્ધિ પણ જરૂરી છે

दीपो भक्षयते ध्वान्तं कज्जलं च प्रसूयते ।
यदन्नं भक्षयेन्नित्यं जायते तादृशी प्रजा ।।३।।

દીવો, અંધકારને ખાઈ જાય છે, અને કાજળને પ્રગટ કરે છે. માણસ, જેવું અન્ન ખાય, તેવી જ પ્રજા ઉત્પન્ન થાય છે. (૩)

વિવરણ :

દીવાનું ઉદાહરણ આપીને, ચાણક્ય આ શ્લોકમાં આહારનો વિવેક સમજાવે છે. દીવાનો આહાર છે અંધકાર. તે અંધકાર આરોગે છે અને પરિણામે કાળા કાજળને ઉત્પન્ન કરે છે.

એ જ રીતે માણસ જો અતિ તીખો, અતિ ખાટો, અતિ વાસી તામસી આહાર ખાય અથવા પશુ પક્ષીઓની હિંસા કરીને એનો માંસહાર કરે તો એની બુદ્ધિ તમોગુણી થશે અને તેના વાણી-વિચાર-વર્તન, તામસી જ રહેશે. તે કુકર્મો જ કરવાનો.

પરંતુ જો મનુષ્ય સાત્ત્વિક, સાદો છતાં પૌષ્ટિક શુદ્ધ શાકાહાર કરશે તો તેની બુદ્ધિ સાત્વિક થાય છે, પરિણામે તેના વિચાર વાણી અને વર્તન પવિત્ર અને

પરોપકારી થશે. ઠીક કહ્યું છે લોક અનુભવમાં 'જેવો આહાર તેવો ઓડકાર.' અને 'જેવો આહાર તેવા વિચાર' ગીતાકાર પણ સ્પષ્ટ કહે છે; 'आहारशुद्धौ सत्त्वशुद्धिः ।'

આહારની શુદ્ધિ થાય તો સત્ત્વની શુદ્ધિ થાય છે. અને પછી આવા સાત્ત્વિક સાધકો, ઉન્નતિ પામે છે. અને તેઓની સંતતિ પણ સાત્ત્વિક બને છે.

લોકકલ્યાણના કાર્યો માટે જ દાન

वित्तं देहि गुणान्वितेषु मतिमन्नान्यत्र देहि क्वचित्
प्राप्तं वारिनिधेर्जलं धनमुखे माधुर्ययुक्तं सदा ।
जीवान्स्थावरजङ्गमांश्च सकलान् संजीव्य भूमण्डलम् ।
भूयः पश्य तदेव कोटिगुणितं गच्छन्तमम्भोनिधिम् ।।४।।

બુદ્ધિમાન માનવે, ગુણવાનને જ ધનદાન કરવું. અન્યત્ર કદી ન જ કરવું. મહાસાગરમાંથી લીધેલું ખારું જળ, મેઘના મુખમાં જઈને મધુર બની જાય છે. પછી તે જળ સ્થાવર જંગમ બધા જીવોને તથા અખિલ ભૂમંડળને જીવાડીને, કરોડગણું બનીને ફરીવાર પાછું મહાસાગરમાં મળી જાય છે. આ વિચારને જરા જુઓ તો ખરા. (૪)

વિવરણ :

દાન કોને કરવાથી એ દાનની સાર્થકતા થાય છે એની વાત આગળના શ્લોકોમાં પણ પ્રસંગોપાત્ત કરી છે. પરંતુ અહીં મહાસાગરના જળ અને મેઘના જળના દષ્ટાંત દ્વારા એની વધુ વિશદ ચર્ચા કરે છે.

બુદ્ધિમાન વ્યક્તિ એ છે જે સુપાત્રને દાન કરે છે. કુપાત્રને તો દાન કરવાનો કોઈ અર્થ જ નથી.

આકાશના વાદળ, મહાસાગરમાંથી ખારું જળ ઉપાડે છે. પરંતુ મેઘની અંદર આવીને તે મધુર બની જાય છે. એનો અર્થ એ થયો કે સાગરે, મેઘને જળનું દાન કર્યું. મેઘ, ગુણવાન છે તેથી દાનમાં આવેલા ખારા જળને પણ મીઠું બનાવી દે છે. પણ મેઘ પોતે ઉદાર અને ગુણવાન છે. તેથી મેઘ, આ જળનો સંગ્રહ નથી કરતો. પણ સકળ જડ-ચેતન સૃષ્ટિના લાભાર્થે, હજાર ગણુ કરીને ધરતી ઉપર વરસાવે છે. અને કરોડો પશુપક્ષીઓ જીવજંતુઓ, અને માનવજાતિને જીવાડે છે.

ગુણવાન માણસને આપેલું દાન, લોકોના કલ્યાણ માટે વપરાય છે. જો ખોટા, લોભી કે સ્વાર્થી માણસને દાન આપવામાં આવે તો એ દાનનો ઉપયોગ એ પોતાના સુખ અને મોજવિલાસ માટે જ કરે છે. દારૂડિયાને ધન આપીએ, તો એ દારૂ પી જશે. જુગારીને ધન આપીએ તો એ જુગાર રમી જશે. વિલાસીને આપીએ તો એ

ભોગ-વિલાસમાં વાપરશે. પરંતુ સજ્જન પુરુષને ધનદાન આપવામાં આવશે તો એનો ઉપયોગ લોકકલ્યાણના કાર્યો માટે જ થશે.

પોતાનો ધર્મ બજાવે તે યોગી બની શકે

चाण्डालानां सहस्रे च सूरिभिस्तत्त्वदर्शिभि : ।
एको हि यवन : प्रोक्तो स नीचो यवनात् पर : ।।५।।

તત્ત્વદર્શી વિદ્વાનોએ હજારો ચાંડાલોમાંથી એક માત્ર યવન (ધર્મ વિરોધી)ને જ નીચ કહ્યો છે. યવન કરતાં બીજો કોઈ વધુ નીચ નથી હોતો. (૫)

વિવરણ :

આ શ્લોકમાં ચાંડાલનો અર્થ કોઈ જાતિવિશેષ નથી. પરંતુ જે માણસ કુકર્મોથી બીજા લોકોને પીડા આપે છે તેને 'કર્મચાંડાલ' કહેવાય છે. આવા હજારો કર્મચાંડાલો કરતાં એક 'યવન' વધારે નીચ છે. કારણકે યવન, ધર્મનો, સંસ્કૃતિનો, સભ્યતાનો અને શાસ્ત્રોનો નાશ કરે છે. એટલે ટૂંકમાં એમ કહી શકાય કે જે ધર્મ સંમત હોય તે સજ્જન અને ધર્મથી વિમુખ હોય તે 'યવન'

ગીતાકારે આથી જ કહ્યું; 'પોતાનો ધર્મ, બહુ ગુણવાળો ન હોય તો પણ ઉત્તમ છે. પરંતુ બીજાનો ધર્મ, ભયાનક છે. (पर धर्मो भयावहः ।)'

શરીરથી શુદ્ધ તે મનથી વિશુદ્ધ

तैलाऽभ्यंगे चिताधूमे मैथुने क्षौरकर्मणि ।
तावद् भवति चाण्डालो यावत्स्नानं न चाऽऽचरेत् ।।६।।

શરીર ઉપર તેલનું માલિશ કર્યા પછી, ચિતાનો ધુમાડો લાગ્યા પછી, મૈથુન કરીને, અને હજામત કર્યા બાદ જ્યાં સુધી સ્નાન ન કરવામાં આવે ત્યાં સુધી મનુષ્ય 'ચાંડાલ' (અસ્પૃશ્ય) ગણાય છે. (૬)

વિવરણ :

આ શ્લોકમાં શરીરની સામાન્ય શુદ્ધિની વાત કરી છે. લગભગ બધા જ લોકોને ખ્યાલ હોય એવી આ નિત્યકર્મમાં પવિત્રતા જાળવવાની વાત હોવાથી એના ઉપર વિવરણને અવકાશ નથી.

સ્નાન કરવાથી શરીરની બાહ્ય શુદ્ધિ થાય છે, પરંતુ આંતરિક શુદ્ધિનું શું ? મનુસ્મૃતિકારે તો એમ કહ્યું છે; 'ખરેખર સ્નાન કરેલો માણસ એ કહેવાય, જે શરીરથી તો શુદ્ધ હોય જ મનથી પણ વિશુદ્ધ હોય !'

જળ ઉપકારક છે. હાનિકારક પણ છે

अजीर्णे भेषजं वारि जीर्णे वारि बलप्रदम् ।
भोजने चामृतं वारि भोजनान्ते विषप्रदम् ।।७।।

અજીર્ણ (અપચા) વખતે, પાણી ઔષધ છે. અન્ન પચી જાય પછી પાણી પીવામાં આવે તો તે શક્તિ આપે છે. ભોજન વખતે સપ્રમાણ પીવાતું પાણી અમૃત છે પરંતુ ભોજન પછી પીવાતું પાણી ઝેર છે. (૭)

વિવરણ :

આ શ્લોક, શરીરના સ્વાસ્થ્યનો ખ્યાલ આપે છે. મનુષ્યો એના ખાનપાનમાં જો આ શ્લોકમાં કહેલી વાતને ધ્યાનમાં રાખે અને એ પ્રમાણે વર્તે, તો તન અને મન- બન્નેથી એ સ્વસ્થ બને છે.

ખાધેલું અન્ન પચે નહીં તેને આયુર્વેદ 'અજીર્ણ' એટલે કે અપચો કહે છે. અજીર્ણમાં વધુ પાણી પીવામાં આવે તો આવું પાણી ઔષધનું કામ કરે છે અને પાચનતંત્ર સુધરે છે.

ખોરાક પચી ગયા પછી, એટલે જમ્યા પછી ત્રણ ચાર કલાક બાદ, પાણી પીવામાં આવે તો એ શક્તિદાયક બને છે. ભોજન કરવાનું ચાલુ હોય ત્યારે જરૂર પ્રમાણે થોડું પાણી પીવું તો એ અમૃત સમાન છે. પરંતુ ભોજન પછી તરત જ જો પાણી પીવામાં આવે તો એ ઝેર બને છે.

ભોજન પૂરું થાય કે તરત જ ખાધેલા આહારને પચાવવા માટે પાચકરસો ઝરે છે. એને વખતે જો પાણી પીએ તો એ પાચક રસો મંદ પડી જાય, પરિણામે એનું બળ ઘટે અને ખોરાક પચવામાં તકલીફ ઊભી થાય તેથી જમીને તરત જ પાણી ન પીવું.

પરંતુ, આયુર્વેદ જમ્યા પછી 'तक्र' એટલે છાશ પીવાનું કહે છેઃ 'भोजनान्ते पीबेत् तक्रम् ।'

ક્રિયા વિનાનું જ્ઞાન વ્યર્થ છે

हतं ज्ञानं क्रियाहीनं हतश्चाऽज्ञानतो नरः ।
हतं निर्नायकं सैन्यं स्त्रियो नष्टा ह्यभर्तुकाः ।।८।।

ક્રિયા વિનાનું કોરું જ્ઞાન નકામું છે. અજ્ઞાની મનુષ્ય પણ વ્યર્થ છે. સેનાપતિ વિનાની સેના નકામી છે. અને પતિ વિનાની પત્ની વ્યર્થ છે. (૮)

વિવરણ :

માત્ર જ્ઞાન હોય અને એ જ્ઞાનને જો ક્રિયા કે આચરણમાં મૂકવામાં ન આવે તો આવું જ્ઞાન વ્યર્થ છે, નિરર્થક છે. ભારરૂપ છે. ('ज्ञानम् भार: क्रियां विना ।')

પાણીમાં તરવાના બધા જ નિયમો અને એની તલસ્પર્શી માહિતીથી કોઈ વ્યક્તિ સંપૂર્ણ જાણકાર હોય પણ જો એ ક્યારેય પાણીમાં ઊતરીને તરવાની ક્રિયાનો અનુભવ ન કરે તો એને તરવાનું ફાવતું નથી. એટલે તો કહેવત છે. 'Practice makes a the man perfect'

'થિયરી' ના સર્વ પ્રકારના જ્ઞાનને સંપૂર્ણપણે આત્મસાત કરવા માટે 'પ્રેક્ટીસ' મહત્ત્વની છે.

ભૌતિકજ્ઞાનમાં આ નિયમ લાગુ પડે છે તે જ રીતે આધ્યાત્મિક જ્ઞાનમાં પણ આ જ નિયમ કામ કરે છે. પરમતત્ત્વની અનુભૂતિ પણ અવિરત અભ્યાસથી જ થાય છે. ગીતાકાર કહે છે; 'अभ्यासयोगेन तु कौन्तेय ।' (હે અર્જુન ! ઈશ્વર સાક્ષાત્કાર અભ્યાસયોગથી થાય છે)

સંસારમાં ઉપાધિઓ તો આવે જ છે

वृद्धकाले मृता भार्या बन्धुहस्ते गतं धनम् ।
भोजनं च पराधीनं तिस्त्र : पुंसां विडम्वना : ।।९।।

વૃદ્ધાવસ્થા હોય અને પત્ની મૃત્યુ પામે, ધન, ભાઈભાંડુઓનાં હાથમાં ચાલ્યું જાય, અને પરાધીન બનીને જમવું પડે – આ ત્રણેય બાબતો મનુષ્યની વિડમ્બના છે. (૯)

વિવરણ :

કેટલીક પરિસ્થિતિઓ ભારે દુ:ખદાયક હોય છે. વૃદ્ધાવસ્થાના પોતાના જ પ્રશ્નો છે – જેમ કે આદિ શંકરાચાર્ય કહે છે તેમ — 'અંગ ગળી ગ્યા, પળિયા આવ્યા, બત્રીસીએ દાંત ગુમાવ્યા, વૃદ્ધ બની લાકડીએ ચાલે' એવી વિષમદશા હોય છે. એમાં પત્ની, મૃત્યુ પામે તો છેલ્લો સહારો પણ ઝૂંટવાઈ જાય છે. વૃદ્ધાવસ્થાની વેદનાની આ ચરમ સીમા છે.

એવી જ બીજી અતિ ખરાબ સ્થિતિ, એટલે ભાઈ ભાંડુઓ બધું જ ધન પચાવી પાડે, અને માણસ સાવ અકિંચન બની જાય. અને ભોજનના પણ સાંસા પડે. અને રોટલા માટે પારકાના ઓટલાં ઘસવા પડે. આ બાબત પણ જીવનની વિડમ્બના છે.

સંસારમાં ઉપાધિઓ તો આવે જ છે પરંતુ આ ત્રણ ઉપાધિઓ મનુષ્યને, કારમી પીડા આપે છે.

દાનની ખરી શોભા શામાં છે ?

नाग्निहोत्रं विना वेदा न च दानं विना क्रिया ।
न भावेन विना सिद्धिस्तस्माद्भावो हि कारणम् ।।१०।।

અગ્નિ હોત્ર વિના વેદાધ્યયન વ્યર્થ છે. તેમ જ સત્ક્રિયા વિનાનું દાન, નકામું છે. સદ્દ્ભાવના વિનાની સિદ્ધિ નિરર્થક છે માટે સારી ભાવના જ સર્વસિદ્ધિઓનું કારણ છે. (૧૦)

વિવરણ :

મહાભારતમાં વેદવ્યાસે એક શ્લોકમાં જે વિચાર વ્યક્ત કર્યો છે તેનું સુરેખ પ્રતિબિંબ આ શ્લોકમાં ઝીલાયું છે. વ્યાસ કહે છે; 'तपो न कल्को ।' (તપ, એની મેળે જ સિદ્ધિ નથી બની જતું. અધ્યયન પણ સિદ્ધિ નથી, વૈદિક ક્રિયાકાંડ પણ સિદ્ધિ નથી, અતિશય દાન કરવામાં આવે તે પણ સિદ્ધિ નથી. પરંતુ જો આ બધુ અંતરની શુદ્ધ પ્રેમભાવનાથી કરવામાં આવે તો જ સિદ્ધિ છે.')

અગ્નિહોત્ર યજ્ઞ, પાવન કરનારો છે. એના વિના વેદાધ્યયન કરવું નકામું છે. દાન દેનારો દાતા અને દાન સ્વીકારનારો ભોકતા બન્ને સત્કર્મ કરનારા હોય તો દાન શોભે છે. અન્યથા આવું દાન, વ્યર્થ છે.

અર્થ સ્પષ્ટ છે કે હૃદયની સારી ભાવના, તથા એવા જ સત્કર્મો કરવાથી જ યજ્ઞ, દાન, તપ અને અધ્યયન વગેરે સફળ અને સાર્થક બને છે !

અણુએ અણુમાં સભર ભર્યો છે

काष्ठपाषाणधातूनां कृत्वा भावेन सेवनम् ।
श्रद्धाया च तया सिद्धस्तस्य विष्णु : प्रसीदति ।।११।।

લાકડાની, પથ્થરની કે ધાતુની મૂર્તિની ભાવપૂર્વક સેવા-પૂજા કરીને તથા શ્રદ્ધાથી જે વ્યક્તિ એમાં સિદ્ધ થાય છે તેના ઉપર ભગવાન વિષ્ણુ પ્રસન્ન થાય છે. (૧૧)

વિવરણ :

સાકાર પ્રભુની મૂર્તિપૂજા એ મનુષ્ય માટે ઈશ્વર પ્રતીતિનો ઉપાય છે. મૂર્તિ, માટીની હોય, લાકડાની કે પાષાણની હોય, કે પછી સોના રૂપા જેવી કિંમતી

ધાતુની હોય, એ મહત્ત્વનું નથી. મૂર્તિમાં પૂર્ણ ભાવભક્તિથી શ્રદ્ધા મહત્ત્વની બાબત છે. એટલે તો ભગવદ્ગીતામાં કહ્યું છે; 'જેવી જેની ભાવના અને શ્રદ્ધા હોય છે તે પ્રમાણેની સિદ્ધિ એને મળે છે.'

ભગવાન તો જડ ચેતન તમામ પદાર્થોમાં અને અણુએ અણુમાં સભર ભર્યો છે. એને જોવાનો વિવેક જાગૃત થાય તો એ સર્વત્ર દેખાય છે. સંતકવિ ભોજા ભગત કહે છે;

અંગ ચરાચર વ્યાપક રામ,
ન્યારું ન્યારું ધરિયું નામ.

તુલસીદાસજી પણ કહે છે; 'શ્રી હરિ, સર્વત્ર સમાન રીતે વ્યાપ્ત છે પરંતુ એનું પ્રગટદર્શન તો અંતરની પ્રેમભક્તિથી જ થાય છે.'

ભગવાન વસે ભક્તના હૃદયમાં

न देवो विद्यते काष्ठे न पाषाणे न मृण्मये ।
भावे हि विद्यते देवस्तस्माद् भावो हि कारणम् ।।१२।।

દેવ, કાંઈ કાષ્ઠમાં નથી હોતા, કે નથી હોતા એ પથ્થરની કે માટીની મૂર્તિમાં. દેવતા તો હંમેશાં પ્રેમભાવમાં જ વસે છે. માટે પ્રેમભાવ જ મહત્ત્વની બાબત છે. (૧૨)

વિવરણ :

આગળના શ્લોકમાં જે વાત કહી છે તેની જ અહીં પુનરુક્તિ છે. સંતોએ કહેલા કેટલાક વચનો આ વિચારને ટેકો આપે છે.

(૧) પ્રેમના તંતમાં સંત ઝાલે
(૨) પ્રેમીને પુરુષોત્તમ પાસે
(૩) પ્રેમ વિણ પંથનો પાર આવે નહીં
(૪) તે હરિ નિરખીએ પ્રેમ દૃષ્ટે

સંતોષ જેવું અન્ય એકે સુખ નથી

शान्तितुल्यं तपो नास्ति न सन्तोषात्परं सुखम् ।
न तृष्णायाः परो व्याधिर्न च धर्मो दयापरः ।।१३।।

શાન્તિના જેવું બીજું તપ નથી. સંતોષના જેવું અન્ય કોઈ સુખ નથી. તૃષ્ણાની જેવો બીજો કોઈ રોગ નથી અને દયા જેવો બીજો કોઈ ધર્મ નથી. (૧૩)

વિવરણ :

સર્વ પ્રકારના ઉધામા શમી જાય અને ચિત્તવૃત્તિ બહાર ભટકતી અટકે ત્યારે જે શાંતિ પ્રગટે તે શાંતિ અખંડ હોય છે. અને આવી પરમ શાંતિ જેવું બીજું કોઈ તપ નથી. કારણ કે તપથી જો સંતાપ વધે તો એવું તપ શું કામનું ?

અને સંતોષ જેવું બીજું એક પણ સુખ નથી. આ દુનિયામાં જેટલી સુંદર સ્ત્રીઓ હોય, જેટલું ધન હોય, જેટલી સત્તા હોય અને જેટલા કિંમતી પદાર્થો હોય તે બધા મળી જાય તો પણ માનવીને સંતોષ નથી થતો. એની તૃષ્ણાનો કોઈ અંત નથી. તૃષ્ણા નિત્ય યુવાન રહે છે એ વધે છે તો પણ વૃદ્ધ નથી થતી. સુભાષિતકાર કહે છે; 'માણસ ઘરડો થાય ત્યારે એની આંખો, કાન, અને તમામ અંગો ઘરડા થાય છે, પણ એની તૃષ્ણા તો યુવાન થાય છે.'

વળી દયા જ સહુથી મોટો, સર્વવ્યાપક અને સર્વકાલીન મહાધર્મ છે. જો ધર્મની એકાક્ષરી વ્યાખ્યા કરવી હોય તો 'દયા એટલે ધર્મ' એ સાવ સાચી વ્યાખ્યા છે.

નંદનવન એ સ્વર્ગનો બાગ છે

क्रोधो वैवस्वतो राजा तृष्णा वैतरणी नदी ।
विद्या कामदुधा धेनु : सन्तोषो नन्दनं वनम् ।।१४।।

ક્રોધ તો સાક્ષાત્ યમરાજ છે. તૃષ્ણા એ તો વૈતરણી નદી છે. વિદ્યા, કામધેનુ છે. અને સંતોષ નંદનવન છે. (૧૪)

વિવરણ :

આ દુનિયામાં મૃત્યુ તો બધાએ જોયું હોય છે, પરંતુ મૃત્યુના દેવતા યમરાજાને કોઈએ જોયા નથી. પરંતુ આવા સાક્ષાત્ જમરાજાને નજરે નીરખવા હોય તો ક્રોધથી રાતા-પીળા થતાં લાલઘૂમ આંખોવાળા અને નસકોરાંથી ફૂંફાડા મારતાં ક્રોધી માણસને જોઈ લેવો.

ક્રોધ એ જ મૃત્યુનો દેવતા યમરાજ છે. અને બીજી વાત પણ જાણી લઈએ. જમરાજા, જેનું આયખું ખૂટ્યું હોય એવા એક જ માણસને મારે જ્યારે ક્રોધી માણસ તો પોતે પણ મરે, જેના ઉપર ક્રોધ કર્યો હોય તે પણ મરે, અને એના પ્રભાવમાં આવનારા પણ મરે. આ રીતે ક્રોધ મહામારી છે.

પાપ કરનારા મનુષ્યને વૈતરણી નદી ડૂબાડે છે. તૃષ્ણા વૈતરણી નદી જેવી. એનો પાર કોઈ ન પામી શકે. વિદ્યા, કામધેનુ છે. વિદ્યા, પરમ સુખ આપે છે. સમજણ અને વિવેક આપે છે. વાણી, વિચાર અને વર્તનમાં એકરૂપતા શીખવે છે.

નંદનવન એ સ્વર્ગનો બાગ છે. ત્યાં દેવોને સર્વ પ્રકારનો વૈભવ મળે છે. જો પૃથ્વી ઉપર કોઈપણ નંદનવન હોય તો તે છે સંતોષ ! નંદનવનના વિહારથી જે સુખ મળે તે સુખ સંતોષ રાખવાથી મનુષ્યોને મળે છે.

કાર્ય સિદ્ધિ ન થાય તેવી વિદ્યા વ્યર્થ છે

गुणो भूषयते रूपं शीलं भूषयते कुलम् ।
सिद्धिर्भूषयते विद्यां भोगो भूषयते धनम् ।।१५।।

ગુણો, રૂપને શોભાવે છે. શીલથી કુળ શોભે છે. સિદ્ધિ, વિદ્યાને શોભાવે છે. અને યોગ્ય ઉપભોગથી ધન શોભે છે. (૧૫)

વિવરણ :

એકલું રૂપ, દાહક છે. પણ ગુણોથી યુક્ત રૂપ હોય તો એવું રૂપ વધારે પ્રભાવક થાય અને વધુ શોભાયમાન પણ બને ! એ જ રીતે કુળ ગમે તેટલું મહાન હોય, એમાં પૂર્વજો પરાક્રમી પાક્યા હોય અને વર્તમાન કુળપુરુષો પણ સત્તા અને સંપત્તિથી જાજ્વલ્યમાન, હોય પણ એ કુળમાં જો શીલ ન હોય, સદ્‌ગુણોની સુવાસ ન હોય તો આવું કુળ શોભતું નથી મનુષ્ય પાસે વિદ્યા હોય પણ એ વિદ્યા વડે જો કાર્યસિદ્ધિ ન થાય તો એવી વિદ્યા શું કામની ? કવિ કહે છે ;

જે વિદ્યા ભણવાથી ભિક્ષુક રહે તે તો કશા કામની ?
જૂની જેહ નદી થઈ જળ વિના, તે તો નદી નામની !

અને ધન, જો એનો યોગ્ય ઉપભોગ કરવામાં આવે તો જ એ સાર્થક થાય છે.

વ્યર્થ બાબતો પ્રત્યે સજાગ રહો

निर्गुणस्य हतं रुपं दु :शीलस्य हतं कुलम् ।
असिद्धस्य हता विद्या अभोगेन हतं धनम् ।।१६।।

ગુણહીન વ્યક્તિનું રૂપ નકામું, શીલ વિનાના માણસનું કુળ નકામું. જેણે સાધના નથી કરી એવા માણસની વિદ્યા નકામી અને જે ઉપભોગ નથી કરી શકતો તેનું ધન નકામું. (૧૬)

વિવરણ :

આ અર્થના શ્લોક આ અગાઉ પણ આવ્યા છે. પંદરમાં શ્લોકમાં પણ આ જ વિચાર વ્યક્ત થયો છે. એટલે વિવરણ કરવાથી પુનરુક્તિ થશે.

દૃષ્ટાંત દ્વારા શુદ્ધતાનો સંદેશ

शूचिर्भूमिगतं तोयं शुद्धा नारी प्रतिव्रता ।
शुचि : क्षेमकरो राजा संतोषी व्राह्मण : शुचि : ।।१७।।

ભૂતળમાં રહેલું જળ શુદ્ધ હોય છે. પ્રતિવ્રતા સન્નારી પવિત્ર છે. કલ્યાણ કરનારો રાજા પવિત્ર છે અને સંતોષી વિપ્ર પવિત્ર છે. (૧૭)

વિવરણ :

આ શ્લોકનું ચિંતન પણ શબ્દ ભેદે અન્યત્ર વ્યક્ત થયું જ છે. અહીં નવો વિચાર જે પ્રથમવાર વ્યક્ત થાય છે તે છે 'ભૂમિની અંદર રહેલા જળની શુદ્ધતા.' જો કે આ વિચાર, પ્રાચીન સમયમાં ઉચિત ગણાય. આજના સમયમાં તો ભૂમિગત જળની શુદ્ધતા પણ નથી રહી.

લજ્જા એ કુળવધૂનું ભૂષણ છે

असन्तुष्टा द्विजा नष्टा : सन्तुष्टाश्च महीभृत : ।
सलज्जा गणिका नष्टा निर्लज्जाश्च कुलाङ्गना : ।।१८।।

સંતોષ નહીં રાખનારા બ્રાહ્મણો નાશ પામે છે પરંતુ સંતોષ રાખનારા રાજાઓ નાશ પામે છે. લજ્જા રાખનારી ગણિકા નાશ પામે છે અને લજ્જા વિનાની કુલવધૂ નાશ પામે છે. (૧૮)

વિવરણ :

વિદ્વાન બ્રાહ્મણ સંતોષ રાખે તો એનું માન-સન્માન વધે. તેઓ જ્ઞાનને અને ધાર્મિક વિધિવિધાનને મહત્ત્વ આપે છે, ધનને કે સાધનને નહીં. પરિણામે સંતોષ તેઓને લાભદાયક થાય છે.

પરંતુ રાજા, સંતોષ રાખે તો એના રાજ્યની વૃદ્ધિ કે સમૃદ્ધિ ન થાય. જો એનામાં અસંતોષ હોય તો જ એ વધુ રાજ્યો જીતી લે અને રાજામાંથી મહારાજા બને.

એ જ રીતે લજ્જા રાખવાથી ગણિકાનો ધંધો ન જામે. અને લજ્જા ન રાખવાથી કુળવધૂનું પતન થાય ! લજ્જા એ કુળવધૂનું ભૂષણ છે પણ કુલટા માટે દૂષણ છે !

વિદ્યાવિહીન મનુષ્ય-શેમળાનું વૃક્ષ

किं कुलेन विशालेन विद्याहीनेन देहिनाम् ।
दुष्कुलीनोऽपि विद्वांश्च देवैरपि सुपूज्यते ।।१९।।

મનુષ્યનું કુળ મહાન અને વિશાળ હોય પણ જો તે વિદ્યાવિહીન હોય તો તેનાથી શું લાભ ? પરંતુ જો મનુષ્ય હલકા કુળનો હોય પણ વિદ્વાન હોય તો દેવો પણ તેને માન આપે છે. (૧૯)

વિવરણ :

કોઈ વ્યક્તિ, મહાનકુળથી મહાન નથી બનતી, પણ ગુણવત્તા અને વિદ્યાથી મહાન થાય છે અને સર્વત્ર પૂજાય છે. જાણીતું વાક્ય છે; 'स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ।'

વનમાં 'શાલ્મલિ' એટલે શેમળાનું ઝાડ થાય છે. એમાં પુષ્કળ ફૂલો ખીલે છે. પરંતુ આ ફૂલોમાં સુગંધ નથી હોતી, અને શેમળાના ઝાડમાં લોકોના ઉપયોગમાં આવે તેવા કોઈ ગુણો નથી હોતા. તેથી ચારે બાજુ ફૂલોની શોભાથી છવાયેલું આ વૃક્ષ, ગુણ ન હોવાથી શોભતું નથી.

વિદ્યાવિહીન મનુષ્ય પણ શેમળાના વૃક્ષની જેમ નકામો !

વિદ્યા વાપરવાથી વધે, ઘટે નહીં

विद्वान् प्रशस्यते लोके विद्वान् गच्छति गौरवम् ।
विद्यया लभते सर्वं विद्या सर्वत्र पूज्यते ।।२०।।

વિદ્વાન મનુષ્ય જ આ લોકમાં પ્રશંસા પામે છે. વિદ્વાન જ ગૌરવ પામે છે. વિદ્યાથી જ સર્વ વસ્તુઓ પ્રાપ્ત થાય છે અને વિદ્યા જ સર્વત્ર પૂજાય છે. (૨૦)

વિવરણ :

આ શ્લોક વિદ્યાની જ મહત્તાનું ગુણગાન કરે છે. અસંખ્ય શ્લોકોમાં વિદ્યાની પ્રશંસા એટલા માટે કરવામાં આવી છે કે વિદ્યાધન વડે મનુષ્ય સર્વ પ્રકારના સુખ પામે છે. વળી વિદ્યા જે એક એવું અલૌકિક ધન છે જે વાપરવાથી વધે છે. વળી એને કોઈ ચોરી શકતું નથી, અને એમાં કોઈ વડીલોપાર્જિત મિલકતની માફક ભાગ પડાવતાં નથી.

દયા એ જ ધર્મ છે

मांसभक्षै: सुरापानैर्मूर्खैश्चाक्षरवर्जितै: ।
पशुभि: पुरुषाकारैर्भाराऽऽक्रान्ता च मेदिनी ।।२१।।

માંસ ખાનારા, દારૂ પીનારા અને સાવ અભણ એવા મનુષ્યોરૂપી પશુઓથી આ પૃથ્વી, ભારથી દબાઈ ગઈ છે. (૨૧)

વિવરણ :

માંસાહાર, સુરાપાન અને અજ્ઞાન આ ત્રણ આસુરી વૃત્તિના લક્ષણો છે. આ ત્રણ ભયાનક દુર્ગુણો જેનામાં હોય તેને આ શ્લોકમાં પશુતુલ્ય ગણ્યા છે. પરંતુ થોડા હિંસક પશુઓને બાદ કરતાં બીજા પશુઓ માંસાહારી નથી. અને શરાબ તો એક પણ પશુ પીતું નથી. અને ભણવાનો તો તેઓને સવાલ જ નથી. પરિણામે આવા પશુઓ આસુરી વૃત્તિના નરરાક્ષસો કરતાં સારા ગણાય.

આવા નરરાક્ષસોથી આ ધરતી ઉભરાય છે, અને એના પાપના ભારથી દબાઈ છે !

આધુનિક સમયના યજ્ઞો

अन्नहीनो दहेद् राष्ट्रं मन्त्रहीनश्च ऋत्विज: ।
यजमानं दानहीनो नास्ति यज्ञसमो रिपु: ।।२२।।

જે યજ્ઞમાં જવતલ વગેરે હોમવાના પદાર્થો હોમાતાં ન હોય તે યજ્ઞ, રાષ્ટ્રનો વિનાશ, કરે છે. મંત્રહીન યજ્ઞ, ઋત્વિજોનો નાશ કરે છે. દાનહીન યજ્ઞ યજમાનનો નાશ કરે છે. આ રીતે આવા યજ્ઞ જેવો બીજો કોઈ શત્રુ નથી. (૨૨)

વિવરણ :

યજ્ઞમાં જવતલ હોમવાનો પ્રાચીન સમયથી નક્કી થયેલ ક્રિયાવિધિ છે. શા માટે જવતલનો જ હોમ થાય છે એના કોઈ વૈજ્ઞાનિક કારણો મળ્યાં નથી. કદાચ એમાંથી પ્રગટતો ધુમાડો વાતાવરણને વધુ પવિત્ર બનાવતો હોય ! એટલે આવા હોમ દ્રવ્ય વિનાનો યજ્ઞ વિનાશ કરનારો છે. જે યજ્ઞમાં ઋત્વિજો મંત્રગાન ન કરે તો એવા ઋત્વિજોને હાનિ થાય. વળી યજ્ઞક્રિયામાં યજમાન દાન ન કરે તો એવા ઋત્વિજોને હાનિ થાય વળી યજ્ઞ ક્રિયામાં યજમાન દાન ન કરે તો યજમાનનો વિનાશ થાય.

પ્રાચીન સમયમાં જ્યારે યજ્ઞો વધારે થતાં ત્યારે કરેલા આ નિયમો છે. આજે આ બધું અપ્રસ્તુત અને નિરર્થક છે.

આધુનિક સમયમાં આ પ્રકારના બિનજરૂરી દ્રવ્યયજ્ઞોની જગ્યાએ જ્ઞાનયજ્ઞ, નેત્રયજ્ઞ, રક્તદાનયજ્ઞ, સેવાયજ્ઞ જેવા લોકોપયોગી કાર્યો કરવા જેવા છે.

*

॥ નવમો અધ્યાય ॥

જેને આંખો જ નથી એવા અંધને દર્પણથી શું ફાયદો થવાનો ? શાસ્ત્રોરૂપી દર્પણમાં તેઓ જ દર્શન કરી શકે જેઓની પાસે બુદ્ધિરૂપી આંખ હોય !

અમૃતની જેમ સ્વીકારી લેવું

मुक्तिमिच्छसि चेत्तात विषयान् विषवत् त्यज ।
क्षमाऽऽर्जवं दया शौचं सत्यं पीयूषवद् भज ।।१।।

હે વત્સ ! જો તું મોક્ષ પામવા ઇચ્છતો હો તો કામવાસનાના વિષયોને વિષના જેવા ગણીને તજી દે. અને ક્ષમા, વિનમ્રતા, દયા, પવિત્રતા અને સત્યને અમૃતની જેમ સ્વીકારી લે. (૧)

વિવરણ :

દુ:ખ કે સંકટમાંથી મુક્તિ એ જ આ દુનિયામાં મોક્ષ છે. ઉપર આસમાનમાં બીજો કોઈ મોક્ષ નથી. અને દુ:ખમાંથી મુક્તિ તો જ થાય જો મનુષ્ય ઝેર જેવી બાબતોને તજી દે અને અમૃત જેવી બાબતોનો સ્વીકાર કરે.

સર્વ પ્રકારની ઇચ્છાઓ, દુ:ખનું કારણ બને છે. એમાં પણ કામવાસના, સહુથી પ્રબળ ઇચ્છા છે. આવી ઇચ્છાઓ પૂરી કરવા માણસ, આંધળી દોટ મૂકે છે. કોઈવાર ઇચ્છા પૂરી થાય તો એને ક્ષણિક સુખ મળે. પણ ઇચ્છાઓ તો અનંત છે. એ એક પછી એક ઊભી થયાં જ કરે. મિર્ઝા ગાલિબે ઠીક કહ્યું છે;

'હજારો ખ્વાહિશે ઐસી, કિ હર ખ્વાહિશસે દમ નિકલે,
બહુત નિકલે મેરે અરમાન, લેકિન ફિર ભી કમ નિકલે'

સંસારના વિષયોમાં વિષ છે, માટે એને તજવા અને દયા, પવિત્રતા પ્રેમ જેવા સદ્‌ગુણોમાં અમૃત છે માટે તેને ભજવા.

ગુપ્ત વાત જાહેર ન કરવી

परस्परस्य मर्माणि ये भाषन्ते नराधमाः ।
त एवं विलयं यान्ति वल्मीकोदरसर्पवत् ।।२।।

જેવી રીતે રાફડામાં રહેતો સાપ, એમાં લય પામે છે તેવી રીતે જે દુષ્ટ મનુષ્યો એકબીજાના મર્મસ્થાનોને (રહસ્યોને) જાહેર કરી દે છે તેઓ પણ વિલય (વિનાશ) પામે છે. (૨)

વિવરણ :

કોઈ મર્મસ્થાનો, ગુપ્ત વાતો કે રહસ્યોને જાહેર ન કરવા જોઈએ કારણ કે એમ કરવાથી જેનું રહસ્ય જાહેર થઈ જાય તે વ્યક્તિને ભારે હાનિ થઈ જાય છે. અને કોઈવાર જાનહાનિ પણ થવા સંભવ છે.

પરંતુ દુર્જનોનો આવો સ્વભાવ છે. તેઓ એકબીજાના રાયના દાણા જેવા દોષોને મોટા કરીને જાહેર કરતા ફરે છે. પરિણામે એકબીજાને ભયંકર નુકસાન કરે છે. જેવી રીતે સાપ, રાફડામાં છૂપાયેલ રહે તેમ રહસ્યને પણ ગુપ્ત રાખવું જોઈએ.

તર્ક ન કરો, સ્વીકાર કરો

गन्धः सुवर्णे फलमिक्षुदण्डे
नाऽकारि पुष्पं खलु चन्दनस्य ।
विद्वान् धनाढ्यश्च नृपश्चिरायुः
धातुः पुरा कोऽपि न बुद्धिदोऽभूत् ।।३।।

વિધાતાએ સોનામાં સુગંધ, શેરડીના સાંઠામાં ફળ, ચંદનના ઝાડમાં પુષ્પો, વિદ્વાનને ધનવાન, અને રાજાને દીર્ઘાયુ નથી કર્યાં તેથી એમ લાગે છે કે પ્રાચીન સમયમાં વિધાતાને બુદ્ધિ આપનાર કોઈ નહીં હોય. (૩)

વિવરણ :

કવિઓ અને ચિંતકો, કલ્પનાઓ કરીને વિધાતાની ભૂલો શોધી કાઢે છે. વિધાતાએ મહાસાગરનું જળ મીઠું શા માટે ન કર્યું ? ચન્દ્રમાં કલંક શું કામ રાખ્યું ? સાચા મોતી દરિયાના તળિયે શું કામ સંઘર્યાં ? ગુલાબમાં કાંટા શા માટે બનાવ્યા ?

આ શ્લોકમાં થોડી વધારે કલ્પના કરી છે. સોનામાં સુગંધ, શેરડીના સાંઠામાં સરસ ફળો, ચંદનના ઝાડમાં ફૂલો વગેરે બનાવ્યા હોત તો કેવો આનંદ થાત?

પરંતુ આવું વિચારવામાં માણસની આશાઓ જ પ્રગટ થાય છે. સોનામાં સુગંધ બનાવી હોત તો પણ માણસ એમાં ભૂલ કાઢત. એ એવી કલ્પના કરત કે સોનું ધૂળમાં થાય છે, એને તૈયાર કરવામાં બહુ મહેનત કરવી પડે છે. એના કરતાં સોનાના ઝાડ બનાવ્યા હોત તો કેવું સારું થાત. ઝાડ ઉપર ચડીને સોનાની લગડીઓ તોડી

વિધતાએ જે કાંઈ નિર્માણ કર્યું છે એમાં તર્કો ન કરતા એનો સ્વીકાર કરવો એમાં જ માનવજીવનનું કલ્યાણ છે.

વાંક આપણી અલ્પમતિનો છે

सर्वौषधीनाममृता प्रधाना सर्वेषु सौख्येष्वशनं प्रधानम् ।
सर्वेन्द्रियाणां नयनं प्रधानं सर्वेषु गात्रेषु शिर : प्रधानम् ।।४।।

બધી ઔષધિઓમાં અમૃતા (ગળો) મુખ્ય છે. બધા સુખોમાં ભોજનનું સુખ મહત્ત્વનું છે. બધી ઈન્દ્રિયોમાં આંખ ઉત્તમ ઈન્દ્રિય છે અને બધા અંગોમાં મસ્તક સર્વોત્તમ છે. (૪)

વિવરણ :

આગળના શ્લોકમાં વિધાતાનો વાંક કાઢવામાં આવ્યો. પરંતુ વાંક વિધાતાનો નથી, વાંક આપણી અલ્પમતિનો છે. વિધાતા તો સર્વશ્રેષ્ઠ સર્જક છે. એના સર્જનમાં કોઈ ખામી હોઈ શકે નહીં. ખામી તો આપણા ગમાઅણગમામાં છે. ઈશ્વરનું જે સર્જન આપણને ગમે તે સારું, ન ગમે તે ખરાબ.

વિધાતાએ જેટલી વનસ્પતિ આ ધરતીના પટ ઉપર સર્જી છે તે તમામમાં કોઈને કોઈ ઔષધીય ગુણ મૂક્યો છે. એટલે તો વનસ્પતિને 'ઔષધિ' કહેવામાં આવે છે.

આ બધી ઔષધિઓમાં અમૃતા એટલે ગળો સર્વશ્રેષ્ઠ છે. 'અમૃત' ના જેવા એના ગુણો છે તેથી તો એનું નામ પડ્યું અમૃતા ! ગળો રસાયણ છે. જે ઔષધ રોગ અને જરા (ઘડપણ) દૂર કરે અને મનુષ્યને સંપૂર્ણ સ્વસ્થ બનાવે તે રસાયણ !

સર્વ સુખોમાં ભોજનનું સુખ સર્વોત્તમ, ઈન્દ્રિયોમાં આંખ ઉત્તમ અને સકલ અંગોમાં મસ્તક ઉત્તમ. આખા શરીરમાં સહુથી વધારે મહત્ત્વના અંગો, મગજ, આંખ, કાન, નાક, જીભ વગેરે મસ્તકમાં જ છે તેથી તો સંસ્કૃતમાં મસ્તકને 'उत्तमाङ्ग' કહેવામાં આવે છે.

જ્યોતિષ-વિદ્યા એટલે નક્ષત્રોનાં શાસ્ત્રોનું જ્ઞાન

दूतो न सञ्चरति खे न चलेच्च वाता
पूर्वं न जल्पितमिदं न च सङ्गमोऽस्ति ।
व्योम्नि स्थितं रविशशिग्रहणं प्रशस्तं
जानाति यो द्विजवर : स कथं न विद्वान् ।।५।।

આકાશમાં કોઈ દૂત જતો નથી, કે ત્યાં કોઈ વાતચીત થઈ શકે. પહેલા કોઈએ એ અંગે કહ્યું નથી, કે કોઈની મુલાકાત થઈ નથી. આમ છતાં આકાશમાં રહેલા સૂર્યના તથા ચન્દ્રના ગ્રહણની નિશ્ચિત બાબત જે જાણી શકે છે તે ઉત્તમ બ્રાહ્મણ, વિદ્વાન કેમ ન ગણાય ? (૫)

વિવરણ :

આ શ્લોકમાં 'જ્યોતિષવિદ્યા'માં જે પ્રવીણ હોય એવા બ્રાહ્મણની મહત્તાની પ્રશંસા કરવામાં આવી છે.

જ્યોતિષ જેને આપણે 'જોશ' કહીએ છીએ તે શબ્દનો સંસ્કૃતમાં અર્થ છે ગ્રહો અને નક્ષત્રો ! આ ગ્રહો અને નક્ષત્રોની ગતિવિધિ માનવજીવન ઉપર અસર કરે છે એવું હવે તો વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયું છે તેથી જ્યોતિષવિદ્યા એટલે નક્ષત્રોના જ્ઞાનનું શાસ્ત્ર !

બધા જ નક્ષત્રો, અનંત આકાશમાં દૂર છે. જ્યોતિષી એની પ્રત્યક્ષ માહિતી મેળવવા કોઈ દૂતને ત્યાં મોકલતો નથી. કે નક્ષત્રો સાથે વાતચિત કરી તેનું જ્ઞાન, જ્યોતિષીને આપી શકે. આમ છતાં આકાશમાં રહેલા નક્ષત્રો વગેરે વિષે જાણીને જે બ્રાહ્મણ, ગ્રહણનો નિશ્ચિત સમય બતાવી શકે તથા આગાહી કરી શકે તે ખરેખર વંદન અને અભિનંદનના અધિકારી છે.

પ્રત્યેક જીવાત્મા, અનંત અને અખંડ બ્રહ્માંડનો એક અંશ છે. તેથી એની ચેતના અને ઉર્જાની એના જીવન ઉપર અસર થયા જ કરે છે.

એઓને જાગૃત કરવા જરૂરી છે

विद्यार्थी सेवक : पान्थ : क्षुधाऽऽर्तो भयकातर : ।
भाण्डारी प्रतिहारी च सप्त सुप्तान् प्रबोधयेत् ।।६।।

વિદ્યાર્થી, સેવક, મુસાફર, ભૂખ્યો મનુષ્ય, ભયભીત થયેલ, ભંડારનો રક્ષક, દ્વારપાળ – આ સાત વ્યક્તિઓ સૂતા હોય તો તેઓને જગાડી દેવા. (૬)

વિવરણ :

કોઈ વ્યક્તિ, મીઠી ઊંઘ માણતી હોય ત્યારે એને જગાડવી એ પાપ છે. પરંતુ આ નિયમમાં અપવાદ છે. સાત જણ, સૂતા હોય ત્યારે એને જગાડવામાં તેઓનું હિત છે તેથી એમાં પાપ નથી લાગતું ઊલટાનું પુણ્ય થાય છે.

વિદ્યાર્થી સૂતો હોય તો જગાડવો. અન્યથા એ વિદ્યાપ્રાપ્ત નહી કરી શકે સેવકને સેવાકાર્ય માટે, મુસાફરને યાત્રામાં આગળ વધવા માટે, ભૂખ્યાના ભૂખના

દુઃખને ભોજનથી દૂર કરવા, ભયભીતને આશ્વાસન આપવા, ભંડારના રક્ષકને ભંડારનું રક્ષણ કરવા, અને દ્વારપાળને ચોકી કરવા માટે જગાડવા જ જોઈએ. જો આ સાત લોકો સૂતા રહે તો તેઓનું અહિત થાય છે.

સૂતા રહેવા દેવામાં જ લાભ

अहिं नृपं च शार्दूलं किटिं च वालकं तथा ।
परश्वानं च मूर्खं च सप्त सुप्तान् न वोधयेत् ।।७।।

સર્પને, રાજાને, સિંહને, સૂવરને, બાળકને, બીજાના કૂતરાને તથા મૂર્ખને – આ સાત સૂતા હોય ત્યારે એને જગાડવા નહીં. (૭)

વિવરણ :

પરંતુ આગળના શ્લોક કરતાં વિપરીત વાત આ શ્લોકમાં કરી છે. અહીં સાત એવા છે જેને જગાડવાથી મુશ્કેલી થાય. એટલે એને સૂતા રહેવા દેવામાં જ લાભ છે.

સર્પ ઊંઘતો હોય અને એને જગાડીએ તો એ છંછેડાઈને દંશ દે, માટે એને ઊંઘવા દેવો. રાજા પણ સૂતો હોય ત્યારે એને જગાડાય નહીં. જો સૂતેલા રાજાને જગાડીએ તો એ શિક્ષા કરે. સિંહને જગાડીએ તો એ હુમલો કરે. સૂવર પણ આક્રમણ કરે. બાળકને તો કુદરતી રીતે જ વધુ ઊંઘની જરૂર હોય છે. જો એને કાચી નિદ્રામાંથી જગાડીએ તો એના સ્વાસ્થ્યને હાનિ થાય. મૂર્ખ સૂતો હોય અને એને જગાડીએ તો એ ઝઘડો કરે, અને સૂતેલા કૂતરાને જગાડીએ તો એ કરડે. અંગ્રેજીમાં તો કહેવત છે ; 'Let the sleeping dogs lie' સૂતેલા શ્વાનને પડ્યા રહેવા દેવા.

ભયાનક ઝેરી સર્પો જેવા છે

अर्थाऽधीताश्च यैर्वेदास्तथा शूद्रान्नभोजिना: ।
ते द्विजा : किं करिष्यन्ति निर्विषा इव पन्नगा : ।।८।।

જે બ્રાહ્મણો, માત્ર ધન માટે જ વેદાધ્યયન કરતા હોય તેમ જ શૂદ્રોનું અન્ન ખાતા હોય, તેઓ શું કરી શકવાના ? તેઓ તો ઝેર વિનાના સર્પો જેવા છે. (૮)

વિવરણ :

બધા જ વર્ણોમાં બ્રાહ્મણને શ્રેષ્ઠ એટલા માટે કહ્યું છે કે વેદાધ્યન, જ્ઞાન, યજ્ઞ અને માન, તેઓનું ધન છે. સંપત્તિને તેઓ તુચ્છ ગણે છે. પરંતુ જે બ્રાહ્મણો કેવળ

ધન માટે જ વેદો ભણે અથવા યજ્ઞયાગાદિ ક્રિયા કરે તો તેઓ બ્રાહ્મણપદને લાયક નથી. વળી જેઓ શૂદ્રનું અન્ન ખાય તેઓનું તો પતન થાય છે.

આવા બ્રાહ્મણોને ઝેર વિનાના સર્પો કહ્યાં છે. તેમાં હકીકતદોષ છે. આવા બ્રાહ્મણો તો ભયાનક ઝેરી સર્પો જેવા છે.

તેવી વ્યક્તિ નિરર્થક છે

यस्मिन् रुष्टे भयं नास्ति तुष्टे नैव धनाऽऽगम: ।
निग्रहोऽनुग्रहो नास्ति स रुष्ट: किं करिष्यति ।।९।।

જે વ્યક્તિ, ગુસ્સે થાય તો પણ એનો ભય ન લાગે અને પ્રસન્ન થાય તો પણ કાંઈ ધનલાભ ન થાય, અને જે સજા પણ ન કરી શકે અથવા કૃપા પણ ન કરી શકે તે વ્યક્તિનો ક્રોધ પણ શું કરી શકવાનો ? (૯)

વિવરણ :

જે માણસ પાસે સત્તા, સંપત્તિ અને શરીરબળ હોય પણ એનો ઉપયોગ કરીને તે જો બીજા લોકોને લાભ ન આપી શકે કે હાનિ ન કરી શકે તો એનું સામર્થ્ય શું કામનું ?

સત્તા હોય તો સત્તાના જોરે મિત્રો કે સ્વજનોને જે પ્રસન્ન ન કરી શકે અથવા દુશ્મનને દબાવી ન શકે તો એની સત્તા નકામી. જો માણસ ધનવાન હોય, અને ધનથી કોઈને ખુશ ન કરી શકે તો એના ધનમાં ધૂળ પડી. અને જે વ્યક્તિ, રાજી થાય અને કોઈને કોઈ આપી શકે નહીં, અને ક્રોધે ભરાય તો કોઈનું કાંઈ કાપી શકે નહીં અને જેનો રાજીપો અને નારાજગી બન્ને નકામા હોય તેવી વ્યક્તિ નિરર્થક છે !

'પ્રેમ' અને 'દંડ' બંને હોવા જોઈએ

निर्विषेणाऽपि सर्पेण कर्तव्या महती फणा ।
विषमस्तु न चाप्यस्तु घटाटोपो भयङ्कर: ।।१०।।

સર્પે, ઝેર વિનાનો હોય તો ફેણ મોટી કરીને ફૂંફાડો મારવો જોઈએ. તેનામાં વિષ હોય કે ન હોય પરંતુ ફેણનો ઘટાટોપ ફૂંફાડો જ ભયંકર થાય છે. (૧૦)

વિવરણ :

શાસનમાં પછી એ કુટુંબનું હોય કે રાજ્યનું એમાં વડાપુરુષનો ભય લાગવો જોઈએ. ભલે પછી એ ભયમાં નુકસાન કરવાની વૃત્તિ ન હોય. તુલસીદાસે કહ્યું; 'ભય

બિનુ હોહી ન પ્રીતિ.' ભય વિના, માણસ સીધો ચાલતો નથી. જેને તંત્ર ચલાવવું છે અને સફળતાથી ચલાવવું છે તેના હાથમાં 'પ્રેમ' અને 'દંડ' બન્ને હોવા જોઈએ.

આપણે ત્યાં ભગવાનને 'ભયાનામ્ ભયમ્ ભીષણમ્ ભીષણાનામ્' (ભયાનકથી પણ ભયાનક અને ભીષણથી પણ ભીષણ) કહ્યા છે. તેથી જ લોકો એનાથી ડરે છે અને એની પ્રાર્થના કરે છે.

તમે જાણો છો ? સાપના જેવા આકારનું એક બીનઝેરી પ્રાણી છે એને 'ડેંડુ' કહેવામાં આવે છે. એનામાં ઝેર નથી અને એ કરડતું પણ નથી તેથી માણસો એનાથી ડરતા નથી. અને વિના કારણે એને મારે છે.

પણ સર્પથી બધા ડરે છે. સર્પ ભલે કોઈને કરડીને હાનિ ન પહોંચાડે પણ ફેણ મોટી કરીને એને ફૂંફાડો તો મારવો જોઈએ. જેથી લોકો એનાથી દૂર રહે.

દુનિયાદારીના વ્યવહારમાં સફળ અને સુંદર સંચાલનમાં આવો 'ફૂંફાડો' જરૂરી છે.

નગુણા લોકો સમયને હણે છે

प्रातर्द्युतप्रसंगेन मध्याह्ने स्त्रीप्रसङ्गत: ।
रात्रौ चौर्यप्रसंगेन कालो गच्छत्यधीमताम् ।।११।।

સવારમાં જુગાર રમીને, બપોરે સ્ત્રીનો સંગ કરીને, અને રાત્રિના સમયે ચોરી કરીને, મૂર્ખ માણસોનો સમય વીતે છે. (૧૧)

વિવરણ :

એક બહુ જાણીતા સુભાષિતમાં કહ્યું છે; 'બુદ્ધિમાન મનુષ્યોનો સમય, કાવ્યશાસ્ત્રની વિનોદપૂર્ણ ચર્ચામાં અને આનંદદાયક ગોષ્ઠિઓ કરવામાં પસાર થાય છે, જ્યારે બુદ્ધુઓ, બાધવામાં ઊંઘવામાં કે ભટકવામાં સમય બરબાદ કરે છે.'

આ શ્લોકમાં, મૂર્ખાઓની સમય પસાર કરવાની થોડી બીજી વાતો કરી છે. મૂર્ખલોકો સવારનો સમય જુગાર રમવામાં વીતાવે છે. બપોરનો સમય, સ્ત્રીસંગમાં ગુમાવે છે. અને રાતનો સમય ચોરી કરી પસાર કરે છે.

સામાજિક નજરે જે નિષિદ્ધ અથવા નિંદનીય છે એવા કુકર્મો કરવા એ મૂર્ખાઓની પ્રકૃતિ છે અને સમય પસાર કરવાની પ્રવૃત્તિ છે. અંગ્રેજીમાં એમ કહી શકાય કે 'Wise people enjoy the time, while foolish men kill the time' શાણા લોકો સમયને માણે છે જ્યારે નગુણા લોકો સમયને હણે છે.

આત્મપ્રશંસા ન કરવી સારી

स्वहस्तग्रथिता माला स्वहस्तघृष्टचन्दनम् ।
स्वहस्तलिखितं स्तोत्रं शक्रस्यापि श्रियं हरेत् ।।१२।।

પોતાના હાથથી જ માળા ગૂંથે, પોતાના હાથ વડે જ ચંદન ઘસે, અને પોતાના હાથથી જ સ્તોત્ર લખે. પછી ભલેને તે ઇન્દ્ર હોય તો પણ તેની શોભા નાશ પામે છે. (૧૧)

વિવરણ :

માણસ પોતે જ પોતાની મહત્તા વધારવાના પ્રયત્નો કરે તો એનાથી એની મહત્તા તો વધતી નથી ઊલટાનું માન ઘટે છે. જેમ કે કોઈ વ્યક્તિ, પોતાની જાતે જ પોતાના માટે માળા ગૂંથે તો એ માળા પહેરવાથી એનો મહિમા ઘટે છે.

કોઈ, પોતાના અંગ ઉપર લેપ કરવા માટે જાતે જ ચંદનનો લેપ તૈયાર કરે તો એ ચંદનથી એની શોભા વધતી નથી.

કોઈ પોતાની સ્તુતિ કરવા, પોતે જ પોતાનું સ્તુતિગાન લખે તો એમાં એની પ્રભુતા નહીં. પામરતા પ્રગટ થાય છે.

આવી આત્મપ્રશંસા કરનાર સ્વયં ઈન્દ્ર હોય તો પણ તેનું ઐશ્વર્ય નાશ પામે છે.

મસળવાથી આનંદ મળે

इक्षुदण्डास्तिला : क्षुद्रा : कान्ता हेम च मेदिनी ।
चन्दनं दधि ताम्बूलं मर्दनं गुणवर्धनम् ।।१३।।

શેરડીના સાંઠા, તલ, હલકા લોકો, સુન્દરી, સોનું ભૂમિ, ચંદન, દહીં, અને પાન – આટલાને જેમ જેમ મસળવામાં આવે તેમ તેમ તેના ગુણ વધે છે. (૧૩)

વિવરણ :

આ વિચાર વ્યક્ત કરતો એક શ્લોક, થોડા અર્થભેદે અગાઉ આવી ગયો છે. અમુક પદાર્થો મસળવાથી વધુ રસ અને મીઠાશ આપે છે.

શેરડીના સાંઠા અને તલને પીલવાથી એમાંથી અનુક્રમે રસ અને તેલ મળે છે. હલકાલોકોને દાબમાં રાખવાથી જ સીધા ચાલે છે. સુંદરીનું અંગમર્દન કરવાથી વધુ આનંદ આપે છે. સોનું ટીપવાથી વધુ ચમકે છે. ભૂમિ ખેડવાથી અને ખોદવાથી ધાન અને સોનારૂપા જેવી કીમતી ધાતુ આપે છે. ચંદનને જેમ વધુ ઘસીએ તેમ તેમ

વધુ સુગંધ આપે, દહીંને મંથન કરીએ તો માખણ મળે અને પાનને જેમ જેમ ચાવીએ તેમ તેમ વધુ મજા પડે !

આંતરિક રૂપ કેવું ખીલી ઠ્યું !

दरिद्रता धीरतया विराजते कुवस्त्रता शुभ्रतया विराजते ।
कदन्नता चौष्णतया विराजते कुरुपता शीलतया विराजते ।।१४।।

દરિદ્રતા, ધીરજ રાખવાથી વધુ શોભે છે. વસ્ત્ર બહુ કીમતી ન હોય પણ સ્વચ્છતાથી શોભે છે. સાવ સાધારણ હોય તો પણ અન્ન, ઊનું હોય તો શોભે છે. અને કદરૂપતા, શીલથી શોભે છે. (૧૪)

વિવરણ :

ગરીબાઈ હોઈ પણ ધીરજ ન હોય તો ગરીબાઈ વધુ દુઃખદાયી લાગે છે. પરંતુ ધીરજ રાખવાથી, યોગ્ય નિર્ણય કરી કામ કરવાની કુશળતા પ્રગટે છે. પરિણામે દરિદ્રતા દૂર થાય છે. આમ ધીરજ, એ દરિદ્રતા હટાવવાનો ઉપાય છે અને એની શોભા પણ છે.

વસ્ત્રની સાચી શોભા, એની મોંઘી કિંમત નથી પણ સ્વચ્છતા છે. મૂલ્યવાન મોતીઓથી મઢેલું અને સોનાની ઝરીથી ભરેલું લાખ રૂપિયાની કિંમતનું વસ્ત્ર હોય પણ મેલું હોય તો શું કામનું ? પણ ભલેને સાવ સાદું અને એકદમ સસ્તું હોય પણ સ્વચ્છ અને વિમલ વસ્ત્ર શોભે છે.

અન્નમાં ભાતભાતના બહુ જ મોંઘા ખાદ્યપદાર્થો હોય પણ વાસી અને ટાઢા હોય તો લોકોને ગમતા નથી. ભલે સાદું અને સાત્ત્વિક હોય પણ તાજું પકાવેલું ઊનું અન્ન જ ગમે છે.

કદરૂપા સ્ત્રી કે પુરુષ જો શીલ અને સદ્‌ગુણોથી ઝળહળતા હોય તો લોક સમુદાયમાં આદરણીય બને છે અને સમાજમાં શોભે છે એટલે ખરેખર રૂપ, શોભા નથી આપતું, શીલ શોભા આપે છે.

મહાભારત અને પુરાણોના રચયિતા વેદવ્યાસ કાળા હતા અને કદરૂપા પણ હતા. 'ઈસપની દંતકથાઓ' લખનાર ઈસપ પણ બદસૂરત હતો. એમ છતાં આ મહામાનવોનું આંતરિક રૂપ કેવું ખીલી ઊઠ્યું !

*

॥ દસમો અધ્યાય ॥

મનને હંમેશાં પવિત્ર રાખવું. મન પવિત્ર હશે તો વિચાર પવિત્ર આવશે. વિચાર પવિત્ર હશે તો ઉચ્ચાર પણ પવિત્ર થશે અને ઉચ્ચાર પવિત્ર હશે તો આચાર પણ પવિત્ર જ થવાના !

વિદ્યાનું ધન જ સર્વોત્તમ ધન છે

धनहीनो न हीनश्च धनिकः स सुनिश्चयः ।
विद्यारत्नेन यो हीनः स हीनः सर्ववस्तुषु ।।१।।

કોઈ વ્યક્તિ, ધનહીન હોય માત્ર તેથી જ તે હીન નથી. તેનામાં વિદ્યા કે ગુણ હોય તો નિશ્ચિત એ ધનવાન છે પરંતુ જેની પાસે વિદ્યારત્ન નથી, તેનામાં જ સર્વવસ્તુઓનો અભાવ છે. (૧)

વિવરણ :

આ શ્લોકમાં વધુ એકવાર ચાણક્ય વિદ્યાની મહત્તા, ગુણવત્તા અને ઉપયોગિતા દર્શાવે છે. કોઈ માણસ ધનહીન હોય માત્ર તેટલાથી જ તે હીન નથી થતો. ધન ભલે ન હોય પણ જો મનુષ્યમાં વિદ્યા અને ગુણ હોય તો એને માત્ર ધનવાન જ નહીં પણ ઐશ્વર્યવાન માનવો. કારણ કે 'विद्याधनम् सर्वधनप्रधानम् ।' (વિદ્યાનું ધન જ સર્વોત્તમ ધન છે)

ભર્તૃહરિએ યોગ્ય રીતે જ વિદ્યાને ગુપ્ત રત્નભંડાર કહ્યો છે. (प्रच्छन्न गुप्तम् धनम् ।) અને આવો મોંઘામૂલનો છૂપો ખજાનો જેની પાસે ન હોય તે વ્યક્તિ પશુ સમાન છે. (विद्याविहीनः पशुः ।)

સત્ય છતાં મધુર વચન કામનું

दृष्टिपूतं न्यसेत् पादं वस्त्रपूतं पिबेज्जलम् ।
शास्त्रपूतं वदेद् वाक्यं मनः पूतं समाचरेत् ।।२।।

નજરથી બરાબર નીરખીને પછી જ માણસે ડગલું માંડવું. વસ્ત્રથી ગાળીને પછી જ જળ પીવું. શાસ્ત્રસંમત અને શુદ્ધ હોય એવું વાક્ય જ બોલવું. અને મનને પવિત્ર કરીને પછી જ આચરણ કરવું. (૨)

વિવરણ :

મનુષ્યે, તનથી અને મનથી સુખી અને સ્વસ્થ થવું હોય તો કેવી દિનચર્યા પાળવી તેના સાવ સરળ છતાં ખૂબ ઉપયોગી નિયમો અહીં દર્શાવ્યા છે.

ચાલતી વખતે સાવધાની રાખવી. અને પંથમાં આગળ પગલું માંડતા પહેલાં, નજરથી નીરખી લેવું કે કોઈ અવરોધ તો નથી ને ? માત્ર યાત્રાના પ્રસંગે જ નહીં. કોઈપણ કાર્યક્ષેત્રમાં ડગ માંડતા પહેલાં એના લાભાલાભ તપાસીને જ આગળ વધવું..

પાણી, વસ્ત્રથી ગાળીને શુદ્ધ કરીને પીવું. સ્વચ્છ અને નિર્મળ જળ, સ્વાસ્થ્ય-વર્ધક છે. જે વચનો ઉચ્ચારીએ તે પણ શાસ્ત્રના નીતિનિયમો અનુસાર સત્ય અને પ્રિય હોવા જોઈએ. કડવું સત્ય પણ નકામું, મધુર અસત્ય પણ નકામું ! પરંતુ સત્ય છતાં મધુર વચન કામનું !

અને મનને હંમેશાં પવિત્ર રાખવું. મન પવિત્ર હશે તો વિચાર પવિત્ર આવશે. વિચાર પવિત્ર હશે તો ઉચ્ચાર પણ પવિત્ર થશે. અને ઉચ્ચાર પવિત્ર હશે તો આચાર પણ પવિત્ર જ થવાના !

અધ્યાત્મપ્રાપ્તિ બલહીનનું કામ નથી

सुखार्थी वा त्यजेद्विधां विद्यार्थी वा त्यजेत् सुखम् ।
सुखार्थिन : कुतो विद्या विद्यार्थिन : कुतो सुखम् ।।३।।

જેને સુખની ઝંખના હોય તેણે વિદ્યાને તજવી. અને જેને વિદ્યા મેળવવી હોય તેણે સુખને જતું કરવું. કારણ કે સુખની ઇચ્છાવાળાને વિદ્યા ક્યાંથી મળે ? અને વિદ્યાની ઇચ્છા રાખનારને સુખ ક્યાંથી હોય ? (૩)

વિવરણ :

સંસ્કૃતમાં એક સુભાષિત છે; 'જેમ અનાજનો એક એક દાણો ભેળો કરીને ધાનનો ઢગલો કરી શકાય. તેમ એક એક ક્ષણનો ઉપયોગ કરીને વિદ્યામેળવી શકાય. પ્રાચીન સમયમાં ગુરુકુળમાં ગુરુની સેવા કરીને, અનેક વર્ષો સુધી મહેનત કરવાથી ગુરુ પાસેથી વિદ્યા મળતી. આજે પણ કોઈપણ વિષયમાં નિષ્ણાત થવા અઢાર વીસ વર્ષો સુધી અવિરત અભ્યાસ કરવો પડે છે. આમ વિદ્યા પ્રાપ્તિ કરવી હોય તો સુખ સુવિધા તજવી પડે.'

અને જેને સુંવાળા સુખની ઇચ્છા હોય તેણે વિદ્યા જતી કરવી. જર્મનદેશમાં સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન થયા. તેનું નામ મેક્ષમૂલર. એણે આપણા વેદોનું ગહન અધ્યયન કરીને તેના ઉપર ભાષ્ય કરતાં મોટામોટા ગ્રન્થો રચ્યા છે. તેણે પચ્ચીસ

વર્ષો સુધી, ભોજન અને ઊંઘની દરકાર કર્યા વિના, ખિસ્સામાં પાંઉના ટૂકડા રાખી, સખત પરિશ્રમ કરી વેદવિદ્યા પ્રાપ્ત કરી.

જેમ અધ્યાત્મપ્રાપ્તિ બલહીનનું કામ નથી. તેમ વિદ્યાપ્રાપ્તિ પણ કાયર અને આળસુનું કામ નથી. 'લક્ષ્મી તેને જઈ વરે જે પરસેવે નહાય' એ પંક્તિમાં 'લક્ષ્મી'ની જગ્યાએ 'વિદ્યા' મૂકી શકાય !

નારી સંસ્કાર-શક્તિથી કલ્યાણકારી બને

कवय : किं न पश्यन्ति किं न कुर्वन्ति योषित : ।
मद्यपा : किं न जल्पन्ति किं न भक्षन्ति वायसा : ।।४।।

કવિઓ, શું નથી જોઈ શકતાં ? સ્ત્રીઓ શું નથી કરી શકતી ? શરાબી, શું નથી બોલી શકતો ? અને કાગડાઓ શું નથી ખાઈ શકતા ? (૪)

વિવરણ :

કવિઓ કલ્પનાશીલ હોવાથી ક્રાન્તદર્શી છે. એ દૂરનું જોઈ શકે છે અને નવું મૌલિક દર્શન પણ કરી શકે છે. જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ, એ વિધાનમાં તથ્ય છે.

સ્ત્રીને અબલા કહેવામાં આવે છે. શારીરિક દ્રષ્ટિએ વાત સાચી છે પણ મનની નજરે એ પ્રબળા છે. બળવાન પુરુષ જ્યાં હરેરી જાય અને હારી જાય ત્યાં નારી જીતી જાય છે. એને માટે જગતનું કોઈ પણ કામ અસંભવ નથી. એ મહાશક્તિ છે. એ સંસ્કારી શક્તિથી કલ્યાણકારી બને તો વિકારી શક્તિથી વિકરાળ બને ! તુલસીદાસ કહે છે; 'કાં ન કરહી અબલા પ્રબલ'

જે શરાબી હોય તેને તેની વાણી અને વર્તન ઉપર કાબૂ નથી હોતો એ પોતે ડોલતો હોય તો પણ એને દુનિયા ડોલતી લાગે !

એક શરાબી, કુતુબમિનાર ઉપર ચડી ગયો. બધાએ ખૂબ મહેનત કરી પણ નીચે ઊતરે જ નહીં. ત્યાં બીજો શરાબી આવ્યો. તેણે બ્લેડ બતાવીને એને કહ્યું; 'એ પાગલ ! નીચે ઊતરે છે કે આ બ્લેડથી કુતુબમિનાર કાપી નાખું ?' અને પેલો તરત જ નીચે ઊતરી ગયો. આવી છે શરાબીની દુનિયા !'

પક્ષીઓમાં કાગડો સર્વભક્ષી છે. એ શાકાહાર પણ કરે અને માંસાહાર પણ કરે !

અકળ છે નસીબની લીલા !

रङ्कं करोति राजानं राजानं रङ्कमेव च ।
धनिनं निर्धनं चैव निर्धनं धनिनं विधिः ।।५।।

નસીબ, રંકને રાજા બનાવી દે છે, અને રાજાને રંક કરી નાખે છે. એ જ રીતે ધનવાનને નિર્ધન, અને નિર્ધનને ધનવાન કરી શકે છે. (૫)

વિવરણ :

પ્રારબ્ધ બળવાન છે. નસીબની બલિહારીથી રંક રાજા થઈ જાય અને રાજા રંક બની જાય ! જેની પાસે એક રૂપિયો પણ ન હોય તે કરોડપતિ બની જાય, અને એક રાતમાં કરોડપતિ, રોડ ઉપર રખડતો થઈ જાય. આવી અકળ છે નસીબની લીલા !

નસીબના પ્રભાવથી થનાર વસ્તુ કેવી રીતે થાય અને જનાર વસ્તુ કેવી રીતે જાય એની વાત કરતા કવિએ કહ્યું છે;

થનાર વસ્તુ એણી પેરે થાશે જેમ શ્રીફળ પાણી ભરે,
જનાર વસ્તુ એણીપેર જાશે જેમ ગજ કોઠું ગરે.

જેમ શ્રીફળમાં જળ ભરાય, એમ ભાગ્યમાં જે વસ્તુ હોય તે આવી મળે છે અને જે નસીબમાં નથી હોતું એ એવી રીતે ચાલી જાય છે, જેમ કોઠામાંથી એનો ગર્ભ ચાલ્યો જાય.

કોઠું એક મોટું કઠણ છાલવાળું ગોળ ફળ હોય છે. ગજ એટલે હાથી. એ આખેઆખું કોઠું ગળી જાય છે. પછી એ પોદળો કરે તો તેમાં એ આખું ફળ બહાર આવે છે. પરંતુ અંદરનો ગર્ભ ગુમ થયો છે. આ રીતે ખબર ન પડે તેમ વસ્તુ નસીબ ન હોય તો વિદાય લે છે.

'ચોરહી ચાંદની રાત ન ભાવા'

लुब्धानां याचक : शत्रुर्मूर्खाणां वोधक : रिपु : ।
जारस्त्रीणां पति : शत्रुश्चोराणां चन्द्रमा रिपु : ।।६।।

લોભી માણસોને યાચક શત્રુ છે. મૂર્ખાઓને ઉપદેશ આપનારો શત્રુ છે. વ્યભિચારિણી નારીને એનો પતિ શત્રુ છે અને ચોર લોકોને ચન્દ્રમા શત્રુ છે. (૬)

વિવરણ :

લોભી માણસની વસ્તુની પકડ, અત્યંત મજબૂત હોય છે. એની પાસે જે દ્રવ્ય આવે તેને એ છોડતો નથી. એટલે એને માટે એમ કહેવાયું છે કે 'ચમડી તૂટે પણ દમડી ન છૂટે.' લોભી કદી કોઈને કાંઈ આપી શકતો નથી. એથી કોઈ એની પાસે માગવા આવે તો એવો યાચક એને શત્રુ જેવો લાગે છે.

મૂર્ખ માનવીને ઉપદેશ ગમતો નથી. એટલે બોધ આપનારો એનો શત્રુ છે. સંસ્કૃત સુભાષિત કહે છે; 'ઉપદેશ, મૂર્ખાઓનો ક્રોધ વધારે છે એને શાંત નથી કરતો, જેમ કે સર્પને દૂધ પાવામાં આવે તો એનું ઝેર થાય છે'

વ્યભિચાર કરનારી નારીને પતિ, અવરોધ રૂપ બને છે તેથી એને શત્રુ ગણે છે અને એનો કાંટો કાઢી નાખવાના કાવત્રા કરે છે.

અને ચોર લોકોને ચાંદની રાત ગમતી નથી, કારણ કે ચન્દ્રના અજવાળામાં એના કાળા ધંધાની ખબર પડી જાય છે. સંત તુલસીદાસ કહે છે; 'ચોરહી ચાંદની રાત ન ભાવા.'

મૃત્યુલોકની ભૂમિનો ભાર

येषां न विद्या न तपो न दानं न ज्ञानं न शीलं न गुणो न धर्मः ।
ते मर्त्यलोके भुवि भारभूता मनुष्यरुपेण मृगाश्चरान्ति ।।७।।

જેઓની પાસે વિદ્યા નથી, તપ નથી, દાન નથી, જ્ઞાન નથી, શીલ, ગુણ કે ધર્મ નથી. તે લોકો આ મૃત્યુલોકની ભૂમિમાં ભારરૂપ છે અને મનુષ્યના રૂપમાં ફરી રહેલા પશુઓ છે. (૭)

વિવરણ :

આ વિચારને વ્યક્ત કરતા શ્લોકો અગાઉ આવી ગયા છે તેથી એના વિવરણથી પુનરુક્તિ થાય એટલે અર્થઘટન આવશ્યક નથી. વળી આ શ્લોકનો ભાવાર્થ પણ સરળ અને સુસ્પષ્ટ છે.

વાંસ ચંદન બની શકતો નથી

अन्तःसारविहीनानामुपदेशो न जायते ।
मलयाचलसंसर्गात् न वेणुश्चन्दनायते ।।८।।

જેઓની અંદર સારતત્ત્વન હોય તેઓની ઉપર ઉપદેશ અસર કરતો નથી. મલયપર્વતના સંસર્ગમાં નિત્ય રહેવા છતાં વાંસ, ક્યારેય ચંદન બની શકતો નથી. (૮)

વિવરણ :

માણસ, જો ભીતરથી વિવેક અને સમજણથી ભર્યો ભર્યો હોય તો જ એ ઉપદેશને ઝીલે છે અને એ પ્રમાણે આચરણ કરે છે. પરંતુ જેનામાં સત્ત્વ જ ન હોય, એ સત્સંગથી કદી સુધરતો નથી. કાળમીંઢ પથ્થર, પાણીમાં અનંતકાળ સુધી પડ્યો રહે તો પણ પાણી એને પીગળાવી શકતું નથી.

મલયપર્વત ઉપર ચંદનના વૃક્ષોની સાથે વાંસનું વન પણ વિકસે છે. વાંસ, સતત ચંદનના સાંનિધ્યમાં રહે છે, પણ તેનામાં ચંદનના ગુણો આવતા નથી. ન તો એનામાં શીતલતા આવે છે, ન તો સુગંધ પ્રગટે છે. વાંસ, એવો જ પોલો અને ખોખલો રહે છે.

ભર્તૃહરિ કહે છે; 'न तु प्रतिनिविष्टमूर्खजन चित्तमाराधयेत् ।' જેણે જડ રહેવાનો નિર્ણય જ કરી લીધો છે એના મનને કદી પણ મનાવી શકાય નહીં.

દર્પણમાં તેઓ જ દર્શન કરી શકે

यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ।
लोचनाभ्यां विहीनस्य दर्पण: किं करिष्यति ।।९।।

જેની પાસે પોતાની બુદ્ધિમત્તા ન હોય, તેને શાસ્ત્ર કાંઈ લાભ કરી શકતા નથી. જેને આંખો જ ન હોય તેને દર્પણ શું કરી શકે ? (૯)

વિવરણ :

હજારો વર્ષોથી આખા જગતમાં અનેક શાસ્ત્રો રચાયા છે. જેમાં માનવજાતિએ શું કરવું અને શું ન કરવું (વિધિ અને નિષેધ) ના અસંખ્ય નિયમો બતાવ્યા છે. પરંતુ જેનામાં બુદ્ધિનું તત્ત્વ જ ન હોય એવા બુદ્ધુઓને શાસ્ત્રો કાંઈ લાભ આપી શકતાં નથી.

જેને આંખો જ ન હોય એવા અંધને દર્પણથી શું ફાયદો થવાનો ? શાસ્ત્રો રૂપી દર્પણમાં તેઓ જ દર્શન કરી શકે જેઓની પાસે બુદ્ધિરૂપી આંખ હોય !

દુર્જનને સજ્જન કરવો મુશ્કેલ છે

दुर्जनं सज्जनं कर्तुमुपायो न हि भूतले ।
अपानं शतधा धौतं न श्रेष्ठमिन्द्रियं भवेत् ।।१०।।

આ જગતમાં દુર્જનને સજ્જન કરી શકવાનો કોઈ ઉપાય જ નથી. ગુદાને સો વાર ધોવામાં આવે તો પણ તે શ્રેષ્ઠ ઈન્દ્રિય ન જ થઈ શકે. (૧૦)

વિવરણ :

આ શ્લોકમાં દુર્જનને સજ્જન ન કરી શકાય તે વાત સાચી ખરી, પરંતુ સો ટકા સાચી નથી. ઘણા પ્રતાપી અને પ્રભાવી સંતોએ દુર્જનોને સજ્જનો બનાવ્યાના દૃષ્ટાંત, 'ભક્તમાળ'ની કથાઓમાં ભરપૂર ભર્યાં છે. સતી તોરલે, કચ્છના કાળઝાળ લૂંટારા જેસલ જાડેજાને પીર બનાવ્યો હતો તે પ્રસંગ જાણીતો છે.

અને ગુદાને સો વાર ધોઈએ તો પણ એ શ્રેષ્ઠ ઈન્દ્રિય નથી, એ વિધાન, દૃષ્ટાંત રૂપે આપવું તે પણ અનુચિત છે. શરીરમાંથી મળત્યાગ કરીને જે ઈન્દ્રિય, શરીરને નિર્મળ કરે છે તેને ખરાબ ઈન્દ્રિય કઈ રીતે અને શા માટે કવિ કહી શકે ? ઈશ્વરસર્જિત તમામ ઈન્દ્રિયોના પોતાના નિયત કાર્યો છે અને તેઓ પોતપોતાના કાર્યક્ષેત્રમાં ઉત્તમ છે. એની તુલના ન કરવી જોઈએ.

કવિ, બીજું કોઈ દ્રષ્ટાંત આપી શકયા હોત. જેમ કે કૂતરાની પૂંછડી, હાથીનું સ્નાન વગેરે. કૂતરાની પૂંછડીને ગમે તેટલીવાર સીધી કરો, પણ વાંકી થઈ જાય. અને હાથીને નવડાવીને સાફ કરવામાં આવે તો પણ સૂંઢ વડે ધૂળ ઊડાડીને શરીરને મેલું કરે.

દ્વેષ એ નાશનો માર્ગ છે

आत्मद्वेषात् भवेन्मृत्यु : परद्वेषात् धनक्षय : ।
राजद्वेषात् भवेन्नाशो ब्रह्मद्वेषात् कुलक्षय : ।।११।।

પોતાની જાતનો દ્વેષ કરવાથી મૃત્યુ થાય છે. બીજાનો દ્વેષ કરવાથી ધનહાનિ થાય છે. રાજાનો દ્વેષ કરવાથી નાશ થાય છે. અને બ્રાહ્મણનો દ્વેષ કરવાથી કુળનો ક્ષય થાય છે. (૧૧)

વિવરણ :

દ્વેષ, અતિ ખરાબ દુર્ગુણ છે. કોઈનું સુખ જોઈને ઈર્ષ્યા કરવી અને તેનું બૂરું ઇચ્છવું એ દ્વેષ છે. આવા દ્વેષથી સહુથી વધુ નુકસાન જે દ્વેષ કરે છે તેને થાય છે. જેના ઉપર દ્વેષ કરવામાં આવે તેને તો કોઈ હાનિ થતી નથી. દ્વેષ કરનારો જ સ્વયં સંતાપથી સળગ્યા કરે છે. અને આવી ચિંતામાં ઘેરાયેલો રહેવાથી તે નિષ્ઠાથી કામ પણ કરી શકતો નથી, પરિણામે ધનહાનિ થાય છે. અને જો તે રાજાનો દ્વેષ કરે તો રાજા તો એનો શિરચ્છેદ કરે. અને જો કોઈ વ્યક્તિ, વિદ્વાન મનુષ્યોનો દ્વેષ કરે તો એના કુળનો નાશ થાય.

ત્યાં વસવું હિતકારક છે

वरं वनं व्याघ्रगजेन्द्रसेवितं द्रुमालयं पत्रफलाम्बुभोजनम् ।

तृणेषु शय्या शतजीर्णवल्कलं न बन्धुमध्ये धनहीनजीवनम् ।।१२।।

વાઘ અને હાથીઓ જ્યાં રહેતા હોય એવા વનમાં વૃક્ષનો આશ્રય કરીને અને પાંદડા ફળફૂલ અને જળ વગેરેનું ભોજન કરવું, ઘાસની પથારીમાં સૂવું અને જીર્ણશીર્ણ વલ્કલ પહેરીને વસવું સારું, પરંતુ સ્વજનોની વચ્ચે ધનહીન રહીને જીવવું નહીં સારું. (૧૨)

વિવરણ :

સમાજમાં કે મોટા પરિવારમાં કોઈ વ્યક્તિ ધનહીન હોય તો એને વારે વારે અપમાન સહન કરવા પડે છે. ધનના અભાવમાં તે સામાજિક વ્યવહારો પણ સાચવી શકતો નથી. પરિણામે સ્વજનો એની ઉપેક્ષા કરે તે તો સમજાય, પણ એને ધિક્કારે છે.

એટલે કવિ કહે છે કે ગાંઠમાં મૂડી ન હોય તેવી સ્થિતિમાં સ્વજનોની વચ્ચે રહીને મહેણા ટોણાના મારથી દુઃખી થવું એના કરતાં વનમાં જઈને વસવું સારું. ત્યાં ભલે હિંસક વાઘ અને બળવાન હાથી વચ્ચે વસવું પડે. પરંતુ ધનવાન સ્વજનો, વાઘની જેમ આક્રમણ કરે, હાથીની જેમ મદાન્ધ બને એનું દુઃખ અસહ્ય હોય છે. ધનવાનોની વચ્ચે રહીને એના આપેલા મિષ્ટાન્ન ખાવા એના કરતાં વનના પાંદડા અને ફળફૂલનું ભક્ષણ કરવું સારું.

શ્રીમંત સ્વજનોએ તુચ્છતાથી આપેલ અને એના ઊતરેલ જરકશી જામા પહેરવા એના કરતાં વલ્કલ વસ્ત્રો પહેરવા સારા.

ટૂંકમાં જ્યાં માનહાનિ થાય એવા પૈસાદાર સ્વજનો વચ્ચે રહેવા કરતાં જ્યાં સ્વમાન સચવાય ત્યાં વસવું હિતકારક છે.

મૂળની રક્ષા કરવી જોઈએ

विप्रो वृक्षस्तस्य मूलं च सन्ध्या
वेदा : शाखा धर्मकर्माणि पत्रम् ।

तस्मान्मूलं यत्नतो रक्षणीयं
छिन्ने मूले नैव शाखा न पत्रम् ।।१३।।

બ્રાહ્મણ વૃક્ષ છે. સંધ્યા તેનું મૂળ છે. વેદો એની ડાળીઓ છે. ધર્મ અને કર્મો એના પાંદડા છે. માટે મૂળની રક્ષા કરવી. જો મૂળ છેદાઈ જશે તો ન રહેશે શાખાઓ કે ન રહેશે પાંદડાઓ. (૧૩)

વિવરણ :

બ્રાહ્મણની પ્રશંસા કરતો આ શ્લોક છે. તેમાં દર્શાવેલ વિચારોથી ઘણાને અણગમો થવાનો સંભવ છે. વર્ણવ્યવસ્થા અધોગતિનું મૂળ છે એ વાતનો પણ ઈન્કાર ન થઈ શકે. એટલે અહીં બ્રાહ્મણ શબ્દનો જાતિપરક અર્થ ન લેતા, જે મનુષ્ય વિદ્વાન છે, પવિત્ર છે, ગુણવાન અને શીલવાન છે તે બ્રાહ્મણ. અથવા જે બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાની શક્તિ ધરાવે છે તે બ્રાહ્મણ.

આવા સદાચારી બ્રાહ્મણ વૃક્ષ સમાન છે. સંધ્યાપૂજા એનું મૂળ છે. વેદો એની ડાળીઓ છે. ધર્મ અને સત્કર્મ પાંદડા છે. સંધ્યા પૂજાને બ્રાહ્મણ રૂપી વૃક્ષનું મૂળ કહ્યું છે. એ મૂળનું જ રક્ષણ કરવું કારણ કે જો મૂળ નાશ પામે તો વૃક્ષ પડી જાય.

પવિત્ર વિપ્ર ત્રિસંધ્યા કરે છે. સવાર, બપોર સાંજ એમ ત્રણ સમયે. જેમ પાક મુસલમાન પાંચ વખત 'નમાઝ' પઢે છે. નમાજ શબ્દ, સંસ્કૃતના 'નમસ્' ઉપરથી આવ્યો છે. ખલકના માલિકને નમસ્કાર એ જ નમાજ છે. બ્રાહ્મણ હોય કે મુસલમાન જે વ્યક્તિ, નિત્ય પ્રાર્થનાથી ભગવાનની સમીપ રહે એના જીવનનું વૃક્ષ સલામત રહે છે.

દુન્યવી ભેદોથી મુક્ત થઈ જાય છે

माता च कमलादेवी पिता देवो जनार्दनः ।
वान्धवा विष्णुभक्ताश्च स्वदेशो भुवनत्रयम् ।।१४।।

લક્ષ્મી, જેની માતા છે અને ભગવાન વિષ્ણુ જેના પિતા છે, અને વિષ્ણુ ભક્તો જેના સ્વજનો છે તેને માટે ત્રણેય ભુવન, સ્વદેશ સમાન છે. (૧૪)

વિવરણ :

સાચા ભગવદ્ભક્તોને સ્વદેશ અને વિદેશ કે પછી સ્વજનો અને પરજનો એવા ભેદ મરી જાય છે. 'મુઝમેં રામ, તુઝમેં રામ, સબમેં રામ સમાયા' એવું દર્શન જેને થયું હોય તેને માટે સબ ભૂમિ ગોપાલકી. આવો ભક્ત, ભગવાન વિષ્ણુને પોતાના પિતા માને છે એટલે લક્ષ્મી એની માતા થયા. અને બીજા વિષ્ણુભક્તો એના સગા સંબંધી થયા. એટલે તે મારા-તારા જેવા દુન્યવી ભેદોથી મુક્ત થઈ જાય છે.

બકરો, જ્યાં સુધી જીવે ત્યાં સુધી 'મેં મેં' (હું હું) એવા અવાજ કર્યા કરે. પણ કસાઈ એને કાપી નાખે અને પછી એના ચામડામાંથી રૂ પિંજવાની 'તાંત'

બનાવે ત્યારે એમાંથી પછી 'તુંહી તુંહી' (તું જ છો, તું જ છો) એવો પ્રાર્થના ધ્વનિ નીકળ્યા કરે છે.

સંસાર હોય ત્યાં સુધી 'મેં મેં,' સંસારમુક્તિ થાય પછી 'તુંહીં તુંહીં.' વિષ્ણુભક્તો દેહભાવથી મુક્ત હોય છે.

સંસાર ક્ષણિક છે પરમાત્મા સનાતન છે

एकवृक्षसमारुढा नाना वर्णा विहङ्गमा: ।
प्रभाते दशसु दिक्षु तत्र का परिवेदना ।।१५।।

એક જ વૃક્ષ ઉપર આશ્રય કરીને રહેનારા અનેક પ્રકારના પક્ષીઓ પ્રભાત થતાવેંત દશેય દિશાઓમાં ઊડી જાય છે. એમાં શું શોક કરવો ? (૧૫)

વિવરણ :

સંતકવિ ભોજાભગતની પદપંક્તિઓ, આ શ્લોકોના અનુસંધાનમાં માણવા જેવી છે.

જેમ તરુવર પંખી આવી મળે, પ્રાત સમે ઊડી નીકળે
એ રીતે સહુ જાશે વહ્યું, હે મૂરખ ! માની લે કહ્યું.

આ સંસાર, વિરાટ વટવૃક્ષ છે, એમાં અનેક આકાર અને પ્રકારના જીવો આવીને વસે છે. પરંતુ પ્રભાત થાય ત્યારે એ બધા જૂજવા જૂજવા ઊડી જાય છે. એનો સંગાથ 'રેનબસેરા' પૂરતો ક્ષણિક હતો.

મિલન, ક્ષણિક હતું એટલે વિયોગ થયો. જો મિલન શાશ્વત હોય તો વિયોગને અવકાશ જ ક્યાં છે ? સંસાર ક્ષણિક છે. પરમાત્મા સનાતન છે.

એટલે સંસારમાં સ્વજનવિયોગ સ્વાભાવિક છે. એમાં અફસોસ શું કરવો ? 'આ છે પંખીનો મેળો, ભાઈ ! કોઈને ભવ નથી ભેળો.'

ગીતા કહે છે; 'જગત, પહેલાં ન હતું, અત્યારે છે અને વળી પાછું ભવિષ્યમાં નહીં હોય. આવા 'અસત્ જગત' નો શોક શું કરવો ? 'तत्र का परिदेवना ।'

જેનામાં બુદ્ધિ હોય એ જ બળવાન છે

वुद्धिर्यस्य वलं तस्य निर्वुद्धेस्तु कुतो वलम् ।
वने सिंहो मदोन्मत्त : शशकेन निपातित : ।।१६।।

જેનામાં બુદ્ધિ હોય છે એ જ બળવાન છે. બુદ્ધિવિનાના મનુષ્યમાં બળ ક્યાંથી હોય ? વનમાં મદોન્મત્ત સિંહને નાનું શિયાળ (પોતાની બુદ્ધિથી) હણી નાખે છે. (૧૬)

વિવરણ :

પંચતંત્રની વાર્તા છે; એક બુદ્ધિમાન શિયાળ, સિંહ પાસે ગયું કહ્યું; 'મહારાજ ! આપ આ વનના રાજા છો. પરંતુ બાજુની એક ઊંડી ગુફામાં બળવાન સિંહ આવ્યો છે. એ કહે છે કે 'હું આ જંગલનો રાજા છું.'

પેલો સિંહ ક્રોધે ભરાયો. તેણે શિયાળને કહ્યું; 'ચાલ મને તું એ દુશ્મન બતાવ.'

શિયાળ, સિંહને ઊંડા કૂવા પાસે લઈ ગયો. અને કૂવામાં નજર કરવા કહ્યું. સિંહે જોયું તો કૂવાના જળમાં પોતાનું પ્રતિબિંબ દેખાયું જેને તેણે દુશ્મન સિંહ માની લીધો. તેણે જોરથી ત્રાડ નાખી, તો કૂવામાંથી બમણા જોરથી એના પડઘા પડ્યાં.

બીજી જ પળે આક્રમણ કરવા સિંહ કૂવામાં કૂદ્યો અને મૃત્યુ પામ્યો. સિંહમાં બળ હતું બુદ્ધિ ન હતી. શિયાળમાં બુદ્ધિ હતી બળ ન હતું ઠીક કહે છે સુભાષિત; 'बुद्धिः यस्य बलम् तस्य ।'

તો શ્રી હરિ એનું ધ્યાન રાખે છે

का चिन्ता मम जीवने यदि हरिर्विश्वम्भरो गीयते
नो चेतर्भकजीवनाय जननीस्तन्यं कथं निर्मयेत् ।
इत्यालोच्य मुहुर्मुहुर्यदुपते लक्ष्मीपते केवलं
त्वत्पादाम्बुजसेवनेन सततं कालो मया नीयते ।।१७।।

જો વિશ્વંભર એવા શ્રીહરિનું જીવનમાં સંકીર્તન થતું હોય તો પછી શાની ચિંતા ? નહીં તો નાના શિશુના જીવન માટે માતાના સ્તનમાં દૂધનું નિર્માણ કેમ થાય ? આવો વિચાર કરીને, હે યદુપતિ ! હે લક્ષ્મીપતિ ! હું વારંવાર આપના ચરણકમલની સેવામાં જ મારો સમય વીતાવું છું. (૧૭)

વિવરણ :

શ્રી હરિના હજાર નામ છે. એમાં એક નામ છે; 'વિશ્વંભર' જે આખા વિશ્વનું પાલન અને ભરણપોષણ કરે તે 'વિશ્વંભર' જો મનુષ્ય, ભક્તિભાવે ભગવાનને સમર્પિત થઈ જાય અને સર્વ ચિંતા છોડી દે, તો શ્રી હરિ એનું ધ્યાન રાખે છે.

માત્ર મનુષ્ય જ નહીં, વિશ્વના અસંખ્ય જીવોના ખોરાક, રક્ષણ અને અસ્તિત્વ માટે એણે અપૂર્વ વ્યવસ્થા કરી રાખી છે. જેમ કે સ્તનપાન કરનારા માનવશિશુઓ કે પ્રાણીઓના બચ્ચા જન્મે તે પહેલાં જ તેઓના પોષણ માટે માતાના સ્તનભંડારમાં દૂધ તૈયાર કરી આપે છે.

પક્ષીઓ માટે અનાજના કણની અને તૃણભક્ષી પશુઓ માટે તૃણની વ્યવસ્થા પણ અગાઉથી જ થઈ જાય છે. એમ કહેવાય છે કે સહુને એની જરૂરિયાત મુજબ, ઈશ્વર આપે છે. કહેવત છે કે 'કીડીને કણ અને હાથીને મણ' પ્રમાણે આહાર મળી રહે છે.

તેથી પૂર્ણશ્રદ્ધા રાખી, માણસે કવિ કેશવે કહ્યું છે તેમ પ્રાર્થના કરવી.

'મારી નાડ તમારે હાથ હરિ ! સંભાળજો,
પ્યારા પોતાનો જાણીને પ્રભુ ! પત પાળજો.'

ભાષાઓ પ્રત્યે પ્રેમ અને સમભાવ

गीर्वाणवाणीषु विशिष्टबुद्धिस्तथापि भाषान्तरलोलुपोऽहम् ।
यथा सुराणाममृते स्थितेऽपि स्वर्गाङ्गनानामधरासवे रुचि : ।।१८।।

મને ગીર્વાણવાણી એવી સંસ્કૃત ભાષા પ્રત્યે વિશિષ્ટ લાગણી હોવા છતાં હું બીજી ભાષાઓમાં પણ લોલુપ છું. જેવી રીતે દેવો, અમૃતપાનમાં મસ્ત હોવા છતાં દેવાંગનાઓના અધરામૃતમાં રુચિ રાખે છે. (૧૮)

વિવરણ :

સંસ્કૃતને દેવોની ભાષા માનવામાં આવે છે. વિવેક, જ્ઞાન, શાણપણ, ઉપદેશાત્મક કથાઓ, વિરાટ શબ્દ ભંડોળ, વિષય વૈવિધ્ય કોઈપણ રીતે જોવામાં આવે તો પણ સંસ્કૃત અત્યંત સમૃદ્ધ અને પરિપૂર્ણ ભાષા છે. વિશ્વની ઘણી ભાષાઓ કાં તો સંસ્કૃતના કુળની છે, કાં તો સંસ્કૃતમાંથી જન્મેલી એની દીકરી છે. કાં તો એની ભગિની છે. આ કારણે કવિને સંસ્કૃત ભાષા પ્રત્યે અનન્ય પ્રેમ હોય તે સ્વાભાવિક છે.

જેવી રીતે માતા, પ્રેમ અને આદરને પાત્ર છે એમ માતૃભાષા પણ પ્રેમાદરને પાત્ર છે. પણ એનો અર્થ એવો કદી ન કરી શકાય કે અન્ય ભાષાઓ તિરસ્કારપાત્ર છે. અન્ય ભાષાઓ શીખવી એનો આદર કરવો. એમાંથી વિશ્વબંધુત્વની ભાવના પ્રગટે છે.

આપણા આ મહાન રાષ્ટ્રમાં સત્તર ભાષાઓ છે. બોલીઓ તો અસંખ્ય હશે. બધી ભાષાઓ પ્રત્યે પ્રેમ અને સમભાવ રાખવાથી તે તે ભાષાભાષી મનુષ્યો પ્રત્યે પણ આપણે સમભાવ રાખતા શીખીએ છીએ.

પરમાત્માની સૃષ્ટિમાં ખોરાક

अन्नाद्दशगुणं पिष्टं पिष्टाद्दशगुणं पय : ।
पयसोऽष्टगुणं मांसं मांसाद्दशगुणं घृतम् ।।१९।।

અનાજ કરતાં એના લોટમાં દશગણી શક્તિ છે અને લોટ કરતાં દૂધમાં દશગણી તાકાત છે. દૂધ કરતાં માંસમાં આઠ ગણી શક્તિ છે. અને માંસ કરતાં ઘીમાં દશગણી શક્તિ છે. (૧૯)

વિવરણ :

અન્ન શક્તિદાતા છે. પણ લોટ એના કરતાં દશગણો વધુ શક્તિદાતા છે એ વિધાન શંકાસ્પદ છે. કારણ કે સંશોધનો તો એમ કહે છે કે અનાજને પીસવાથી એના વિટામીન્સ નાશ પામે છે. આને કદાચ એવી રીતે જોઈ શકાય કે વસ્તુ જેમ સૂક્ષ્મ બને તેમ એની શક્તિ વધે. જેમ કે કણ કરતાં અણુ અને અણુ કરતાં પરમાણુ વધુ શક્તિશાળી છે.

લોટ કરતાં દૂધ વધુ શક્તિપ્રદ છે એ વાત સાચી. દૂધને સંપૂર્ણ આહાર કહ્યો છે. તો માંસમાં પણ આહાર તરીકે વધુ ગુણવત્તા છે અને ઘીને સહુથી વધુ શક્તિપ્રદ કહ્યું છે. એક લોકઅનુભવની વાત કરતા લોકકવિએ લખ્યું છે;

'સ્ત્રિયા જોબન ત્રીસ વરસ, ધોરી નવ ધરા,
પુરુષ જોબન તબ લગ, જબ લગ ઘીએ પેટ ભરા'

સ્ત્રીનું યૌવન ત્રીસ વર્ષની ઉંમર સુધી ટકે છે. ધોરી એટલે બળદ ગાડાની ધૂંસરી નવ વરસ સુધી ખેંચે ત્યાં સુધી એનું બળ ટકે છે. પછી ખેડૂત, બળદને રજા આપી દે છે. પરંતુ મનુષ્યનું યૌવન તો ત્યાં સુધી ટકે છે જ્યાં સુધી એ ઘી ખાય છે.

મિતાહારી બનો

शाकेन रोगा वर्धन्ते पयसा वर्धते तनु: ।
घृतेने वर्धते वीर्यं मांसान्मांसं प्रवर्धते ।।२०।।

વધુ શાક ખાવાથી રોગો વધે છે. દૂધ પીવાથી શરીર વધે છે. ઘી ખાવાથી વીર્ય વધે છે. અને માંસાહારથી માંસની વૃદ્ધિ થાય છે. (૨૦)

વિવરણ :

આ શ્લોકમાં વ્યક્ત કરેલા વિચારો વિવાદાસ્પદ છે. એટલે એના ઉપર કોઈપણ પ્રકારની ટીપણી કરવાની જરૂર નથી. જે તે સમયની લોકમાન્યતા રૂઢ થઈને નિયમ બની જતી હોય છે. એને બધા સમયે, બધે સ્થળે, બધા લોકોને લાગુ કરી શકાય નહીં.

*

॥ અગિયારમો અધ્યાય ॥

મૌન એ સૌથી મોટું તપ છે. જે નિયમપૂર્વક અનેક વર્ષો સુધી મૌન રાખે છે, એની વાણીમાં એવું બળ પ્રગટે છે કે એ જેમ બોલે તે પ્રમાણે થાય છે.

અંતરમાં અંધારું ઘોર

दातृत्वं प्रियवक्तृत्वं धीरत्वमुचितज्ञता ।
अभ्यासेन न लभ्यन्ते चत्वार : सहजा गुणा : ।।१।।

દાન આપવાની ઇચ્છા, પ્રિય વાણી, ધીરતા અને ઉચિત અને અનુચિતની સમજ – આ ચાર બાબતો અભ્યાસથી નથી મળતી. એ બધા સ્વાભાવિક ગુણો છે. (૧)

વિવરણ :

મનુષ્યમાં કેટલાક ગુણો જન્મજાત, આનુવંશિક રીતે ઊતરી આવે છે. કેટલાક ગુણો અથવા દુર્ગુણો, વાતાવરણથી, સંગથી સ્વભાવથી પ્રગટે છે અને ઘટ – વધ થયા કરે છે.

દાન દેવાની ભાવના, મધુર વાણી, ધીરજ અને સમજદારી તથા એવા બીજા કેટલાક ગુણો પરંપરાગત અભ્યાસથી ન આવે પરંતુ વંશની સંસ્કારી પરંપરાથી સહજ રીતે આવે છે. અથવા તો આપણી સમજની બહાર એવા કોઈ અજ્ઞાત કારણોથી આવા ગુણો સ્વભાવથી જ ખીલતા હોય છે. આથી જ બે સગા ભાઈઓમાં એક ઉદાર હોય, બીજો લોભી, એક બહાદુર હોય બીજો બીકણ, એક બુદ્ધિમાન હોય બીજો બુદ્ધુ એવું બની શકે છે.

શાળા – મહાશાળાના ભણતરથી સદ્ગુણો પ્રગટે જ એવું સો ટકા કહી શકાય નહીં. એટલે જ ભક્તકવિ અખાને કહેવું પડ્યું.

'પંડિતને પંડિતાઈનું જોર, પણ અંતરમાં અંધારું ઘોર.'

સ્વધર્મ જ ઇચ્છનીય છે

आत्मवर्गं परित्यज्य परवर्गं समाश्रयेत् ।
स्वयमेव लयं याति राजाऽन्यधर्मत : ।।२।।

જેવી રીતે કોઈ રાજા, બીજાના ધર્મનો આશ્રય કરે તો તેનો વિનાશ થાય છે તેવી રીતે જો મનુષ્ય, પોતાના લોકોને તજીને પારકાના આશ્રયે જાય તો તેનો નાશ થાય છે (૨)

વિવરણ :

ગીતાકાર કહે છે; 'શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ ।' (પોતાનો ધર્મ, બહુગુણવાળો ન હોય તો પણ સારો, પરંતુ બીજાનો ધર્મ, ગુણવાળો હોય તો પણ નઠારો. આ ન્યાયે કોઈ રાજા, અથવા પ્રજા સ્વધર્મ તજે તો તેનું પતન થાય છે. કારણ કે સ્વધર્મના સંસ્કારો પેઢી દર પેઢી જીવનમાં સ્થિર થઈ ગયા હોય છે. પરધર્મના સંસ્કારોને આત્મસાત્ કરવામાં મુશ્કેલી પડે છે.

એ જ રીતે જ્યાં પ્રેમ, દયા, સંપ અને સહાય, સહજ રીતે મળ્યાં કરતી હોય એવા સ્વજનોનો સાથ છોડીને જેઓ પારકાના આશ્રયે જાય છે તેને સંકટોના કંટકોથી વીંધાવું પડે છે.

આથી સ્વજનો અને સ્વધર્મો જેવું સુખ અન્યત્ર સાંપડતું નથી.

તેજસ્વિતા હોય તે જ બળવાન છે

हस्ती स्थूलतनु : स चाङ्कुशवश : किं हस्तिगात्रोङ्कुशो
दीपे प्रज्वलिते प्रणश्यति तम : किं दीपमात्रं तम : ।
वज्रेणापि हता : पतन्ति गिरय : किं वज्रमात्रो गिरिम्
तेजो यस्य विराजते स बलवान् स्थूलेषु क : प्रत्यय : ।।३।।

મોટા શરીરવાળો હાથી અંકુશથી વશ થાય છે. તો શું અંકુશ હાથી જેવડો છે ? દીવો પ્રગટે અને અંધકાર નાશ પામે તો શું અંધકાર, દીવા જેવડો છે ? વજ્ર પડવાથી પર્વતો પડી જાય છે. તો શું પર્વતો વજ્ર જેવડાં છે ? તેથી સ્પષ્ટ છે કે જેનામાં તેજસ્વિતા હોય છે તે બળવાન છે. સ્થૂળતા (મોટાપો) નો વિશ્વાસ ન કરવો. (૩)

વિવરણ :

આપણી ભારતીય પરંપરામાં સાધુઓમાં 'પંચધૂણી' તાપવાનું વ્રત હોય છે. 'પંચધૂણી' તાપવાનો સમય ભર ઉનાળાનો બપોર હોય છે. પંચધૂણી તાપનારો સાધુ, પોતાની ચારે તરફ ચાર ધૂણી પ્રગટાવે છે. અને પાંચમી ધૂણી એટલે મધ્યાકાશમાં માથા ઉપર રહેલો સૂરજનો તાપ ! સૂરજ અબજો માઈલ દૂર છે, પણ પંચધૂણીમાં પાંચમાં અગ્નિ તરીકે તેને સ્થાન આપવામાં આવ્યું કારણ કે એનામાં તેજસ્વિતા છે.

શક્તિ, વિશાળતામાં કે કદમાં નથી. શક્તિનું માપ તેજસ્વિતા છે. હાથી, કદાવર છે. અંકુશ સાવ નાનો છે. છતાં અંકુશ, હાથીને કાબૂમાં રાખે છે. દીવો, નાનો હોય છે છતાં અફાટ અંધારને તરત જ હટાવી દે છે. વજ્ર પણ નાનું હોય છે છતાં મોટા અને ઊંચા પર્વતને પાડી નાખે છે. એટલે જેમાં ગુણવત્તા અને તેજસ્વિતા હોય તે મહાન. જેનામાં એ ન હોય તે આકારમાં મોટો હોય તો પણ ખોટો ! કવિનું કથન છે;

'હું નાનો તું મોટો, એવો ખ્યાલ જગતનો ખોટો,
ખારા જળનો દરિયો ભરિયો, મીઠા જળનો લોટો.'

જગતના અણુએ અણુમાં વ્યાપ્ત છે

कलौ दशसहस्त्रेषु हरिस्त्यजति मेदिनीम् ।
तदर्धं जाह्नवीतोयं तदर्धं ग्रामदेवता ।।४।।

કલિયુગમાં દશહજાર વર્ષો વીતે ત્યારે શ્રીહરિ, પૃથ્વીને તજી દે છે. એનાથી અર્ધા સમયમાં એટલે કે પાંચ હજાર વર્ષમાં, ગંગાજળ, ધરતીને તજી દે છે, અને તેનાથી અર્ધા સમયમાં એટલે કે અઢી હજાર વર્ષોમાં ગ્રામદેવતા પૃથ્વીને તજી દે છે. (૪)

વિવરણ :

આ શ્લોકમાં જે ચિંતન રજૂ કરવામાં આવ્યું છે તેમાં પૌરાણિક પરંપરા છે. એમાં તથ્યાંશ શોધવો યોગ્ય નથી. કેટલીક બાબતોને જેમની તેમ માની લેવામાં આવે છે. જેમ કે કલિયુગમાં દશ હજાર વર્ષો વીતે એટલે શ્રીહરિ આ ધરતીને તજીને સ્વધામમાં ચાલ્યા જાય છે. એવું જ ગંગાજળ માટે અને ગ્રામદેવતા માટે કહ્યું છે.

હકીકતે, ભગવાન તો જગતના અણુએ અણુમાં વ્યાપ્ત છે. ગંગાજળ, પૃથ્વી ઉપર વહી રહ્યું છે અને વહ્યા જ કરશે. ગ્રામદેવતા જ્યાં સુધી ગામના લોકોમાં સદ્ભાવના અને દેવત્ત્વ હોય ત્યાં સુધી ગામમાં બિરાજે છે. આ શ્લોકમાંથી એક બાબત જાણી શકાય કે જડ ચેતન સૃષ્ટિ ઉત્પન્ન થાય અને નાશ પામે પણ મહાકાળ અનંત છે. આથી જ ઈશ્વરને કે પરમતત્ત્વને 'મહાકાળ'ની સંજ્ઞા આપવામાં આવી છે.

મમત્વ શૂન્ય તો દુઃખ પણ શૂન્ય

गृहाऽऽसक्तस्य नो विद्या नो दया मांसभोजिन: ।
द्रव्यलुब्धस्य नो सत्यं स्त्रैणस्य न पवित्रता ।।५।।

ઘરમાં જેની આસક્તિ હોય તેને વિદ્યા નથી મળતી, માંસ ભક્ષણ કરનારને દયા નથી હોતી. ધનના લોભી હોય તેનામાં સત્ય નથી હોતું અને સ્ત્રીઓમાં લોલુપ હોય તેનામાં પવિત્રતા નથી હોતી. (૫)

વિવરણ :

કોઈપણ પ્રકારની આસક્તિ અથવા મમતા જ દુઃખનું કારણ છે આવું મમત્વ દૂર થાય તો પછી મનુષ્ય સુખદુઃખ, હાનિલાભ, પાપપુણ્ય, યશ-અપયશ જેવા દ્વન્દ્વોના પ્રભાવથી મુક્ત થાય છે.

આપણો અનુભવ છે કે સવારમાં આપણે છાપું વાંચીએ અને તેમાં સમાચાર હોય કે વિમાન અકસ્માતમાં ત્રણસો મનુષ્યો મૃત્યુ પામ્યા પણ એનું આપણને જરા પણ દુઃખ નહીં થાય. પણ એ ત્રણસોમાંથી કોઈ આપણો પરિચિત હોય તો થોડી વેદના થશે. એમાંથી કોઈ આપણા પરિવારનો હોય તો વધુ દુઃખ થશે અને આપણો પુત્ર હોય તો સહુથી વધુ દુઃખ થશે. જેટલું 'મમત્વ' વધુ તેટલી પીડા વધુ. અને મમત્વ શૂન્ય તો દુઃખ પણ શૂન્ય.

તમે એને અંકુશમાં રાખી શકતાં નથી

न दुर्जन : साधुदशामुपैति वहुप्रकारैरपि शिक्ष्यमाण : ।
आमूलसिक्त : पयसा घृतेन न निम्बवृक्षो मधुरत्वमेति ।।६।।

અનેક પ્રકારે શિક્ષણ આપવામાં આવે તો પણ, દુર્જન, કદી સાધુતા પામી શકતો નથી. લીમડાના ઝાડને મૂળથી માંડીને ટોચ સુધી દૂધ અને ઘીથી સિંચવામાં આવે તો પણ મધુર બનતું નથી (૬)

વિવરણ :

ગમે તેટલી તાલીમ આપવામાં આવે બોધ અને ઉપદેશની વાતો શીખવવામાં આવે, વિદ્યા ભણાવવામાં આવે તો પણ દુર્જન કદી સજ્જન થતો નથી. એના અંતરમાં વિવેકના દીવા સાવ બૂઝાયેલ હોય છે એટલે ઘનઘોર અંધકારમાં એ જોઈ શકતો નથી. આ એની પ્રકૃતિ છે અને મનુષ્ય પ્રકૃતિ પ્રમાણે જ વર્તે એને કાબૂમાં રાખી શકાય નહીં. ગીતામાં કહ્યું ; 'प्रकृतिं यान्ति भूतानि ।' (પ્રાણીમાત્ર એની નિશ્ચિત પ્રકૃતિ પ્રમાણે જ વર્તે છે, તમે એને અંકુશમાં રાખી શકતાં નથી.)

લીમડાના ઝાડને દરરોજ દૂધથી સિંચવામાં આવે તો પણ એની કટુતા એ તજતો નથી. શેરડીનો વાડ ઊભો હોય તેના શેઢે એરંડા વાવવામાં આવે છે. બન્નેને સરખું પાણી મળે છે. સરખી માવજત અને સરખી આબોહવામાં બન્ને ઉછરે છે. પણ શેરડી, મધુર બને છે અને એરંડી કડવી બને છે.

સાચી પવિત્રતા એ મનની શુદ્ધિ છે

अन्तर्गतमलो दुष्टस्तीर्थस्नानशतैरपि ।
न शुध्यति यथा भाण्डं सुराया दाहितं च यत् ।।७।।

જેવી રીતે શરાબના પાત્રને અગ્નિથી બાળવામાં આવે તો પણ તે શુદ્ધ થતું નથી તેવી રીતે, જેની અંદર પાપનો કચરો ભર્યો છે તેવા દુર્જનને સેંકડો તીર્થોમાં સ્નાન કરાવવા છતાં તે શુદ્ધ થતો નથી. (૭)

વિવરણ :

તીર્થાટન કરવાથી અને નદીઓના સંગમમાં સ્નાન કરવાથી માણસ, ભીતરથી પવિત્ર થતો નથી. અને સાચી પવિત્રતા એ તો મનની શુદ્ધિ છે, તનની નહીં.

શરાબનું પાત્ર હોય તો એમાં હંમેશાં શરાબ ભરાતો હોય તેથી એમાં શરાબની ગંધ બેસી જતી હોય છે. શરાબના આવા પાત્રને અગ્નિમાં શુદ્ધ કરવામાં આવે તો પણ એ શુદ્ધ થતું નથી. એવી જ રીતે દુર્ગુણથી ભરાયેલ દુર્જન, બાહ્ય આચાર અને ધાર્મિક ક્રિયાકાંડથી સુધરતો નથી.

વસ્તુ પરખનો વિવેક સમજીએ

न वेत्ति यो यस्य गुणप्रकर्ष
स तं सदा निन्दति नाऽत्र चित्रम् ।
यथा किराती करिकुम्भजाता
मुक्ता : परित्यज्य बिभर्ति गुञ्जा : ।।८।।

જે વ્યક્તિ, જેના ગુણની મહત્તાને જાણતી નથી તે હંમેશાં તેની નિંદા કરે છે. તેમાં કાંઈ નવાઈ નથી. જેવી રીતે ભીલડી, હાથીના ગંડસ્થળમાંથી ઉત્પન્ન થતાં મોતીઓ તજી દઈને ચણોઠીઓ ધારણ કરે છે. (૮)

વિવરણ :

જ્યાં સુધી જે તે ગુણોનો પરિચય ન હોય ત્યાં સુધી એ ગુણની મહત્તા કે મહિમા સમજાતો નથી, અને એ ગુણવાનની આપણે નિંદા કરીએ છીએ. જેમકે આપણા ગામના પાદરમાં જે તીરથ હોય તેનું મહત્ત્વ આપણને સમજાતું નથી. નિત્ય આપણા પાડોશમાં વસતા પાડોશીના ગુણો આપણને દેખાતાં નથી. અને હંમેશનો સહવાસ હોવાને લીધે પતિને અને પત્નીને અરસપરસના સદ્‌ગુણો નજરે ચડતાં જ નથી અને પરિણામે ગુણદર્શનની જગ્યાએ દોષદર્શન થતું હોય છે.

સારું અને ખરાબ ન સમજી શકવાને લીધે વિવેકના અભાવમાં આમ થતું હોય છે ! જંગલમાં હાથીઓ વસે છે અને ભીલડીઓ પણ રહે છે. કહેવાય છે કે

હાથીના ગંડસ્થલમાં સાચા મોતી પાકે છે. પણ ભીલડીને એની સમજણ નથી. મોતીની મહત્તા અને કિંમતનો એને પરિચય નથી. એ તો ચણોઠીઓને જ ઓળખે છે. પરિણામે તેઓ સાચા મોતીની માળા પહેરવાને બદલે ચણોઠીઓના હાર ધારણ કરે છે.

મૌનની સિદ્ધિ

ये तु संवत्सरं पूर्णं नित्यं मौनेन भुञ्जते ।
युगकोटिसहस्त्रं तु स्वर्गलोके महीयते ।।९।।

જે મનુષ્ય, આખા વરસ દરમિયાન નિત્ય મૌન રાખીને ભોજન કરે છે તે હજારો કરોડો યુગો સુધી, સ્વર્ગલોકમાં મહિમા પામે છે. (૯)

વિવરણ :

ચિંતકો અને સંશોધકો કહે છે કે બિનજરૂરી વાણી વાપરવી – વાણી વિલાસ કરવો એમાં સહુથી વધારે શારીરિક અને માનસિક બન્ને પ્રકારની શક્તિઓનો વ્યય થાય છે. તેથી જ કહ્યું છે; 'मौनम् सर्वार्थसाधनम् ।' (મૌનથી જ સર્વ બાબતો સિદ્ધ થાય છે.) મૌનનો આવો અનુપમ મહિમા આપણા મુનિઓએ ગાયો છે.

મૌન, એ સહુથી મોટું તપ છે. જે નિયમપૂર્વક અનેકવર્ષો સુધી મૌન રાખે છે, એની વાણીમાં એવું બળ પ્રગટે છે કે એ જેમ બોલે છે તે પ્રમાણે થાય છે. ઋષિઓના વરદાન ફળતાં તેનું કારણ મૌનથી પ્રગટેલી તેઓની વચનસિદ્ધિ હતી.

સંસારમાં સાધારણ વ્યવહારોમાં પણ મૂંગા રહેવામાં મજા છે. કોઈ આંદોલન ચાલતું હોય અને તેમાં સફળતા મળે તો જે ફાયદો આગલી હરોળમાં ઊભેલાને થાય તેટલો જ લાભ છેલ્લે ઊભેલાને પણ થાય છે. પરંતુ આંદોલન નિષ્ફળ જાય તો આગળ ઊભેલા અને પડકારા કરનારા હણાઈ જાય છે, 'ન બોલ્યામાં નવ ગુણ' એવી કહેવતમાં શાણપણ છે.

સાધનામાં વિક્ષેપ

कामं क्रोधं तथा लोभं स्वादं श्रृङ्गारकौतुके ।
अतिनिद्राऽतिसेवे च विद्यार्थी ह्यष्ट वर्जयेत् ।।१०।।

વિદ્યા પ્રાપ્ત કરવા ઇચ્છતા વિદ્યાર્થીએ આ આઠ વસ્તુઓ તજવી – કામ (ઇચ્છાઓ), ક્રોધ, લોભ, સ્વાદ, શૃંગાર, કૌતુકદાયક વસ્તુઓ, અતિનિદ્રા, અને અતિસેવા. (૧૦)

વિવરણ :

વિદ્યા – એ પછી કોઈપણ ક્ષેત્રની હોય એમાં પારંગત થવા ઇચ્છતા સાધકે કેવળ વિદ્યા પ્રાપ્તિનું જ લક્ષ્ય રાખવું અને એમાં અવરોધ કરનારી આઠ બાબતો તજવી કામ, ક્રોધ, લોભ, સ્વાદ, શૃંગાર, કૌતુક વધારનારી બાબતો, અતિનિદ્રા, અને ગુરુની અતિસેવા આ બધી બાબતો એવી છે જેમાં વિદ્યાર્થીનું ધ્યાન અન્યત્ર કેન્દ્રિત થાય છે. અને વિદ્યાની સાધનામાં વિક્ષેપ પડે છે.

કેળવણીની અગત્યતા

अकृष्टफलमूलेन वनवासरत: सदा ।
कुरुतेऽहरह: श्राद्धमृषिर्विप्र: स उच्यते ।।११।।

જે બ્રાહ્મણ, ખેડ્યા વિનાની ભૂમિમાં જે ફળમૂળ મળે તેનું દિનપ્રતિદિન શ્રાદ્ધ કરીને હંમેશાં વનમાં વસે તેને જ ઋષિ કહેવાય. (૧૧)

વિવરણ :

અહીં ઋષિની ઉચિત વ્યાખ્યા કરી છે. ઋષિનો ખરો અર્થ છે; જે અધ્યાત્મનું દર્શન કરે છે તે. 'ऋषिः दर्शनात् ।' અને જેને પરમ તત્ત્વનું દર્શન કરવું છે તેણે યમ, નિયમ, ધ્યાન, ધારણા ઇત્યાદિ બાબતો કેળવવી પડે. અને આવી સાધના માટે, પ્રકૃતિ-જે તૈયાર ફળફૂલ આપે છે તેને જીવન ટકાવવા માટે એ ઉપયોગમાં લે છે. નિવાસ કરવા માટે તેઓને ઘર બાંધવાની જરૂર નથી. વૃક્ષની નીચે વસે છે અને બહુ બહુ તો ઘાસની પર્ણકુટિ બાંધે છે. આમ પરિગ્રહ ઓછામાં ઓછો રાખીને તેઓ વધુમાં વધુ ધ્યાન અધ્યાત્મ દર્શનમાં આપે છે.

સ્વાર્થ અને પરમાર્થ

एकाहारेण सन्तुष्ट: षट्कर्मनिरत: सदा ।
ऋतुकालाभिगामी च स विप्रो द्विज उच्यते ।।१२।।

એક જ વખત ભોજન કરીને સંતુષ્ટ રહેનાર અને છ કર્મો (યજ્ઞ કરવો, કરાવવો, ભણવું, ભણાવવું, દાન દેવું, લેવું) માં લીન રહે છે અને ઋતુકાળ આવે ત્યારે જ પોતાની પત્નીમાં સમાગમ કરે છે એ બ્રાહ્મણ જ ખરેખર 'દ્વિજ' કહેવાય છે. (૧૨)

વિવરણ :

બ્રાહ્મણને 'દ્વિજ' કહેવામાં આવે છે. દ્વિજ એટલે બે વાર જન્મ લેનાર. બ્રાહ્મણનો પ્રથમ જન્મ, માતાના ઉદરમાંથી થાય છે. પછી જ્યારે વેદાધ્યયન માટે એ

ગુરુકુળમાં જાય છે ત્યારે આપવામાં આવતા ઉપનયન સંસ્કાર વખતે એનો બીજો અને વધુ સાર્થક જન્મ થાય છે.

આવો દ્વિજ જ્ઞાનવાન બની છ સત્કર્મોમાં પ્રવૃત્ત રહે છે. એ છે ભણવું, ભણાવવું, યજ્ઞ કરવો, કરાવવો, દાન દેવું અને દાન લેવું.) સાચો અને સારો દ્વિજ એ છે જે માત્ર ભણતો જ નથી. શિષ્યોને ભણાવવાનો ધર્મ બજાવે છે. માત્ર યજમાનો પાસે યજ્ઞ કરાવતો જ નથી, સ્વયં પણ યજ્ઞ કરે છે. એ માત્ર દાન સ્વીકારતો જ નથી, દાન આપે છે. ટૂંકમાં એની પ્રવૃત્તિઓ સ્વાર્થની સાથે પરમાર્થ માટે પણ હોય છે.

જો બ્રાહ્મણો, કર્મો પોતાના અંગત હિત અને લાભ માટે જ કરે અને પરહિત ન આચરે તો તેઓ 'દ્વિજ' કહેવડાવવાને લાયક નથી.

નિર્ણાયક લક્ષણ કર્મ જ છે

लौकिके कर्मणि रत : पशूनां परिपालक : ।
वाणिज्यकृषिकर्ता य : स विप्रो वैश्य उच्यते ।।१३।।

જે વ્યક્તિ સાંસારિક કાર્યોમાં વ્યસ્ત રહે, પશુઓનું બરાબર પાલન કરે, તેમ જ વેપાર અને ખેતી કરે એ બ્રાહ્મણને 'વૈશ્ય' કહેવાય છે. (૧૩)

વિવરણ :

બ્રાહ્મણ જેમ 'દ્વિજ' છે, એમ તે વૈશ્ય પણ બની શકે. ગોપાલન, કૃષિ અને વાણિજ્ય એ ત્રણ કાર્યો વૈશ્ય માટે નિયત થયા છે. જે લોકો, આ ત્રણ પ્રકારના વ્યવસાયોમાં વ્યસ્ત રહે તેઓ જન્મે ભલે બ્રાહ્મણ રહ્યા, કર્મોથી વૈશ્ય બને છે. માટે જાતિ માટે નિર્ણાયક લક્ષણ કર્મ જ છે.

નિષેધ કર્મ

लाक्षादितैलनीलानां कुसुम्भमधुसर्पिषाम् ।
विक्रेता मधमांसानां स विप्र : शूद्र उच्यते ।।१४।।

જે બ્રાહ્મણ, લાખ, તેલ, નીલ (ગળી), કસુંબી, મધ, ઘી અને શરાબ તથા માંસ વગેરેનો વેપાર કરે તેવા બ્રાહ્મણને 'શૂદ્ર' કહેવામાં આવે છે. (૧૪)

વિવરણ :

પરંતુ જો કોઈ બ્રાહ્મણ સાવ હલકી કક્ષાના વ્યાપારિક કાર્યો કરે તો એને 'શૂદ્ર' ગણવામાં આવે છે. એ પ્રાચીન સમયમાં કેટલાક વ્યવસાયો 'અધમ' ગણાતા

હતાં. જેમ કે 'લાખ' એક પ્રકારનું હલકું દ્રવ્ય છે. એનો વેપાર ઉચ્ચ જાતિ માટે નિષિદ્ધ હતો. એટલે લાખનો વેપાર કરનાર 'શૂદ્ર'.

એ જ રીતે તેલનો ધંધો કરનાર તેલી, નીલ (ગળી)નો ધંધો કરનાર, કસુંબી, મધ, ઘી, શરાબ અને માંસના વ્યવસાયમાં સારા માણસો આવતાં જ નહીં. જેમ કે, કસુંબી અને મધનો વેપાર કરવામાં એ વસ્તુ મેળવવામાં હિંસા થતી. માંસ અને શરાબ તો ખરાબ છે જ. ઘી, વેચવું તે અધાર્મિક ગણાતું. ગાયનું શરીર દિવ્ય ગણાતું. એમાંથી ઉત્પન્ન 'પંચ દ્રવ્યો' (ગાયના દૂધ, દહીં, માખણ, ઘી, છાશ) વગેરે પવિત્ર હોય એને વેચવા તે પાપ માનવામાં આવતું. એટલે આવા પવિત્ર દ્રવ્યોનો જે વેપાર કરે તેને અધમ માનવામાં આવતો.

પોતાનો સ્વાર્થ સાધવા

परकार्यविहन्ता च दाम्भिक : स्वार्थसाधक : ।
छली द्वेषी मृदु : क्रूरो विप्रो मार्जार उच्यते ।।१५।।

બીજાનું કામ બગાડી નાખનાર, દંભી, સ્વાર્થી, કપટી દ્વેષી, ઉપરથી મૃદુ, અંદરથી ક્રૂર, એવા બ્રાહ્મણને 'બિલાડો' કહેવાય છે. (૧૫)

વિવરણ :

બિલાડો, કેટલાક જાતિગત દુર્ગુણો ધરાવે છે. એ કોઈનું દૂધ બોટી જાય, આખું માટલું ભરેલું દૂધ બગડે. વળી બિલાડો સ્વાર્થી દંભી અને ક્રૂર પણ છે. ઉપરથી એ શાંત લાગે છે, પણ અંદરથી અતિ ખરાબ છે. પોતાનો સ્વાર્થ સાધવા, એ સાવ શાંત બેઠો રહે પણ જેવો શિકાર નજરે પડે કે તરત જ કૂદીને ઝડપી લે.

આમ ઉપર ઉપરથી શાંત, સ્વસ્થ અને સરલ જણાતો બ્રાહ્મણ સ્વાર્થ સાધવા, નીતિનિયમોને નેવે મૂકી દે, અને સામી વ્યક્તિનું કામ બગાડી નાખે તો એવા બ્રાહ્મણને 'બિલાડો' જ કહેવાય.

બ્રાહ્મણ કથાકાર કથા કરે ત્યારે એને કાંઈ ભગવાન ઉપર પ્રેમ નથી ઉભરાતો, અને પ્રસંગોનું વર્ણન કરતાં ભાવાવેશમાં આવી જાય ત્યારે આંખમાંથી જે આંસુ વહાવે તે 'મગરના આંસુ' છે. યજમાન અને શ્રોતાને ફસાવીને ધન રળવાનો એ વગર મૂડીનો ધંધો છે. અખાએ કહ્યું છે;

વ્યાસ કથા કરે ને રડે, જાણે દ્રવ્ય અદકેરું જડે.
જો હોત કથા કરવાની પેર, તો કાં ન વાંચે પોતાને ઘેર.

મંદિરનું રક્ષણ કરવું

वापी-कूप-तडागानामाराम-सुर-वेश्मनाम् ।
उच्छेदने निराऽऽशङ्कः स विप्रो म्लेच्छ उच्यते ।।१६।।

વાવ, કૂવા, તળાવ, બાગબગીચા અને દેવમંદિરોમાં જે બ્રાહ્મણ નિર્ભય બનીને તોડફોડ કરે તે બ્રાહ્મણ 'મ્લેચ્છ' કહેવાય છે. (૧૬)

વિવરણ :

ધનવાન પરોપકારી લોકો લોકોના ઉપયોગ માટે વાવ, કૂવા, તળાવ અને બાગબગીચાઓનું નિર્માણ કરે છે. અને ઈશ્વર ઉપર તથા ઈશ્વરસર્જિત આ સકલસૃષ્ટિ પર આસ્થા અને શ્રદ્ધા ટકી રહે તે માટે દેવમંદિરો બંધાવે છે. પવિત્ર બ્રાહ્મણનો એ ધર્મ છે કે આવા સેવાના સ્થાનો અને આસ્તિકતાના કેન્દ્રો સમા મંદિરનું રક્ષણ કરવું, અથવા એની સુરક્ષા થાય તે માટે લોકોને ઉપદેશ આપવો. પરંતુ જો બ્રાહ્મણો પોતે જ આવા સ્થાનોમાં તોડફોડ કરે અથવા એને દૂષિત કરે તો એવા બ્રાહ્મણો, એના આવા દુષ્કર્મોને કારણે 'મ્લેચ્છ' ગણાય ! વિદેશથી આવેલા અનાર્યો – જેઓ આર્યસંસ્કૃતિ, સભ્યતા અને લોકોપયોગી સંસ્થાઓ દૂષિત કરતાં અને મંદિરોને ધ્વસ્ત કરતા તેઓ 'મ્લેચ્છ' કહેવાતા !

ચાંડાલ કર્મ ન કરવા

देवद्रव्यं गुरुद्रव्यं परदाराऽभिमर्शनम् ।
निर्वाहः सर्वभूतेषु विप्रश्चाण्डाल उच्यते ।।१७।।

દેવોને ધરેલા દ્રવ્યો કે પદાર્થો, ગુરુનું દ્રવ્ય, પરસ્ત્રીનો સંગ, અને બધા પ્રકારના લોકોમાં ભળીને જે પોતાનો જીવનનિર્વાહ ચલાવતો હોય તેવો બ્રાહ્મણ 'ચાંડાલ' કહેવાય છે. (૧૭)

વિવરણ :

જે દ્રવ્ય કે પૂજાની વસ્તુઓ કે ફળફૂલો દેવોને ધરાવવામાં આવે તેનો ઉપયોગ, માત્ર દેવપૂજા કરવા નિમવામાં આવેલ પૂજારી જ કરી શકે. આ પદાર્થો 'શિવ નિર્માલ્ય' ગણાય. એટલે તેનો ઉપભોગ કરનાર બ્રાહ્મણ 'ચાંડાલ' ગણાય. ગુરુનું દ્રવ્ય લેવું તે પણ મહાપાપ છે. એ જ રીતે પરસ્ત્રીગમન, અને સારાસારનો વિવેક રાખ્યા વિના, બધા લોકો સાથે આહારવિહાર કરનાર બ્રાહ્મણ પણ 'ચાંડાલ' સમાન છે.

જે બીજાને આપે તે ઉત્તમ

देयं भोज्यधनं सदा सुकृतिभिर्नो सञ्चितव्यं कदा
श्रीकर्णस्य वलेश्च विक्रमपतेरद्यापि कीर्ति : स्थिता ।

अस्माकं मधु दानभोगरहितं नष्टं चिरात्सञ्चितं
निर्वाणादिति पाणिपादयुगले घर्षन्त्यहो मक्षिका : ।।१८।।

પુણ્યશાળી મનુષ્યે હંમેશાં, ભોજન અને ધનનું દાન, બીજાને કરવું જોઈએ. પરંતુ તેનો સંગ્રહ ક્યારેય ન કરવો, (દાન આપવાને લીધે જ) આજે મહારથી કર્ણ, બલિરાજા, અને વીર વિક્રમની કીર્તિ અચલ છે. 'અમે અમારા મધનો હંમેશાં સંગ્રહ કર્યો, અમે ન તો એને ખાધું, ન કોઈને આપ્યું, પરિણામે એ નાશ પામ્યું' આવો વિચાર કરીને મધમાખીઓ, પોતાના પગ ઘસ્યા કરે છે. (૧૮)

વિવરણ :

કવિ, અહીં મધમાખીના મુખમાં શબ્દો મૂકે છે; 'અમે મધનો સંગ્રહ કર્યો, એને ન ખાધું, ન ખાવા દીધું અને અંતે મધ ઊઝેરનાર આવીને એ લૂંટી ગયો' આમ કહીને મધમાખીઓ એના પગ ઘસ્યા કરે છે.

પુણ્યશાળી માણસ એ છે, ધન-ધાનનો ઉપયોગ પોતે પણ કરે અને બીજાને પણ આપે. પણ એનો કેવળ સંગ્રહ જ ન કર્યા કરે. જે બીજાને આપે છે તે ઉત્તમ છે, જે માત્ર ભેળું કર્યા કરે તે અધમ છે. મધમાખીના દ્રષ્ટાંત દ્વારા કવિ આ વિચાર સમજાવે છે.

*

॥ બારમો અધ્યાય ॥

તીર્થો તો સમય આવે ત્યારે ફળ આપે છે, પરંતુ સાધુનો સમાગમ તરત જ ફળ આપે છે.

ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે

सानन्दं सदनं सुताश्च : सुधिय : कान्ता प्रियालापिनी
इच्छापूर्तिधनं स्वयोषितिरति : स्वाऽऽज्ञापरा : सेवका : ।
आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्नपानं गृहे
साधो : सङ्गमुपासते च सततं धन्यो गृहस्थाऽऽश्रम : ।।१।।

આનંદથી ભર્યું ભર્યું ઘર, બુદ્ધિમાન સંતાનો, મધુર બોલનારી પત્ની, ઇચ્છાઓ પૂરી થાય એટલું ધન, પોતાની પ્રિયા પ્રત્યે પ્રેમ, આજ્ઞા માનનારા સેવકો, અતિથિ સત્કાર, શિવપૂજા અને ભવનમાં મિષ્ટ ખાનપાન, અને અવિરત ચાલતો સંત સમાગમ – આ બધું જેમાં હોય એવો ગૃહસ્થાશ્રમ ધન્ય છે. (૧)

વિવરણ :

આપણી સંસ્કૃતિમાં ચાર આશ્રમો દર્શાવ્યા છે. તેમાં ગૃહસ્થાશ્રમ સર્વોત્તમ છે અને ધન્ય પણ છે. કારણ કે બીજા ત્રણ આશ્રમો, ગૃહસ્થાશ્રમને આધારે નભે છે. કારણકે ગૃહસ્થાશ્રમમાં પ્રેમાળ પરિવાર છે. અતિથિઓનો સત્કાર થાય છે. સમાજના વ્યવહારોમાં આદન-પ્રદાન થાય છે. જે રાજ્યશાસન ચલાવે તેને તંત્ર ચલાવવા માટે કર આપે છે. અને દેવપૂજા અને દેવસ્થાનોના સંચાલનમાં ઉપયોગી થાય છે. દુનિયાદારીના તમામ વ્યવહારો ગૃહસ્થાશ્રમ ઉપર નભે છે. માટે ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે!

દાન આપવામાં યોગ્યતા જોવી

आर्तेषु विप्रेषु दयान्वितश्च यत् श्रद्धया स्वल्पमुपैति दानम् ।
अनन्तपारं समुपैति राजन् यद्दीयते तन्न लभेद् द्विजेभ्य : ।।२।।

મનુષ્ય, દયાળુ બનીને, શ્રદ્ધાપૂર્વક જે અલ્પદાન, સંકટગ્રસ્ત બ્રાહ્મણોને આપે છે, તે થોડું દાન, હે રાજન ! અનેક ગણું બનીને પાછું મળે છે. બ્રાહ્મણોને જેટલું આપવામાં આવે તેટલું જ પાછું મળતું નથી. (૨)

વિવરણ :

આ શ્લોકમાં વિપ્રને આપવામાં આવતા દાનનો મહિમા કર્યો છે. આધુનિક જમાનામાં વિપ્રનો અર્થ જ્ઞાનની ઉપાસના કરનાર અકિંચન મનુષ્ય સમજવો.

કોઈ પણ કરેલું સત્કર્મ નિષ્ફળ નથી જતું. તે વહેલું મોડું ફળ્યા વગર રહેતું નથી. કોઈપણ પ્રકારનું દાન-ભલે અલ્પ માત્રામાં હોય પણ જો ભાવનાપૂર્વક કરવામાં આવે તો અનેક ગણું થઈને દાતાને પરત મળે છે.

હાંસલ કરવા જેવી કલાઓ

दाक्षिण्यं स्वजने दया परजने शाठ्यं सदा दुर्जने
प्रीति : साधुजने स्मय : खलजने विद्वज्जने चार्जवम् ।
शौर्यं शत्रुजने क्षमा गुरुजने नारीजने धृष्टता
इत्थं ये पुरुपा : कलासु कुशलास्तेष्वेवलोकस्थिति : ।।३।।

સ્વજનો તરફ વિનમ્રતા, પારકા ઉપર દયા, દુર્જન પ્રત્યે શઠતા, સાધુજન તરફ પ્રેમ, દુષ્ટ લોકો પ્રત્યે કઠોરતા, વિદ્વાનો પ્રત્યે સરલતા, શત્રુઓ પ્રત્યે શૂરવીરતા, વડીલો તરફ ક્ષમા, સ્ત્રીઓ પ્રત્યે ધૃષ્ટતા – જે પુરુષો આ બધી કલાઓમાં કુશળ હોય તેઓ જ આ જગતમાં સુખથી વ્યવહાર કરી શકે છે. (૩)

વિવરણ :

સમાજમાં વિવિધ કક્ષાના અને ઊંચા નીચા અનેક પ્રકારના લોકો હોય છે. તેઓની સાથે કેવી રીતે વર્તવું તેની વાત આ શ્લોકમાં કરી છે. જો મનુષ્ય આ પ્રકારનો કુશળ વ્યવહાર આચરે તો પોતે તો સુખી બને અન્યને પણ સુખ આપે.

સ્વજનો સાથે વિનયપૂર્વક વર્તવું, બીજા લોકો ઉપર દયા રાખવી સંતો ઉપર પ્રેમ, દુષ્ટો પ્રત્યે કઠોરતા, વિદ્વાનો પ્રત્યે સરલતા, શત્રુઓ તરફ શૂરવીરતા, વડીલો પ્રત્યે ક્ષમા, અને સ્ત્રીઓ તરફ ધૃષ્ટતા રાખવી આવું આચરણ જે કરે છે તે જગતમાં આનંદથી રહે છે.

ઇન્દ્રિયો સત્કર્મ કરવા આપી છે

हस्तौ दानविवर्जितौ श्रुतिपुटौ सारस्वतद्रोहिणौ
नेत्रे साधुविलोकनेन रहिते पादौ न तीर्थं गतौ ।
अन्यायार्जितवित्तपूर्णमुदरं गर्वेण तुंगं शिरो
रे रे जम्बुक मुञ्च मुञ्च सहसा निन्द्यं सुनिन्द्यं वपुः ।।४।।

બંને હાથથી દાન દીધું ન હોય, બંને કાન વિદ્વાનના દ્રોહ કરનારા હોય, બંને આંખોથી ક્યારેય સારું જોયું ન હોય, પગથી ક્યારેય પણ તીર્થાટન ન કર્યું હોય, અન્યાયથી મેળવેલા પૈસાથી ઉદર ભર્યું હોય, અને ગર્વથી હંમેશાં માથું ઊંચુ રાખ્યું હોય – આમ રહેનાર હે લુચ્ચા ! આ બધું મૂકી દે મૂકી દે, કારણ કે તારું આ શરીર અતિશય નિંદનીય છે. (૪)

વિવરણ :

ભગવાને ઈન્દ્રિયો સત્કર્મ કરવા આપી છે. હાથ દાન દેવા માટે આપ્યા છે, પણ જે વ્યક્તિ જીવનમાં ક્યારેય દાન ન કરે. કાન, સારું સાંભળવા માટે આપ્યા છે, પણ જે ખરાબ સાંભળ્યા કરે, આંખોથી, ખરાબ જોયા કરે, અને હરામના પૈસાથી પેટ ભર્યાં કરે એવા દુષ્ટ માણસને ચેતવણી આપતાં કહ્યું છે કે આ શરીર તો નિંદનીય છે અને અનિત્ય છે. એના દ્વારા પાપ ન આચરવું જોઈએ.

કબીર સાહેબે પણ જીવને ઠપકો આપતાં કહ્યું છે; 'ચલત કત ટેઢો ટેઢો રે.' (હે ભાઈ ! તું આમ અભિમાનમાં વળ ખાઈને કાં ચાલે. તારું આ શરીર દુર્ગંધનો ઢગલો છે.)

વિધાતાના લેખ

पत्रं नैव यदा करीरविटपे दोषो वसन्तस्य किं
नोलूकोऽप्यवलोकते यदि दिवा सूर्यस्य किं दूषणम् ।
वर्षा नैव पतन्ति चातकमुखे मेघस्य किं दूषणं
यत्पूर्वं विधिना ललाटलिखितं तन्मार्जितुं कः क्षमः ।।५।।

કેરડાના છોડમાં પાંદડા ન હોય, તો એમાં ઋતુરાજ વસંતનો શું દોષ ? જો ઘૂવડ, દિવસે પણ જોઈ ન શકે તો એમાં સૂર્યનો શું વાંક ? જો વર્ષાનું જળ, ચાતકના

મુખમાં ન પડે તો એમાં મેઘનો શું અપરાધ ? વિધાતાએ, લલાટમાં અગાઉ જે કાંઈ લેખ લખ્યા હોય તેને ભૂંસી નાખવા કોણ સમર્થ છે ? (૫)

વિવરણ :

આ શ્લોકમાં ચાણક્ય કહે છે કે વિધાતાએ મનુષ્યના ભાગ્યમાં જે લખ્યું હોય તે જ એને મળે છે. ઋતુરાજ વસંતનું આગમન થયા પછી વનની તમામ વનસ્પતિઓ પર હરિયાળા પાન લહેરાવા લાગે. ત્યારે કેરડો તો પાંદડા વિનાનો રહે છે એમાં વસંતનો શું દોષ ?

ઘૂવડ દિવસે પણ ન જોઈ શકે એમાં સૂરજનો શું વાંક ? અનરાધાર વરસાદ વરસતો હોય તો પણ ચાતકના મુખમાં વર્ષાનાં જલબિંદુ ન ઝીલાય તો એમાં મેઘનો શું અપરાધ ?

હકીકત તો એ છે કે પ્રકૃતિએ અથવા વિધાતાએ જેના ભાગ્યમાં જે લખ્યું હોય છે તે જ એને મળે છે. કોઈ માણસ, સાવ સોનાના મેરુ ઉપર હોય કે વેરાન મરુ ભૂમિમાં હોય, ભાગ્યથી વધુ એને સાંપડતું નથી. ઘડાને મહાસાગરમાં નાખીએ, કે કૂવામાં રાખીએ. એ તો સરખું જળ જ લેવાનો. જળગ્રહણ કરવાની એની જેટલી ક્ષમતા છે એટલું જ એ લઈ શકે. આથી સ્પષ્ટ છે કે વિધાતાના લખેલા લેખ પ્રમાણે જ મળે છે.

સંત અને દુર્જનમાં ફર્ક શું ?

सत्सङ्गाद्भवति हि साधुता खलानां
साधूनां न हि खलसङ्गमात्खलत्वम् ।
आमोदं कुसुम-भवं मृदेव धत्ते
मृद्गन्धं न हि कुसुमानि धारयन्ति ।।६।।

સત્સંગ કરવાથી દુર્જનોમાં પણ સજ્જનતા આવે છે. પરંતુ દુષ્ટનો સંગ કરવાથી સાધુપુરુષોમાં દુષ્ટતા નથી આવતી. પુષ્પોમાંથી પ્રગટેલી સુગંધને માટી ધારણ કરે છે. પરંતુ માટીની ગંધને પુષ્પો ક્યારેય ધારણ કરતા નથી. (૬)

વિવરણ :

કોઈ સાધુ પુરુષ, તપના પ્રભાવથી અલૌકિક સિદ્ધિ પામ્યા હોય તો તેના સત્સંગથી દુર્જન સજ્જન થઈ જવાનો સંભવ છે. પરંતુ આનાથી વિપરીત દુર્જનમાં દુષ્ટતાની પરાકાષ્ટા હોય અને એ સાધુપુરુષના સાંનિધ્યમાં રહે તો તેની દુષ્ટતાની લેશમાત્ર અસર પણ સંત ઉપર થતી નથી.

આનું ઉદાહરણ આપતા કવિ કહે છે કે સુવાસિત ફૂલની સુગંધથી માટી, સુગંધિત થઈ જાય છે. પણ માટીની વાસ, ફૂલમાં બેસતી નથી. આનો અર્થ એ થયો કે જે પ્રભાવક હોય છે તેનો જ પ્રભાવ, સર્વત્ર પથરાય છે. જેમાં પ્રતિભાની પ્રભા જ નથી તે તો અજવાળું ક્યાંથી કરી શકે ?

મુદમંગલમય સંત સમાજૂ

साधूनां दर्शनं पुण्यं तीर्थभूता हि साधवः ।
कालेन फलते तीर्थं सद्यः साधुसमागमः ।।७।।

સાધુપુરુષોનું દર્શન પુણ્ય છે કારણ કે સાધુપુરુષો તીર્થસ્વરૂપ છે. તીર્થો તો સમય આવે ત્યારે ફળ આપે છે. પરંતુ સાધુનો સમાગમ તરત જ ફળ આપે છે. (૭)

વિવરણ :

સંત તુલસીદાસે, સંતસમાજને 'જંગમ તીર્થરાજ' – હાલતો ચાલતો પ્રયાગ કહ્યો છે. આવો પ્રયાગ, પવિત્ર તો છે જ પરમ આનંદપ્રદ પણ છે. (મુદમંગલમય સંત સમાજૂ, જિમિજગ જંગમ તીરથરાજૂ) તુલસીના આ વિચારનું સુરેખ પ્રતિબિંબ પ્રસ્તુત શ્લોકમાં ઝીલાયું છે.

સાધુપુરુષોનું દર્શન, પરમ પાવન એટલા માટે ગણાયું છે કે તેઓ તીર્થસ્વરૂપ છે. વળી હકીકતે તો તેઓનો મહિમા, તીર્થ કરતા પણ વિશેષ છે. તેઓ તીર્થોત્તમ છે. કારણ કે તીર્થો તો તીર્થયાત્રા કર્યા પછી સમય આવે ત્યારે ફળ આપે છે. સંતોનું દર્શન અને સંગ તો તરત જ ફળે છે.

ત્યાં રહેવું એ દુર્ભાગ્ય

विप्राऽस्मिन्नगरे महान् कथय कस्तालद्रुमाणां गणः
को दाता रजको ददाति वसनं प्रातर्गृहीत्वा निशि ।

को दक्षः परदारवित्तहरणे सर्वेऽपि दक्षो जनः
कस्माज्जीवसे हे सखे विषकृमिन्यायेन जीवाम्यहम् ।।८।।

હે વિપ્રો ! મને કહો આ નગરમાં કોણ મહાન છે ? બ્રાહ્મણે કહ્યું; 'તાડના ઝાડનું ઝૂંડ.' પૂછ્યું; 'દાતા કોણ છે ?' જવાબ મળ્યો; 'ધોબી દાતા છે. કારણ કે તે સવારે વસ્ત્રો લઈ જાય છે અને સાંજે પાછા આપે છે.' ફરી પૂછ્યું; અહીં હોશિયાર

કોણ છે ? ઉત્તર મળ્યો; 'અહીં બધા લોકો પરસ્ત્રીનું અપહરણ કરવામાં હોશિયાર છે.'

વિવરણ :

ભગવાન વ્યાસે 'કુગ્રામવાસ' – ખરાબ ગામમાં નિવાસ કરવાને દુર્ભાગ્ય ગણાવ્યું છે. કેટલાક ગ્રામમાં બહુમતિ લોકો દુષ્ટ હોય છે તેથી જે અલ્પસંખ્યક સજ્જનો હોય છે તેઓની સજ્જનતાને પણ જોરદાર દુષ્ટતા, દબાવી રાખે છે.

આ શ્લોકમાં એક પથિક, તથા ગામના થોડા સાધુપુરુષોના સંવાદ દ્વારા, કુગ્રામનો આબેહૂબ ચિતાર આપવામાં આવ્યો છે. પ્રવાસી પૂછે છે; 'આ ગામમાં મોટું કોણ છે ?' જવાબ મળ્યો; 'તાડના ઝાડનું ઝુંડ.' તાડનું ઝાડ ન તો છાયો આપે છે. ન તો ફળ આપે છે. જ્યાં મોટા કહેવાતા માણસો, દાનતના સાવ ખોટા હોય તે ગામ શું કામનું ?

'અહીં કોઈ દાતા છે ?' ઉત્તર મળ્યો; 'હા ધોબી દાતા છે. દરરોજ ધોયેલા કપડાં આપી જાય છે.' બીજો કોઈ દાતા નથી.

'અને અહીં કોઈ હોશિયાર છે ?' વિપ્રોએ જણાવ્યું; 'હા, અહીં બધા જ માણસો, પરસ્ત્રીનું અપહરણ કરવામાં હોશિયાર છે'

કહેવાની ભાગ્યે જ જરૂર છે કે આવા કુગ્રામમાં પ્રવાસીને આશરો ક્યાંથી મળે ? અને કદાચ આશ્રય મળે તો પણ આવા ગામમાં રહેવાય નહીં.

નિવાસની મહત્તા

विप्रपादोदककर्दमानि
न वेदशास्त्रध्वनिगर्जितानि ।
स्वाहा - स्वधाकार - विवर्जितानि
श्मशानतुल्यानि गृहाणि तानि ।।९।।

જે ઘરોમાં પવિત્ર વિપ્રોના ચરણ ધોવાના જળથી ભૂમિ ભીની ન થઈ હોય, અને જ્યાં વેદ શાસત્રોના મંત્રોના ધ્વનિઘોષ સંભળાતા ન હોય, વળી જ્યાં અગ્નિમાં સ્વાહા અને પિતૃઓને સ્વધાની આહુતિ આપવામાં ન આવતી હોય, તે ઘરો શ્મશાન જેવા છે. (૯)

વિવરણ :

કોઈ પણ ગૃહની મહત્તા, વિપ્રોના આતિથ્યથી, વેદમંત્રોના ઉચ્ચારથી, યજ્ઞો-જેમાં હુત દ્રવ્યોની આહુતિ 'સ્વાહા' ના ઘોષ સાથે આપવામાં આવે છે તેનાથી,

અને પિતૃઓની શ્રાદ્ધક્રિયાથી જ વધે છે અને શોભે છે. જેમાં આવું પાવન મંત્રગાન, કે સદાચરણ ન હોય તે ઘર તો શ્મશાન જેવું ભેંકાર અને ભયાનક ગણાય. જેમ જીવંત મનુષ્ય શ્મશાનથી ભાગે તેમ શાણા લોકોએ આવા નિંદનીય નિવાસોથી દૂર રહેવું.

સદ્‌ગુણોનો પરિવાર

सत्यं माता पिता ज्ञानं धर्मो भ्राता दया स्वसा ।
शान्ति : पत्नी क्षमा पुत्र : षडेते मम बान्धवा : ।।१०।।

માતા એ સત્ય છે. પિતા જ્ઞાન છે. ધર્મ ભાઈ છે. દયા એ બહેન છે. શાન્તિ એ પત્ની છે. ક્ષમા એ પુત્ર છે આ છ જણા મારા સ્વજનો છે. (૧૦)

વિવરણ :

કોઈપણ પરિવારમાં આટલા ગુણો હોય, સત્ય, જ્ઞાન, ધર્મ, દયા, શાન્તિ અને ક્ષમા તો એ પરિવાર પરિપૂર્ણ ગણાય. અને એ સ્વયં પ્રસન્ન રહે અને આસપાસના સમાજને પણ પ્રસન્ન રાખે.

કુટુંબમાં માતા સત્યના સ્થાને, સત્ય સર્વશ્રેષ્ઠ છે તેથી માતા પણ પરિવારમાં સર્વોત્તમ ગણાય. મહાકવિ ભાસનું કથન છે; 'माता किल मनुष्याणाम् देवतानाम् च देवतम् ।' (મનુષ્યો માટે માતા, દેવતાની પણ દેવતા છે) પિતા, જ્ઞાન સ્વરૂપ છે. ભાઈભાંડુ એ ધર્મ છે. દયા બહેન છે, પત્ની એ શાન્તિસ્વરૂપા છે. અને પુત્ર ક્ષમાપાત્ર છે.

મૃત્યુ કોઈની રાહ જોતું નથી

अनित्यानि शरीराणि विभवो नैव शाश्वत : ।
नित्यं सन्निहितो मृत्यु : कर्तव्यो धर्मसंग्रह : ।।११।।

શરીરો અનિત્ય છે. વૈભવ સમૃદ્ધિ પણ શાશ્વત નથી. વળી મૃત્યુ સાવ પાસે જ ઊભું છે. માટે ધર્મકાર્યોનો સંગ્રહ કર્યા કરવો. (૧૧)

વિવરણ :

આ સંસારમાં બધું અનિત્ય છે. 'સંસાર' શબ્દનો અર્થ જ છે જે સ્થિર કે શાશ્વત નથી તે. જડ-ચેતન તમામ સૃષ્ટિ કાળને આધીન છે. શાસ્ત્રો કહે છે; 'अन्तवन्तः इमे देहाः ।' આ શરીરો નાશવંત છે. જ્યારે શરીરો જ અસ્થિર છે, ક્ષણભંગુર છે ત્યારે એણે ઊભા કરેલા મહેલો, મિલકતો, માલખજાના તો કેવી રીતે ટકી શકે ? કાળની એક જ થપાટથી એ બધું પત્તાના મહેલની જેમ પડી જાય છે.

અને મૃત્યુ તો સાવ બાજુમાં જ ઊભું છે. બુદ્ધ કહેતાં; 'કોઈ મુસાફર થાક્યો પાક્યો વૃક્ષની નીચે ગાઢ નિદ્રામાં સૂતો હોય અને અચાનક વાઘ આવીને એને ઉપાડી જાય છે, તેમ મૃત્યુ, માણસને ઉપાડી જાય છે માટે ધર્મકાર્યો ઝડપથી કરવા. કાલનું ધર્મકાર્ય આજ કરવું અને આજનું અત્યારે જ કરવું. કારણ કે મૃત્યુ કોઈની રાહ જોતું નથી.

સૌના ઉત્સવ અલગ અલગ

आमन्त्रणोत्सवा विप्रा गावो नवतृणोत्सवा: ।
पत्युत्साहयुता नार्य: अहं कृष्णरणोत्सव: ।।१२।।

બ્રાહ્મણો હંમેશાં ભોજન-દાનના આમંત્રણને ઉત્સવ માને છે. નવું ઘાસ એ ગાયોનો ઉત્સવ છે. નારીઓને માટે પતિ એનો ઉત્સવ છે. જ્યારે હું તો ભયંકર રણસંગ્રામને જ ઉત્સવ માનું છું. (૧૨)

વિવરણ :

બ્રાહ્મણોએ શાસ્ત્રોની રચના કરી અને વારે વારે નિયમો બનાવ્યા કે બ્રાહ્મણોને જમાડવાથી અને દાન આપવાથી યજમાનનું કલ્યાણ થાય છે. પરિણામે લોકો બ્રાહ્મણોને ભોજન કરાવવામાં તથા દાન આપવામાં ધર્મલાભ માનવા લાગ્યા. પરિણામ એ આવ્યું કે બ્રાહ્મણો 'મોદકપ્રિય' અને 'દાનપાત્ર' થઈ ગયા. તેઓને માટે ભોજન અને દાન ઉત્સવનો અવસર બની ગયો. જેવી રીતે તાજું ઘાસ, ગાય માટે ઉત્સવ છે, સ્ત્રી માટે એનો પતિ ઉત્સવ છે. અને રણશૂરા યોદ્ધા માટે રણસંગ્રામ ઉત્સવ છે.

તે મહામાનવ છે

मातृवत् परदारांश्च परद्रव्याणि लोष्ठवत् ।
आत्मवत् सर्वभूतानि य: पश्यति स पश्यति ।।१३।।

જે મનુષ્ય પરસ્ત્રીઓ તરફ માતાની જેમ જુએ, પરધનને ઢેફાં જેવું જુએ અને પ્રાણીમાત્રમાં પોતાની જાતની જેમ જુએ તે જ ખરેખર સાચું જુએ છે (૧૩)

વિવરણ :

સામાન્ય રીતે પરધન, પરઅન્ન અને પરસ્ત્રી, લોકોના આકર્ષણનું કેન્દ્ર બને છે એમાં પણ 'પરકીયા'નો પ્રેમ વધુ અસર કરે છે. આથી પરધનમાં જેઓને સાર

વિનાની માટી દેખાય અને પરસ્ત્રીમાં જેને માતાનું દર્શન થાય, તેમ જ પ્રાણીમાત્રમાં જે પોતાના આત્માનું જ દર્શન કરે તે મહામાનવ છે !

ઠીક કહ્યું છે સંતકવિએ;

પરધન પથ્થર સમાન માનીએ, પરસ્ત્રી માત સમાન,
ઈતનેસે હરિ ના મીલે તો તુલસીદાસ જમાન.

સજ્જનની સાચી ઓળખ

धर्मे तत्परता मुखे मधुरता दाने समुत्साहता
मित्रेऽवञ्चकता गुरौ विनयता चित्तेऽति गम्भीरता ।
आचारे शुचिता गुणे रसिकता शास्त्रेषु विज्ञानता
रुपे सुन्दरता शिवे भजनता सत्स्वेव संदृश्यते ।।१४।।

ધર્મમાં તત્પરતા, મુખમાં મધુરતા, દાન દેવામાં ઉત્સાહ, મિત્રને છેતરવા નહીં તેવો ભાવ, ગુરુમાં વિનય, મનમાં ગંભીરતા, આચારમાં પવિત્રતા, ગુણમાં રસવૃત્તિ, શાસ્ત્રોની જાણકારી, રૂપમાં સુંદરતા, અને શિવની ઉપાસના – આ બધું સજ્જનોમાં જોવા મળે છે. (૧૪)

વિવરણ :

આ શ્લોકમાં સજ્જનને ઓળખવાના ચિહ્નો બતાવ્યા છે. બાહ્ય આકારમાં તો સજ્જન દુર્જનમાં તફાવત નથી લાગતો. ઘણીવાર રૂપમાં શરીર સૌષ્ઠવમાં દુર્જન વધારે પ્રભાવક લાગતો હોય છે. પરંતુ વિચાર, વાણી અને વર્તનનો અનુભવ થાય કે તરત જ બન્નેની ઓળખ પ્રગટ થઈ જાય છે.

સજ્જનની વાણીમાં મધુરતા હોય છે. વિચારમાં પવિત્રતા હોય છે અને આચારમાં ધાર્મિકતા હોય છે. દાન દેવામાં તત્પરતા, પ્રમાણિકતા, વિનમ્રતા, ગંભીરતા અને પ્રભુભક્તિ વગેરે સદ્‌ગુણોથી સજ્જન જુદો તરી આવે છે.

શ્રીરામને કોની ઉપમા આપવી ?

काष्ठं कल्पतरु : सुमेरुरचलश्चिन्तामणि : प्रस्तर :
सूर्यस्तीव्रकर : शशी क्षयकर : क्षारो हि वारांनिधि : ।
कामो नष्टतनुर्वलिदितिसुतो नित्यं पशु : कामगौ-
र्नैतांस्ते तुलयामि भो रघुपते कस्योपमा दीयते ।।१५।।

કલ્પવૃક્ષ, ખરેખર તો કાષ્ઠ છે. સુમેરુ તો સ્થિર પર્વત છે. ચિન્તામણિ, પથ્થર છે. સૂર્ય, પ્રખર કિરણોવાળો છે. ચન્દ્રમાને ક્ષય છે. મહાસાગર ખારો છે. કામદેવનું શરીર બળી ગયું છે. બલિરાજા રાક્ષસ છે. કામધેનુ તો પશુ છે. રઘુપતિ રામ! આ બધાની આપની સાથે તુલના ન કરી શકાય. આપને કોની ઉપમા આપવી ? (૧૫)

વિવરણ :

ભગવાન શ્રીરામ અપરિમેય છે અને અતુલ્ય છે. એ પરમ તત્ત્વ છે. એનાથી કોઈ આગળ નથી, એનાથી કોઈ ઉત્તમ નથી. શ્રીકૃષ્ણ, પોતાની વિભૂતિઓનું વર્ણન કરતાં કહે છે; 'આ અખિલ બ્રહ્માંડમાં જે જે ઐશ્વર્ય છે તે બધા જ મારામાં છે. શ્રીરામ, બધા જ ઐશ્વર્યોના સ્વામી.'

ભગવાન શ્રીરામને કલ્પવૃક્ષ સાથે કેવી રીતે સરખાવી શકાય ? કારણ, કલ્પવૃક્ષ તો કાષ્ઠ છે. શ્રી રામ શાશ્વત સ્થિર છે પણ એની ઉપમા સુમેરુ પર્વત સાથે ન આપી શકાય, કારણ કે એ તો પ્રલયકાળે ડોલવા લાગે. શ્રીરામ તો અચલ છે.

ચિન્તામણિ ઇચ્છિત વસ્તુ આપે, પણ શ્રીરામની એ બરોબરી ન કરી શકે, કારણ કે ચિન્તામણિ પથ્થર છે. એને સૂર્ય સાથે પણ ન સરખાવી શકાય, કારણ કે સૂર્ય તો પ્રખર કિરણોથી બધાને બાળે છે. શ્રીરામ તો બધાને શીતલતા આપે.

એની તુલના ચન્દ્ર સાથે તો કેમ સંભવે ? કારણ કે ચન્દ્રનો તો ક્ષય થાય છે. શ્રીરામ અક્ષય છે. મહાસાગર ખારો છે, એની સાથે સરખામણી ઉચિત નથી. કારણ કે શ્રીરામ મધુર છે. કામદેવની પણ એને ઉપમા ન આપી શકાય. કામધેનુ સાથે પણ ન સરખાવાય કારણ કે કામધેનુ પશુ છે.

આ રીતે ગુણોના ભંડાર છતાં ગુણાતીત એવા સગુણ ઈશ્વરાવતાર શ્રીરામની કોઈની સાથે તુલના અનુચિત છે.

વર્તનમાં ફેરફાર કરવા

विनयं राजपुत्रेभ्य : पण्डितेभ्य : सुभाषितम् ।
अनृतं द्यूतकारेभ्य : स्त्रीभ्य : शिक्षेत् कैतवम् ।।१६।।

રાજપુત્રોની સાથે વિનય રાખવો, પંડિતો પ્રત્યે સારી વાણીથી બોલવું, જુગારીઓ સાથે જુઠ્ઠું બોલવું અને સ્ત્રીઓ પાસેથી કપટ શીખી લેવું (૧૬)

વિવરણ :

આ શ્લોકમાં ચાણક્ય, જીવનમાં કોની સાથે કેવી રીતે વર્તવું તેનું ડહાપણ શીખવે છે. આ રીતે આચરણ કરવાથી લાભ થાય પણ એનાથી વિપરીત આચરણથી ગેરલાભ થાય.

રાજપુત્રો સાથે મિત્રતા હોય તો પણ એની સાથે બહુ છૂટ ન લેવી. વિનયથી બોલવું અને વિનયથી જ વર્તવું. તેઓની પાસે સત્તા હોય છે અને સત્તાનો મદ પણ ચડતો હોય છે. પરિણામે કોઈવાર 'હસવામાંથી હાનિ' થવાનો સંભવ છે.

વિદ્વાનો સાથે મધુર વાણીથી વાત કરવી. વિદ્વાનો હંમેશાં વાણીવિશારદ હોય છે એટલે તેઓની સાથે વાતચીત કરતી વખતે સુંદર શબ્દોનો પ્રયોગ કરવો.

જુગારી અને જુગાર, જુઠ્ઠના પાયા ઉપર જ મંડાયેલો હોય છે. ત્યાં સત્ય ન ચાલે. તેઓની સામે તો જુઠ્ઠું બોલવાથી અને કરવાથી ફાયદો.

સ્ત્રીઓમાં કપટ અથવા તો દુનિયાદારીની ચતુરાઈ વિશેષ હોય છે. તેથી તેઓની પાસેથી આવી ચતુરાઈ શીખવી.

વ્યક્તિત્વનો નાશ ન થવો જોઈએ

अनालोक्य व्ययं कर्ता ह्यनाथ : कलहप्रिय : ।
आतुर : सर्वक्षेत्रेषु नर : शीघ्रं विनश्यति ।।१७।।

જે વ્યક્તિ વગર વિચાર્યે ખર્ચ કર્યા કરે, જે અનાથ હોય છતાં કજિયાખોર હોય, અને બધી જ બાબતોમાં ઉતાવળિયો હોય તે વ્યક્તિ, જલદી નાશ પામે છે. (૧૭)

વિવરણ :

આવક-જાવકની ગણત્રી કર્યા વિના જે બેફામ ખર્ચ કરે તેનું પતન જ થાય. કારણ કે ધનનાશ એ જ વિનાશ છે. જે વ્યક્તિનું રક્ષણ કરનાર કોઈ સમર્થ માણસનો સાથ ન હોય તેવા નિરાધાર કે અનાથ માણસે કજિયો ન કરવો. કારણ કે કજિયામાં એની મદદે આવનાર કોઈ ન હોય. એટલે કંકાસથી એનો નાશ થાય.

અને ઉતાવળા માણસને કાર્યની સિદ્ધિ મળતી નથી. જે મનુષ્ય, ઉતાવળ કર્યા વિના, ધીરજથી વિચારીને પગલું ભરે છે, તેને જ સફળતા મળે છે. ઉતાવળમાં બુદ્ધિના દીવા ઠરી જતાં હોય છે. કોઈકે ઠીક કહ્યું છે; 'ઉતાવળા સો બહાવરા, ધીરા સો ગંભીર'

ધર્મનું ચિંતન જ મુખ્ય છે

नाहारं चिन्तयेत् प्राज्ञो धर्ममेकं हि चिन्तयेत् ।
आहारो हि मनुष्याणां जन्मना सह जायते ।।१८।।

બુદ્ધિમાન મનુષ્યે, આહારની ચિંતા ન કરવી. પરંતુ પ્રજ્ઞાવાન (વિવેક યુક્ત બુદ્ધિવાળા) માનવે એકમાત્ર ધર્મનું જ ચિંતન કરવું, કારણ કે મનુષ્યો માટે આહારની વ્યવસ્થા તો એના જન્મની સાથે જ ઈશ્વરે કરી છે. (૧૮)

વિવરણ :

દુનિયાદારીના ડહાપણની કહેવત છે; 'સો કામ પડતા મૂકીને જમવું.' આ વિધાન એટલા માટે સાચું છે કે આહારથી જ શરીર ઘડાય છે અને વિકસે છે તેમ જ ટકે છે. આહાર વિના શરીર રહે જ નહીં અને શરીર જ ન રહે તો કામ કોણ કરે ?

પરંતુ આહારની બહુ ચિંતા ન કરવી. ઈશ્વરે એનું આયોજન અગાઉથી કરી જ રાખ્યું છે, ઈશ્વર કોઈને ભૂખ્યા ઊઠાડે છે. ભૂખ્યા સૂવાડતો નથી. એથી તો સંત મલુક કહે છે;

'અજગર કરે ન ચાકરી, પંખી કરે ન કામ,
દાસ મલુક એથી કહે, સબકા દાતા રામ.'

એટલે સમજદાર મનુષ્ય એ છે જે ભોજન અંગે ન વિચારતાં પ્રભુભજનમાં મગ્ન રહે છે.

પ્રાપ્તિનો ખરો માર્ગ

**जलबिन्दुनिपातेन क्रमश: पूर्यते घट: ।
स हेतु: सर्वविद्यानां धर्मस्य च धनस्य च ।।१९।।**

એક એક જળનું ટીપું પડ્યા કરે તો પણ ઘડો ભરાઈ જાય છે. સર્વ પ્રકારની વિદ્યાઓની પ્રાપ્તિ, તેમ જ ધર્મ તથા ધન આ રીતે ધીમે ધીમે મળે છે. (૧૯)

વિવરણ :

ધર્મ, ધન અને વિદ્યાની ઉપાસના ધીમે ધીમે કરવામાં આવે તો જ એમાં વૃદ્ધિ થાય છે. ધર્મના માર્ગે એક એક ચરણ આગળ મૂકતા પરમ સમીપે પહોંચી શકાય છે. એક એક કણ એકઠાં થવાથી જ ધાન્યનો ઢગલો થાય છે. અને એક એક રૂપિયો ભેળો થાય તેમાંથી જ ધનભંડાર ભરાય છે. 'ટીપે ટીપે સરોવર ભરાય, અને કાંકરે કાંકરે પાળ બંધાય' આ કહેવતમાં આ જ અનુભવ આલેખાયો છે !

પરિવર્તન ન આવે તો ઉંમર શા કામની ?

**वयस: परिणामेऽपि य: खल: खल एव स: ।
सुपक्वमपि माधुर्यं नोपयातीन्द्रवारुणम् ।।२०।।**

ઉંમર પાકવા આવે તો પણ જે દુષ્ટ છે તે દુષ્ટ જ રહેવાનો. ઇન્દ્રવરણા, સારી રીતે પરિપક્વ થયા હોય તો પણ તેમાં મધુરતા નથી આવતી. (૨૦)

વિવરણ :

ઉંમર પાકે તેથી જ માત્ર મનુષ્ય બુદ્ધિમાં, ધર્મમાં કે સત્કર્મમાં પરિપક્વ થતો નથી. માથામાં ધોળા આવે તેથી માણસ, કાળાધોળા કરતા અટકતો નથી. ખરેખર તો પ્રાચીન સમયમાં યુદ્ધ ચાલતું હોય અને કોઈ સેના ધોળી ધજા ફરકાવે એટલે યુદ્ધવિરામ થઈ જતો. માથા ઉપર સફેદવાળની ધજા ફરકે કે તરત જ સંસારયુદ્ધમાં યુદ્ધવિરામ કરવો જોઈએ. પણ દુષ્ટો એમ કરતા નથી. ઇન્દ્રવરણા, એક છોડના નાના ફળ છે એ અતિ કડવા હોય છે અને પાકે તો પણ કડવા જ રહે છે.

લોક કવિ કહે છે ;

‘હલકા જન હલકા રહે, લિયે પલકમાં લાજ,
ઊતરાવે છે પાઘડી, માંકડ ભરી સભા જ.’

સારો માણસ, પાઘડી પહેરીને સભામાં બેઠો હોય, અને પાઘડીમાં માકડ ઘૂસી ગયો હોય તો ભરી સભામાં એ પાઘડી ઊતરાવે છે. હલકા લોકો હંમેશાં હલકા જ રહે.

*

॥ તેરમો અધ્યાય ॥

દેહાભિમાન સાવ ઓગળીને શૂન્ય થઈ જાય અને જ્યારે પરમાત્માને જાણી લેવામાં આવે ત્યારે જ્યાં જ્યાં મન જાય ત્યાં ત્યાં સમાધિ છે.

પુણ્યકર્મોની આવશ્યક્તા છે જ

मुहूर्तमपि जीवेच्च नरः शुक्लेन कर्मणा ।
न कल्पमपि कष्टेन लोकद्वयविरोधिना ।।१।।

મનુષ્ય, ભલે થોડી વાર જીવે પણ એણે પુણ્યકાર્યો કરીને જ જીવવું જોઈએ. પરંતુ બન્ને લોક (આ લોક અને પરલોક) દુ:ખદાયક બને એવા કર્મો કરીને, ચાર જુગ સુધી જીવવું નકામું છે. (૧)

વિવરણ :

માણસ કેટલું જીવ્યો એ મહત્ત્વનું નથી. એ કેવું જીવ્યો એ મહત્ત્વનું છે. એક માણસ શતાયુ થાય, પણ ઉંમર સિવાય એના જીવનમાં કશું ન વધે. એના જીવનની કિતાબમાં સત્કર્મની એક પણ નોંધ ન હોય. અને કોઈ વ્યક્તિનું જીવન પુષ્પના જેવું. થોડા જ સમયમાં જગતના ઉપવનને મઘમઘતું કરી મૂકે.

પતંગિયું, ક્ષણ બે ક્ષણ જીવે છે, પરંતુ બાગમાં રંગોની છોળો ઉડાડે છે ! ખરતો તારો, ઘડીક જીવે છે, પણ ભૂમંડળથી નભોમંડળના અવકાશને ઝળાહળાં કરી મૂકે છે !

મીણબત્તી બન્ને છેડેથી બળતી હોય તો ભલે એ આખી રાત્રિ સુધી ટકી ન શકે, પણ એનો પ્રકાશ મહેફિલમાં અજવાળા પાથરે છે. જીવન, બન્ને છેડે સળગતી મીણબત્તીના જેવું હોવું જોઈએ.

વર્તમાન મૂલ્યવાન છે

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत् ।
वर्तमानेन कालेन प्रवर्तन्ते विचक्षणाः ।।२।।

જે વીતી ગયું હોય તેનો શોક ન કરવો. આવનારા ભવિષ્યની કદી ચિંતા ન કરવી. બુદ્ધિમાન શાણા માણસો વર્તમાનમાં જ જીવે છે. (૨)

વિવરણ :

જ્ઞાની મનુષ્ય એ છે જેં ભૂતકાળને સંભારતો નથી. ભવિષ્યમાં જે બનવાનું છે એની ચિંતા કરતો નથી. પરંતુ વર્તમાનમાં જે સંજોગો અથવા પરિસ્થિતિઓ સામે આવે તેને નજર સમક્ષ રાખીને આચરણ કરે છે.

ભૂતકાળમાં સુખદ બનાવો બન્યા હોય તો પણ એને સંભારવાનો અર્થ નથી અને દુઃખદ પ્રસંગોને યાદ કરવાથી તો વર્તમાન જીવન પણ વેદનામય બની જાય ! વળી ભવિષ્ય કેવું થવાનું છે તેની ખબર નથી. પરંતુ એક વાત નિશ્ચિત છે કે જો વર્તમાનકાળમાં સત્કર્મો કરવામાં આવે, વિચાર અને વાણીને પવિત્ર રાખવામાં આવે તો ભવિષ્યમાં તેનું સારું પરિણામ અવશ્ય મળવાનું.

જૂની રંગભૂમિના એક ગીતની લીટી યાદ રાખવા જેવી છે;

'જેવી કરે જે કરણી, તેવી તરત ફળે છે;
બદલો ભલા-બૂરાનો અહીંનો અહીં મળે છે.'

સૌને ખુશમિજાજ રાખો

स्वभावेन हि तुष्यन्ति देवा : सत्पुरुषा : पिता ।
ज्ञातय : स्नानपानाभ्यां वाक्यदानेन पण्डिता : ।।३।।

દેવો, સત્પુરુષો અને પિતા, સ્વભાવથી જ સંતુષ્ટ રહેતા હોય છે. સગા સંબંધીઓ સ્નાન-પાનથી ખુશ રહેતા હોય છે. અને વિદ્વાનો, સારી વાતચીતથી પ્રસન્ન રહે છે. (૩)

વિવરણ :

કેટલાક લોકો સ્વભાવથી જ પ્રસન્ન અને સંતુષ્ટ રહે, કેટલાક પદાર્થોથી પ્રસન્ન રહે અને કેટલાક કાવ્યશાસ્ત્ર વિનોદની રસભરી વાતોથી સંતુષ્ટ રહે. જેવી જેની પ્રકૃતિ.

આંબો ફળ્યો નીચે નમે

अहो बत विचित्राणि चरितानि महाऽऽत्मनाम् ।
लक्ष्मीं तृणाय मन्यन्ते तद्भारेण नमन्ति च ।।४।।

મહામાનવોનાં ચરિત્રો, અત્યંત અનોખા અને અનુપમ હોય છે. તેઓ લક્ષ્મીને તણખલા સમાન ગણે છે. તો વળી એના ભારથી નમી જાય છે. (૪)

વિવરણ :

મહામાનવો એને કહેવાય, જેઓના ચરિત્રો લોકોત્તર હોય. સામાન્ય જન-સમુદાય, જે તે સ્થિતિમાં જેવું આચરણ કરે તેનાથી ભિન્ન, અલૌકિક અને ઉપકારક ચરિત્ર મહાપુરુષોનું હોય છે.

જેમ કે સાધારણ માણસ પાસે લક્ષ્મી આવે તો એ છકી જાય. એક વેંત ઊંચો ચાલે ! અને લક્ષ્મી ચાલી જાય ત્યારે પાછો ભાંગી પડે ! એક સંતે સરસ વાત કરી, કે લક્ષ્મી સામે ચાલી આવતી હોય ત્યારે એ માણસને છાતીમાં લાત મારે, એટલે એ અક્કડ થઈને ચાલે, અને લક્ષ્મી જાય ત્યારે વાંસામાં લાત મારે એટલે માણસ વાંકો વળી જાય.

પરંતુ મહાપુરુષોની વાત જુદી. લક્ષ્મી એની પાસે આવે તો એ એને તણખલા તુલ્ય ગણે. પણ તણખલાના ભારથી કોઈ નમે ? સજ્જનો લક્ષ્મીને તણખલા સમાન માને અને એના ભારથી નમે. વિનમ્ર બને. લક્ષ્મી, સત્યપુરુષને ફળે અને દુષ્ટને ફળે ત્યારે શું સ્થિતિ થાય તેનું આલેખન એક દ્રષ્ટાંત આપીને કવિ કરે છે.

'એરંડ ઊંચો જાય, આંબો ફળ્યો નીચે નમે'

આંબો, ફળથી સમૃદ્ધ થાય તો એ ઝૂકી જાય છે, અને એરંડામાં ફળ આવે તો એ ઊંચો થઈ જાય છે. એરંડો માત્ર ઊંચાઈમાં વધે, ગુણમાં નહીં.

સાચા પ્રેમમાં ભય હોતો નથી

यस्य स्नेहो भयं तस्य स्नेहो दु :खस्य भाजनम् ।
स्नेहमूलानि दु :खानि तानि त्यक्त्वा वसेत्सुखम् ।।५।।

જેને પ્રેમ હોય છે તેને ભય પણ હોય છે. અને તેથી તો સ્નેહ દુ:ખનું કારણ છે. બધા જ દુ:ખોનું મૂળ સ્નેહ છે. માટે આ સ્નેહને તજીને જ મનુષ્ય, સુખથી રહી શકે. (૫)

વિવરણ :

'ભય બિનુ હોઈ ન પ્રીતિ.' પ્રેમ અને ભય એકબીજા ઉપર આધારિત છે. જ્યાં પ્રેમ હોય ત્યાં પ્રેમભંગનો ભય પણ છે. અથવા તો ભયને લીધે જ માણસ પ્રેમ દર્શાવે છે. જો કે આવો પ્રેમ ઉપરછલ્લો હોય છે. સાચા પ્રેમમાં ભય હોતો નથી.

સાંસારિક સ્નેહ, દુઃખનું કારણ છે. સ્નેહનો અર્થ 'ચીકાશ' છે. ચીકાશ, વસ્તુને પકડી રાખે છે. સ્નેહમાં આવી મજબૂત પકડ હોય છે. અને એ પકડમાં પકડાઈને કોઈપણ પ્રાણી, પરેશાન થાય છે. અને જે વ્યક્તિ, આવી આસક્તિમાંથી મુક્ત થાય તેને સુખ થાય !

સ્નેહ, મધલાળ છે એમાં પડીને મરે, પણ જે ન પડે તે ઉગરે. કવિ કહે છે ;

'કીડી મકોડી ને મૂઢ નર, ઈ મધલાળે મરે'

ભવિષ્ય બાબતે પણ જાગૃતિ જરૂરી

अनागतविधाता च प्रत्युत्पन्नमतिस्तथा ।
द्वावेतौ सुखमेघेते यद्भविष्यो विनश्यति ।।६।।

જે વ્યક્તિ, ભવિષ્યમાં ઘટનારી ઘટના માટે અગાઉથી તૈયારી કરે છે અને જેની પ્રસંગ પ્રમાણે બુદ્ધિ જાગૃત થાય છે, એ બન્ને વ્યક્તિઓ સુખ પામે છે. પરંતુ ભવિષ્યમાં જે થવાનું હશે તે થશે એમ માનનાર વિનાશ પામે છે. (૬)

વિવરણ :

'ભવિષ્યનો વિચાર ન કરવો' એમ અગાઉ કહ્યું છે, પરંતુ ભવિષ્યમાં કોઈ ઘટના ઘટવાના સંકેત મળે તો એમાંથી છૂટવાના ઉપાયો અગાઉથી વિચારી લેવા. 'આગ લાગશે ત્યારે કૂવો ખોદીશું.' એવા વિચારને બદલે કૂવો અગાઉથી ખોદી રાખવો તેમાં ડહાપણ છે.

વળી કેટલાક બુદ્ધિશાળી લોકો એવા હોય છે, જેની બુદ્ધિ તરત જ જાગૃત થાય છે. પ્રસંગ બને અને તરત જ તેના ઉપાય એને સૂઝી જાય. આવા શાણા લોકોને સંસ્કૃતમાં 'પ્રત્યુત્પન્નમતિ' કહેવામાં આવે છે. તેની બુદ્ધિ પ્રસંગાનુસાર જાગે છે.

આ બન્ને પ્રકારનાં લોકોને સંકટો સતાવતા નથી. કારણ કે સંકટોથી બચવાના ઉપાયો એને હાથવગા છે.

રાજાને જવાબદારી છે

राज्ञि धर्मिणि धर्मिष्ठा : पापे पापा : समे समा : ।
राजानमनुवर्तन्ते यथा राजा तथा प्रजा : ।।७।।

રાજા ધાર્મિક હોય ત્યારે પ્રજા પણ ધાર્મિક થાય છે. એ પાપી હોય તો લોકો પણ પાપી થાય છે. અને રાજા, સમાન હોય તો પ્રજા પણ સમાન થાય છે. પ્રજા હંમેશાં રાજાનું જ અનુસરણ કરે છે. જેવો રાજા હોય, પ્રજા પણ તેવી જ થાય છે. (૭)

વિવરણ :

'यथा राजा तथा प्रजाः ।' (જેવો રાજા, તેવી જ એની પ્રજા) આ સૂત્ર, ચાણક્યનું માનીતું સૂત્ર છે. એટલે રાજાએ જો પોતાના રાજ્યને આબાદ અને સુખી અને સમૃદ્ધ બનાવવું હોય તો તેણે ગુણવાન, શીલવાન, ધૈર્યવાન, શૌર્યવાન અને બુદ્ધિમાન થવું જોઈએ.

ધર્મ ઉપર ભાર મૂકો

जीवन्तं मृतवन्मन्ये देहिनं धर्मवर्जितम् ।
मृतो धर्मेण संयुक्तो दीर्घजीवी न संशयः ।।८।।

ધર્મ વિનાનો મનુષ્ય, જીવતો હોય તો પણ તેને મરેલો સમજવો પરંતુ ધર્મનું આચરણ કરતો કરતો મૃત્યુ પામે તો પણ એ જીવતો છે, એમાં કોઈ સંશય નથી. (૮)

વિવરણ :

મહાભારતમાં કહ્યું છે; 'धारणात् धर्ममित्याहुः धर्मो धारयते प्रजाः ।' (ધર્મ, આ જગતને અને જગતના જીવોને ધારણ કરે છે, માટે જ તેને) 'ધર્મ' (ધારણ કરનારો) કહ્યો છે. વળી એમ પણ કહ્યું છે કે જો પ્રજા ધર્મનું રક્ષણ કરે તો ધર્મ, પ્રજાનું રક્ષણ કરે છે.

તેથી જે મનુષ્યના જીવનમાં ધર્મ ન હોય તે મનુષ્ય જીવતા છતાં મરેલો છે. અને ધર્માચરણ કરતો માણસ રામચરણ પામે તો એ મરેલો છતાં જીવતો છે. કારણ કે માણસ મૃત્યુ પામે પછી, માત્ર ધર્મ જ એની સાથે જાય છે.

પાંડવોએ સ્વર્ગારોહણ કર્યું ત્યારે સ્વર્ગે જતાં યુધિષ્ઠિરની પાછળ એક કૂતરો પણ ગયો. એ કૂતરો, ધર્મનું પ્રતીક છે.

જીવન અને પુરુષાર્થ

धर्मार्थकाममोक्षाणां यस्यैकोऽपि न विद्यते ।
अजागलस्तनस्येव तस्य जन्म निरर्थकम् ।।९।।

જે માણસનાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાંથી એક પણ ન હોય તેનો જન્મ, બકરીના ગળે લટકતા આંચળ જેવો નિરર્થક છે. (૯)

વિવરણ :

જગતમાં આવીને પ્રત્યેક મનુષ્યે ચાર પુરુષાર્થો પ્રાપ્ત કરવા એમાં એના જીવનનું સાફલ્ય છે. અર્થ (ધન) અને કામ (વિષયવાસના) આ બે પુરુષાર્થો મેળવવા બધા જ લોકો મથે છે. ધર્મનું પાલન, બહુ થોડા માણસો કરે છે.

પરંતુ જે જ્ઞાની માનવો, ધર્મને કેન્દ્રમાં રાખીને અર્થોપાર્જન કરે અને ધર્મઆધારિત કામ (વિષય વાસના) નું સેવન કરે એને મોક્ષ પુરુષાર્થ સહજ રીતે મળી જાય છે. મોક્ષ, ઉપર આસમાનમાં નથી. આ જગત ઉપર જ છે.

ઈર્ષાનો દુર્ગુણ

दह्यमाना : सुतीव्रेण नीचा : पर-यशोऽग्निना ।
अशक्तास्तत्पदं गन्तुं ततो निन्दां प्रकुर्वते ।।१०।।

બીજાની કીર્તિરૂપી ભડભડ પ્રકાશતી આગમાં, અધમ માણસો બળવા લાગે છે. એ લોકો તેઓના માર્ગનું અનુસરણ કરવા અસમર્થ હોય છે. પરિણામે તેઓની નિંદા કરે છે. (૧૦)

વિવરણ :

બીજાની નિંદા કરવામાં માણસ, આડકતરી રીતે પોતાની પ્રશંસા કરી લેતો હોય છે. ઉત્તમ મનુષ્યોમાં ઈર્ષ્યાનો દુર્ગુણ નથી હોતો, તેથી તેઓ કોઈની નિંદા નથી કરતા.

બીજાની ફેલાતી કીર્તિ જોઈને, અધમ લોકો બળે, ઉત્તમ લોકો તો ખુશ થાય. લોકોને કીર્તિ અનાયાસ નથી મળતી. એણે સત્કર્મો કર્યા હોય છે તેથી કીર્તિ મળી છે. અધમ લોકો સત્કર્મો નથી કરી શકતા તેથી તેઓને યશ નથી મળતો. પરિણામે તેઓ સજ્જનોની નિંદા કરે છે.

બંધન અને મુક્તિ

बन्धाय विषयाऽऽसक्तं मुक्त्यै निर्विषयं मन : ।
मन एवं मनुष्याणां कारणं बन्धमोक्षयो : ।।११।।

વિષયવાસનામાં આસક્ત મન, બંધનમાં પડે છે પરંતુ, વિષયોમાં મગ્ન ન રહેનારું મન, મુક્ત થાય છે. આમ મન, એ જ મનુષ્યોના બંધન અને મોક્ષનું કારણ છે. (૧૧)

વિવરણ :

બંધન અને મુક્તિ એ મનનું કારણ છે. કોઈપણ વિષયમાં મન, મોહિત થાય તો એ એમાં બંધાય છે. અને જો તે, એમાં આસક્ત ન થાય તો એ મુક્ત હોય છે.

સંસારના રોજબરોજના વ્યવહારોમાં પણ મન જો વધુ ચંચલ હોય તો માણસ કેટલા ફાંસલામાં ફસાઈ છે. અને મનને જો માત્ર થોડું વશ કરવામાં આવે તો કેવી પરમ શાંતિનો અનુભવ થાય છે.

જ્ઞાનના ક્ષેત્રમાં તો 'મનની પાર' (Beyond mind) જવાનું છે.

સમાધિ અવસ્થા

देहाभिमाने गलिते विज्ञाते परमात्मानि ।
यत्र यत्र मनो याति तत्र तत्र समाधय: ।।१२।।

જ્યારે દેહાભિમાન સાવ ઓગળીને શૂન્ય થઈ જાય, અને જ્યારે પરમાત્માને જાણી લેવામાં આવે ત્યારે જ્યાં જ્યાં મન જાય ત્યાં ત્યાં સમાધિ છે. (૧૨)

વિવરણ :

દેહાભિમાન જ અજ્ઞાનનું કારણ છે. જો મનુષ્ય, દેહ હોવા છતાં દેહભાવથી મુક્ત થઈ જાય તો એ સમાધિની સર્વોત્તમ સ્થિતિ. એ વ્યક્તિ પછી 'વિદેહી' (દેહ હોવા છતાં દેહ વિનાના) બની જાય છે. રાજા જનક આવા વિદેહી હતાં, એનું અહં મમત્વ સાવ શૂન્ય થઈ જાય છે. તેથી જ જનક કહેતા 'મિથિલા રાજધાની બળી જાય તો એમાં મારું કશું નથી બળતું.'

આવા મહાપુરુષને 'સ્થિતપ્રજ્ઞ' કહેવાય. અને તે નિત્ય સમાધિમગ્ન હોય છે. આવી દશાને 'સહજ સમાધિ' કહેવાય છે ! કબીર સાહેબ કહે છે ; 'સાધો ! સહજ સમાધિ ભલી.

ઇચ્છાનો અંત એટલે ચિંતાનો અંત

ईप्सितं मनस: सर्वं कस्य सम्पद्यते सुखम् ।
दैवाऽऽयत्तं यत: सर्वं तस्मात्सन्तोषमाश्रयेत् ।।१३।।

મનમાં જે ઈચ્છ્યું તે બધું મનુષ્યને સાવ સહેલાઈથી ક્યાંથી મળે ? બધી જ બાબતો દૈવને આધીન છે એમ સમજીને સંતોષ રાખવો. (૧૩)

વિવરણ :

મનુષ્યની આશાઓ અને ઇચ્છાઓ અનંત છે. અને બધી ઇચ્છાઓ પૂરી થતી પણ નથી. ઇચ્છાઓ પૂરી કરવામાં દોડધામ કરવાથી જિંદગી પૂરી થઈ જાય છે, પણ ઇચ્છાઓ પૂરી થતી નથી. શાસ્ત્રો કહે છે; 'કામનાઓ તૃપ્ત કરવાથી એનું શમન થતું નથી. ઊલટાનું બળતા અગ્નિમાં ઘીની આહુતિ પડે અને તે વધુ પ્રજ્વલિત થાય તેમ કામનાઓ ઉપભોગથી વધે છે'

એટલે ઉત્તમ વાત છે કે ઇચ્છાઓને જ કાપી નાખવી. ઇચ્છાનો અંત એટલે ચિંતાનો અંત, અને ચિંતાનો અંત એટલે સુખનો આરંભ. કબીર સાહેબ કહે છે; 'ચાહ ગઈ ચિન્તા ગઈ.'

મહાવીર સ્વામીએ કહ્યું છે; 'તૃષ્ણા તો ગાંડી વેલની જેમ વધ્યા જ કરે છે. એને વૈરાગ્યની કટારથી મૂળ સોતી કાપી નાખો.'

કર્મ કર્તાની પાછળ જાય છે

यथा धेनुसहस्त्रेषु वत्सो गच्छति मातरम् ।
तथा यच्च कृतं कर्म कर्तारमनुगच्छति ।।१४।।

હજારો ગાયોનું ટોળું ઊભું હોય તેમાંથી વાછરડું તેની માતા પાસે પહોંચી જાય છે. તે જ રીતે કરવામાં આવેલું દરેક કર્મ, એના કર્તાની પાછળ જાય છે. (૧૪)

વિવરણ :

મનુષ્યને એના કર્મો છોડતા નથી. કર્મો, અગાઉના જન્મના સંચિત હોય, કે આ જન્મમાં આચરેલા હોય, તે એના કર્તાને ઓળખી લે છે. અને કર્મોનુ ફળ – સારું કે ખરાબ પણ અવશ્ય ભોગવવું પડે છે.

હજારો ગાયોનું ટોળું ઊભું હોય, એમાં બધી ગાયો એક સરખી દેખાતી હોય છતાં વાછરડું એની માતાને ઓળખી કાઢે છે અને દોડીને એની પાસે પહોંચી જાય છે. તેવી જ રીતે મનુષ્યોની ભીડમાં પણ કર્મો, એના કરનારને શોધી કાઢે છે અને એ કર્મોનું પરિણામ એને ભોગવવું પડે છે. સાંભળો કવિ ગંગની વાણી.

કર્મ હી અર્જુન હીન ભયો, અરુ કર્મ હી ગોવિંદ ધેનુ ચરાઈ
કર્મ હી સુન્દરી દાસી બની, અરુ કર્મ હી ભીમ રસોઈ પકાઈ

કર્મોના ફળ ભોગવવા અર્જુન, નપુંસક થયો, કર્મના પ્રભાવથી જ શ્રીકૃષ્ણ ગોવાળ બન્યા, કર્મના પ્રતાપે જ દ્રૌપદીને દાસી બનવું પડ્યું, અને કર્મના સિદ્ધાંતથી ભીમસેનને રસોઈ કરવી પડી.

નિયત કર્તવ્ય અને મનુષ્ય

अनवस्थितकार्यस्य न जने न वने सुखम् ।
जने दहति संसर्गो वने सङ्गविवर्जनम् ।।१५।।

જે મનુષ્ય, કાર્ય સુવ્યવસ્થિત કરતો નથી તેને ન તો જનસમાજમાં સુખ છે, ન તો વનવાસમાં સુખ છે. તે લોકોની વચ્ચે રહે તો જનસંપર્ક એને બાળે, અને જો વનમાં રહે તો નિર્જનતા એને બાળે (૧૫)

વિવરણ :

સત્કાર્યોથી જનસમાજમાં ગૌરવ અને સન્માન મળે છે. અને આ રીતે પ્રાપ્ત થતો લોકાદર સુખ આપે છે. પરંતુ જે માણસ પોતાના નિયત કર્તવ્યો બરાબર બજાવતો નથી, એને લોકો માન આપતાં નથી. પરિણામે એને સમાજની વચ્ચે રહેવાથી સુખ મળતું નથી, અને ભાગીને અરણ્યમાં ચાલ્યો જાય તો ત્યાં મનુષ્યોની વસતિ નથી. એટલે ત્યાં લોકસંપર્કના અભાવમાં એને એકલતાની પીડા સહન કરવી પડે છે. એથી એને ન તો જનસમાજ વચ્ચે સુખ, ન વનવાસમાં સુખ !

ગુરુ વિદ્યાનો ભંડાર છે

यथा खात्वा खनित्रेण भूतले वारि विन्दति ।
तथा गुरुगतां विद्यां शुश्रूषुरधिगच्छति ।।१६।।

જેવી રીતે મનુષ્ય, કોદાળીથી ખોદીને ભૂતળમાંથી જળ મેળવે છે. તેવી રીતે સેવા કરનારો શિષ્ય, ગુરુપાસે રહેલી વિદ્યા પ્રાપ્ત કરે છે. (૧૬)

વિવરણ :

જળભંડાર ભૂતળમાં ભરપૂર ભર્યો છે. પરંતુ ભૂમિ ઉપર ઊભા રહીને વિચાર કરીએ અને પ્રયત્નો ન કરીએ તો એ ભૂતળના જળના દર્શન થતાં નથી. પણ અવિરત પુરુષાર્થ કરી, કોદાળીથી ધરતીને ખોદ્યા કરીએ તો જળ પ્રગટ થાય છે. ઠીક કહ્યું છે કવિએ; 'સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય'

એ જ રીતે ગુરુના અંતરમનમાં વિદ્યાનો ભંડાર ભર્યો છે. જો શિષ્યને એ ભંડાર પ્રાપ્ત કરવાની ઝંખના હોય તો તેણે ગુરુની અવિતરત અને અપ્રતિમ સેવા કરીને તેના આશીર્વાદ મેળવવા જોઈએ.

સદ્બુદ્ધિ સત્કર્મ કરાવે

कर्मायत्तं फलं पुंसां बुद्धि: कर्मानुसारिणी ।
तथापि सुधियश्चाऽऽर्या: सुविचार्यैव कुर्वते ।।१७।।

મનુષ્યોને એના કર્મ પ્રમાણે ફળ મળે છે. તો એની બુદ્ધિ એના કર્મને અનુસરનારી થાય છે. તો પણ સદ્બુદ્ધિવાળા આર્ય સજ્જનો, સારી રીતે વિચારીને જ કર્મો કરે છે. (૧૭)

વિવરણ :

અહીં પણ ચાણક્યે કર્મના સિદ્ધાંતની જ વાત કરી છે. મનુષ્ય જેવું કર્મ કરે તેવું ફળ તેને મળે. પણ કર્મ કરવાની પ્રેરણા કોણ આપે છે ? કર્મનું પ્રેરક બળ છે બુદ્ધિ! જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે કર્મ થાય. સદ્બુદ્ધિ સત્કર્મ કરાવે. દુર્બુદ્ધિ દુષ્ટકર્મ કરાવે.

આર્યસજ્જનો, હંમેશાં સત્કર્મોમાં જ પ્રવૃત્ત રહે છે. ગીતાકાર કહે છે; સાત્ત્વિક કર્મો, યજ્ઞ, દાન અને તપ વગેરે તો કરવાના જ છે. આવા કર્મો તો અવિરત કર્યા કરો (सततम् कुरु कर्म त्वम् ।)

ગુરુ જ્ઞાનના અજવાળા પાથરે

एकाक्षरप्रदातारं यो गुरुं नाभिवन्दति ।
श्वानयोनिशतं भुक्त्वा चाण्डालेष्वभिजायते ।।१८।।

માત્ર અક્ષરજ્ઞાન આપ્યું હોય એવા ગુરુને પણ જે વંદન નથી કરતો, તે શ્વાનની સેંકડો યોનિઓમાંથી પસાર થયા પછી, ચાંડાલોમાં જન્મે છે. (૧૮)

વિવરણ :

આપણી સંસ્કૃતિએ ગુરુને બ્રહ્માનું સ્થાન આપ્યું છે. અક્ષરજ્ઞાન આપનાર વિદ્યાગુરુ હોય કે અધ્યાત્મજ્ઞાન આપનાર સદ્ગુરુ – બન્ને શિષ્યને માટે એના પરમ દેવતા છે. કારણ કે બન્ને ગુરુઓ શિષ્યના અંતરમાં રહેલા અજ્ઞાનના અંધારાને હટાવીને જ્ઞાનના અજવાળા પાથરે છે. સંતકવિ ભોજા ભગતે કહ્યું છે;

'મને દયા કરી ગુરુદેવ ! કાપીને કર્મ-કર્મળો જી રે;
હવે નિત્યપ્રતિ વરસે નૂર, નયનમાંથી નિર્મળો જી રે.'

ગુરુદેવ, શિષ્ય ઉપર દયા કરે છે, અને એના અજ્ઞાન રૂપી કમળાનો રોગ દૂર કરે છે. અને આવો કમળાનો વ્યાધિ દૂર થતાં આંખોમાંથી જ્ઞાનના નિર્મળ નૂર વરસે છે !

આવા ગુરુને જે આદર ન આપે કે વંદન ન કરે તે શિષ્ય, શ્વાનની સેંકડો યોનિઓમાંથી પસાર થઈ ચાંડાલ બને છે. એટલે કે તે અતિ અધમ સ્થિતિમાં મૂકાય છે.

સાધુ પુરુષો ચલિત થતા નથી

युगान्ते प्रचलते मेरु : कल्पान्ते सप्त सागरा : ।
साधव : प्रतिपन्नार्थान् न चलन्ति कदाचन ।।१९।।

એક યુગ પૂરો થયે મેરુ પર્વત ચલાયમાન થાય છે. કલ્પને અંતે જ્યારે પ્રલય થાય ત્યારે સાતેય સાગરો ખળભળી ઊઠે છે પરંતુ સાધુ પુરુષોએ નક્કી કરેલા કાર્યોમાંથી ક્યારેય ચલિત થતા નથી. (૧૯)

વિવરણ :

સાધુ પુરુષો એના સદ્‌વિચારને અનુરૂપ સત્કર્મો કરવા તત્પર બને છે અને આવા સત્કર્મો પૂરા કરવા જતાં તેઓને કોઈ પણ અવરોધ અટકાવી શકતાં નથી. ગંગાસતી કહે છે;

'મેરૂ તો ડગે પણ જેના મનડાં ડગે નહીં પાનબાઈ !
મરની ભાંગી પડે ભરમાંડ '

કદાચ મેરૂ પર્વત, જે અચલ છે તે ચલાયમાન થાય, કદાચ મહાસાગરો, જે મર્યાદા મૂકતા નથી, તેઓ પણ કિનારા ઓળંગીને ખળભળી ઊઠે, કદાચ આ આખું બ્રહ્માંડ ભાંગી પડે, પરંતુ મહામાનવો ક્યારેય પોતાના સત્કાર્યોમાંથી ચલિત થતાં નથી.

ભર્તૃહરિએ મનુષ્યોના ત્રણ પ્રકાર ગણાવ્યા છે, ઉત્તમ, મધ્યમ અને અધમ. તેમાંથી ઉત્તમ માનવો એ છે જેઓ પોતે ઉપાડેલ સત્કાર્યને ક્યારેય છોડતાં નથી.

*

॥ ચૌદમો અધ્યાય ॥

અંતરમાં પ્રેમ હોય તો સ્થળનું અંતર નડતું નથી અને અંતરમાં પ્રેમ ન હોય તો સાંનિધ્ય પણ ગમતું નથી.

સાચા રત્નો

पृथिव्यां त्रीणि रत्नानि जलमन्नं सुभाषितम् ।
मूढै: पाषाणखण्डेषु रत्नसंज्ञा विधीयते ।।१।।

આ પૃથ્વીમાં ત્રણ જ રત્નો છે; પાણી, અન્ન અને સારી વાણી. એ લોકો તો મૂર્ખા છે, જેઓ પથ્થરના ટુકડાઓને રત્નો કહે છે. (૧)

વિવરણ :

આ વિશ્વમાં કરોડો રૂપિયામાં જેની કિંમત આંકી શકાય એવા અસંખ્ય રત્નો છે. પણ સાચા રત્નો ક્યા છે ? તેની વાત કવિ, આ અતિસુંદર શ્લોકમાં કરે છે.

આ જગતમાં ત્રણ જ ઉત્તમ રત્નો છે. પાણી, અન્ન અને સારી વાણી. હીરા, મોતી, માણેક, પન્ના વગેરે તો પથ્થરના ટુકડાં છે, આપણને તેઓને રત્નો માનવાની અને તેની કિંમત વધારવાની ખોટી ટેવ પડી છે.

ધારો કે આપણા ખિસ્સામાં એક કરોડોનો કિંમતી હીરો હોય, અને આપણે વેરાનમાં ભૂલા પડ્યા જ્યાં પાણી અને અન્ન મળતાં નથી તો ખિસ્સામાં પડેલો હીરો આપણી તરસ છીપાવી શકતો નથી કે આપણી ભૂખ મીટાવી શકતો નથી. એ વખતે એક ગ્લાસ પાણી કે એક રોટલાનો ટુકડો હીરા કરતાં વધુ કિંમતી છે એ વાત આપણને સમજાય છે.

અને આપણે ભયાનક મુશ્કેલીમાં આવી પડ્યા હોઈએ ત્યારે હીરો આપણને આશ્વાસન આપતો નથી, પણ કોઈ સંતની મધુર વાણી કે મિત્રની પ્રેમાળ વાતો આપણને હૂંફ આપે છે.

આથી સ્પષ્ટ થાય છે કે સાચા રત્નો છે, અન્ન પાણી અને મધુરવાણી !

અપરાધ-વૃક્ષના ફળો

आत्माऽपराधवृक्षस्य फलान्येतानि देहिनाम् ।
दारिद्र्यरोगदु:खानि बन्धनव्यसनानि च ।।२।।

મનુષ્યોના પોતાના અપરાધરૂપી વૃક્ષોના આ બધા ફળો છે; દરિદ્રતા, રોગ, દુઃખો, બંધન અને સંકટો. (૨)

વિવરણ :

મનુષ્યના જીવનમાં આપત્તિઓ આવે, ગરીબાઈ, દુઃખ, રોગ, બંધન વગેરેથી એ અત્યંત મુશ્કેલીમાં મૂકાય ત્યારે ઘણીવાર કાં તો નસીબને દોષ દેવામાં આવે છે, કાં તો બીજા લોકોને તેને માટે જવાબદાર ગણવામાં આવે છે. અને દોષનો ટોપલો અન્યના ઉપર ઓઢાડી દેવામાં આવે છે.

હકીકતે તો માણસની મુશ્કેલીઓનું કારણ એના પોતાના અપરાધ અથવા કર્મો છે. આપત્તિઓ ત્રણ પ્રકારની છે. (૧) આસમાની એટલે કુદરત સર્જિત, ભૂકંપ, દુષ્કાળ, સુનામી વગેરે (૨) સુલતાની એટલે યુદ્ધો, રાજકીય અશાંતિ, રાજ્યતરફથી અપાતા ત્રાસ. (૩) વ્યક્તિગત એટલે પોતાના કર્મોને લીધે ઊભી થયેલ આપત્તિઓ.

આમાં આસમાની – સુલતાની સંકટો આવે તેની જવાબદારી માણસના શિરે નથી. પણ એ ગરીબ રહે તો એને માટે તો એ પોતે જ જવાબદાર છે. એ જ રીતે રોગ પણ એના આહાર-વિહારના દોષથી થાય છે. દુઃખ અને બંધન પણ એના અણઆવડત ભર્યાં કર્મોથી જ ઊભું થતું હોય છે.

મનુષ્યદેહ મૂલ્યવાન છે

पुनर्वित्तं पुनर्मित्रं पुनर्भार्या पुनर्मही ।
एतत्सर्वं पुनर्लभ्यं न शरीरं पुन: पुन: ।।३।।

ધન, ફરી પાછું મળે છે. મિત્ર પણ ફરીવાર મળે છે. પત્ની અને આ પૃથ્વી પણ ફરી વખત મળે છે. આ બધું વારંવાર મળ્યા જ કરે છે. પરંતુ આ શરીર ફરીવાર મળતું નથી. (૩)

વિવરણ :

કેટલીક વસ્તુઓ નાશ પામે કે ચાલી જાય તો પાછી આવી મળે છે. પરંતુ જે વસ્તુ એકવાર વિદાય લે એ જો પાછી ન મળે તો એનું મૂલ્ય વધુ છે, અને આવી વસ્તુને સાચવવી જોઈએ.

ધન ચંચલ છે. એ ચાલ્યું જાય તો પાછું મળવાનો સંભવ છે. સાવ ભિખારી થઈ ગયેલા, મોટા ધનપતિ બની જતાં હોય છે. મિત્રો મિત્રતા તજી દે, તો ફરી પાછા મિત્રતા બાંધે છે, અથવા તો નવા મિત્રો મળે છે. પત્ની, તજીને જતી રહે તો, બીજી પત્ની જીવનમાં આવતા વાર નથી લાગતી ! પરંતુ આ શરીર નાશ પામે તો એ ફરીવાર મળતું નથી.

લોકકવિ કહે છે;

'ઉજ્જડ ખેડા ફરી વસે, નિર્ધનિયા ધની હોય,
ગયા ન જોબન સાંપડે, મૂઆ ન જીવે હોય.'

કોઈ ગામ ઉજ્જડ થઈ જાય તો ફરીવાર લોકો ત્યાં આવે છે અને ગામ ફરી વસી જાય છે. નિર્ધન માણસ ધનિક થઈ શકે છે. પરંતુ એકવાર ચાલ્યું ગયેલું યૌવન અને મૃત્યુ પામેલ શરીર પાછું મળતું નથી.

સમૂહશક્તિ જરૂરી છે

बहूनां चैव सत्त्वानां समवायो रिपुञ्जयः ।
वर्षधाराधरो मेघस्तृणैरपि निवार्यते ।।४।।

અનેક વસ્તુઓ એકસાથે એકઠી મળે તો તેનાથી શત્રુ ઉપર વિજય મેળવી શકાય છે. વરસાદની અનરાધાર ધારા વરસાવતો મેઘ પણ ઘાસના છાપરાથી રોકી શકાય છે. (૪)

વિવરણ :

અનેક વસ્તુઓ એકઠી થવાથી એક સમૂહશક્તિ ઊભી થાય છે, અને તેની તાકાતથી મુશ્કેલ પ્રશ્નનો પણ ઉકેલ થઈ શકે છે. અથવા તો આવી સંઘશક્તિથી ભયાનક શત્રુનો સામનો પણ કરી શકાય છે એમ કહેવાય છે કે સત્યુગમાં તપના પ્રભાવથી એક જ વ્યક્તિ, અલૌકિક કાર્ય કરી શકે, પણ કલિયુગમાં તપ ન હોવાથી એક વ્યક્તિ, મહાન કાર્ય ન કરી શકે. કલિયુગમાં તો સમૂહથી શક્તિ ઉત્પન્ન થાય છે. પંચતંત્રમાં પણ કહ્યું છે; 'संहतिः कार्यसाधिका ।' અનેક લોકોના સંગઠ્ઠનથી કાર્ય સિદ્ધ થાય છે. અને 'संघे शक्तिः कलौ युगे ।' કલિયુગમાં સંઘની શક્તિ જ ઉપકાર છે.

મેઘ જ્યારે ધોધમાર વરસતો હોય ત્યારે એના જોરથી એકલું તણખલું તૂટી જાય. અથવા તણાઈ જાય. પરંતુ કરોડો તણખલા ભેળા થાય અને એનું છાપરું બને તો મેઘની જલધારાઓ પણ એને ભેદી શકતી નથી. સંપની અને સંઘની શક્તિ, ચમત્કારો સર્જી શકે છે.

એક ફિલ્મી ગીતની કડીઓ આ ચિંતનનો સરસ પડઘો પાડે છે.

'સાથી ! હાથ બઢાના,
દેખ અકેલા થક જાયેગા,
મિલકર કદમ બઢાના.'

કીડી, સાવ નાનકડું જંતુ છે. પણ લાખોની સંખ્યામાં આક્રમણ કરે તો મહાભયાનક ફણીધરને પળવારમાં મારી નાખે !

વસ્તુના આંતરિક ગુણો

जले तैलं खले गुह्यं पात्रे दानं मनागपि ।
प्राज्ञे शास्त्रं स्वयं याति विस्तारं वस्तुशक्तितः ।।५।।

જળની સપાટી ઉપર તેલ વિસ્તાર પામે છે. દુષ્ટવ્યક્તિને કહેલી ગુપ્ત વાત પણ પ્રસાર પામે છે. સુપાત્રને આપેલું થોડું દાન અને વિદ્વાનને આપેલું શાસ્ત્ર પણ વિસ્તાર પામે છે – આ બધું આપમેળે જ પોતાની શક્તિથી જ ફેલાતું હોય છે. (૫)

વિવરણ :

કેટલીક બાબતો, વૃદ્ધિ કે વિસ્તાર તેના આંતરિક ગુણોથી પામે છે. એને પ્રસાર પામવા કોઈની સહાયની જરૂર નથી પડતી. સંસ્કૃતના નાટકકાર જયદેવે સરસ વાત કરી છે ; 'કૌતુક ઉત્પન્ન કરે એવી વાર્તા, અત્યંત નિર્મળ વિદ્યા, તરબતર કરે એવી સુગંધ અને કસ્તૂરી મૃગની નાભિમાં થતી કસ્તૂરીની મહેક' – આટલી બાબતો, એની મેળે જ વિસ્તાર પામે છે.'

આ જ રીતે પાણીની સપાટી ઉપર પડેલ તેલનું ટીપું પણ સહજ રીતે વિસ્તરે છે. દુર્જનને કોઈ ગુપ્ત વાત જણાવો કે તરત જ એ આખા નગરમાં ફેલાઈ જાય છે. સુપાત્રને આપેલું અલ્પદાન પણ અનેકગણું થઈને વિસ્તરે છે. અને વિદ્વાનને આપેલું શાસ્ત્રજ્ઞાન પણ વિસ્તાર પામ્યા જ કરે છે.

ક્ષણિક વૈરાગ્ય વિશે

धर्माऽऽख्याने श्मशाने च रोगिणां या मतिर्भवेत् ।
सा सर्वदैव तिष्ठेच्चेत् को न मुच्येत बन्धनात् ।।६।।

ધર્મનું વ્યાખ્યાન સાંભળીને, શ્મશાનમાં જતી વખતે, અને રોગગ્રસ્ત હોય ત્યારે મનુષ્યમાં જે સન્મતિ પ્રગટે છે એવી જો કાયમ રહેતી હોય તે કોણ મનુષ્ય, બંધનમાંથી મુક્ત ન થઈ જાય ? (૬)

વિવરણ :

કેટલાક પ્રસંગો જ એવા પ્રભાવક હોય છે કે એની અસરમાં આવેલ વ્યક્તિમાં ક્ષણિક પરિવર્તન થઈ જાય છે. અલ્પ સમય પૂરતા આવા પરિવર્તનને 'શ્મશાન વૈરાગ્ય' કહેવામાં આવે છે.

આપણે જોયું છે કે જ્યારે કોઈ મૃતદેહને અગ્નિસંસ્કાર આપવા લોક શ્મશાનમાં એકઠા થાય છે ત્યારે લગભગ તમામ માણસોને સંસાર અસાર લાગે છે. 'આ દુનિયામાં કાંઈ સાથે આવવાનું નથી' 'જેટલું ધર્મધ્યાન કરશું એટલું સાથે આવશે. બાકી બધું અહીં જ પડ્યું રહેવાનું.' આવી જ્ઞાનની વાતો શ્મશાનમાં સંભળાય છે. પરંતુ જેવા શ્મશાનમાંથી બહાર આવે કે તરત જ 'અહમ્ મમત્વ' નો સંઘર્ષ શરૂ થઈ જાય છે.

કથાઓ અને ધર્મના વ્યાખ્યાનો સાંભળતી વખતે પણ લોકો ડાહ્યા થઈ જતાં હોય છે. આ બધા પ્રસંગોમાં માણસને ક્ષણભર વૈરાગ્ય થાય છે. જો આવી સન્મતિ કાયમ ટકતી હોય તો માનવજાત દુઃખો અને બંધનમાંથી મુક્ત થઈ જાય.

કોનો ભવ્ય ઉદય ન થાય ?

उत्पन्नपश्चात्तापस्य बुद्धिर्भवति यादृशी ।
तादृशी यदि पूर्वं स्यात् कस्य न स्यान्महोदयः ।।७।।

પશ્ચાત્તાપ થયા પછી માણસમાં જેવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેવી જો પહેલાં હોય તો કોનો ભવ્ય ઉદય ન થાય ? (૭)

વિવરણ :

મનુષ્ય, કોઈપણ કુકર્મ, પાપ કે અપરાધ કરે, પછી સમય જતાં એનામાં સમજણ પ્રગટે છે અને એ પશ્ચાત્તાપ કરવા લાગે છે. પોતે કરેલા પાપનો એ એકરાર કરે છે. એમ પણ વિચારવા લાગે છે કે મેં આવું ન કર્યું હોત કેવું સારું થાત !

અપરાધ કે પાપ કર્યા પછી, આ પ્રકારના વિચાર ઉત્પન્ન થાય એના કરતા એની પહેલાં જ મનુષ્ય, સદ્‌વિચારો કરે તો દુરાચાર આચરવાનો પ્રસંગ જ નથી આવતો.

એટલે તો શાસ્ત્રોએ લોકોને ચેતવ્યા છે; 'मन्त्रपूतम् समाचरेत् ।' મનમાં સારા અને પવિત્ર વિચાર કરીને જ પછી જ આચરણ કરવું.

'પશ્ચાતાપ' શબ્દ મજાનો છે. પશ્ચાત્ એટલે પછીથી અનુભવાતો તાપ ! માણસ, પહેલાં અપરાધની આગ ઉત્પન્ન કરે છે, તેથી જ એને પછી તાપ લાગે છે. પણ આવી આગ, અગાઉ સળગાવે જ નહીં તો પછીથી બળતરા થવાનો સંભવ જ ક્યાં રહે છે ?

બહુરત્ના વસુંધરા

दाने तपसि शौर्ये वा विज्ञाने विनये नये ।
विस्मयो न हि कर्तव्यो बहुरत्ना वसुन्धरा ।।८।।

દાનમાં, તપમાં, પરાક્રમમાં, વિજ્ઞાનમાં, વિનયમાં અને નીતિમાં મનુષ્યે નવાઈ ન પામવી. કારણ કે પૃથ્વી અનેક રત્નોથી સભર ભરી છે. (૮)

વિવરણ :

દાનમાં, તપમાં, પરાક્રમમાં, વિજ્ઞાનમાં, વિનયમાં તથા નીતિમાં અનેક પ્રકારના નવા કીર્તિમાન સ્થાપિત થતાં હોય છે. મહારથી કર્ણ, પ્રતિદિન સવારમાં 'સવાભાર' સોનાનું દાન આપતો. જેના ઉપર પોતાના જીવનનો આધાર હતો, તે સુવર્ણના જન્મજાત કવચ કુંડળ પણ તેણે દાનમાં આપી દીધા હતાં.

બગદાલભ્ય મુનિએ હજારો વર્ષ તપ કર્યું. હાથમાં ઘાસનો પૂળો રાખીને તેઓ, સૂરજનો તડકો રોકતાં, કોઈએ કહ્યું; 'આમ પૂળો રાખીને તપ કરો છો એના કરતાં પર્ણકુટિ બાંધી લોને ?' ઋષિએ જવાબ આપ્યો; 'હવે આ ટૂંકી જિંદગીમાં આવી ઝંઝાળ શું કરવી ?' યાદ રહે એણે હજારો વર્ષ તપ કર્યું.

પરાક્રમમાં અભિમન્યુએ આશ્ચર્ય સર્જ્યું. સાંસારિક જ્ઞાનમાં અને આધ્યાત્મિક જ્ઞાનમાં અલૌકિક ઘટનાઓ ઘટે છે. આ પૃથ્વી અનેક રહસ્યોથી ભરપૂર ભરી છે. એનો તાગ મેળવવો અસંભવ છે.

પ્રેમીઓ એકાકાર હોય છે

दूरस्थोऽपि न दूरस्थो यो यस्य मनसि स्थित: ।
यो यस्य हृदये नास्ति समीपस्थोऽपि दूरत: ।।९।।

જે વ્યક્તિ જેના મનમાં વસી ગઈ હોય તે દૂર રહેતી હોય તો પણ દૂર નથી. પરંતુ જે જેના હૃદયમાં નથી, તે સાવ પાસે હોય તો પણ દૂર છે. (૯)

વિવરણ :

જે વસ્તુ કે વ્યક્તિ, અંતરમાં વસી ગઈ હોય, તેને સ્થૂળ અંતર અવરોધરૂપ બનતું નથી. બે સાચા પ્રેમીઓ હજારો માઈલ દૂર હોય તો પણ હૃદયના પ્રેમને લીધે સાવ નજીક છે. 'સાવ નજીક છે' એમ કહેવું તે પણ ગલત થશે. પ્રેમીઓ તો એકાકાર હોય છે.

પરંતુ જેઓની વચ્ચે હાર્દિક પ્રેમ નથી, તેઓ એક જ છાપરાની નીચે, એક જ પથારીમાં રહેતા હોય તો પણ માઈલો દૂર છે.

અંતરમાં પ્રેમ હોય તો સ્થળનું અંતર નડતું નથી. અને અંતરમાં પ્રેમ ન હોય તો સાંનિધ્ય પણ ગમતું નથી.

નાટકકાર ભવભૂતિ કહે છે; 'કોઈ આંતરિક બળવાન પ્રેમ જ પદાર્થોને કે વ્યક્તિઓને એક સાથે મેળવે છે. પ્રેમ, કોઈ બાહ્ય કારણો ઉપર આધાર રાખતો નથી. કરોડો માઈલ દૂર સૂરજનું દર્શન થાય, અને પૃથ્વી ઉપર કમળો ખીલી ઊઠે !'

હરણ અને શિકારી

यस्य चाप्रियमिच्छेत् तस्य ब्रूयात् सदा प्रियम् ।
व्याधो मृगवधं कर्तु गीतं गायति सुस्वरम् ।।१०।।

જેનું તમે અપ્રિય ઇચ્છતા હો તેનું હંમેશાં પ્રિય બોલવું. શિકારી, હરણાનો શિકાર કરવાનો હોય ત્યારે તેને મધુર સ્વરે ગીત સંભળાવે છે. (૧૦)

વિવરણ :

આ શ્લોકમાં ચાણક્ય, કઠોર રાજનીતિની વાત કરે છે. જેનું આપણે અહિત કરવું હોય તેની સાથે સાવ જુઠ્ઠું હોય એવું પ્રિય બોલવું કારણ કે પ્રિય વાણીથી સામી વ્યક્તિ છેતરાશે. ક્રૂરતા અને દુષ્ટતાને ઢાંકવા માટે મધુર વાણી, મોહક લિબાસ છે. આ રીતે સારી સારી વાતો કરી શત્રુને વિશ્વાસમાં લઈ એનો કાંટો કાઢી શકાય છે.

હરણાનો શિકાર કરવા માટે શિકારી મધુર સ્વરે ગીત ગાય છે. અથવા વીણાના તારમાંથી મોહક સંગીત રેલાવે છે. જેમાં સંમોહિત થયેલા હરણા સ્થિર ઊભા રહી જાય છે, અને શિકારીના બાણથી વીંધાય છે.

જેનું અપ્રિય કરવું હોય તેને પ્રિયવાણીથી નુકસાન કરવું.

તેઓ સાથે મધ્યમમાર્ગ અપનાવવો

अत्यासन्ना विनाशाय दूरस्था न फलप्रदा: ।
सेवितव्यं मध्यभागेन राजा वह्निर्गुरु: स्त्रिय: ।।११।।

રાજા, અગ્નિ અને ગુરુ અને સ્ત્રીઓ જો દૂર હોય તો ફળ આપનારા નથી, અને સાવ સમીપ હોય તો હાનિકારક છે. માટે આ ચારેયને નજીક પણ નહીં દૂર પણ નહીં એમ મધ્યમ અંતરે રાખીને સેવવા જોઈએ. (૧૧)

વિવરણ :

અમુક વ્યક્તિઓ અને વસ્તુઓની બહુ નજીક પણ ન જવું, બહુ દૂર પણ ન જવું. નજીક જવાથી હાનિ થાય અને દૂર જવાથી લાભ ન મળે એટલે તેઓને અમુક નિશ્ચિત અંતરે રાખીને એનું સેવન કરવાથી ફાયદા થાય છે. આ ચાર બાબતો છે; રાજા, અગ્નિ અને ગુરુ અને સ્ત્રીઓ રાજાની સાવ નજીક જઈએ અને વધુ સંપર્કમાં આવીએ તો કોઈવાર સજા ભોગવવી પડે. અને રાજાથી દૂર જઈએ તો એના તરફથી મળવા જેવા લાભ ન મળે.

અગ્નિની સાવ સમીપ જઈએ તો દાઝીએ, એનાથી દૂર જઈએ તો ઉષ્મા ન મળે. પણ સલામત અંતરે રહીએ તો અગ્નિના લાભ મળ્યા કરે.

ગુરુનું પણ એવું. ન તો એની બહુ નજીક જવું, ન તો એનાથી બહુ દૂર થવું. ગુરુ સાથે વધુ પડતું મળવાથી અવજ્ઞા થાય છે, અને દૂર જવાથી, વિદ્યા મળતી નથી.

સ્ત્રીની વધુ નજીક જવાથી એ વશ કરી લે છે. દૂર રહેવાથી એનો લાભ નથી મળતો.

આ વિચાર, પૃથ્વી સારી રીતે જાણે છે. તે સૂર્યથી બહુ નજીક નથી જતી. જો સાવ નજીક જાય તો સૂરજ બાળી નાખે. જો બહુ દૂર જાય તો બ્રહ્માંડની ભયાનક ઠંડીમાં એ ઠૂંઠવાઈ જાય. આ કારણે ધરતી, સૂર્યથી સલામત અંતર રાખીને એની આસપાસ ઘૂમ્યા કરે છે !

સંબંધોનું ગણિત

अग्निराप : स्त्रियो मूर्खा सर्पा राजकुलानि च ।
नित्यं यत्नेन सेव्यानि सद्य : प्राणहराणि षट् ।।१२।।

અગ્નિ, પાણી, સ્ત્રીઓ, મૂર્ખાઓ, સર્પો અને રાજપરિવાર આ છ જણને બહુ સાવધાનીપૂર્વક સેવન કરવું, કારણ કે તેઓ ઝડપથી પ્રાણ હરી જનારા છે. (૧૨)

વિવરણ :

કેટલાક માણસો, પ્રાણીઓ અને પદાર્થોનું સેવન કરવામાં બહુ જ સાવધાની રાખવી. જો સહેજ પણ ભૂલ થાય તો જીવ જવાનો પૂરતો સંભવ છે.

અગ્નિ, જીવનદાયક છે. પણ ધ્યાન રાખવામાં ન આવે તો જીવનભક્ષક પણ થાય છે. પાણી પણ આપણા પ્રાણનો આધાર છે. પણ ઊંડા જળનો વિશ્વાસ ન કરાય. એ ડૂબાડે પણ ખરું. સ્ત્રીઓનો સંગ સુખદાયક. પણ કોઈ કારણે વિફરેલી નારી, વિનાશ કરનારી ! મૂર્ખાઓની સાથે વસવાથી માનહાનિ અને પ્રાણહાનિ પણ થાય. સર્પો સાથે ખેલવાથી કોઈવાર એ દંશ દઈને મારી નાખે.

અને રાજપરિવારમાં બહુ સંપર્ક ન રાખવો. એની સેવા ખૂબ જ સાવધાન રહીને કરવી. કોઈવાર નાની ભૂલ પણ મહામુશ્કેલીમાં મૂકી દે.

ઉત્તમ અને સાર્થક જીવન

स जीवति गुणा यस्य यस्य धर्म : स जीवति ।
गुणधर्मविहीनस्य जीवितं निष्प्रयोजनम् ।।१३।।

જેની પાસે ગુણો છે અને જેની પાસે ધર્મ છે તેનું જ જીવન, ખરેખર જીવન છે. પરંતુ ગુણ અને ધર્મ વિનાનું હોય તેનું જીવન સાવ નિરર્થક છે. (૧૩)

વિવરણ :

આ અર્થના શ્લોકો અગાઉ ઘણા આવી ગયા છે. તેથી એના ઉપર સમાલોચના કરવાથી પુનરુક્તિ થશે. વાતનો સાર એટલો જ છે કે ગુણ અને ધર્મવાળું જીવન ઉત્તમ અને સાર્થક તેમ જ ગુણ તથા ધર્મ વિનાનું જીવન, અધમ અને નિરર્થક !

નિંદા કરવાનો અવગુણ છોડો

यदीच्छसि वशीकर्तुं जगदेकेन कर्मणा ।
परापवादसस्येभ्यो गां चरन्तीं निवारय ।।१४।।

જો તમે, માત્ર એક જ કામથી આખા જગતને વશ કરવા માગતા હો તો તમારી વાણીને પરનિંદા કરવામાંથી પાછી વાળી લો. (૧૪)

વિવરણ :

મહાભારતમાં વ્યાસજીએ કહ્યું છે; 'આર્ય સજ્જને ચાર બાબતો ન કરવી. આત્મસ્તુતિ, આત્મનિંદા, પરસ્તુતિ, પરનિંદા. પરંતુ આ ચાર બાબતમાં પરનિંદા સહુથી વધુ ખતરનાક છે, અને નિંદકને સહુથી વધુ નુકસાન કરે છે.

જો આપણે કોઈની પ્રશંસા ન કરી શકીએ તો કશો વાંધો નહીં, પણ પરનિંદા તો ન જ કરી શકાય. પરનિંદાથી મોટું બીજું કોઈ પાપ નથી.

સંતકવિ ભોજા ભગતના વચનો છે;

'નિંદા સ્વરૂપી નદી બનાવી, એમાં નિત્ય નિત્ય નહાતો.'

અણસમજુ માણસ, પોતે જ નિંદાની નદી બનાવીને એના પ્રવાહમાં પડીને નિત્ય નાહ્યા કરે છે.

તેને પંડિત કહેવાય

प्रस्तावसद्दशं वाक्यं प्रभावसद्दशं प्रियम् ।

आत्मशक्तिसमं कोपं यो जानाति स पण्डित: ।।१५।।

જે વ્યક્તિ, પોતાના પ્રસ્તાવને અનુરૂપ અને અનુકૂળ વાક્ય બોલે, અને પોતાના પ્રભાવ પ્રમાણે પ્રિય વર્તન કરે, તેમ જ પોતાની શક્તિ પ્રમાણે જ ક્રોધ કરે તેને પંડિત કહેવાય. (૧૫)

વિવરણ :

સભામાં કે અન્યત્ર જ્યારે કોઈ પ્રસ્તાવ રજૂ કરવાનો હોય ત્યારે શાણો માણસ એ ગણાય, જે પ્રસ્તાવને અનુરૂપ જ વાક્યો બોલે. વળી પોતાની શક્તિ, પ્રભાવ અને પ્રતિભા પ્રમાણે જ આચરણ કરવું જોઈએ અને જ્યારે ક્રોધ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે પોતાની શક્તિ, સત્તા અને હેસિયત પ્રમાણે ક્રોધ કરાય તો જ આવા ક્રોધની સામી વ્યક્તિ ઉપર અસર થાય છે.

માણસમાં એક પણ પ્રકારની પ્રભુતા, સમર્થતા કે દંડ આપવાની કે લાભ કરી આપવાની સત્તા જ ન હોય તો એવા માણસના નપુંસક કોપનું કાંઈ આવી શકતું નથી.

દૃષ્ટિ એવી સૃષ્ટિ

एक एवं पदार्थस्तु त्रिधा भवति वीक्षित: ।

कुणप: कामिनी मांसं योगिभि: कामिभि: श्वभि: ।।१६।।

પદાર્થ એક જ હોય પણ તેને જોનારા એ પદાર્થને ત્રણ પ્રકારે જુએ છે. જેમ કે સ્ત્રીના સુંદર શરીરને યોગી, શબ રૂપે જુએ છે, કામી પુરુષ એને સુંદરી તરીકે જુએ છે અને કૂતરાઓ તેને માંસ તરીકે જુએ છે. (૧૬)

વિવરણ :

મનુષ્ય, પાસે જોવાની શક્તિ – આંખ છે. પણ બધી જ આંખો એકસરખું જોઈ શકતી નથી. માણસની પ્રકૃતિ, બુદ્ધિ, પ્રતિભા અને પ્રજ્ઞાને અનુરૂપ એની જોવાની ક્રિયામાં પણ ભેદ ઊભો થઈ જાય છે. વસ્તુ કે વ્યક્તિ, એક જ હોય, પણ ભિન્ન ભિન્ન કક્ષાના મનુષ્યો, એના સ્વભાવ પ્રમાણે એમાં જુદું જુદું દર્શન કરે છે.

જેમ કે સ્ત્રીના સુંદર શરીરને, જો કોઈ યોગી કે વૈરાગી જોશે તો એ એમાં હાડચામના હાડપિંજર જ જોશે. એ જ સ્ત્રીશરીર કામી પુરુષને અતિસુંદર દેખાશે, અને કૂતરાઓને એમાં માંસના લોચા દેખાશે.

આમ વસ્તુ એક હોવા છતાં દ્રષ્ટિભેદથી એમાં ભિન્નતા દેખાશે ! દર્શન, હંમેશાં સાપેક્ષ હોય છે. દ્રષ્ટાની અપેક્ષાને અનુરૂપ, તે વસ્તુનું ગુણદર્શન કરતો હોય છે.

ગુપ્ત રાખવા જેવી બાબતો

सुसिद्धमोषधं धर्मं गृहाच्छिद्रं च मैथुनम् ।
कुभुक्तं कुश्रुतं चैव मतिमान्न प्रकाशयेत् ।।१७।।

સારી રીતે સિદ્ધ કરીને શોધેલું ઔષધ, ધર્મ, ઘરનો દોષ, મૈથુન, ખરાબ ભોજન, કોઈએ કહેલા કટુવેણ – આટલી બાબતો બુદ્ધિમાન મનુષ્યે, જાહેર ન કરવી. (૧૭)

વિવરણ :

કેટલીક બાબતો એવી હોય છે જેને જાહેર કરવાથી વ્યક્તિનું ગૌરવ અને સન્માન ઘટે છે. કેટલાક જખ્મો એવા હોય છે, જેને ઊઘાડા કરવાથી નુકસાન વધુ થાય છે.

કોઈ નિષ્ણાત વૈદ્યે, સંશોધન કરીને, રોગ માટેનું અસરકારક અને સાવ નવું ઔષધ તૈયાર કર્યું હોય તો તેની 'ફોર્મ્યુલા'ની જાહેરાત ન કરાય. જો એ જાહેર કરવામાં આવે તો બીજો કોઈ વૈદ્ય એનો ફાયદો ઊઠાવે !

એ જ રીતે સ્વધર્મ, ઘરમાં ઉત્પન્ન થયેલા ચારિત્ર્યદોષો, મૈથુનની વાતો, કોઈ સ્થળે ખરાબ ભોજન મળ્યું હોય તેનું વર્ણન, અને કોઈએ કરેલું અપમાન – આ બધી ઘટનાઓ ગુપ્ત રાખવા જેવી છે. એની જાહેરચર્ચા માણસની પ્રતિભાને ઝાંખી પાડે !

કોયલ બોધ આપે છે

तावन्मौनेन नीयन्ते कोकिलैश्चैव वासरा: ।
यावत्सर्वजनानन्ददायिनी वाक्प्रवर्तते ।।१८।।

જ્યાં સુધી સર્વ જનોને આનંદ આપે તેવી મધુર વાણી પ્રગટ ન થાય ત્યાં સુધી, કોયલ, દિવસો મૌનમાં જ પસાર કરે છે. (૧૮)

વિવરણ :

આ શ્લોકમાં વ્યક્ત થતા વિચારોને અનુરૂપ એક બીજું સુભાષિત બહુ જ સુંદર છે અને લોકપ્રિય છે. તેમાં કહ્યું છે; 'વર્ષાઋતુનું આગમન થાય ત્યારે કોયલ, મધુર ટહુકા કરવાનું બંધ કરે છે એ સારી વાત છે. કારણ કે જે સમયે દેડકાઓ 'ડ્રાંઉ ડ્રાંઉ' કરીને કોલાહલ કરતા હોય ત્યારે મૌન રહેવું સારું.

વાતનો સાર એ છે કે કાં તો સર્વજનોને પ્રિય એવી મધુર વાણી બોલવી, અથવા તો લાંબા સમય સુધી મૂંગા રહેવું.

મુશ્કેલીમાં સાથીદારો

धर्मं धनं च धान्यं च गुरोर्वचनमौषधम् ।
सुगृहीतं च कर्तव्यमन्यथा तु न जीवति ।।१९।।

ધર્મ, ધન, ધાન્ય, ગુરુના વચનો અને ઔષધ – આટલી બાબતોનો સારી રીતે સંગ્રહ કરી રાખવો. અન્યથા જીવવું મુશ્કેલ પડી જાય છે. (૧૯)

વિવરણ :

સામાન્ય રીતે વધુ સંગ્રહ અથવા વધારે પરિગ્રહ ન રાખવો એવું ચિંતકો કહેતા હોય છે. પરંતુ જીવનવ્યવહાર સરળતાથી ચાલે તેટલા માટે કેટલીક વસ્તુઓનો સંગ્રહ, જરૂરનો છે. જેમ કે ધર્મ, તો જેટલો વધુ એકઠો કરી શકાય તેટલો લાભ છે. એવું જ ધન અને ધાન્ય માટે કહી શકાય. સંકટના સમયે કામમાં આવે તે માટે આ પદાર્થોનો સંગ્રહ કરવો જોઈએ.

ગુરુના વચનોનો સંગ્રહ, જીવનને ઉત્તમ બનાવે છે અને શરીર, રોગગ્રસ્ત થઈ શકે છે એવું વિચારીને જરૂર પૂરતા ઔષધો રાખી મૂકવા, ઉપકારક થાય છે.

આત્મકલ્યાણનો માર્ગ

त्यज दुर्जनसंसर्गं भज साधुसमागमम् ।
कुरु पुण्यमहोरात्रं स्मर नित्यमनित्यताम् ।।२०।।

દુર્જનોનો સંગ તજી દો. સાધુપુરુષોનો સમાગમ કરી લો. દિવસ રાત પુણ્ય પ્રાપ્ત કરો અને જગતમાં બધું અનિત્ય છે એ યાદ રાખી લો. (૨૦)

વિવરણ :

આ સંસાર અનિત્ય છે તેથી સંસારમાં આવનાર તમામ જીવો પણ અનિત્ય છે. એક માત્ર ધર્મ અને ધર્મને આધાર આપનાર ગુણો સ્થિર છે. તેથી ધર્મકાર્યો દિવસ રાત કરવા એ આત્મકલ્યાણનો માર્ગ છે.

*

॥ પંદરમો અધ્યાય ॥

મોહ થાય તેવી અનેક વસ્તુઓ આ જગતમાં છે, અને મોહ જ બંધનનું કારણ છે.

ધર્મનું હાર્દ

यस्य चित्तं द्रवीभूतं कृपया सर्वजन्तुषु ।
तस्य ज्ञानेन मोक्षेण किं जटाभस्मलेपनै: ।।१।।

જેનું મન, સર્વ પ્રાણીઓ પ્રત્યે દયાથી દ્રવી જતું હોય તેવા મનુષ્યને જ્ઞાનથી, મોક્ષથી, જટા રાખવાથી કે ભસ્મ લેપ કરવાથી શું ? (૧)

વિવરણ :

આ શ્લોકમાં, દયાનો મહિમા કર્યો છે. અગાઉ આવી ગયેલા સુભાષિતોમાં પણ દયાને સર્વોત્તમ ગુણ ગણાવ્યો. જગતના તમામ ધર્મોના ક્રિયાકાંડો, સિદ્ધાંતો અને બાહ્ય ચિહ્નોમાં ભેદ હોય છે, પરંતુ બધા જ ધર્મો 'દયા રાખવાનો ગુણ' સર્વસામાન્ય છે. એટલે તો કહ્યું છે; 'દયા ધર્મકા મૂલ હૈ'

જો કોઈ માણસ, ધર્મના બાહ્ય લક્ષણો – જેવા કે જટા, તિલક, માળા, ભસ્મલેપ, મુંડન, ખાસ પ્રકારના વસ્ત્રો અથવા નિર્વસ્ત્ર રહેવું – આ બધું હોય કે ન હોય, પણ જો તેમાં પ્રાણીમાત્ર પ્રત્યે દયા હોત તો આવો માણસ, સાચો ધાર્મિક ગણાય.

ગુરુનું ઋણ ચૂકવી શકાતું નથી

एकमेवाक्षरं यस्तु गुरु: शिष्यं प्रबोधयेत् ।
पृथिव्यां नास्ति तद्द्रव्यं यद्दत्वा चाऽनृणी भवेत् ।।२।।

ગુરુ, શિષ્યને ભલેને માત્ર એક જ અક્ષરનો ઉપદેશ આપે, પછી આ સંસારમાં એવું કોઈ દ્રવ્ય નથી જે આપીને શિષ્ય, ઋણમુક્ત થઈ શકે. (૨)

વિવરણ :

આ પ્રકારનો એક શ્લોક અગાઉ આવી ગયો છે તેથી વિવરણ અસ્થાને છે.

દુષ્ટો કંટકો જેવા છે

खलानां कण्टकानां च द्विविधैव प्रतिक्रिया ।
उपानन्मुखभङ्गो वा दूरतो वा विसर्जनम् ।।३।।

દુષ્ટોનો અને કંટકોનો બે જ રીતે સામનો થઈ શકે. કાં તો જોડાથી એનું મોઢું ભાંગી નાખવું, અથવા તો દૂરથી જ તેને તજી દેવા. (૩)

વિવરણ :

દુષ્ટો અને કંટકો સમાન છે. તેથી દુષ્ટોને 'કંટકો' કહેવામાં આવે છે. આ બંનેની નજીક ન જવાય. એનો સંગ ન કરાય. નજીક જવાથી દુષ્ટો હાનિ પહોંચાડ્યા વિના રહેતા નથી, અને કંટકો વાગ્યા વિના રહેતા નથી.

આ બંનેનો ઉપાય બે જ રીતે થઈ શકે. કાં તો જોડાથી એનું મોઢું ભાંગી નાખવું અથવા તો દૂરથી જ એને તજીને ચાલ્યા જવું.

ઉદ્યમ કરવો જ રહ્યો

कुचैलिनं दन्तमलोपसृष्टं
वह्वाशिनं निष्ठुरभाषिणं च ।
सूर्योदये चास्तमिते शयानं
विमुञ्चति श्रीर्यदि चक्रपाणि: ।।४।।

મલિન વસ્ત્ર ધારણ કરનારને, મેલા અને ગંદા દાંતવાળાને, બહુ ભોજન કરનારને, કડવા વચનો બોલનારને અને સૂર્યોદયે કે સૂર્યાસ્ત સમયે સૂઈ જનારને, લક્ષ્મી તજી દે છે. પછી ભલેને તે સાક્ષાત્ વિષ્ણુ હોય ! (૪)

વિવરણ :

જે માણસ, મલિન વસ્ત્રો પહેરે, મેલો અને ગંદો રહે, વધુ ભોજન કરે, વધુ ઊંઘે, કડવું બોલે એવો માણસ હીન પ્રકૃતિનો હોય અને પૂરો આળસુનો સરદાર હોય. આવા માણસની બુદ્ધિ બગડેલી હોય તેથી તે ઉદ્યોગ કે સાહસ પણ ન કરી શકે. અને સંસ્કૃતમાં કહ્યું છે; 'લક્ષ્મી તો ઉદ્યમ કરનારા પુરુષસિંહ પાસે જ જાય છે.'

ભગવાન વિષ્ણુ પુરુષોત્તમ છે. પરાક્રમી છે, સર્વશક્તિમાન છે, સર્વજ્ઞ છે અને 'અખિલ મધુરના અધિપતિ', પીતાંબરધારી, પુંડરીકાક્ષ અને અતિ સુંદર છે તેથી જ લક્ષ્મી એને વર્યા છે.

આવા મહાલક્ષ્મી, આળસુ ઉપર કૃપા ક્યાંથી કરે ?

ધન એ જ મનુષ્યનો બંધુ છે

त्यजन्ति मित्राणि धनैर्विहीनं
दाराश्च भृत्याश्च सुहृज्जनाश्च ।
तं चार्थवन्तं पुनराश्रयन्ते
अर्थो हि लोके पुरुषस्य बन्धुः ।।५।।

ધનહીન માણસને તેના મિત્રો, પત્ની, પરિજનો અને સ્વજનો બધા જ તજી દે છે. પરંતુ જો તે ધનવાન થાય તો ફરી પાછા તેના આશ્રયે આવે છે. આમ, ધન એ જ મનુષ્યનો બંધુ છે. (૫)

વિવરણ :

ધનનો મહિમા વર્ણવતા અનેક શ્લોકો આવ્યા છે. ધન, અતિમહત્ત્વનું પરિબળ છે. અને સંસારના વ્યવહારોને સરળતાથી ચલાવવાનું અનોખું અને ઉપયોગી સાધન છે તેથી તેની અવગણના ન કરી શકાય. પરિણામે ચાણક્ય, ધનની મહત્તા ઉપર ખૂબ જ ભાર આવે છે.

અન્યાયનું ધન અહિત કરે

अन्यायोपार्जितं द्रव्यं दश वर्षाणि तिष्ठति ।
प्राप्ते चैकादशे वर्षे समूलं तद्विनश्यति ।।६।।

અન્યાયથી મેળવેલું ધન, દશ વર્ષો સુધી રહે છે. પરંતુ અગિયારમું વર્ષ થાય ત્યારે મૂળ સહિત નાશ પામે છે. (૬)

વિવરણ :

મહાભારતમાં સાત્ત્વિક ધનનો મહિમા કરતાં વ્યાસજી કહે છે; 'જે લક્ષ્મી સત્કર્મોથી પ્રાપ્ત થઈ હોય તે લક્ષ્મી સાત્ત્વિક છે અને તે દિવ્ય લક્ષ્મી પેઢી દર પેઢી ટકે છે.'

આ વિધાનને સમર્થન આપતો આ શ્લોક ચાણક્ય આલેખે છે. અન્યાયથી મેળવેલું ધન બહુ વર્ષો ટકતું નથી. અને જેટલો વખત ટકે તેટલા વખતમાં પણ આનંદ આપતું નથી. અને જ્યારે નાશ પામે છે. ત્યારે મૂળસહિત નાશ પામે છે.

ટૂંકમાં અન્યાયનું ધન અહિત કરે છે, ન્યાયથી મેળવેલું ધન હિત કરે છે. પૂજ્ય રવિશંકર મહારાજે ધન અંગે સરસ વાત કરી છે. તેઓએ કહ્યું છે; 'આપણે બજારમાંથી કોઈપણ ધાન ખરીદીએ ત્યારે એ ખરાબ તો નથીને એ જાણવા એને સૂંઘીને લઈએ છીએ. પરંતુ ધન, ગમે તેટલું દૂષિત, મલિન કે ગંધાતું હોય તો પણ એને લઈએ છીએ.'

યોગ્યતા કેળવવી રહી

अयुक्तं स्वामिनो युक्तं युक्तं नीचस्य दूषणम् ।
अमृतं राहवे मृत्युर्विषं शङ्करभूषणम् ।।७।।

કોઈ સમર્થ પુરુષ, અયોગ્ય કાર્ય કરે તો પણ તે યોગ્ય ગણાય છે અને અધમ માણસ, યોગ્ય કાર્ય કરે તો પણ અયોગ્ય ગણાય છે. રાહુને અમૃત પણ મૃત્યુનું કારણ બની ગયું. જ્યારે હળાહળ ઝેર પણ, ભગવાન શંકરનું ભૂષણ થઈ ગયું. (૭)

વિવરણ :

તુલસીદાસે કહ્યું છે; 'સમરથકુ નહીં દોષ ગુંસાઈ,' સમર્થ અને સત્તાધીશને દોષ નથી લાગતો. એ અયોગ્ય વર્તન કરે તો પણ એ યોગ્ય ગણાય છે, અને નબળો માણસ યોગ્ય કાર્ય કરે તો પણ તે અયોગ્ય ગણાય છે. આ વાત કદાચ સત્તા અને સંપત્તિના ક્ષેત્રમાં સાચી હશે.

પરંતુ હકીકતે સમર્થ કે મહામાનવ તો એને જ કહેવો જોઈએ જે ખોટું કાર્ય કરે જ નહીં. સંતપુરુષો ક્યારેય અનુચિત વર્તન કરતાં જ નથી. અગાઉના એક શ્લોકમાં કહ્યું છે કે પ્રલયકાળમાં મેરૂપર્વત ડગમગી જાય, પણ મહામાનવોના મન ડગતાં જ નથી.

એટલે આ શ્લોકમાં જે વાત છે તે સત્તાધીશને, શ્રીમંતો અને શરીરબળ ધરાવતા શૂરવીરોને જ લાગુ પાડી શકાય. લોકો કાં તો ભયથી અથવા લાલચથી આવા બળવાનોનાં કુકર્મોને પણ નિભાવી લેતા હોય છે.

તે જ ખરી મિત્રતા છે

तद्भोजनं यद् द्विजभुक्तशेषं
तत्सौहृदं यात्क्रियते परस्मिन् ।
सा प्राज्ञता या न करोति पापं
दम्भं विना य : क्रियते स धर्म : ।।८।।

બ્રાહ્મણોએ ભોજન કરી લીધા પછી જે શેષ અન્ન બચ્યું તે જ ઉત્તમ ભોજન છે. અન્યને માટે જે કાંઈ કરવામાં આવે તે જ ખરી મિત્રતા છે. બુદ્ધિમત્તા એ છે જે પાપ કરતી નથી. અને જે દંભ વિના કરવામાં આવે તે જ સાચો ધર્મ છે. (૮)

વિવરણ :

આ શ્લોકમાં પ્રથમ જે વિચાર મૂક્યો છે તે એ પ્રાચીન કાળમાં ઉચિત હશે. અત્યારે એવું શક્ય નથી. બ્રાહ્મણ જમી લે પછી જે અન્ન વધ્યું હોય તે ઉત્તમ ગણાય આવું વિધાન સાવ નકામું છે. ગમે તેવા વિદ્વાન કે પવિત્ર માનવ હોય પણ તેનું એઠું અન્ન પવિત્ર તો ન જ ગણાય. આરોગ્યની દ્રષ્ટિએ પણ હાનિકારક છે.

કોઈ ત્રાહિત વ્યક્તિ માટે આપણે ઉપકારક કામ કરીએ તો એ જ ખરી મિત્રતા છે એ સાચું. નિર્મળ અને નિષ્પાપ બુદ્ધિમત્તા જ ઉત્તમ ગણાય એ પણ સાચું. અને જેમાં બિલકુલ કપટ કે દંભ ન હોય એ જ સાચો ધર્મ છે.

કાચ એ કાચ, મણિ એ મણિ

मणिर्लुण्ठति पादाग्रे काचः शिरसि धार्यते ।
क्रयविक्रयवेलायां काचः काचो मणिर्मणिः ।।९।।

ઘણીવાર એવું બને કે સાચો મણિ, પગની નીચે કચડાતો હોય, અને કાચ, મસ્તક ઉપર રહ્યો હોય, પરંતુ જ્યારે એને ખરીદવા-વેચવાની વેળા આવે ત્યારે કાચ, કાચ છે, અને મણિ મણિ છે. (૯)

વિવરણ :

ઘણીવાર સંયોગોને કારણે અથવા તો વસ્તુની ગુણવત્તા ઓળખવાની અણઆવડતને પરિણામે સારા માણસની કે મૂલ્યવાન રત્નની કિંમત નથી થતી ! ભર્તૃહરિએ પણ કહ્યું છે; 'કોઈ ઝવેરી, સાચા હીરાનું મૂલ્ય ન જાણી શકે તો એમાં હીરાનો વાંક નથી. ઝવેરીનો વાંક છે.'

એવું બને કે ધૂળમાં મોંઘામૂલનું રત્ન રગદોળાતું હોય, એને પગનીચે કચરીને અનેક લોકો પસાર થઈ જાય. પણ કદરદાન અને જાણકાર ઝવેરી, એને ઉઠાવી લે છે.

અને એવું પણ સંભવ છે ક્યારેક 'કાચ' વધારે ચમક ધરાવતો હોય, અને કોઈ અબુધ માનવી એને મસ્તક ઉપર ધારણ કરે. હીરો પગમાં નીચે પડ્યો હોય તો ય હીરો જ છે, અને કાચ, માથા ઉપર ચડ્યો હોય તો ય કાચ છે.

કોઈ શાહ સોદાગર એને ખરીદવા આવે ત્યારે એની કિંમત થાય છે. હીરો, કરોડો રૂપિયામાં વેચાય, કાચની તો કાણી કોડી પણ ન ઉપજે !

સારરૂપ ગ્રહણ કરી લેવું

अनन्तशास्त्रं बहुलाश्च विद्याः
अल्पश्च कालो बहुविघ्नता च ।
यत्सारभूतं तदुपासनीयं
हंसो यथा क्षीरमिवाम्बुमध्यात् ।।१०।।

શાસ્ત્રો અનંત છે. વિદ્યાઓ પણ પુષ્કળ છે. વળી સમય અલ્પ છે અને વિઘ્નો અનેક છે. માટે જેવી રીતે હંસ, પાણીમાંથી દૂધ ગ્રહણ કરી લે છે તેવી રીતે જેમાં સાર છે તેવી વસ્તુ ગ્રહણ કરી લેવી. (૧૦)

વિવરણ :

અનંત કાળની સરખામણીમાં મનુષ્યનું સો વર્ષનું આયુષ્ય હિસાબમાં નથી. વળી શાસ્ત્રો અસંખ્ય છે. વિદ્યાઓ પણ પુષ્કળ છે. આ બધું જાણવામાં કે વાચવામાં, એક નહીં અનેક જિંદગીઓ પણ ઓછી પડે ! તેથી જે મહત્ત્વનું છે, જે સારરૂપ છે તેવું જ જાણી લેવું. મનુષ્યે, હંસદ્રષ્ટિ રાખવી. સારા-નરસાનો વિવેક કરતા શીખવું. સારું હોય તેને લેવું, અસાર છે તેને તજવું.

જેમ કે એક શ્લોકમાં એમ કહ્યું છે; 'ભગવાન વેદવ્યાસે અઢાર પુરાણો અને અઢાર ઉપપુરાણો રચ્યા. એમાં લાખો શ્લોકો છે પણ એમાં સારરૂપ વાત એ છે કે 'બીજાનું ભલું કરવું એનું નામ પુણ્ય અને બીજાનું બૂરું કરવું એનું નામ પાપ'. માત્ર આટલું જ શીખી લેવામાં આવે અને એનો જીવનમાં અમલ કરવામાં આવે તો બધા જ શાસ્ત્રોનું અધ્યયન થયું ગણાય.

અતિથિ સત્કાર

दूरागतं पथि श्रान्तं वृथा च गृहमागतम् ।
अनर्चयित्वा यो भुङ्क्ते स वै चाण्डाल उच्यते ।।११।।

કોઈ દૂરથી પંથ કાપીને આવેલો અને થાકેલો અતિથિ, અકારણ જ આંગણે આવ્યો હોય અને એને જમાડ્યા વિના જે માણસ જમે છે તે 'ચાંડાલ' કહેવાય. (૧૧)

વિવરણ :

અતિથિને દેવ સમાન ગણીને એનો મહિમા કરવામાં આવ્યો છે. ભૂખ્યો અતિથિ, લાંબો પંથ કાપીને આવ્યો હોય, થાક્યો હોય, અને ઓટલાની અને રોટલાની આશા હોય ત્યારે એને આવકારવો અને જમાડવો એ શ્રેષ્ઠ માનવધર્મ છે. અને આવો ઉત્તમ ધર્મ જે ન પાળે તે ઉચ્ચ વર્ણનો હોય તો પણ ચાંડાલ છે. 'ચાંડાલ' એટલે અધમથી પણ અધમ.

આત્મતત્ત્વ જાણ્યા વિના શાસ્ત્રજ્ઞાન વ્યર્થ છે

पठन्ति चतुरो वेदान् धर्मशास्त्राण्यनेकशः ।
आत्मानं नैव जानन्ति दर्वी पाकरसं यथा ।।१२।।

જેવી રીતે કડછી, રાંધેલ પાકના રસને જાણી શકતી નથી તેવી રીતે, મનુષ્ય ભલેને ચારેય વેદો ભણે અને અનેક શાસ્ત્રો શીખે, પણ આત્મતત્ત્વને જાણી શકતો નથી. (૧૨)

વિવરણ :

માત્ર વેદમંત્રોને કંઠસ્થ કરવાથી અથવા વેદમાં પારંગત બની એનો પાઠ કરવાથી માણસ, પરમતત્ત્વને પામી શકતો નથી. ભણેલો અને અભણ, બંને તત્ત્વજ્ઞાનની બાબતમાં અબુધ જ છે. અખો કહે છે વેદ ભણેલો પંડિત, એ ઘડેલી શીલા છે, અને વેદજ્ઞાન વિનાનો અભણ અણઘડ શીલા છે. બંનેને પાણીમાં નાખો તો બંને જ બૂડવાની ! ઘડેલી શીલા તરી ન શકે, જે અહંકારનો ભાર ફગાવી દે તે જ તરે!

કડછી, દાળમાં આખો દિવસ પડી રહે તો પણ તે દાળના સ્વાદને જાણી ન શકે. કહેવાતા વેદપંડિતો કડછીના જેવા જીવનભર વેદ વાંચે પણ તત્ત્વને પામી ન શકે.

વિદ્વાનનો આદર એટલે પ્રગતિ

धन्या द्विजमयी नौका विपरीता भवार्णवे ।
तरन्त्यधोगताः सर्वे उपरिस्थाः पतन्त्यधः ।।१३।।

આ સંસારરૂપી મહાસાગરમાં બ્રાહ્મણ રૂપી હોડી, ઊંધી છે. તેમાં જે નીચે રહે છે તેઓ તરે છે અને જેઓ તેના ઉપર ચડે છે તેઓ નીચે પડીને ડૂબે છે. (૧૩)

વિવરણ :

આ સંસાર, મહાસાગર જેવો છે. એમાં બ્રાહ્મણો એટલે પવિત્રજ્ઞાની પુરુષો, હોડીના જેવા છે. જે હોડી, સ્વયં આ સંસારસાગરમાં તરે છે અને બીજાને તારે છે.

પણ, જ્ઞાનીજન રૂપી આ હોડી બીજી હોડી કરતાં જુદી જાતની છે. સાધારણ હોડીમાં જે ઉપર બેસે તે તરે અને જે નીચે રહે તે ડૂબે. પણ વિદ્વાનરૂપી હોડીમાં જે નીચે રહે એટલે કે જેઓ બ્રાહ્મણોને નમે તે તરે છે, અને જે ઉપર ચડે છે એટલે કે બ્રાહ્મણોનું ઉલ્લંઘન કરે છે તે ડૂબે છે.

ટૂંકમાં વિદ્વાનનો આદર એટલે પ્રગતિ, અને તેનો અનાદર એટલે અધોગતિ !

ધરતીનો છેડો-ઘર

अयममृतनिधानं नायकोऽप्यौषधीनां
अमृतमयशरीर: कान्तियुक्तोऽपि चन्द्र: ।
भवति विगतरश्मिर्मण्डलं प्राप्य भानो:
परसदननिविष्ट: को लघुत्वं न याति ।।१४।।

આ ચન્દ્ર, અમૃતનો ભંડાર છે. ઔષધિઓનો સ્વામી છે. એનું શરીર અમૃતમય છે. અને તે કાંતિયુક્ત છે. પરંતુ સૂર્યના મંડલ પાસે જઈને એ નિસ્તેજ બની જાય છે. એવો કોણ હોય જે પારકાના ઘરમાં ઘરે અને હલકો ન બને ? (૧૪)

વિવરણ :

પારકાના આશ્રયે રહેવું, અથવા પરગૃહે જઈને અનુચિત કાર્ય કરવું અથવા પરાધીન થવું – આ બધી બાબતો માણસનું ગૌરવ ઘટાડે છે. ઉદાહરણ આપ્યું છે; ચન્દ્રનું, ચન્દ્ર, અમૃતનો ભંડાર છે. કાંતિમાન છે. ઔષધિઓનો સ્વામી છે. આવો મહાન અને ગુણવાન છે છતાં સૂર્યના મંડલની પાસે જાય છે અને એનું તેજ હરાઈ જાય છે. સ્વસ્થાન અને સ્વગૃહનો આવો મહિમા છે. એટલે તો કહેવાયું છે; 'ધરતીનો છેડો ઘર'

પુરાણમાં કથા છે કે સ્વર્ગનો અધિપતિ ઇન્દ્ર, જારકર્મ કરવા, ગૌતમના ઘરમાં ઘૂસે છે, પરિણામે શાપિત થાય છે અને આખા શરીરમાં હજાર નેત્રો ઉત્પન્ન થાય છે. પરગૃહગમન, સ્વર્ગના રાજાને પણ હલકો બનાવે છે. તો પછી સાધારણ માણસની તો શું વાત ?

ભમરાનો કમલવનમાં વિહાર

अलिरयं नलिनीदलमध्यग: कमलिनीमकरन्दमदालस: ।
विधिवशात्परदेशमुपागत: कुटजपुष्परसं बहु मन्यते ।।१५।।

આ ભમરો, કમલિનીની પાંખડીઓની વચ્ચે વસીને, મકરન્દરસનું પાન કરીને મદમત્ત મહાલતો હતો. પરંતુ દૈવયોગે કરીને એને વિદેશમાં જવું પડ્યું. તો ત્યાં તે કુટજ (કડું)ના કટુરસને પણ બહુ સારો માને છે. (૧૫)

વિવરણ :

મનુષ્ય, સ્વદેશમાં રહેતો હોય અને પોતાના સ્વજનો વચ્ચે આનંદ કરતો હોય, પરંતુ નસીબયોગે તેને સ્વદેશ છોડવો અને વિદેશમાં વસવું પડે ત્યારે ઘણીવાર અણગમતી બાબતોને પણ તેને મનગમતી કરવી પડે છે. આ વિચારને સ્પષ્ટ કરવા, ચાણક્ય આ શ્લોકમાં કમલિની અને ભમરાનું દ્રષ્ટાંત આપે છે.

ભમરો કમલવનમાં વિહાર કરતો હોય, કમલના મધુર મકરંદનું રસપાન કરતો હોય, પરંતુ ભાગ્યજોગે અન્યત્ર જવું પડે જ્યાં કમલો ન હોય, પરંતુ કુટજના છોડ હોય. તો પછી લાચારીથી એણે કુટજના કડવા રસને પણ સ્વીકારવો પડે.

એક બીજો ધ્વનિ પણ આ શ્લોકમાં સાંભળી શકાય. કોઈ ભ્રમર જેવો ચંચલ પ્રેમી, પોતાની 'પદ્મિની' જેવી પત્નીના સાન્નિધ્યમાં રહીને પ્રેમરસપાન કરતો હોય, પણ એને તજીને બીજે જાય, તો ત્યાં કોઈ કર્કશા સ્ત્રીનો સંગ સાંપડે, તો એ કડવાશ પણ સહન કરવી પડે !

લક્ષ્મીને પણ માન આપવું

पीत: क्रुद्धेन तातश्चरणतलहतो वल्लभो येन रोषाद्
आबाल्याद्विप्रवर्यै: स्ववदनविवरे धार्यते वैरिणी मे ।

गेहं मे छेदयन्ति प्रतिदिवसमुमाकान्तपूजानिमित्तं
तस्मात्खिन्ना सदाहं द्विजकुलनिलयं नाथ युक्तं त्यजामि ।।१६।।

વિપ્ર એવા અગસ્ત્ય ઋષિએ ગુસ્સે થઈને મારા પિતા (સાગર)નું પાન કર્યું હતું. અને મારા પતિ વિષ્ણુને, એક અન્ય વિપ્ર ભૃગુએ પગની લાત મારી હતી. અને મારી દુશ્મન એવી સરસ્વતીને ઉત્તમ બ્રાહ્મણો, બાલ્યકાળથી જ પોતાના મુખમાં ધારણ કરે છે. વળી બ્રાહ્મણો જ રોજ રોજ ઉમાપતિ શિવની પૂજા કરવા મારા નિવાસ સ્થાન એવા (કમળ)ને કાપ્યા કરે છે. હે નાથ ! એટલા માટે હું ખિન્ન થઈને, બ્રાહ્મણોના ભવનોને હંમેશાં તજી દઉં છું. (૧૬)

વિવરણ :

બ્રાહ્મણોનું નિયત કર્મ ભણવું અને ભણાવવું હતું. તેથી તેઓ સરસ્વતીના જ અનન્ય ઉપાસકો બન્યા. અને લક્ષ્મી અને સરસ્વતીને કાયમી વેર છે. એ બંને સાથે નથી રહેતી, તેથી જ્યાં સરસ્વતીનો વાસ હોય ત્યાંથી લક્ષ્મી દૂર ભાગે. બ્રાહ્મણો પાસે લક્ષ્મી શા માટે નથી હોતી તેની વિનોદપૂર્ણ કલ્પના ઉપરના શ્લોકમાં લક્ષ્મી અને વિષ્ણુના સંવાદ દ્વારા આપી છે.

પ્રેમની દોરીનું બંધન અતૂટ

वन्धनानि खलु सन्ति बहूनि प्रेमरज्जुद्दढबन्धनमन्यत् ।
दारुभेदनिपुणोऽपि षडंध्रिर्निष्क्रियो भवति पङ्कजकोशे ।।१७।।

આ જગતમાં બંધનો તો અનેક છે. પરંતુ પ્રેમની દોરીનું બંધન તો કોઈ જુદા જ પ્રકારનું છે. તોતિંગ લાકડાને વીંધી નાખવામાં નિપુણ ભમરો કમળના કોમળ કોષને છેદી શકતો નથી. (૧૭)

વિવરણ :

આ જગત એક વિરાટ કારાગૃહ છે. એમાં આવેલ માણસ અનેક પ્રકારના બંધનોથી બંધાય છે. મોહ થાય એવી અનેક વસ્તુઓ આ જગતમાં છે અને મોહ જ બંધનનું કારણ છે.

ભગવાન બુદ્ધ જ્યારે રાજકુમાર સિદ્ધાર્થ હતા ત્યારે તેના ઘેર પુત્રજન્મ થયો. દાસીએ આ ખુશીના સમાચાર બુદ્ધને આપ્યા, તો તેના મુખમાંથી અનાયાસ શબ્દ સરી પડ્યો 'રાહુલ'. પુત્રનું નામ રાહુલ પડ્યું. પરંતુ પાલી ભાષામાં 'રાહુલ'નો અર્થ બંધન થાય છે. પુત્ર પણ સંસારમાં રોકી રાખનાર બંધન છે.

આવા બધા જ બંધનોમાં પ્રેમનું બંધન વધારે મજબૂત છે. એને છોડવું કે તોડવું મુશ્કેલ છે.

જુઓ, લાકડાની મોટી પાટને આરપાર વીંધી નાખનાર ભમરો કમલપુષ્પમાં બંધાય છે ત્યારે એની કોમળ પાંખડીઓને ભેદી શકતો નથી. કારણ કે એ પ્રેમનું અતૂટબંધન છે. કવિ કહે છે;

'શૂરા મહાવિક્રમશાલી તે છતાં
બંધાઈ છે સહુજન પ્રેમબંધને.'

ચંદન સુવાસ ન મૂકે

छिन्नोऽपि चन्दनतरुर्न जहाति गन्धं
वृद्धोऽपि वारणपतिर्न जहाति लीलाम् ।
यन्त्रार्पितो मधुरतां न जहाति चेक्षुः
क्षीणोऽपि न त्यजति शीलगुणान् कुलीनः ।।१८।।

ચંદનના વૃક્ષને કાપી નાખવામાં આવે તો પણ તે પોતાની સુવાસ છોડતું નથી. ગજરાજ, વૃદ્ધ થાય તો પણ પોતાની લીલા તજતો નથી. એ જ રીતે શેરડીને ચિચોડામાં પીલવામાં આવે તો પણ મીઠાશ મૂકતી નથી. એ જ રીતે કુલવાન મનુષ્ય, નિર્ધન કે નબળો થઈ જાય તો પણ પોતાના શીલ સદ્‌ગુણોને છોડતો નથી. (૧૮)

વિવરણ :

કુલવાન મનુષ્ય ગુણોનો ભંડાર હોય છે. એ વિષમ પરિસ્થિતિમાં મૂકાય કે સંકટમાં આવી પડે તો પણ પોતાના શીલને તજતો નથી. ઘણીવાર તો જેમ જેમ એને આપત્તિની આગ તપાવે તેમ તેમ એના સદ્‌ગુણો વધુ નીખરે છે. કવિ ઉદાહરણો આપે છે. ચંદનનું વૃક્ષ કપાઈ જાય તો પણ સુવાસ તજે નહીં, ઊલટાનું એને કાપનાર કુહાડાને પણ સુગંધિત કરી દે. ગજરાજ, ઘરડો થાય તો પણ એની મોહક લીલા ન મૂકે. અને શેરડીને પીલવામાં આવે તો પણ મીઠાશ જાળવી રાખે !

*

॥ સોળમો અધ્યાય ॥

વિવેકી મનુષ્ય પાસે જઈને ગુણો પણ સુંદર બની જતા હોય છે. સોનાની અંદર મઢેલું રત્ન અત્યંત સુંદર લાગે છે.

સંસારમાંથી છૂટવા માટે

न ध्यातं पदमीश्वरस्य विधिवत्संसारविच्छित्तये
स्वर्गद्वारकपाटपाटनपटुर्धर्मोऽपि नोपार्जितः ।
नारीपीनपयोधरोरुयुगलं स्वप्नेऽपि नालिङ्गितं
मातुः केवलमेव यौवनवनच्छेदे कुठारा वयम् ।।१।।

સંસારમાંથી છૂટવા માટે જો શ્રીહરિના ચરણનું વિધિવત્ ધ્યાન ધરવામાં ન આવ્યું હોય, અને સ્વર્ગના કમાડ ખોલવામાં કુશળ એવા ધર્મનું જો પાલન ન કર્યું હોય, અને સુંદરીના માંસલ સ્તનોનું સ્વપ્નમાં પણ આલિંગન કે મર્દન ન કર્યું હોય તો પછી આપણે માતાના યૌવન રૂપી વનને કાપી નાખનારા કુહાડા જ છીએ. (૧)

વિવરણ :

સંસારમાં આવીને જીવન સફળ કરવાના બે માર્ગો છે. કાં તો શ્રીહરિનું ભજન કરવું, અથવા તો સુન્દરીઓનો ભોગ ભોગવવો. પણ જે પુરુષ, ભગવાનનું ધ્યાન ન ધરે, અને નમણી નારીઓનાં પુષ્ટ પયોધરોનું મર્દન કરે નહીં તેનું જીવન વ્યર્થ છે. આવા લોકો તો જન્મીને માતાના યૌવન રૂપી વનને કાપી નાખવા કુહાડાનું કામ કરે છે.

ભર્તૃહરિએ કહ્યું છે; 'આ જગતમાં સેવન કરવા યોગ્ય બે સ્થળો છે. પર્વતના નિતમ્બો (ઢોળાવ) જ્યાં યોગ સાધના કરી શકાય તે છે. અથવા તો રતિક્રીડા કરવા જેના ઉપર ચડી શકાય એવા સુંદરીના નિતમ્બો છે.'

સ્ત્રીઓનું રહસ્ય –

जल्पन्ति सार्धमन्येन पश्यन्त्यन्यं सविभ्रमा : ।
हृदये चिन्तयन्त्यन्यं न स्त्रीणामेकतो रति : ।।२।।

સ્ત્રીઓને કદી એક જ પુરુષ પ્રત્યે પ્રેમ નથી હોતો. તે કોઈ બીજાની સાથે વાર્તાલાપ કરે છે તો કોઈ અન્યની સામે હાવભાવ પ્રગટ કરે છે. તો વળી હૃદયમાં તો કોઈ બીજાનું જ ચિંતન કરે છે. (૨)

વિવરણ :

આ શ્લોકમાં જે વિધાન કર્યું છે તેમાં સંમત થઈએ તો સમગ્ર નારી જગતને અન્યાય થાય. આ દર્શન, એક પુરુષની નજરનું છે. બધી સ્ત્રીઓ આવી દુરાચારી હોતી નથી. તો બીજી તરફ બધા જ પુરુષો ક્યાં સદાચારી હોય છે ? કામશાસ્ત્ર કહે છે કે પુરુષની અપેક્ષાએ સ્ત્રીમાં કામ ભાવના (sex) આઠ ગણી વધારે હોય છે. પરંતુ એ સાથે એ કામને વશમાં રાખવાની પણ એનામાં શક્તિ છે. ખરેખર તો પુરુષને જ ભ્રમર વૃત્તિનો માનવામાં આવે છે. એક સંસ્કૃત ચિંતક કહે છે; 'આ જગતમાં જેટલી સુંદર સ્ત્રીઓ છે તે બધી જ મળે તો પણ પુરુષને સંતોષ થાય નહીં.'

તમે જોયું ? પશુની દુનિયામાં નર, એક જ દિવસમાં અનેક માદાઓને ભોગવે છે, પરંતુ માદા તો ઋતુકાળમાં હોય ત્યારે જ માત્ર મૈથુનમાં પ્રવૃત્ત થાય છે. પ્રકૃતિનો આ નિયમ, મનુષ્યને માટે પણ સાચો છે.

મોહનીય કર્મ

यो मोहन्मन्यते मूढो रक्तेयं मयि कामिनी ।
स तस्य वशगो भूत्वा नृत्येत् क्रीडा-शकुन्तवत् ।।३।।

જે મૂઢ માણસથી ભ્રમથી કે મોહથી એમ માને કે કોઈ સ્ત્રી મારા ગાઢ પ્રેમમાં છે. તો એ, એના વશમાં આવી જાય છે અને પાળેલા પક્ષીની જેમ નાચવા લાગે છે. (૩)

વિવરણ :

મોહ, મદિરાના જેવો છે. એનો નશો માણસને ભાન ભૂલાવે છે. કાલિદાસે કહ્યું છે; કામી માણસને બધું જ પોતાનું લાગે. પરસ્ત્રી પણ એને પોતાની લાગે. અને તેનો પ્રેમ એકમાર્ગી બની જાય. એ એમ વિચારવા લાગે કે સ્ત્રી, એના ગાઢ પ્રેમમાં છે. આવી મૂઢતાનો ભરપૂર લાભ, ચતુર સ્ત્રી ઊઠાવે છે. અને કામી પુરુષને નચાવે છે.

આ બધા સનાતન સત્યો છે

कोऽर्थान् प्राप्य न गर्वितो विषयिण : कस्यापदोऽस्तं गता :
स्त्रीभि : कस्य न खण्डितं भुवि मन : को नाम राज्ञां प्रिय : ।

क : कालस्य न गोचरत्वमगमत्कोऽर्थी गतो गौरवं
को वा दुर्जनवागुरासु पतित : क्षेमेण यात : पथि ।।४।।

એવો કોણ હોય જે ધન પામીને અભિમાની ન થાય ? અને એવો કોણ વિષયી હોય જે આપત્તિમાં ન મૂકાય ? આ જગતમાં કોનું મન, સ્ત્રીઓથી ખંડિત ન થયું હોય ? એવું કોણ હોય જે રાજાને વહાલું હોય ? એવું કોણ છે, જે કાળની નજરે ન ચડે ? અને એવા ક્યો યાચક હોય જેને ગૌરવ મળે ? અને એવો કોણ હોય જે દુર્જનના ફાંસલામાં ફસાઈને ક્ષેમકુશળ પોતાના માર્ગે જઈ શકે ? (૪)

વિવરણ :

ધનથી અભિમાન આવે, કામી વ્યક્તિ, આપત્તિથી નકામી થઈ જાય. સ્ત્રીને આધીન થનારનો માનભંગ થાય. રાજાને કોઈ વહાલું ન હોય. રાજા, વાજા અને વાંદરા ક્યારે બગડે કહેવાય નહીં. મહાકાળની ચક્કીમાંથી કોઈ બચતું નથી. યાચક, હંમેશાં માન અને શાન ગુમાવે છે. અને દુર્જનના ફાંસલે ફસાયેલ માણસ છૂટી શકતો નથી. આ બધા સનાતન સત્યો છે.

સોનાનું હરણ અશક્ય છે

न निर्मित : केन न दृष्टपूर्व : न श्रूयते हेममय : कुरङ्ग : ।
तथाऽपि तृष्णा रघुनन्दनस्य विनाशकाले विपरीतबुद्धि : ।।५।।

કોઈએ સોનાના હરણનું ક્યારેય સર્જન કર્યું હોય એવું સાંભળ્યું નથી. કે એવું જોયું નથી. તો પણ રઘુનંદન ભગવાન શ્રી રામચંદ્રને સોનાના હરણની તૃષ્ણા થઈ. તેથી એમ લાગે છે કે વિનાશ-કાળે બુદ્ધિ વિપરીત થઈ જતી હોય છે. (૫)

વિવરણ :

આ શ્લોકમાં બે વાત સાવ સાચી છે. એક, જગતના બધા જ લોકોને સોનાનું આકર્ષણ હોય છે. સોનું, આંતરરાષ્ટ્રીય નાણું છે તેથી અને એ ગુણવાન અને મૂલ્યવાન ધાતુ છે તેથી એના તરફ આવી પ્રીતિ થાય છે.

અને બીજું, જ્યારે વિનાશકાળ આવવાનો હોય ત્યારે બુદ્ધિમાન માણસની બુદ્ધિ પણ ફરી જાય છે. પછી ભલેને એ ભગવાન શ્રીરામ હોય કે દશાનન રાવણ !

સોનાનો મૃગ હોય એવું થવું અશક્ય છે, છતાં શ્રીરામ એની પાછળ દોડ્યા. ભગવાન હતા તો પણ બુદ્ધિ ફરી ગઈ. અને સમગ્ર રાક્ષસકુળનો વિનાશ નજીક આવ્યો હતો તેથી મહાવિદ્વાન હતો તો પણ રાવણમાં કુમતિ પ્રગટી અને સીતાનું અપહરણ કર્યું.

મહાનતા ગુણથી આવે છે

गुणैरुत्तमतां याति नोच्चैरासनसंस्थिता: ।
प्रासादशिखरस्थोऽपि काक: किं गरुडायते ।।६।।

ગુણોથી જ ઉત્તમતા પ્રાપ્ત થાય છે. ઊંચા આસન પર બેસવાથી કોઈ મહાન બની શકતું નથી. શું મહેલના શિખર ઉપર બેઠેલો કાગડો ક્યારેય ગરૂડ બની શકે ખરો ? (૬)

વિવરણ :

મહાનતા કે ગૌરવ માટે ગુણો જ નિર્ણાયક છે. પદ, પ્રતિષ્ઠા, પૈસો કે ઊંચું આસન, માણસને મહાન બનાવી શકે જ નહીં.

ગરૂડ, શક્તિશાળી પક્ષી છે. એ સાવ નીચા ખાડામાં બેઠું હોય તો પણ શ્રેષ્ઠ છે. અને કાગડો, મહેલના શિખર ઉપર ચડીને બેઠો હોય તો પણ કનિષ્ઠ છે.

મહાનતા ગુણથી આવે છે. ઊંચા આસનથી નહીં. તમે સાંભળ્યું હશે. કાચબો, પાતાળમાં સહુથી નીચે છે, પણ એ, એની પીઠ ઉપર આખા ભૂમંડળનો ભાર ઉપાડે છે. અને તેથી તો તેને ઈશ્વરનો એક અવતાર કહ્યો છે; 'કચ્છપાવતાર.' 'केशव ! धृतकच्छपरूप जय जगदीश हरे ।'

બીજના ચંદ્રને બધા નમે છે

गुणा: सर्वत्र पूज्यन्ते न महत्योऽपि सम्पद: ।
पुर्णेन्दु किं तथा वन्द्यो निष्कलङ्को यथा कृश: ।।७।।

સર્વ સ્થળોએ ગુણોની જ પૂજા થાય છે. માણસ પાસે પુષ્કળ સંપત્તિ હોય તો તેની પૂજા નથી થતી. જેવી રીતે નિષ્કલંક કૃશ ચન્દ્ર (બીજનો ચન્દ્ર) વંદનીય હોય છે. તેવી રીતે પૂર્ણ ચંદ્ર વંદનીય નથી હોતો. (૭)

વિવરણ :

ગુણો, એના સ્થાને ઠીક છે. સંપત્તિ એની જગ્યાએ બરાબર છે. પરંતુ એ બેમાંથી માત્ર એકની જ પસંદગી કરવાની હોય તો ગુણની કરાય. સંપત્તિની નહીં.

કારણ કે સંપત્તિ સુવિધા આપે. સુખ ન પણ આપે. જો સંપત્તિ સુખ આપતી હોત તો બધા ધનવાનો સુખી હોત, પરંતુ સ્થિતિ જુદી છે. ધનવાનો જેવું કોઈ દુઃખી નથી. અને ગુણવાન તો નિત્ય મોજમાં જ મસ્ત હોય છે. માટે ગુણો જ ગ્રહણ કરવા જેવા છે.

ગુણો પૂજાય છે. એનો આદર થાય છે. સોળે કળાએ ખીલી ઊઠેલા પૂર્ણ ચન્દ્રને કોઈ પ્રણામ નથી. પરંતુ બીજના ચન્દ્રને બધા નમે છે.

સજ્જનો બહુ બોલતા નથી

पर-प्रोक्तगुणो यस्तु निर्गुणोऽपि गुणी भवेत् ।
इन्द्रोऽपि लघुतां याति स्वयं प्रख्यापितैर्गुणै : ।।८।।

બીજા લોકો જેના ગુણગાન કરે તે માણસ ગુણ-હીન હોય તો પણ ગુણવાન ગણાય છે. જ્યારે જે માણસ પોતે જ પોતાના ગુણોની વાત કરે તે ભલેને ઇન્દ્ર હોય તો પણ હલકો બની જાય છે. (૮)

વિવરણ :

પોતાના ગુણગાન કરવા એ તો હલકા પ્રકારનુ કૃત્ય છે. ગુણવાન લોકો, પોતાના ગુણની પ્રશંસા કરતાં નથી. અને બીજા લોકો પણ એની હાજરીમાં એના ગુણના વખાણ કરે તો પણ શરમથી ઝૂકી જાય છે. જ્યારે મૂર્ખાઓ, પોતામાં ન હોય એવા ગુણોનો ઢોલ પીટ્યા કરે છે. લોકકવિ કહે છે;

કાંસાકૂટ અને મૂરખ નર, એ વણવગાડ્યા વાજંત,
પણ હેમ ન વાગે હે સખિ ! વાજંતા લાજંત.'

કાંસાકૂટ એટલે કાંસુ, તાંબુ પિત્તળ જેવી હલકી ધાતુઓ તથા મૂર્ખલોકો એને કોઈ વગાડે નહીં તો પણ વાગ્યા કરે. પિત્તળના ઘંટને કે તાંબાની ઝાલરને સહેજ ટકોરો મારવામાં આવે તો ગાજવા લાગે. એ જ રીતે મૂર્ખાઓ પોતાના ગુણ ગાયા કરે છે. પરંતુ હે સખી ! સોનું અને સોના જેવા સજ્જનો બહુ બોલતા નથી. સોનાની થાળી હોય એને વગાડીએ તો બોદી લાગે ! એ જ રીતે શાણા માણસોને, કોઈવાર પોતાના વિષે કહેવાનો પ્રસંગ ઊભો થાય તો બહુ જ ધીમેથી ટૂંકમાં બોલે !

વિવેક વધુ શોભી ઊઠે છે

विवेकिनमनुप्राप्ता गुणा यान्ति मनोज्ञताम् ।
सुतरां रत्नमाभाति चामीकरान्नियोजितम् ।।९।।

વિવેકી મનુષ્ય પાસે જઈને ગુણો પણ સુંદર બની જતા હોય છે. સોનાની અંદર મઢેલું રત્ન અત્યંત સુંદર લાગે છે. (૯)

વિવરણ :

મનુષ્યના જીવનમાં વિવેક હોવો તે સહુથી મોટો ગુણ છે પછી તેનામાં પ્રેમ, દયા, કરુણા, મૈત્રી, અભય, સેવા ભાવના જેવા બીજા ગુણો આવે તો વિવેક વધુ શોભી ઊઠે છે.

જેમકે સોનું, સુંદર છે અને મૂલ્યવાન પણ છે. પરંતુ એમાં મોંઘામૂલનો હીરો જડવામાં આવે તો સોનાની સુંદરતા અને શોભા વધુ શોભી ઊઠે છે.

મોતી સોનાની અપેક્ષા રાખે છે

गुणैः सर्वज्ञतुल्योऽपि सीदत्येको निराश्रयः ।
अनर्घ्यमपि माणिक्यं हेमाश्रयमपेक्षते ।।१०।।

ગુણો વડે સર્વજ્ઞાનીના જેવો હોય તો પણ માણસ જો એકલો અને આશ્રય વિનાનો હોય છે તો દુઃખી થાય છે. મોતી મહામૂલ્યવાન હોય તો પણ સોનાની અપેક્ષા રાખે છે. (૧૦)

વિવરણ :

આ શ્લોકમાં આગળના શ્લોકના વિચારને જુદી રીતે મૂક્યો છે. કોઈ માણસમાં અનેક ગુણો હોય, પરંતુ એને જો એને અનુરૂપ સર્વોત્તમ આશ્રય ન મળે તો એ વધુ શોભતો નથી. જેમ કે મોતી કિંમતી હોય, પણ સોનામાં મઢાય ત્યારે એ વધુ શોભાયમાન થાય છે ! સંસ્કૃતનું સુભાષિત આ ચિંતનને વધુ સ્પષ્ટ કરે છે.

'सदाश्रयेण शोभन्ते पण्डिताः वनिताः लताः ।'

(પંડિતો, સ્ત્રીઓ અને વેલીઓ, સારા આશ્રયે જ શોભે છે) જેમ કે કોઈ વિદ્વાન પુરુષ, રાજદરબારમાં હોય તો એનો દબદબો ઓર જ હોય. કોઈ સન્નારી, નરરત્નને આશ્રયે હોય તો એની ગરિમા વધે, અને માલતી કે મધુમતીની વેલી, આમ્રવૃક્ષ ઉપર ચડે તો એની સુંદરતા અનોખી બને !

તો એ ધન શું કામનું ?

अतिक्लेशेन ये चार्था धर्मस्यातिक्रमेण तु ।
शत्रूणां प्रणिपातेन ते ह्यर्था मा भवन्तु मे ।।११।।

અતિશય ક્લેશથી જે દાન પ્રાપ્ત થાય અથવા તો ધર્મના ઉલ્લઘંનથી જે પ્રાપ્ત થાય તેમ જ શત્રુના પગે પડીને જે અર્થો પ્રાપ્ત થાય તે ભલે મને ન મળે. (૧૧)

વિવરણ :

મહેનત કરવાથી ધન મળે એ વાત સાચી. પરંતુ માણસ ધનની પાછળ આંધળી દોટ મૂકે એને ન ખાવાપીવાની નિરાંત હોય, ન શાંતિથી ઊંઘ કરતો હોય, ન પરિવાર સાથે કિલ્લોલ કરતો હોય, પરંતુ આખી જિંદગી ધન માટે રઝળપાટ કરતો હોય તો એ ધન શું કામનું ?

સુખ માટે જ ધન રળવાનું હોય છે. હવે જો ધન, સુખ ન આપી શકે તો એનો શું અર્થ ?

અથવા તો ધર્મત્યાગ કરવાથી, કે ધર્માંતર કરવાથી જો ધન મળતું હોય તો એવું ધન પણ ધૂળ સમાન છે.

આવું અનીતિનું અથવા તો હેરાન પરેશાન થયા પછી આવતું ધન હોય કે ન હોય શું ફરક પડવાનો ? સન્માર્ગે આવતી લક્ષ્મી દિવ્ય છે, કુમાર્ગે આવતી લક્ષ્મી આસુરી છે.

લક્ષ્મી ખરાબ નથી

किं तया क्रयते लक्ष्म्या या वधूरवि केवला ।
या तु वेश्येव सामान्या पथिकैरपिन भुज्यते ।।१२।।

લક્ષ્મીનું શું પ્રયોજન ? જે લક્ષ્મી માત્ર કુળવધુના જેવી જ હોય પરંતુ જે વેશ્યાને બધા પથિકો પણ ભોગવી શકે એવી સામાન્ય ન હોય ? (૧૨)

વિવરણ :

લક્ષ્મી, જીવનમાં આવે તો એનો સદુપયોગ પણ કરી શકાય અને દુરુપયોગી પણ થઈ શકે ! લક્ષ્મી ખરાબ નથી. માણસની વૃત્તિ અને મતિ ખરાબ હોય છે. જો પરોપકાર કરનારી વૃત્તિ અને સન્મતિ હોય તો લક્ષ્મી જનકલ્યાણના કાર્યમાં વપરાય છે.

અહીં જરા અશ્લીલ લાગે તેવું દૃષ્ટાંત કવિ આપે છે. પરંતુ એમાં જે ભાવાર્થ છે તે ઉત્તમ છે.

જેમ કુલવધૂ, પોતાના પતિને જ સંતોષ આપી શકે છે. એમ કુલવધૂની જેમ કુળમાં જ રહેતી લક્ષ્મી, પરિવારને સુખ આપી શકતી હોય અને બીજાના સંકટમાં કામમાં ન આવતી હોય તો શું કામની ?

પરંતુ વેશ્યા તો બધાના ઉપભોગમાં કામ આવે છે. એટલે લક્ષ્મી, વેશ્યાની માફક, બધાને આનંદ આપે એમાં જ એની મહત્તા !

કહેવાનુ તાત્પર્ય એ છે કે સજ્જનનું ધન, સર્વજનભોગ્ય છે.

ત્રણ પ્રકારની તૃષ્ણાઓને જીતો

धनेषु जीवितव्येषु स्त्रीषु चाहारकर्मसु ।
अतृप्ता : प्राणिन : सर्वे याता यास्यन्ति यान्ति च ।।१३।।

આ સંસારમાં બધા પ્રાણીઓ, ધનની બાબતમાં, જીવનમાં, સ્ત્રીઓમાં અને ભોજનના વિષયમાં અતૃપ્ત રહીને ગયા હોય છે જાય છે અને જાશે. (૧૩)

વિવરણ :

સંસારમાં આવેલા, અને સંસારના વિષયોથી પ્રભાવિત થયેલા લગભગ તમામ લોકોને, ત્રણ પ્રકારની તૃષ્ણાઓ ક્યારેય સંતોષાતી નથી. એક ધનની તૃષ્ણા, બીજી સ્ત્રીના ઉપભોગની તૃષ્ણા અને ત્રીજી ભોજનની તૃષ્ણા.

કવિ કહે છે; 'જેની પાસે કાંઈ ન હોય, તેને એક રૂપિયો મેળવવાની ઇચ્છા થાય. એક રૂપિયો મળે તો સો રૂપિયાની ઝંખના જાગે. સો રૂપિયાવાળાને હજારની, હજાર વાળાને લાખની, અને લાખવાળાને કરોડપતિ થવાની આશા થાય. ધનથી માણસ ધરાતો નથી.'

એવું જ સંભોગનું, સંભોગની તૃપ્તિ થતી નથી. એની ઇચ્છા વારેવારે થયા કરે.

અને ભોજન કરવાથી પણ માણસની ભૂખ ભાંગતી નથી. પેટ એ એવો જાદુઈ પટારો છે, જે ક્યારેય ભરાતો નથી !

દાન અને અભયદાન

क्षीयन्ते सर्वदानानि यज्ञहोमबलिक्रिया : ।
न क्षीयते पात्रदानमभयं सर्वदेहिनाम् ।।१४।।

સર્વ પ્રકારના દાન, તેમ જ યજ્ઞો, હોમ હવન અને પૂજા- પાઠ વગેરે ક્રિયાઓ નાશ પામે છે, પરંતુ સુપાત્રને દીધેલું દાન અને સર્વ પ્રાણીઓને આપેલ અભયદાન નાશ નથી પામતું. (૧૪)

વિવરણ :

આ જગતમાં યજ્ઞ, તપ, હોમ હવન અને પૂજન જેવા સાત્ત્વિક કર્મો પણ નાશ પામે છે. પરંતુ બે સત્કર્મો એવા છે જે ઉત્તમ પણ છે અને અમર પણ છે. એક સુપાત્રને આપેલું દાન, અને બીજું અભયદાન એટલે કે કોઈપણ પ્રાણીને મૃત્યુના મુખમાંથી બચાવવું.

સામાન્ય માણસની શું વાત ?

तृणं लघु तृणात्तूलं तूलादपि च याचकः ।
वायुना किं न नीतोऽसौ मामयं याचयिष्यति ।।१५।।

ઘાસનું તણખલું હલકું છે. તણખલાથી હલકુ રૂ હોય છે અને રૂના કરતાં પણ માગણ વધુ હલકો છે. આવા યાચકને વાયુ એટલા માટે ઊડાવીને લઈ જતો નથી, કે એની પાસે પણ યાચના કરે. (૧૫)

વિવરણ :

'માગવા કરતાં મરવું ભલું' એ વિચારને વ્યક્ત કરતો આ શ્લોક, યાચના (માગણી)ની વ્યર્થતા દર્શાવે છે. ઘાસનું તણખલું હલકું છે. તણખલા કરતાં રૂ વધુ હલકું પરંતુ રૂ કરતા પણ હલકો માગણ ગણાય !

પવન, રૂને ઊડાવી જાય છે. પણ એ યાચકને ઊડાડવા નથી આવતો, કારણ કે એને ખબર છે કે જો એ યાચક પાસે આવશે તો યાચક એની પાસે પણ માગણી કરશે.

ભગવાન પોતે, બલિરાજા પાસે યાચક બનીને ગયા, તો વિરાટ હતા છતાં 'વામન' બની ગયા. તો પછી સામાન્ય માણસની તો શું વાત ?

કોઈનું અપમાન ન કરવું

वरं प्राणपरित्यागो मानभङ्गेन जीवनात् ।
प्राणत्यागे क्षणं दु:खं मानभङ्गे दिने दिने ।।१६।।

માનભંગ થઈને જીવવું એના કરતાં તો મરી જવું વધુ સારું. કારણ કે જીવ જાય ત્યારે તો ઘડીક દુઃખ થાય પણ માનભંગમાં દિવસે દિવસે દુઃખ થયા કરે છે. (૧૬)

વિવરણ :

ગીતાકારે કહ્યું છે; 'संभावितस्य च अकीर्तिः मरणात् अतिरिच्यते ।' કોઈ વ્યક્તિ, માનનીય હોય અને પછી એની અપકીર્તિ થાય, એનો માનભંગ થાય તો એ મરણ કરતાં પણ બદતર છે.'

ગીતાનું આ ચિંતન, અહીં પ્રતિબિંબિત થાય છે. મૃત્યુનું દુઃખ તો ઘડીકનું હોય છે. જ્યારે માનભંગ થઈને જીવવામાં તો રોજ રોજ દુઃખ અનુભવવું પડે છે.

જીવ બચાવવો કે સ્વમાન બચાવવું – એ બેમાંથી એકની પસંદગી કરવાની હોય તો વિદ્વાન વ્યક્તિએ સ્વમાન બચાવવું.

સત્ય પણ પ્રિય લાગે તો જ બોલવું

प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः ।
तस्मात्तदेव वक्तव्यं वचने का दरिद्रता ।।१७।।

પ્રિય લાગે એવી વાણી બોલવાથી બધા જ લોકોને પરમ આનંદ થાય છે. માટે આવા મધુર વચનો જ બોલવા જોઈએ. વચનોમાં દરિદ્રતા શું કામ રાખવી ? (૧૭)

વિવરણ :

વચનો, પ્રિય અને મધુર બોલી શકાય. અને પુષ્કળ પ્રમાણમાં પણ બોલી શકાય. કારણ કે મધુરવચનોનો ભંડાર, કાંઈ ધનભંડારની જેમ ખૂટી જતો નથી.

પ્રિય વચનો, બધાને ગમે છે. એટલે એમાં કંજૂસાઈ ન કરવી. ઝવેરચંદ મેઘાણીનું એક કાવ્ય છે. એમાં કહ્યું છે કે એક ગામમાં એક અત્યંત કાળી સ્ત્રી હતી. ગામના લોકો તિરસ્કારમાં એને 'કાળવી' કહેતા. શબ્દ તો બરાબર હતો. પરંતુ કઠોર હતો. આ જ વાતને મધુર શબ્દથી પણ કહી શકાય. મેઘાણી લખે છે;

'ગામના લોકો મૂરખા, એને કાળવી કહેતા;
હું તો કહું કૃષ્ણકલિ, કૃષ્ણકલિ, કૃષ્ણકલિ !'

હવે 'કાળવી' અને 'કૃષ્ણકલિ' બંને શબ્દોનો અર્થ તો એક જ છે. પણ 'કાળવી' શબ્દમાં કઠોરતા છે. 'કૃષ્ણકલિ' શબ્દમાં મધુરતા !

અર્થ સ્પષ્ટ છે. સત્ય બોલો, પણ પ્રિય લાગે એવું સત્ય બોલો.

સંસારવૃક્ષના બે ફળ

संसारविषवृक्षस्य द्वे फले अमृतोपमे ।
सुभाषितं च सुस्वादु सङ्गतिः सुजने जने ।।१८।।

સંસાર રૂપી ઝેરના ઝાડમાં અમૃતના જેવા મીઠાં બે જ મધુર ફળો હોય છે. એક, અત્યંત ગમી જાય તેવું સુભાષિત અને બીજું સજ્જનોનો સમાગમ. (૧૮)

વિવરણ :

આ શ્લોક બહુ જ જાણીતો, અત્યંત લોકપ્રિય અને ખૂબ જ ઉપયોગી છે. સંસારમાં અમૃત ઓછું છે. ઝેર ઝાઝું છે. કવિ એને 'ઝેરનું ઝાડ' કહે છે.

પરંતુ આ વિષવૃક્ષમાં અમૃતના જેવા મધમીઠા બે જ ફળો છે. એક છે સુભાષિત – પ્રિય મધુર અને સત્યવાણી અને બીજું ફળ છે. સંત સમાગમ.

આ બંને ફળોનો જે માણસ રસાસ્વાદ માણ્યા કરે તેનું તન-મન અને જીવન, ધન્ય અને પ્રસન્ન છે.

અભ્યાસ જ સાથે આવે છે

जन्म-जन्मन्यभ्यस्तं दानमध्ययनं तपः ।
तेनौवाऽभ्यासयोगेन तदेवाभ्यस्यते पुनः ।।१९।।

દરેક જન્મમાં, દાન અધ્યયન અને તપનો જ અભ્યાસ કરવામાં આવે છે. આવા અભ્યાસને પરિણામે જ વારંવાર (પ્રત્યેક જન્મમાં) તેનો જ અભ્યાસ થાય છે. (૧૯)

વિવરણ :

અગાઉના શ્લોકોમાં દાન, અધ્યયન અને તપનો જે મહિમા કર્યો છે, એ જ ચિંતનને અહીં વધુ એકવાર ઘૂંટવામાં આવ્યું છે. સારા વિચારો અને સારી વાતોની પુનરુક્તિ, એ દોષ નથી પણ આભૂષણ છે.

ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે

पुस्तकेषु च या विद्या परहस्तेषु यद्धनम् ।
उत्पन्नेषु च कार्येषु न सा विद्या न तद्धनम् ।।२०।।

પુસ્તકોમાં સંઘરાયેલી વિદ્યા, અને બીજાના હાથમાં રહેલું ધન, જ્યારે ખરેખર એની જરૂર પડે ત્યારે ન તો એ વિદ્યા કામ આવે છે, ન તો એવું ધન. (૨૦)

વિવરણ :

લોકવ્યવહારના શાણપણની એક અનુભવ આધારિત કહેવત આ પ્રમાણે છે; 'ગરથ ગાંઠે અને વિદ્યા પાઠે' એટલે કે ધન હંમેશાં હાથવગું રાખવું અને વિદ્યા હંમેશાં મોઢે રાખવી. જેથી કરીને જ્યારે પણ જરૂર પડે ત્યારે તરત જ એનો ઉપયોગ કરી શકાય.

ધનની તાત્કાલિક જરૂર પડે અને એ ધન કોઈને ત્યાં થાપણ મૂક્યું હોય તો જલદી મળતું નથી. એ જ રીતે કોઈ વાત કે વિગત સમજવા કે સમજાવવા, વારે વારે પુસ્તક ખોલવું શક્ય પણ નથી, સારું પણ ન કહેવાય. પુસ્તકની ઉપયોગી વાતો આપણા મનના કોમ્પ્યુટરમાં 'સ્ટોર' કરેલી હોવી જોઈએ. વિચારનો ઝબકાર થાય કે તરત જ એ સ્મરણપટના 'સ્ક્રીન' ઉપર પ્રગટી જાય.

*

॥ સત્તરમો અધ્યાય ॥

જે સજ્જનોના હૃદયમાં હંમેશાં પરોપકાર જાગતો રહે છે તેઓની વિપત્તિ નાશ પામે છે અને ડગલેને પગલે સંપત્તિ મળ્યા કરે છે.

કેવળ પુસ્તકિયું જ્ઞાન નકામું છે

पुस्तकप्रत्ययाधीतं नोधीतं गुरुसन्निधौ ।
सभामध्ये न शोभन्ते जारगर्भा इव स्त्रिय: ।।१।।

જેણે ગુરુ પાસેથી એના સાંનિધ્યમાં રહીને વિદ્યા ન મેળવી હોય, પરંતુ પુસ્તકોનો જ આધાર રાખીને પ્રાપ્ત કરી હોય, તેઓ સભાની અંદર એવી રીતે નથી શોભતાં જેવી રીતે વ્યભિચાર કરીને સગર્ભા થયેલી સ્ત્રી ન શોભે. (૧)

વિવરણ :

ગુરુની સમીપમાં વસીને તેની સેવા કરી, શિષ્યે એની પાસેથી સંપૂર્ણ વિદ્યા શીખી લેવી જોઈએ. માત્ર ગ્રંથો કે પુસ્તકો ઉપર આધાર ન રાખી શકાય. ગ્રંથોમાં ઘણીવાર ગરબડ થવાનો સંભવ છે. એમાં સ્પષ્ટદર્શન નથી થતું. પણ ગુરુ તો સ્વચ્છ અને સ્પષ્ટ દર્શન કરવાની સંજયદ્રષ્ટિ આપે છે. જેથી ક્રાન્તદર્શન – દૂરનું જોવાની શક્તિ પણ વિકસે. માત્ર પુસ્તકના કીડા બને એવા લોકો સભામાં શોભતાં નથી.

નિયમ મુજબ લગ્નના પવિત્ર બંધનમાં બંધાઈને કોઈ સ્ત્રી સગર્ભા થાય તો એ ભાગ્યશાળી અને ગુણવાળી ગણાય છે. પણ વ્યભિચાર કરીને સગર્ભા થનારી નારી શોભતી નથી.

પ્રતિક્રિયા પણ જરૂરી છે

कृते प्रतिकृतं कुर्याद् हिंसने प्रतिहिंसनम् ।
तत्र दोषो न पतति दुष्टे दुष्टं समाचरेत् ।।२।।

કોઈ આપણી સાથે જેવું વર્તન કરે તેવું જ વર્તન તેની સામે કરવું. હિંસા કરે તો સામી હિંસા કરવી. કારણ કે દુષ્ટની સામે દુષ્ટના જેવું વર્તન કરવાથી દોષ નથી લાગતો. (૨)

વિવરણ :

'शठम् प्रति शाठ्यम् ।' નો નિયમ સાંસારિક સુખ શાંતિ માટે ઉપયોગી છે. કારણ કે મૂર્ખાઓ, દુષ્ટો અને શઠો હિંસાની ભાષા જ સમજે છે. એ લોકોને સાચી શિખામણ અથવા ઉપદેશ આપવામાં આવે તો એની અવળી અસર થાય છે. ઉપદેશથી એનો ક્રોધ વધુ બેફામ બને છે. કહેવત પણ પડી છે; 'હણે એને હણવું એને પાપ ન ગણવું.'

સામો માણસ જેવું વર્તન કરે તેવું જ વર્તન તેની સામે આચરવું. ઈંટનો જવાબ પથ્થરથી આપવો. એ ગાળો આપે તો સામે ગાળો દેવી, એ મારે તો મારવો. અને હિંસા આચરે તો વળતી હિંસા આચરવી.

દુષ્ટોને સીધા કરવાનો ઉપાય પ્રતિક્રિયા છે.

મહાકવિ માઘના વિચાર માણવા જેવા છે; 'સામાન્ય સંજોગોમાં ક્ષમા એ વીરનું ભૂષણ છે, પણ સંઘર્ષ કે સંગ્રામ ચાલતો હોય ત્યારે ક્ષમા, એ વીરનું દૂષણ થઈ જાય. લજ્જા સ્ત્રીનું આભૂષણ છે. પણ રતિક્રીડાના સમયે લજ્જા એ સુંદરીનું દૂષણ બની જાય.'

તપને કોઈ આંબી શકે નહીં

यद्दूरं यद्दुराराध्यं यच्च दूरे व्यवस्थितम् ।
तत्सर्वं तपसा साध्यं तपो हि दुरतिक्रमम् ।।३।।

જે વસ્તુ દૂર હોય, મુશ્કેલીથી મળી શકે તેવી હોય, અથવા જે દૂર પડેલી હોય, તે બધી જ તપથી પ્રાપ્ત કરી શકાય છે. તપને કોઈ આંબી શકે નહીં. (૩)

વિવરણ :

તપથી આ વિશ્વમાં બધું પ્રાપ્ત થઈ શકે છે. તપનો વ્યાપક અર્થ થાય છે વિવેકપૂર્વક મનને વશ કરીને કરાતો પરિશ્રમ ! ભારતીય પરંપરામાં ચાર પુરુષાર્થો, ધર્મ-અર્થ-કામ અને મોક્ષ છે. તે ચારેય તપથી મેળવી શકાય છે. ઈશ્વર માટે એમ કહેવાય છે કે તે દૂરથી પણ દૂર છે. કબીર સાહેબ કહે છે; 'સાહેબકા ઘર દૂર હૈ બંદા !' પણ તપથી સાહેબનો સાક્ષાત્કાર થાય છે.

ધર્મ અને ધન, મુશ્કેલીથી મળે છે, પણ તપથી એ સહજસિદ્ધ થાય છે. કોઈ એવી વસ્તુ નથી જેને તપ દ્વારા ન પામી શકાય. શરત એટલી જ છે કે આવું તપ, શુદ્ધ ભાવનાથી થવું જોઈએ.

સદ્‌વિદ્યા જ સંપત્તિ છે

लोभश्चेदगुणेन किं पिशुनता यद्यस्ति किं पातकै :
सत्यं चेत्तपसा च किं शुचि मनो यद्यस्ति तीर्थेन किम् ।
सौजन्यं यदि किं गुणै : सुमहिमा यद्यस्ति किं मण्डनै :
सद्विद्या यदि किं धनैरपयशो यद्यस्ति किं मृत्युना ।।४।।

જો લોભ હોય તો દુર્ગુણોનું શું કામ છે ? જો ચાડીચુગલી કરવાની હોય તો પાપનું શું કામ છે ? જો સત્ય હોય તો તપનું શું પ્રયોજન છે ? જો મન પવિત્ર હોય તો તીર્થનું શું કામ ? જો સજ્જનતા હોય તો ગુણોથી શું ? જો સારો મહિમા હોય તો ઘરેણાના શણગારથી શું ? જો સદ્‌વિદ્યા હોય તો ધનનું શું કામ ? અને જો અપકીર્તિ હોય તો મૃત્યુથી શું ? (૪)

વિવરણ :

આ શ્લોક ભર્તૃહરિના નીતિશતકમાંથી લીધો છે. લોભ, દુર્ગુણોનો સરદાર છે. એની પાછળ દુર્ગુણોની આખી ફોજ ચાલે છે. જેનામાં લોભ હોય તેનામાં દુર્ગુણો આવે જ ! નિંદા, સહુથી મોટું પાપ છે. સત્ય એ જ પરમ તપ છે. પવિત્ર મન એ જ તીરથ છે. સજ્જનતા એ જ સદ્‌ગુણ છે. માણસનો મહિમા જ એનો શણગાર છે. અને સદ્‌વિદ્યા જ સંપત્તિ છે.

શંખને ભટકવું પડે છે

पिता रत्नाकरो यस्य लक्ष्मीर्यस्य सहोदरा ।
शङ्खो भिक्षाटनं कुर्यान्नाऽदत्तमुपतिष्ठते ।।५।।

રત્નોના ભંડાર સમો સાગર જેનો પિતા છે અને ધનની દેવી લક્ષ્મી જેની સગી બહેન છે, તે શંખને ભિખ માગવા ભટકવું પડે છે. જો કશું દાન દીધું ન હોય તો કાંઈ મળતું નથી. (૫)

વિવરણ :

શંખ, સાગરમાંથી ઉત્પન્ન થાય છે. અને સાગર એટલે રત્નાકર, રત્નોનો ભંડાર, લક્ષ્મી પણ સાગરમાંથી પ્રગટ્યા. અને શંખની ઉત્પત્તિ પણ સાગરમાંથી જ થઈ. આમ છતાં, સાધુના હાથમાં રહીને શંખને ઘેર ઘેર ભટકવું પડે છે. કારણ કે શંખ કોઈને કાંઈ દાન આપી શકતો નથી. જે માણસ બોલ બોલ કર્યા કરે પણ કોઈને કાંઈ આપે નહીં, તેને પણ કટાક્ષમાં 'લપોડશંખ' કહેવામાં આવે છે.

સામર્થ્ય, ધન, સ્વાથ્ય જરૂરી છે

अशक्तस्तु भवेत्साधुर्ब्रह्मचारी च निर्धनः ।
व्याधिष्ठो देवभक्तश्च वृद्धा नारी पतिव्रता ।।६।।

સામર્થ્ય વિનાનો માણસ બાવો બની જાય છે, અને ધન વિનાનો મનુષ્ય બ્રહ્મચારી થઈ જાય છે. રોગગ્રસ્ત મનુષ્ય દેવભક્ત બની જાય છે અને વૃદ્ધ સ્ત્રી પતિવ્રતા થઈ જાય છે. (૬)

વિવરણ :

જગતના સામાન્ય અનુભવોની વાત આ શ્લોકમાં કરી છે. જેનામાં મહેનત કરીને કમાવાની શક્તિ ન હોય અને માગીને પેટ ભરવું હોય તે 'બાવો' બની જાય. બાવા થવામાં ભારે મજા. બધા લોકો 'બાપુ' 'બાપુ' કહીને બોલાવે, વગર મહેનતે ભેટપૂજા મળે, અને પારકા ઘરે પેટપૂજા થાય.

જેની પાસે ધન ન હોય તે બ્રહ્મચારી થાય. કારણ કે ગૃહસ્થાશ્રમમાં આવીને ઘરવાળી રાખવી હોય તો ધન મેળવવું પડે. 'ધણી' શબ્દ, સંસ્કૃતના 'ધની' ઉપરથી બન્યો છે. જે ધની (ધનવાન) હોય તે જ ધણી થઈ શકે.

રોગી માણસની આસ્થા એકદમ વધી જાય છે. એ દેવભક્ત બની જાય છે. અને વૃદ્ધ સ્ત્રીમાંથી કામવિકાર અદ્રશ્ય થયો હોય છે તેથી તે સ્વાભાવિક રીતે જ પ્રતિવ્રતા બની જાય છે.

સૌમાં શ્રેષ્ઠ શું ?

नाऽन्नोदकसमं दानं न तिथिर्द्वादशी समा ।
न गायत्र्याः परो मन्त्रो न मातुः परं दैवतम् ।।७।।

જલદાનના જેવું બીજું એકપણ દાન નથી. બારસના જેવી કોઈ શ્રેષ્ઠ તિથિ નથી. ગાયત્રીના જેવો કોઈ બીજો શ્રેષ્ઠ મંત્ર નથી. અને માતાના જેવી બીજી કોઈ દેવતા નથી. (૭)

વિવરણ :

આ શ્લોકમાં, જલ, બારસ તિથિ, ગાયત્રીમંત્ર, અને માતાના ગૌરવનું ગુણગાન કર્યું છે. પાણી વડે પ્રાણીમાત્રના પ્રાણ ટકે છે. માટે એ શ્રેષ્ઠ ભૌતિક પદાર્થ છે. અને જે જીવનદાતા હોય તેવી વસ્તુનું દાન ઉત્તમ ગણાય. કોઈની તૃષા છીપાવવી એ પરમ પુણ્ય કાર્ય.

તિથિઓમાં બારસ, શ્રેષ્ઠ છે. વ્રત કરનાર અગિયારશનો ઉપવાસ કરી બારસના રોજ પારણા કરે, દાન કરે અને અતિથિને ભોજન કરાવે માટે બારસ શ્રેષ્ઠ.

ગાયત્રી, સૂર્યઉપાસનાનો મંત્ર છે. અને સૂર્ય સહુથી મોટો, સહુથી વધુ ઉપકારક અને પ્રત્યક્ષ દર્શન આપતો દેવતા છે, માટે તેની ઉપાસનાનો મંત્ર સર્વોત્તમ !

અને માતા તો સહુથી મહાન. બોટાદકરે કહ્યું; 'જનનીની જોડ સખી ! નહીં જડે રે લોલ.'

દુર્જન સર્વ રીતે વિષમય હોય છે

तक्षकस्य विषं दन्ते मक्षिकायास्तु मस्तके ।
वृश्चिकस्य विषं पुच्छे सर्वाङ्गे दुर्जने विषम् ।।८।।

સર્પનું ઝેર તેના દાંતમાં હોય છે. માખીનું ઝેર તેના મસ્તકમાં હોય છે. વીંછીનું ઝેર તેના પુચ્છમાં હોય છે. અને દુર્જનને તો તેના શરીર આખામાં ઝેર હોય છે. (૮)

વિવરણ :

ઝેરી જંતુઓના ઝેર એના એક એક અંગમાં જ હોય, જેમ કે સર્પનું દાંતમાં, માખીનું એના મસ્તકમાં અને વીંછીનું એની પૂંછડીના છેડે હોય છે.

પરંતુ દુર્જન માણસના તો અંગે અંગમાં ઝેર ભરેલું હોય છે. એ તો ખરાબ વિચારો કરીને મનથી કરડે, વાણીથી દંશ દે, હાથથી અને પગથી પણ પ્રહાર કરે. એનું આખું શરીર ઝેરીલું !

સ્ત્રીધર્મ શું છે ?

पत्युराज्ञां विना नारी उपोष्य व्रतचारिणी ।
आयुष्यं हरते भर्तु: सा नारी नरकं व्रजेत् ।।९।।

પતિની આજ્ઞા વિના જે સ્ત્રી ઉપવાસરૂપી વ્રત કરે છે. તે સ્ત્રી પતિનું આયુષ્ય હરિ લે છે. અને પછી તે સ્ત્રી નરકમાં જાય છે. (૯)

વિવરણ :

આપણી આર્ય સંસ્કૃતિમાં સ્ત્રીને માટે પતિવ્રત ધર્મ પાળવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં પતિને પરમેશ્વર ગણી એની પૂરા પ્રેમભાવથી સેવા કરવાની, એની

આજ્ઞા પાળવી એ જ એનું શ્રેષ્ઠ વ્રત છે. પણ કોઈ સ્ત્રી, પતિની આજ્ઞા માને નહીં અને ઉપવાસ વગેરે વ્રત કરે તો આવી સ્ત્રી નરકમાં જાય છે અને પતિનું આયુષ્ય ઘટાડે છે.

આવા એકતરફી વ્રતો આધુનિક સમયમાં યોગ્ય નથી અને આવકાર્ય પણ નથી. જો સંસાર રથ છે, અને સ્ત્રી અને પુરુષ એના બે પૈડા છે તો આ પૈડા સમાન હોવા જોઈએ. બંને વચ્ચે પ્રેમ રહે, બંને એકબીજાનો આદર કરે, બંને એકબીજાની સહાય કરે એ જ દામ્પત્યજીવનનું ઉત્તમ વ્રત છે. ખરેખર તો સ્ત્રી મહાશક્તિ છે અને એની પૂજા થવી જોઈએ. ઠીક જ કહ્યું છે મનુસ્મૃતિકારે;

'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।' જે ગૃહમાં સ્ત્રીનું માન-સન્માન જળવાય તે ઘર મંદિર છે અને તેના ઉપર દેવતાઓ પ્રસન્ન રહે છે.

ઉત્તમ દંપતી

न दानैः शुध्यते नारी नोपवासशतैरपि ।
न तीर्थसेवया तद्वद् भर्तुः पादोदकैर्यथा ।।१०।।

દાન કરવાથી સ્ત્રી ક્યારેય પવિત્ર થતી નથી કે સેંકડો ઉપવાસ કરવાથી પણ તે પવિત્ર થતી નથી. અથવા તો તીર્થસેવાથી પણ તે પવિત્ર થતી નથી. જેવી રીતે તે પતિના ચરણજળની સેવાથી પવિત્ર થાય છે. (૧૦)

વિવરણ :

આ શ્લોક પણ પુરુષપ્રધાન સમાજમાં પુરુષનું સર્વોપરી સ્થાન નિશ્ચિત કરવા લખાયો છે. 'દંપતી' શબ્દ પતિ અને પત્ની બંનેનો વાચક છે. જેમાં બંને સમાન હોય, એકબીજાના સહાયક હોય, એક સાથે જ ધર્મનું આચરણ કરનારા હોય તેઓ જ સાચા પતિ-પત્ની છે, એમાં એક શાસક અને બીજો શાસિત નથી. એક સ્વામી અને બીજો સેવક નથી.

એક ચિંતકે એમ કહ્યું કે પ્રેમાળ અને આદર્શ પતિ-પત્ની બે નેત્રો જેવા હોય. બંને નેત્રો એક સાથે જાગે, એક સાથે સૂએ. સાથે હસે, સાથે રડે. અને કોઈપણ દર્શન, બંને એકરૂપ થઈને જુએ. આવા બે નેત્રો જેવી સમતા અને એકરૂપતા જેનામાં હોય તે ઉત્તમ દંપતી !

માણસની ખરી શોભા-સદ્ગુણ-સદાચાર

दानेन पाणिर्न तु कङ्कणेन
स्नानेन शुद्धिर्न तु चन्दनेन ।

मानेन तृप्तिर्न तु भोजनेन
ज्ञानेन मुक्तिर्न तु मण्डनेन ।।११।।

દાનથી હાથ શોભે છે. કંગનથી નહીં ! સ્નાનથી શુદ્ધિ થાય છે ચંદનથી નહિ. માન વડે તૃપ્તિ થાય છે ભોજનથી નહિ. જ્ઞાન વડે મુક્તિ થાય કે તિલક વગેરે ચંદનનો શણગાર કરવાથી નહિ. (૧૧)

વિવરણ :

શરીરની શોભા શાનાથી વધે તેની વાત આ શ્લોકમાં કરવામાં આવી છે. માનવશરીર, શણગાર સુવાસિત ચંદનલેપ કે સોનારૂપાના કે હીરામોતીના અલંકારોથી શોભતું નથી. સદ્‌ગુણો અને સદાચારથી જ માણસ શોભે છે.

હાથ દાનથી શોભે, કંકણ ધારણ કરવા માત્રથી ન શોભે. લોકકવિએ કહ્યું છે;

'કર પર પહેરે કડાં, પણ કર પર કર ધારે નહીં,
ઈ માણહ નહીં મડાં, સાચું સોરઠિયો ભણે.'

કોઈ માણસ હાથમાં કીમતી કડા પહેરે પણ યાચકના હાથમાં કશું આપે નહીં એ માણસ નથી, મડું છે.'

સ્નાનથી શરીર શુદ્ધ થાય. ચંદનના લેપથી નહીં. વળી મુક્તિ જ્ઞાનથી થાય છે. તિલક વગેરે બાહ્ય ચિહ્નોથી નથી થતી.

વસ્તુના ગુણધર્મ અલગ છે

सद्य : प्रज्ञाहरा तुण्डी सद्य : प्रज्ञाकरी वचा ।
सद्य : शक्तिहरा नारी सद्य : शक्तिकरं पय : ।।१२।।

ટીંડોરા ઝડપથી બુદ્ધિનો નાશ કરે છે. અને વચા (વજ) ઝડપથી બુદ્ધિ આપે છે. નારી ઝડપથી શક્તિ હરી લે છે. અને દૂધ ઝડપથી શક્તિ આપે છે. (૧૨)

વિવરણ :

આ શ્લોકમાં કેટલીક વનસ્પતિઓના ગુણદોષ દર્શાવ્યા છે. એમાં તથ્ય કેટલું છે તે કહેવું મુશ્કેલ છે. કારણ કે પ્રયોગથી એને પુરવાર કરવામાં આવ્યું નથી.

તુંડી એટલે ટીંડોરા. એમ કહેવાય છે કે ટીંડોરાનું શાક જલદી બુદ્ધિનો નાશ કરે છે. અસંખ્ય લોકો ઉપર પ્રયોગ કરીને એ સાબિત થવું જોઈએ. પણ એવું થયું

નથી. કેટલીક માન્યતાઓ પરંપરાથી ચાલી આવે છે. અને વચા એટલે વજ, એ ઝડપથી બુદ્ધિ વધારે છે.

સ્ત્રી, રતિક્રીડાના અંતે જ માત્ર પુરુષની શક્તિ હરી લે છે. અન્યથા ભોજનમાં, હાસ્યવિનોદમાં, સેવામાં તો સ્ત્રી પુરુષને શક્તિ આપે છે.

દૂધમાં બધા જ વિટામિન્સ છે એટલે તો એ સંપૂર્ણ આહાર છે તે સાબિત થયું છે.

પરોપકારનો મહિમા છે

परोपकरणं येषां जागर्ति हृदये सताम् ।
नश्यन्ति विपदस्तेषां सम्पद : स्यु : पदे पदे ।।१३।।

જે સજ્જનોના હૃદયમાં હંમેશાં પરોપકાર જાગતો રહે છે તેઓની વિપત્તિ નાશ પામે છે. અને ડગલે પગલે સંપત્તિ મળ્યાં કરે છે. (૧૩)

વિવરણ :

આ શ્લોકમાં વ્યક્ત થયેલા વિચારો, શબ્દભેદ અગાઉના શ્લોકોમાં આવી ગયા છે. તેથી એનું વિવરણ અપ્રસ્તુત છે.

ધર્મ વિનાના પશુ સમાન છે

आहारनिद्राभयमैथुनंच सामान्यमेतत् पशुभिर्नराणाम् ।
धर्मोहितेषामधिको विशेषो धर्मेण हीना : पशुभि : समाना : ।।१४।।

આહાર, નિદ્રા, ભય અને મૈથુન આ ચાર બાબતો પશુઓમાં અને મનુષ્યોમાં એક સરખી હોય છે. પરંતુ તેઓની અંદર એક ધર્મ જ વિશેષ હોય છે. અને જેઓ ધર્મ વિનાના હોય તેઓ પશુઓ જેવા છે. (૧૪)

વિવરણ :

જેનામાં પ્રાણ હોય છે તે પ્રાણી. મનુષ્ય પણ પ્રાણથી જ જીવે છે તેથી તે પણ પ્રાણી કહેવાય. પ્રત્યેક પ્રાણીમાં ચાર બાબતો સામાન્ય હોય છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન.

માનવ પ્રાણીમાં એક વિવેક વધુ હોય છે. તે સત્ય-અસત્ય અને હિત-અહિતનો ભેદ જાણી શકે છે. આ વિવેકશક્તિનો પરિણામે જ તે અન્ય પ્રાણીઓથી જુદો પડે છે. પરંતુ મનુષ્યમાં વિવેક ન હોય તો પશુ સમાન છે.

માણસ, ધર્મ શું અને અધર્મ શું એ જાણે છે અને વિવેકથી ધર્મને ગ્રહણ કરી શકે છે અને અધર્મને તજી શકે છે.

દાનથી શોભા વધે છે

दानार्थिनो मधुकरा यदि कर्णतालैर्
दूरीकृता: करिवरेण मदान्धबुद्ध्या ।
तस्यैव गण्डयुगमण्डनहानिरेषा
भृङ्गा: पुनर्विकचपद्मवने वसन्ति ।।१५।।

દાન (મદ)ની ઇચ્છા રાખનારા ભમરાંઓને મદોન્મત્ત ગજરાજ મદાંધ બનીને પોતાના કાન હલાવીને જો દૂર કરી દેતાં હોય છે તો તેમાં એનાં ગંડસ્થળની શોભાની હાનિ છે. કારણ કે ભમરાંઓ તો ફરીવાર ખીલી ઊઠેલાં કમલ-વનમાં જઈને વસે છે. (૧૫)

વિવરણ :

આ શ્લોકમાં 'દાન' શબ્દ દ્વિઅર્થી છે. દાનનો બીજો અર્થ થાય છે મદોન્મત્ત ગજરાજના ગંડસ્થળમાંથી ઝરતો મદ !

જો ભમરાઓ 'દાન' મેળવવા હાથી પાસે આવે અને હાથી એના કાન હલાવીને દૂર કરી દે તો એમાં ભમરાઓને કશી હાનિ નથી એ તો કમલવનમાં મકરન્દનું પાન કરવા પહોંચી જાય. પરંતુ હાથીના ગંડસ્થળ ભમરાના ગુંજનથી શોભતા એ શોભાથી હાથી વંચિત થઈ જશે.

કહેવાનું તાત્પર્ય એ છે કે દાન લેવા આવનાર યાચકને દાતાએ હાંકી ન કાઢવા, યાચકો તો દાતાના વ્યક્તિત્વની અને ઘરની શોભા છે. જો દાતા, યાચકને કાઢી મૂકે તો એ તો બીજા દાતા પાસે ચાલ્યો જાય. દુનિયામાં માગણ ઘણા છે તો દાતાઓ પણ ક્યાં ઓછા છે !

એક રાજાને યાચકે સંભળાવી દીધું; 'તેરે માંગણ બહોત હૈ તો મેરે ભૂપ અનેક.'

તેઓને પરદુઃખની ખબર નથી

राजा वेश्या यमो ह्यग्निस्तस्करो बालयाचकौ ।
परदु:खं न जानन्ति अष्टमो ग्रामकण्टक: ।।१६।।

રાજા, વેશ્યા, યમરાજા, અગ્નિ, ચોર, બાળક અને માંગણ તેમજ ગામને હેરાન કરનાર કંટકનાં જેવો દુષ્ટ આ આઠ જણાં પરઃદુખ જાણતા નથી. (૧૬)

વિવરણ :

સામો માણસ કેવી આપત્તિમાં મૂકાઈ જશે, તેની આઠ જણને ખબર જ નથી પડતી. રાજાને, પ્રજાની મુશ્કેલીની ખબર ન પડે. વેશ્યા, ગ્રાહકના દુઃખને ન ઓળખે. યમરાજા, જીવની પીડાને ન જાણે, અગ્નિ, બળનારની વેદના ન સમજે, બાળકને વડીલની મુશ્કેલીની ખબર ન પડે. માગણને દાતાની મુશ્કેલી ન સમજાય. અને કંટક જેવા દુર્જનને ગામની પીડાની ખબર ન પડે !

યૌવનરૂપી મોતી

अध: पश्यसि किं वृद्धे पतितं तव किं भुवि ।
रे रे मूर्ख न जानासि गतं तारुण्यमौक्तिकम् ।।१७।।

હે વૃદ્ધ સ્ત્રી ! તમે નીચે શા માટે જુવો છો. શું જમીન પર તમારું કંઈ પડી ગયું છે ? વૃદ્ધા કહે છે, "અરે, હે મૂર્ખ શું તું નથી જાણતો કે મારું યૌવનરૂપી મોતી નીચે પડી ગયું છે." (૧૭)

વિવરણ :

આ શ્લોકમાં એક વૃદ્ધા અને યુવાનનો કટાક્ષમય સંવાદ છે. વૃદ્ધા સ્ત્રી, ઘડપણને લીધે કેડેથી વાંકી વળીને ચાલતી હતી. એટલે યુવાને મશ્કરીમાં પૂછ્યું; 'માડી ! આપ શું શોધી રહ્યા છો ? આપનું કાંઈ પડી ગયું છે ?'

ડોશી ભારે ચબરાક હતાં. તેણે કટાક્ષમાં કહ્યું; 'હા દીકરા ! મારું યૌવન રૂપી મોતી પડી ગયું છે. હું તેને શોધી રહી છું.'

એક જ ગુણ સમસ્ત દોષોને હણી નાખે છે

व्यालाश्रयाऽपि विफलापि सकण्टकाऽपि
वक्राऽपि पङ्किल-भवाऽपि दुरासदाऽपि ।
गन्धेन बन्धुरसि केतकि सर्वजन्तोर्
एको गुण: खलु निहन्ति समस्तदोषान् ।।१८।।

તું સર્પને આશ્રય આપનારી છે. તું ફલ વિનાની છો. તારામાં કાંટાં છે. તું વાંકી છો. કાદવમાં ઉત્પન્ન થઈ છો. તને પામવી મુશ્કેલ છે. આમ છતાં હે કેતકી તું તારી સુંગધને લીધે બધા જ પ્રાણીઓને પ્રિય છે. ખરેખર એક જ ગુણ સમસ્ત દોષોને હણી નાખે છે. (૧૮)

વિવરણ :

અહીં કેતકીને સંબોધન કરીને કવિએ ગુણની પ્રશંસા કરી છે. કેતકીના છોડમાં અવગુણ ઘણાં છે. એમાં સર્પ રહે, કાંટા હોય, કાદવમાં ઊગે, ફળ વિનાની હોય, એમ છતાં એનામાં સુગંધનો ઉત્તમ ગુણ છે. તેનાથી તેના બધા જ અવગુણો ઢંકાઈ જાય છે. સુવાસ, કોઈપણ પ્રકારની હોય. એ શીલની હોય, વાણીની હોય કે વિચારની હોય, એનાથી દુર્ગુણની બદબૂ દૂર થાય છે.

*



ભારતીય જીવન પરંપરામાં
ચાણક્યનું સ્થાન
એક રાજનીતિજ્ઞ વિદ્વાન મહાપંડિત તરીકે અદ્વિતીય છે.
સમાજના સર્વ ક્ષેત્રોને આવરી લઈ
વાસ્તવિક ભૂમિકાએ ઉપયોગી થાય તેવું
સચોટ જ્ઞાન એટલે ચાણક્ય નીતિસૂત્રો.

ISBN : 978-81-7790-209-9
9 788177 902099